Hindi / English / Gujarati

# अथर्ववेद

## महर्षि वेद व्यास



महाकाव्य

# પ્રથમ કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : વાચસ્પતિ (બ્રહ્મા)**

સંસારના બધા જ પદાર્થોમાં એકવીસ દેવતાઓ વ્યાપ્ત છે. વાણીપતિ બ્રહ્મા અમને તેમનું બળ આપો. હે વસુપતિ ! વાણીપતિ બ્રહ્મા ! અમને પઠિત જ્ઞાન-ધારક-બુદ્ધિ અને ઈચ્છિત ફળ આપો. હે વાચસ્પતિ બ્રહ્મા ! ઐશ્વર્યમાં અમારી બુદ્ધિ સ્થિર રહો. અમે સંપૂર્ણ જ્ઞાનથી ઓતપ્રોત બનીએ.

**સૂક્ત-૨ દેવતા : પર્જન્ય**

જડ-ચેતનના ધારક પર્જન્ય (મેઘ) અને પૃથ્વી, બાણનાં માતા-પિતા છે. તીવ્ર બાણો અને શત્રુઓના દ્વેષપૂર્ણ કર્મોને હે દેવપતિ ! અમારાથી દૂર કરો. અમારા શરીરને દૃઢ કરો. પૃથ્વી-દ્યુલોકની વચમાં સ્થિત આ 'બાણ' અમારા રોગ, સ્રાવ અને ઘાને સાજા કરે છે.

**સૂક્ત-૩ દેવતા : પર્જન્ય**

મેઘ-પુત્ર બાણ વડે હે રોગી ! તમારા મૂત્રરોગો દૂર થાય છે. સૂર્યનાં કિરણોથી તમારા રોગો દૂર થાય છે. અટકી ગયેલો પેશાબ ધ્વનિ સામે બહાર નીકળી જાય છે. મૂત્રાશયના દ્વાર ખૂલી જાય છે.

**સૂક્ત-૪ દેવતા : આપ : (જળ)**

જળ, સોમરસ, દૂધ તથા ઘી આદિ હોમદ્રવ્ય લઈને યાજ્ઞિક યજ્ઞમાં આવે છે. સૂર્ય-મંડળ સ્થિત જળ અમારા યજ્ઞને સફળ કરો. દિવ્યગુણોવાળું અને અમૃત તથા ઔષધિઓથી પૂર્ણ જળ અમારા પશુઓને શક્તિ આપો. અમે જળ દેવતાનું આહ્‌વાન કરીએ છીએ.

**સૂક્ત-૫ દેવતા : આપ : (જળ)**

હે સુખદાયક જળ ! તમારા રસ વડે અમને પુષ્ટ કરો. અન્ન પ્રાપ્તિ માટે પર્યાપ્તરૂપમાં અમે આપને મેળવીએ. સુખ-સાધનોનાં સ્વામી અને ઔષધિરૂપે વ્યાધિ નિવારક જળની અમે પ્રાર્થના કરીએ છીએ.

**સૂક્ત-૬ દેવતા : આપ : (જળ)**

હે દિવ્ય ગુણ-સંપન્ન જળ અમને સુખ-શાંતિ આપો. બધી ઔષધિઓમાં

વ્યાપ્ત જળ અમારા માટે કલ્યાણકારક અને રોગ નિવારક બનો. મરુ પ્રદેશ – જળસંપન્ન પ્રદેશ તથા કૂવા અને ઘડાનું જળ અમને સુખ આપો.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૭ દેવતા : અગ્નિ-ઇન્દ્ર**

હે અગ્નિ ! અમારા હવિથી પ્રસન્ન થઈને અમારા ઉપાસ્ય દેવને અહીં બોલાવો. ઘૃત અને હવિના ભોજન વડે પ્રસન્ન થઈને આપ અને ઈન્દ્ર રાક્ષસોનો નાશ કરો. હે જ્ઞાન સ્વરૂપ અગ્નિ ! આપ અમારા દૂત બનીને અમારા ઈચ્છિત પ્રયોજનોને પૂર્ણ કરો. રાક્ષસોને અમારાથી દૂર કરો. ઈન્દ્ર પોતાના વજ્રથી રાક્ષસોનો નાશ કરે.

**સૂક્ત-૮ દેવતા : બૃહસ્પતિ**

નદી જેવી રીતે પોતાના પ્રવાહમાં ફીણને વહાવી દે છે. હે અગ્નિ ! અમારા દ્વારા અપાયેલા હવિઓને દેવોની પાસે પહોંચાડો અને દુષ્ટોને તથા તેમના હાનિકારક યત્નોને દૂર ફેંકી દો. હે અગ્નિ ! હે બૃહસ્પતિ ! આપનાથી ત્રસ્ત થયેલા અને શરણમાં આવેલા આ રાક્ષસોને નષ્ટ કરો. મંત્રબળથી વૃદ્ધિ પ્રાપ્ત અને જ્ઞાન સંપન્ન આ રાક્ષસોને સંતાન સહિત નષ્ટ કરો.

**સૂક્ત-૯ દેવતા : વસુ આદિ**

ધન આદિના ઈચ્છુક યજમાનને વસુ, ઈન્દ્ર, પૂષા, વરુણ, સૂર્ય, અગ્નિ આદિ દેવ ધન આપો અને આદિત્ય તથા વિશ્વેદેવા તેને તેજસ્વી બનાવો. હે દેવો ! આ યજમાનમાં સૂર્ય, અગ્નિ, ઈન્દ્ર આદિની જ્યોતિ રહો. તેને શત્રુરહિત, દુઃખરહિત કરીને સ્વર્ગમાં પહોંચાડો. દેવો સુધી હવિ પહોંચાડનાર હે અગ્નિ ! આ યજમાનને યજ્ઞ-મંત્રોથી વધારો અને લોકમાં શ્રેષ્ઠ બનાવો.

**સૂક્ત-૧૦ દેવતા : વરુણ**

વરુણદેવ સર્વ નિયામક અને પાપીઓને દંડ આપનારા છે. સત્ય ભાષણ તેમના વશમાં છે. તેમની પાસેથી શક્તિ મેળવી તીક્ષ્ણ થયેલા અમે વરુણના ક્રોધથી પીડિત યજમાનને બચાવીએ છીએ. હે વરુણ ! આ યજમાન આપના બનીને સો વર્ષ જીવે. અસત્ય વાણી બોલીને જીભનો દુરુપયોગ કરનાર, જળના અધિષ્ઠાતા વરુણદેવના ક્રોધને પાત્ર બને છે. આ યજમાનને અમે વરુણદેવના પાશમાંથી છોડાવીએ. હે વરુણ ! અમારી સ્તુતિઓથી પ્રસન્ન થઈને આપ અમારા બધા અપરાધ માફ કરી દો.

**સૂક્ત-૧૧ દેવતા : પૂષા આદિ**

હે પૂષા ! વષટ્કાર (સ્વાહા) દ્વારા ઋત્વિજ, અર્યમા, વેધા અને આપને હવિ આપે. આપની કૃપાથી આ સ્ત્રીને વિના કષ્ટ પ્રસવ થાવ. ઈન્દ્ર આદિ દિવ્ય પંચભૂતોએ આ ગર્ભને ધારણ કર્યો છે તેઓ જ તેને આ આવરણમાંથી મુક્ત કરો. આ 'જરાયુ' પ્રસૂતા માટે ઉપયોગી નથી તે બહાર નીકળી જાવ. પક્ષી જે વેગથી આકાશમાં ઊડે છે તેમજ મન જે તીવ્રગતિથી વિષયોમાં લિપ્ત રહે છે તેવી જ રીતે આ ગર્ભસ્થ શિશુ જેરી સાથે ગર્ભથી મુક્ત થઈને બહાર આવો.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૧૨ દેવતા : રોગનાશક સૂર્ય આદિ**

આ જરાયુથી ઉત્પન્ન થયેલાં શિશુની જેમ બળવાન સૂર્યદેવ વાયુના પ્રભાવથી મેઘોની વચ્ચે પ્રગટ થઈને અમારા શરીરોને આનંદિત કરે છે. તેઓ સીધા માર્ગે આગળ વધતાં પોતાના એક જ ઓજને ત્રણ રીતે પ્રસારિત કરે છે.

હે સૂર્ય અને સૂર્યની સમિપ રહેનારા દેવો ! હવિ અર્પણ દ્વારા તુષ્ટ આપ યજમાનના શિરદર્દ, શ્લેષ્મા, ખાંસી જેવા રોગોથી મુક્ત કરો. તેના કફજ, વાતજ અને પિત્તજ રોગોને દૂર કરો. અમારા શરીરમાં વ્યાપ્ત રોગ નષ્ટ થાવ અને અમારા પ્રત્યેક અંગને સુખ પ્રાપ્ત થાવ.

**સૂક્ત-૧૩ દેવતા : પર્જન્ય, વિદ્યુત**

ચમકતી વીજળી, તેની ગર્જના-ધ્વનિ અને વજ્ર તેમજ મેઘને અમે નમસ્કાર કરીએ છીએ. તમે પાતકો અને આતતાયીઓ ઉપર વજ્રપ્રહાર કરો છો. સત્પુરુષ રક્ષક પર્જન્ય (જળ ભરેલા મેઘ)ને અમે નમન કરીએ છીએ. આપ અમને સંતાન સુખ આપો અને અમારો ભય દૂર કરો. હે અગમ્ય પર્જન્ય ! આપને અમારા નમસ્કાર.

**સૂક્ત-૧૪ દેવતા : વધૂ-વર**

આ વધૂની તેજસ્વિતા અને તેના ભાગને હું માનું છું. તે મારી માતા અને બાંધવો સાથે પર્વત સમાન સ્થિર થઈને લાંબા કાળ સુધી રહે. હે નિયમમાં રહેનારા રાજા (વર) ! નિયમ વડે બંધાયેલી આ વધૂ આપના

પરિવારમાં રહો. તે આપના પરિવારની રક્ષિકા છે. જ્યાં સુધી તે જીવિત છે ત્યાં સુધી આપનાં માતા-પિતા અને ભાઈઓની સાથે ભલે રહો. હે સોમપાયી, બંધન-રહિત અમે તમને ઐશ્વર્ય સહિત એને આપની સાથે જોડીએ છીએ.

**સૂક્ત-૧૫ દેવતા : પ્રજાપતિ**

બધી નદીઓ, વાયુ અને પક્ષી અમારા અનુકૂળ રહો. અમે ઘી, દૂધ અને હવિ વડે દેવતાઓ માટે યજ્ઞ કરીએ છીએ. બધા અમારા અનુકૂળ બનો. હે દેવો ! યજ્ઞમાં સ્તુતિ કરાયેલા અને યજ્ઞમાં હવિ અપાયેલા તમે યજમાનના યજ્ઞમાં આવો અને તેમને સંતાન, ધન, પશુ વગેરે આપો. નદીઓના અક્ષય જળથી અમે અવિચ્છિન્ન સ્વરૂપે ધન-ધાન્યાદિ પ્રાપ્ત કરતા રહીએ. ઘી, દૂધ અને જળ તથા પશુઓ અને ધન અમે પર્યાપ્તરૂપમાં પ્રાપ્ત કરીએ.

**સૂક્ત-૧૬ દેવતા : અગ્નિ-વરુણ આદિ**

અંધકારમાં વિચરણ કરનારા માનવઘાતી રાક્ષસોથી અમને તેમના સંહારક અગ્નિદેવ બચાવે છે. ઈન્દ્રે કહ્યું છે કે, દેવો દ્વારા આપવામાં આવેલું આ 'સીસુ' અસુરોનું નિવારણ કરનારું છે. હે શત્રુઓ ! જો તમે અમારી ગાયો, અશ્વો તથા મનુષ્યોને મારશો તો અમે સિસા દ્વારા તમારો સંહાર કરીશું.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૧૭ દેવતા : યોષિત-ધમનીઓ**

આ સ્ત્રીના શરીરના નિમ્ન ભાગ, ઉપરના ભાગ અને મધ્યભાગમાં આવેલી તમામ નાની-મોટી ધમનીઓ રક્ત વહેવડાવવાનું બંધ કરીને સ્થિર થઈ જાવ. હૃદયની હજારો શાખાઓવાળી મુખ્ય સો ધમનીઓનો રક્તસ્રાવ બંધ થઈ જાવ. મૂત્રાશયની વક્ર નાડી અને અન્ય નાડીઓ તમે આ રક્તસ્રાવ બંધ કરાવી આ રોગીને સુખ પ્રદાન કરો.

**સૂક્ત-૧૮ દેવતા : સવિતા આદિ**

લલાટ, મસ્તક અને શરીરનાં કુલક્ષણોનો અમે ત્યાગ કરીએ છીએ. અને અમે તથા અમારાં સંતાનો માટે કલ્યાણકારી ચિહ્નો ધારણ કરીએ છીએ. સવિતા, વરુણ, અર્યમાદેવ અને અમારી અનુકૂળ બુદ્ધિ પણ અમારા અસૌભાગ્ય ચિહ્નોને દૂર કરો. હે ખરાબ લક્ષણોવાળા મનુષ્યો ! તમારા શરીર, વાળ, આંખોમાં અને બહાર-અંદર જે કુલક્ષણ વાચક ચિહ્નો છે તેને

અમે મંત્રો વડે દૂર કરીએ છીએ. એવી જે સ્ત્રીના પગ હરણ જેવા, દાંત બળદ જેવા, ચાલ ગાય જેવી અને અવાજ કઠોર છે, અમે તેના મસ્તક ઉપર રહેલાં બધાં ખરાબ લક્ષણોને મંત્ર દ્વારા દૂર કરીએ છીએ.

**સૂક્ત-૧૯ દેવતા : ઇન્દ્ર આદિ**

અસ્ત્રો વડે વેધ કરનારા અને ચારે બાજુ પ્રહાર કરનારા શત્રુ અમારી પાસે આવે નહિ. હે ઈન્દ્ર ! શત્રુઓના બાણોને અમારાથી દૂર કરો. અમારા દિવ્ય બાણ શત્રુઓનો સંહાર કરો. અમારા સમાજ, જાતિના લોકો અને અન્ય જાતિના લોકો હોય, જો તેઓ અમને દાસ બનાવવાનો પ્રયત્ન કરે તો તે દુશ્મનોને રુદ્રદેવ બાણોથી વિંધી નાંખો. બ્રહ્મજ્ઞાનરૂપી કવચ અમારી રક્ષા કરો.

**સૂક્ત-૨૦ દેવતા : સોમ-મરુદ્‌ગણ આદિ**

હે સોમ ! અમારા શત્રુ તેમના સ્થાન અને સ્ત્રીથી અલગ થઈ જાવ. હે મરુદ્‌ગણ ! અમારા યજ્ઞ અમને સુખી કરો અને શત્રુઓને દૂર કરો. હે વરુણ ! શત્રુઓના અસ્ત્રોને દૂર કરો. શત્રુ અમારી હિંસા ન કરે. અમને સુખ આપો. હે ઈન્દ્ર ! આપ અપરાજેય છો, શત્રુ તિરસ્કારક છો. આપના મિત્ર પુરુષ અપરાજેય અને અહિંસ્ય બની જાય છે. આપની સહાયતાથી અમે શત્રુ-વિજેતા બનીએ.

**સૂક્ત-૨૧ દેવતા : ઇન્દ્ર**

અવિનાશી, શોભન ફળ આપનારા, મંગલદાયી, પ્રજાપાલક, વૃષ્ટિ કરવા માટે વૃત્રનો નાશ કરનારા, શત્રુનાશક, પ્રાણી-નિયંતા અને સોમનું પાન કરનારા હે ઈન્દ્ર અમને અભય આપો. યુદ્ધમાં અમારા નેતા બનો. હે ઐશ્વર્યવાન ઈન્દ્ર ! અમારા શત્રુઓનો નાશ કરો. અમારું ધન-ક્ષેમ આદિનું હરણ કરવા ઈચ્છનારા શત્રુને અંધકારમાં નાંખો. હે પ્રભુ ! હે વૃત્રહન્તા ! શત્રુઓનો ઉત્સાહ ભંગ કરી તેમના જડબા તોડી નાંખો, તેમના બાણોને અમારાથી દૂર કરો.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૨૨ દેવતા : સૂર્ય**

હે રોગી ! હૃદયરોગને કારણે થતી બળતરા, કમળો, રક્તની ઊણપો, આપના શરીરનું પીળાપણું સૂર્ય તરફ ચાલ્યું જાય. રક્ત વર્ણની ગાયો અથવા

સૂર્યના રક્તવર્ણનાં કિરણો દ્વારા અમે આપને દરેક રીતે બળવાન બનાવીએ છીએ. આપ પાંડુરોગથી મુક્ત બની હરિત વર્ણધારી પોપટ વગેરે પક્ષીઓની જેવા બનો.

**સૂક્ત-૨૩ દેવતા : વનસ્પતિઓ**

હે હળદર, ભાંગરો, ઈન્દ્રવારુણિ, અસિત વર્ણની ઔષધિઓ ! આપ સૌ રાત્રે ઉત્પન્ન થઈ છો. રંગ આપનારી હે ઔષધિઓ ! તમે દૂઝી રહેલા કુષ્ઠ અને શ્વેતકુષ્ઠગ્રસ્ત વ્યક્તિને રંગ પ્રદાન કરો. હે નીલ ઔષધિ ! આપનું ઉત્પત્તિ સ્થાન કૃષ્ણવર્ણ છે. આપ શ્યામવર્ણી છો એટલે લેપન આદિ દ્વારા આ રોગીના કુષ્ઠ વગેરે ડાઘાનો નાશ કરો. અમે મંત્રના પ્રયોગથી તેનો રોગ દૂર કરીએ છીએ.

**સૂક્ત-૨૪ દેવતા : આસુરી વનસ્પતિ**

હે ઔષધિ ! સૌથી પહેલા આપ ગરુડના પિત્તરૂપમાં હતી. આસુરી સુપર્ણની સાથે સંગ્રામ જીતીને તે પિત્તને ઔષધિનું રૂપ આપ્યું. તે જ રૂપ નીલ આદિ ઔષધિમાં પણ પ્રવેશ્યું છે. હે ઔષધિ ! આપની માતા અને આપના પિતા પણ આપના જેવા વર્ણવાળા છે. આથી તમે આ શ્વેતકુષ્ઠ રોગીનો દુષિત રંગ દૂર કરી તમારા જેવો રંગ આપો. હે કાળા રંગવાળી ઔષધિ ! આ કોઢવાળા અંગને સારી રીતે મુક્ત કરી પહેલાના જેવા રૂપરંગવાળું બનાવી દો.

**સૂક્ત-૨૫ દેવતા : યક્ષ્માદિ જ્વરનાશક અગ્નિ**

હે પીડાદાયક જ્વર ! તારી ઉત્પત્તિ હવનના અગ્નિ વડે જ થઈ છે એ સમજી લે. અમારા દ્વારા શરીર ઉપર છાંટવામાં આવતા યજ્ઞના આ ઉષ્ણ જળથી તું અમારું શરીર છોડીને બહાર નીકળી જા. તું શરીરને પીળું બનાવી દે છે આંથી 'હદ્રૂ' નામથી ઓળખાય છે. અગ્નિથી ઉત્પન્ન તાપ-ગુણ યુક્ત શરીર તાપક જ્વર ! તું ઉષ્ણ જળથી સિંચિત આ શરીરની બહાર નીકળ. શીત જ્વર ! એકાંતરો તાવ, બે-ત્રણ દિવસે આવતો વગેરે બધા તાવને દૂરથી નમસ્કાર કરીએ છીએ.

**સૂક્ત-૨૬ દેવતા : ઇન્દ્રાણી**

હે દેવો ! શત્રુ દ્વારા છોડવામાં આવેલ અસ્ત્ર મને તેમના દ્વારા ફેંકવામાં આવતા પથ્થરથી અમને દૂર રાખો. સૂર્ય, સવિતા, પરમેશ્વર અને ઈન્દ્ર અમારા

મિત્ર બનો. તેઓ અમને સુખ-આરોગ્ય આપે, અમારા સંતાનોને સુખ આપે અને અમારા અનિષ્ટને દૂર કરે. સપ્ત ગુણયુક્ત તેજસ્વી મરુદ્‌ગણ અને પર્જન્ય અમને સુખ આપો.

**સૂક્ત-૨૭ દેવતા : ઇન્દ્રાણી**

નાગલોકની ૨૧ જાતિઓના સાપોની કાંચળીઓ વડે અમે પરહિતચિંતક શત્રુઓની આંખોને ઢાંકી દઈએ. શિવ ધનુષ્ય સમાન તીક્ષ્ણ શસ્ત્રાસ્ત્રધારિણી અમારી સેના શત્રુઓનો નાશ કરો. થોડા અથવા અસંખ્ય શત્રુઓ અમારાથી હારીને એવા નિર્બળ બની જાય, જેવી રીતે વાંસની ઉપરની શાખ નિર્બળ હોય છે. હે સુભટો ! તમે જલદીથી આપણાં લક્ષ્ય – શત્રુના રાષ્ટ્ર સુધી – સેનાને પહોંચાડો. સેનાની રક્ષિકા ઈન્દ્રાણી સેનાની આગળ-આગળ ચાલે છે.

**સૂક્ત-૨૮ દેવતા : અગ્નિ, યાતુધાન**

રોગ અને રાક્ષસોના નાશક અગ્નિદેવ સ્વર્ગમાંથી ચાલીને યજમાનની નજીક આવી રહ્યા છે. હે અગ્નિ ! પિશાચો, યાતુધાનો, રાક્ષસોને ભસ્મ કરો. પાપિની, કટુભાષિણી, હિંસિકા અને સંતાનના રૂપ-રસ-પુષ્ટિનું હરણ કરનારી રાક્ષસી પોતાનાં સંતાનો અને અમારા શત્રુઓનાં સંતાનોનું ભક્ષણ કરો. આ રાક્ષસીઓ પરસ્પર લડીને મરી જાવ.

## • છઠ્ઠો અધ્યાય •

**સૂક્ત-૨૯ દેવતા : બ્રહ્મણસ્પતિ**

હે બ્રહ્મણસ્પતિ ! જે મણિ ઈન્દ્રની સમૃદ્ધિનો દાયક છે, તેના વડે શત્રુઓથી પીડિત રાષ્ટ્રની અશ્વ-ગજ-ધન-સંપત્તિ વધારો. હે મણિ ! તું અમારા શત્રુઓને નિર્વિર્ય બનાવ. જીવોના પ્રેરક સવિતા દેવથી સમૃદ્ધ અને સોમથી સમૃદ્ધ હે મણિ ! તું ધારણકર્તાઓનો મહિમા વધારે છે, અમને શત્રુઓને હરાવવાનું બળ આપ, બધાં પ્રાણીઓના પ્રેરક સૂર્યનો ઉદય થાય છે. શત્રુ-પરાભવ-કામનાવાળી મારી વાણી પ્રગટ થઈ. મણિધારક અમે શત્રુનાશમાં સમર્થ બનીએ છીએ. હે મણિ ! તારા બળથી અમે શત્રુ હંતા, રાષ્ટ્રના સ્વામી અને પ્રજાઓને ઈચ્છિત ફળ આપનારા બનીએ.

**સૂક્ત-૩૦ દેવતા : વિશ્વેદેવા**

હે ઈન્દ્ર ! વિશ્વેદેવા, વસુગણ, ધાતા, અર્યમાદેવો ! આયુષ્યની કામનાવાળા યજમાનની રક્ષા કરો. એનાથી શત્રુગણને અશક્ત કરો. અમારી કોઈ હિંસા ન કરી શકે. હે સ્વર્ગવાસી દેવો, ભૂમંડળવાસી અગ્નિદેવ, હે અંતરિક્ષમાં ગમનશીલ વાયુ ! તમે યજમાનના આયુષ્યને વધારો. જે અગ્નિ માટે પંચયજ્ઞ થાય છે, જે દેવોનો યજ્ઞમાં હવિ ભાગ છે તે ઈન્દ્રાદિ દેવો અને દિશાઓના સ્વામી દેવતાઓ આ યજમાનનું આયુષ્ય વધારો.

**સૂક્ત-૩૧ દેવતા : દિગ્પાલ**

અમે દિગ્પાલોને મંત્રો વડે આહુતિ આપીએ છીએ. હે ઈન્દ્રાદિ દિગ્પાલો ! અમને મૃત્યુના તથા અન્ય દુઃખદાયક પાશમાંથી મુક્ત કરાવો. ચોથા દિગ્પાલ કુબેર ધન આપો, અમે કુબેરને હવિ અર્પણ કરીએ છીએ. અમારાં માતા-પિતા, ગાયો, બધા સંબંધીઓ શ્રેષ્ઠ ધનવાળા અને કુશળ બનો તથા અમે સો વર્ષ સુધી સૂર્યનાં દર્શન કરીએ.

**સૂક્ત-૩૨ દેવતા : દ્યાવા-પૃથ્વી**

હે જિજ્ઞાસુઓ ! એ જાણો કે જળાત્મક બ્રહ્મ નથી પૃથ્વી ઉપર રહેતું કે નથી દ્યૌમાં રહેતું. જળથી ઔષધિઓ પુષ્ટ બને છે. જળ આકાશ અને પૃથ્વીની મધ્યમાં સ્થિત છે. ગંધર્વ પણ અંતરિક્ષમાં રહે છે. અંતરિક્ષ જ સ્થાવર-જંગમનું આશ્રયસ્થળ છે. હે દ્યાવા-પૃથ્વી ! તમે આ જળની ઉત્પત્તિમાં રોકાયેલા છો. જળ તરલ છે. નદીઓ જળયુક્ત રહે છે. આકાશ વિશ્વનું ઢાંકણ છે. વૃષ્ટિ દ્વારા સમસ્ત ધન આપનાર આકાશ અને વિશ્વના આશ્રય પૃથ્વીને અમે પ્રણામ કરીએ છીએ.

**સૂક્ત-૩૩ દેવતા : આપ : (જળ)**

રમણીય, સુંદરવર્ણ અને પવિત્રતાપદ જળથી સૂર્ય, વિદ્યુત અને વડવાનલ ઉત્પન્ન થાય છે. જે અગ્નિગર્ભા છે, તે જલ રોગાદિહર અને સુખદાયક બનો. જેમાં કર્મપાશધારક વરુણ રહે છે તે જળ અમને સુખ-શાંતિ આપો. જે જળ વડે દેવ સ્વર્ગમાં સોમનો ઉપભોગ કરે છે તે જળ અમને સુખ-શાંતિ આપો.

**સૂક્ત-૩૪ દેવતા : મધુ-વનસ્પતિ**

મધુમયી પૃથ્વીથી ઉત્પન્ન હોવાથી મધુમયી હે મધુકલતા ! અમે તને

ખોદીએ છીએ. તું અમને મધુરતા આપ. મારી જિહ્‌વાનો અગ્રભાગ મધુર બનો. મારું શરીર, અંતઃકરણ અને કર્મ મધુર બનો. મારા કરવામાં આવતું નજીકનું અને દૂરનું કાર્ય મધુર બનો. મારી વાણી અને કાર્યોમાં મધુરતા હોવાથી હું સર્વ પ્રિય બનું. હે મધુકલતા ! તારી સમિપતાથી હું વધારે મધુર બનું. મીઠી શેરડીની જેમ એકબીજાની સાથે મીઠાશયુક્ત રહેવા જ હે પત્ની અમે તમને પ્રાપ્ત થયા છીએ. અમને ત્યાગીને તું ન જઈ શકે એટલે અમે તારી પાસે આવ્યા છીએ.

**સૂક્ત-૩૫ દેવતા : હિરણ્યમ્ (સોનું)**

હે પુરુષો ! તમને શતાયુ બનાવવા આનંદપ્રદ હિરણ્ય તમને બાંધીએ છીએ. સોનું દેવોમાં પ્રથમ ઉત્પન્ન થયું છે. તેને ધારણ કરનારને રોગ થતો નથી. પિશાચ પીડા આપતા નથી. આ બળદાયક આઠમી ધાતુ છે. ધારણ કરવાથી રાક્ષસનાશક અને શતાયુ બને છે. જળ, ઈન્દ્ર અને સૂર્ય-ચંદ્રના તેજમાં હિરણ્યધારક છો. ઐશ્વર્યની ઈચ્છાથી સંવત્સર સુધી રહેનારું તેજ તમારામાં મૂકીએ છીએ.

*

# બીજો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : બ્રહ્મ, આત્મા**

વિશ્વ પરબ્રહ્મમાં લીન થઈને રહે છે. ભૌતિક જગતથી અભિન્ન સર્વશક્તિયુક્ત આ બ્રહ્મને સૂર્યના નામ-રૂપથી પ્રગટ કર્યું છે, ત્યારથી પ્રજા સૂર્યને જાણતી અને પૂજતી આવી છે. આરાધકોના હૃદયમાં સ્થિત બ્રહ્મને સૂર્ય કહેવામાં આવ્યો છે. બ્રહ્મના ત્રણ પાદ દૃષ્ટિથી ઓઝલ છે. સત્યોપદેશ દ્વારા જ બ્રહ્મજ્ઞાન થઈ શકે છે. સૂર્યાત્મક બ્રહ્મ જ આપણાં માતા-પિતા છે. કર્મફળના જ્ઞાતા પણ તે જ છે. તે ઈન્દ્ર, અગ્નિ નામથી પણ લોકમાં પ્રગટ થાય છે. જેવી રીતે બ્રહ્મ સંસારને વ્યાપ્ત કરીને સ્થિત છે તેવી રીતે અમે પણ આત્મામાં સ્થિત છીએ. તત્ત્વજ્ઞાન પ્રગટ થવાથી બધી જાણકારી મળે છે. ઈન્દ્રાદિ દેવતા પણ બ્રહ્મમાં લીન થઈ જાય છે. વૃત્તિઓ દ્વારા જ બ્રહ્મનો સાક્ષાત્કાર થવાથી ઈન્દ્રિયો બ્રહ્મમાં લીન થઈ જાય છે.

**સૂક્ત-૨ દેવતા : ગંધર્વ (સૂર્ય) અપ્સરાઓ (કિરણો)**

વૃષ્ટિ (કિરણોરૂપી) દ્વારા સંસારનું પોષણ કરનાર સૂર્ય પૃથ્વીનો સ્વામી છે, પ્રજાઓનો સ્તુત્ય છે. હે ગંધર્વ (સૂર્ય) ! અમે તમને હવિ અર્પણ કરી નમસ્કાર કરીએ છીએ. ગંધર્વ અમને સુખ આપો. ગંધર્વ (સૂર્ય) રશ્મિઓ (અપ્સરાઓ)થી સંગત રાખે છે.

રશ્મિઓ સૂર્યમાંથી નીકળે છે અને તેમાં જ વિલિન થઈ જાય છે. ચંદ્રમાથી સંયુક્ત થનારી હે સૂર્ય રશ્મિઓ તમને હવિ આપીને નમસ્કાર કરીએ છીએ. ઉપદ્રવોથી સંસારને રડાવનાર અપ્સરાઓ (સૂર્ય પત્નીરૂપ રશ્મિઓ)ને અમે નમસ્કાર કરીએ છીએ.

**સૂક્ત-૩ દેવતા : સ્ત્રાવરોધક ભેષજ મુંજ-માટી**

જે રક્ષક પ્રવાહ (સોમ) મુજ્જ્વાન પર્વત પરથી નીચે લાવવામાં આવે છે તેના આગળના ભાગની વનસ્પતિને અમે એવી રીતે બનાવીએ છીએ જેથી તે આપના માટે શ્રેષ્ઠ ઔષધિ બની જાય. હે મુંજ (દિવ્યપ્રવાહ) આપનાથી ઉત્પન્ન થનારી અસીમ ઔષધિઓ, અતિસાર, બહુમૂત્ર તથા નાડીવ્રણ આદિ રોગોનો નાશ કરવા સંપૂર્ણપણે સક્ષમ છે. ખેતરમાંથી ઉપાડેલી ઔષધિરૂપ માટી ફોડલાને પકાવનારી તથા અતિસાર આદિ રોગોનો સમૂળ નાશ કરનારી (રામબાણ) ઔષધિ છે. ઔષધિઓ માટે વાપરવામાં આવેલું જળ આનંદદાયક બનીને અમારી વ્યાધિઓનું શમન કરનારું થાઓ. અસુરો દ્વારા મનુષ્યો ઉપર તાકવામાં આવેલા વ્યાધિરૂપ બાણ અમારા બધાથી દૂર જઈને પડો.

**સૂક્ત-૪ દેવતા : જંગિ મણિ**

આ જંગિડ મણિ હજારો બળથી સંપન્ન થઈને દુર્બળતા પેદા કરનાર, દેહ સૂકવનાર તથા ભક્ષણ કરનારી કૃત્યા આદિનો વિનાશ કરે છે. અમારા બધા રોગોનું નિવારણ કરનારી સંપૂર્ણ ઔષધિરૂપ તે પાપથી અમારી રક્ષા કરો. શત્રુરૂપ વ્યાધિઓને દૂર કરી અમારું આયુષ્ય વધારો.

**સૂક્ત-૫ દેવતા : ઇન્દ્ર**

હે શૂરવીર ઈન્દ્રદેવ ! આપ આનંદિત થઈને આગળ વધો. આપના અશ્વો દ્વારા આ યજ્ઞમાં પધારો. અભિષુત સોમરસ તથા સ્તુતિઓના માધ્યમથી આપને સ્વર્ગના જેવો આનંદ પ્રાપ્ત થાવ. ઈન્દ્રદેવ બધાં પ્રાણીઓના મિત્ર, તથા શત્રુઓ ઉપર ત્વરિત ગતિથી આક્રમણ કરનારા છે. તેમણે વૃત્રનો

સંહાર કર્યો હતો. ભૃગુઋષિની જેમ એમણે અંગિરાઓના યજ્ઞોની સાધનભૂત ગાયોનું અપહરણ કરનારા બલાસુરનો સંહાર કર્યો હતો. અમારા સ્તુતિ-વચનોનો સ્વીકાર કરો.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૬ દેવતા : અગ્નિ**

હે અગ્નિદેવ ! આપને માસ, ઋતુ, વર્ષ, ઋષિ તથા સત્ય-આચરણ સમૃદ્ધ કરો. આપના દૈવી તેજસથી સંપન્ન થઈને સમસ્ત દિશાઓને આલોકિત કરો. આપ સારી રીતે પ્રદીપ્ત થઈને આ યાજકની વૃદ્ધિ કરો અને તેને ખૂબ ઐશ્વર્ય આપવા ઉત્સાહિત રહો. આપના સાધકોનો કદી નાશ થતો નથી. બીજા જે લોકો યજ્ઞાદિ નથી કરતા તેઓ કીર્તિવાન ન થાવ. આપ સમાન જન્મવાળા બ્રાહ્મણોની વચ્ચે બેસીને તથા રાજાઓની વચ્ચે વિશેષરૂપે આહ્‌વાનીય થઈને આ યજ્ઞમાં આલોકિત થાવ. અમારા શત્રુઓનો નાશ કરો અને અમને પરાક્રમી સંતાનોવાળું ઐશ્વર્ય આપો.

**સૂક્ત-૭ દેવતા : વનસ્પતિ (દૂર્વા)**

દેવનિર્મિત વીરુધ (દૂર્વા ઔષધિ) અમારા બધા પાપોને એવી રીતે ધોઈ નાખે છે જેવી રીતે જળ બધા મેલને ધોઈ નાખે છે. બ્રાહ્મણ દ્વારા ક્રોધમાં આપવામાં આવેલ શાપ, શત્રુઓનો શાપ અને સ્ત્રીઓનો શાપ અમારા પગની નીચે જાય.

**સૂક્ત-૮ દેવતા : યક્ષ્મા-કુષ્ઠાદિકા નાશન**

વિચૃત નામની પ્રભાવપૂર્ણ બંને તારિકાઓ ઊગી છે. તેઓ વંશાનુગત રોગના અધમ તેમજ ઉત્તમ પાશ ખોલી નાખો. આ રાત્રી ચાલી જાય, હિંસક રોગાણુ પણ ચાલ્યા જાય. ભૂરા અને સફેદ રંગવાળું અર્જુન લાકડું, જળનું ડૂંડું તથા તલ સહિત તલની મંઝરી વ્યાધિનો નાશ કરો. બળદવાળું હળ તથા તેના કાષ્ઠયુક્ત અવયવોને પ્રણામ હો. ક્ષેત્રિય રોગ નિવારક ઔષધિ આ રોગનું નિવારણ કરો.

**સૂક્ત-૯ દેવતા : વનસ્પતિ**

હે ગુલર-પલાશ કાષ્ઠ નિર્મિત હે મણિ ! બ્રહ્મ રાક્ષસથી ગ્રસિત (સંધિવાના રોગથી જકડાયેલા)ને આપ મુક્ત કરો. આપની કૃપાથી આ વ્યક્તિ

જીવન મેળવી જીવિત વ્યક્તિઓના સમૂહમાં પાછો આવી જાય અને પોતાના પુત્રોનો પિતા બની જાય તથા ભાગ્યવાન બને. વ્યાધિથી મુક્ત થયેલ વ્યક્તિને વિદ્યાઓનું સ્મરણ થઈ જાય તથા મનુષ્યોના નિવાસસ્થાનને ફરીથી જાણી જાઓ. આ રીતે આપના ગુણધર્મને દેવ, બ્રાહ્મણ તથા ચિકિત્સક જાણે છે. જે વૈદ્ય અનવરત ચિકિત્સાકાર્ય કરે છે તે જ કુશળતા પ્રાપ્ત કરે છે અને અન્ય ચિકિત્સકો સાથે પરામર્શ કરી આપના રોગોની ચિકિત્સા કરી શકે છે.

**સૂક્ત-૧૦ દેવતા : નિર્ઋતિ-દ્યાવા-પૃથ્વી આદિ**

હે રોગી ! અમે તને પૈતૃક રોગથી, દ્રોહથી, સંબંધીઓના ક્રોધથી તથા વરુણદેવના પાશથી મુક્ત કરીએ છીએ. અમે તને બ્રહ્મજ્ઞાનથી દોષરહિત કરીએ છીએ અને આ દ્યાવા-પૃથિવી પણ તારા માટે હિતકારી થાવ. અંતરિક્ષમાં વિચરણ કરનારા વાયુદેવ આપના માટે સામર્થ્ય તેમજ કલ્યાણ આપો તથા ચારે દિશાઓ હિતકારી બનો. જેવી રીતે દેવતાઓએ સત્યરૂપી સૂર્યને રાહુ નામના ગ્રહથી મુક્ત કર્યા હતા તેવી જ રીતે અમે આપને દોષમુક્ત કરીએ છીએ.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૧૧ દેવતા : મંત્રોક્ત**

હે તિલક મણિ ! આપ દોષોને પણ દુષ્ટ કરવા સમર્થ છો. અનિષ્ટકારી હથિયારો માટે આપ વિનાશક હથિયાર છો. આપ વજ્રનું પણ વજ્ર છો, તેથી આપ શ્રેયસ્કર બનો. શત્રુઓ કરતાં પણ વધુ સમર્થ થાઓ. આપ તિલકવૃક્ષથી ઉત્પન્ન છો, પ્રતિસર (ઘાને પાછો વાળવામાં સમર્થ) છો. પ્રતિ આક્રમણ કરવાં સમર્થ છો તેથી આપ શ્રેયસ્કર બનો. જે અમારો દ્વેષ કરે છે અથવા અમે જેનો દ્વેષ કરીએ છીએ તેના ઉપર આપ સામું આક્રમણ કરો. આપ શુક્ર જેવા ઉજ્જ્વળ-વીર્યવાન છો, આત્મસત્તા સંપન્ન અને જ્યોતિરૂપ છો. આપ શ્રેયસ્કર બનો.

**સૂક્ત-૧૨ દેવતા : દ્યાવા-પૃથિવી-અંતરિક્ષ**

દ્યાવા-પૃથિવી, વિશાળ અંતરિક્ષ, સમસ્ત ક્ષેત્રની પત્ની (પ્રકૃતિ), અદ્ભુત સૂર્યદેવ, વાયુને સ્થાન આપનાર વિશાળ અંતરિક્ષ વગેરે અમે સંતપ્ત થઈએ ત્યારે આ બધા પણ અનિષ્ટનું નિવારણ કરવા તૈયાર થાવ. હે યજનીય

દેવો ! ઋષિ ભારદ્વાજ અમને ઉકથ (મંત્રો) આપી રહ્યા છે. સત્કર્મમાં મગ્ન અમારા મનને જે શત્રુ દુઃખી કરે છે, તે પાપોને પાશમાં બાંધી યોગ્ય સ્થાને પ્રયોજો. હે ઈન્દ્રદેવ ! સોમપાન દ્વારા આનંદિત બની અમારું કહેવું સાંભળો. વસુ, અંગિરા તેમજ આદિત્યો સહિત અમારા પિતૃઓ દ્વારા કરવામાં આવેલ ઈષ્ટાપૂર્ત કર્મો અમારી રક્ષા કરો. હે દ્યાવા-પૃથિવી, હે અંગિરાઓ, સોમવાન પિતૃઓ અને મરુદ્‌ગણો બ્રહ્મદ્વેષિઓને પીડા આપો. હે રોગ અથવા શત્રુ તમારા સાત પ્રાણ અને આઠ મુખ્ય નાડીઓ આદિને અમે બ્રહ્મશક્તિથી વીંધીએ છીએ.

**સૂક્ત-૧૩ દેવતા : અગ્નિ, બૃહસ્પતિ, વિશ્વેદેવા**

હે અગ્નિદેવ ! તમે શતાયુ આપનારા છો અને ઘૃત જેવા તેજસ્વી છો. તમે ઘીનું પાન કરી અમને શતાયુ બનાવો. હે દેવતાઓ ! અમને પરિધાન (વસ્ત્રો) ધારણ કરાવો અને તેજસ્વી બનાવો. હે બાળક ! તારી કુશળતા માટે આ વસ્ત્રો બનાવ્યાં છે. તમે ગાયોની રક્ષા-પોષણ કરી ઐશ્વર્ય પ્રાપ્ત કરો, દઢ અને નિરોગી બનો. વિશ્વેદેવા તમને શતાયુ બનાવે અને બાંધવ, પુત્ર-પૌત્રાદિથી સમૃદ્ધ બનાવે.

**સૂક્ત-૧૪ દેવતા : મંત્રોક્ત**

નિઃસલા (નિષ્કાસિત કરનારી), એક વાદ્યા અને ચંડહાસા રાક્ષસીઓના સંતાનોનો અમે નાશ કરીએ. હે મગુન્દી (પાપ ઉત્પન્ન કરનારી) રાક્ષસીની પુત્રીઓ ! અમે તમને અમારી ગાયોની ગૌશાળામાંથી કાઢીએ છીએ. કાઢી મૂક્યા પછી અરાઈ (દરિદ્રતાજન્ય) તથા સેદી (ક્લેશ કરનારી) આસુરી શક્તિઓ ભૂગર્ભમાં ચાલી જાય. હે રાક્ષસીઓ ! તમે કોઢ, સંગ્રહણી આદિ આનુવંશિક રોગોનું મૂળ કારણ છો. તેથી તમે અમારા ઘરમાંથી બહાર નીકળીને નાશ પામો. અમે તમારા નિવાસસ્થાન ઉપર નિયંત્રણ કરી લીધું છે તેથી તમે નિરાશ્રિત થઈને નાશ પામો.

**સૂક્ત-૧૫ દેવતા : પ્રાણ**

હે અમારા પ્રાણ ! જેમ દ્યુલોક અને પૃથ્વીલોક ચિરંજીવી છે તેમ તમે પણ નાશ પામવાનો ભય રાખશો નહિ. રાત્રી અને દિવસ ડરતા નથી કે નાશ પામતા નથી, તેવી રીતે હે પ્રાણ તમે પણ નિર્ભય બનો. જેમ સૂર્ય-ચંદ્ર અવિનાશી છે તેમ તમે પણ વિનાશથી ડરો નહિ. જેવી રીતે બ્રાહ્મણ અને

ક્ષત્રિય ડરતા નથી તેવી રીતે હે પ્રાણ તમે પણ ડરશો નહિ. જેવી રીતે ભૂત અને ભવિષ્ય કોઈથી ભયભીત થતા નથી તેમ હે પ્રાણ તમે પણ મૃત્યુના ભયથી મુક્ત બનીને રહો.

**સૂક્ત-૧૬ દેવતા : પ્રાણ-અપાન આદિ**

હે પ્રાણ અને અપાન ! આપ બન્ને મૃત્યુથી અમારી રક્ષા કરો અને અમારી આહુતિનો સ્વીકાર કરો. હે દ્યાવા-પૃથિવી આપ બન્ને સાંભળવાની શક્તિ આપીને અમારી રક્ષા કરો અને આ આહુતિ સ્વીકારો. હે સૂર્યદેવ ! અમને જોવાની શક્તિ આપીને અમારી રક્ષા કરો અને અમારી આહુતિ સ્વીકારો. હે વૈશ્વાનર અગ્નિદેવ ! હે સમસ્ત પ્રાણીઓનું પોષણ કરનારા વિશ્વંભરદેવ આપની બધી પોષણશક્તિથી અમારી રક્ષા કરો અને આ આહુતિ ગ્રહણ કરો.

**સૂક્ત-૧૭ દેવતા : ઓજ આદિ**

હે અગ્નિદેવ ! આપ ઓજસ્વી છો તેથી અમને ખોજ આપો. આપ શૌર્યવાન છો તેથી અમને શૌર્ય આપો. હે અગ્નિ ! આપ બળસંપન્ન છો આથી અમને બળ આપો. આપ જીવનશક્તિ સંપન્ન છો આથી અમને શક્તિ આપો. આપ શ્રવણશક્તિ અને દર્શનશક્તિ આપો. આપ પરિપાલન શક્તિથી સંપન્ન છો તેથી અમને પાલન કરવાની શક્તિ આપો. અમે આપને હવિ આપીએ છીએ.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૧૮ દેવતા : અગ્નિ**

સંતાપદાયિકા શક્તિથી પ્રદીપ્ત થઈને હે અગ્નિ ! અમારા શત્રુઓનો નાશ કરો. અમારી સાથે દ્વેષ રાખનારા અથવા અમે જેના ઉપર દ્વેષ કરીએ છીએ તેમના ઉપર ક્રોધ કરો. અમારા વેરીઓ અને અમે જેના વેરી છીએ તેમનો તમે નાશ કરો. અમારા શત્રુઓની શક્તિ છીનવી લઈને તેમને બળહિન કરો.

**સૂક્ત-૨૦ દેવતા : વાયુ**

અંતરિક્ષમાં ઘૂમનારા હે વાયુ ! તમારી પીડાપ્રદ શક્તિથી એમને હાનિ પહોંચાડો, જે લોકો અમારો દ્વેષ કરે છે. હે વાયુ ! તમે એ શત્રુઓ ઉપર

ક્રોધ કરો જે અમારી સાથે દ્વેષ કરે છે. હે વાયુ ! તમે તમારી અર્ચિ (પ્રજ્વલન) શક્તિ વડે અમારા શત્રુઓને બાળી નાખો.

**સૂક્ત-૨૧ દેવતા : સૂર્ય**

હે આદિત્ય ! આપની અંદર જે સંતપ્ત કરવાની શક્તિ છે, તે શક્તિ દ્વારા આપ શત્રુઓને સંતપ્ત કરો. અમારી સાથે જે શત્રુતા કરે છે તે શત્રુઓની શક્તિનું હરણ કરો. જે અમારો દ્વેષ કરે છે અથવા જેમનો અમે દ્વેષ કરીએ છીએ તે મનુષ્યોને તમારી પરાભિભૂત કરવાની શક્તિ દ્વારા તેજ વિહિન કરો.

**સૂક્ત-૨૨ દેવતા : ચંદ્ર**

હે ચંદ્રદેવ ! આપની અંદર જે તપાવવાની શક્તિ છે તે દ્વારા આપ જે અમારો દ્વેષ કરો છો તથા જેમનો અમે દ્વેષ કરીએ છીએ તે શત્રુઓને સંતાપ આપો. અમારા શત્રુઓને શોકાકુળ કરી તેમને શોકાભિભૂત કરો અને તેમને તેજ વિનાના કરી દો.

**સૂક્ત-૨૩ દેવતા : આપ**

હે જળદેવ ! આપની અંદર જે તાપ છે તે શક્તિ દ્વારા આપ જે અમારો દ્વેષ કરે છે તથા અમે જેમનો દ્વેષ કરીએ છીએ તે શત્રુઓને સંતાપ આપો. આપની અંદર જે હરણ કરવાની શક્તિ છે તે શક્તિ દ્વારા આપ જે અમારો દ્વેષ કરે છે તથા અમે જેમનો દ્વેષ કરીએ છીએ તે શત્રુઓની શક્તિંનું હરણ કરો. હે જળદેવ ! અમે જેમનો દ્વેષ કરીએ છીએ તે શત્રુઓને તેજ વિનાના કરી દો.

**સૂક્ત-૨૪ દેવતા : આયુ**

હે વધ કરનારા તથા લૂંટારાઓ ! અમારી તરફ આવેલા તમારા પ્રહાર તથા યાતનાઓ અમારી પાસેથી ફરી ફરી પાછા વળી જાઓ. તમે તમારા જ સાથીઓનું ભક્ષણ કરો. જેમણે તમને મોકલ્યા છે તેમનું ભક્ષણ કરો. પોતાનું જ માંસ ખાવો. હે ઘાત કરનારા શેવૃધક અમારી તરફ આવેલા તમારા પ્રહાર અને યાતનાઓ, વારંવાર પાછા ફરી જાઓ. આપના ચોર આદિ સેવકો પણ પાછા જાવ. હે જૂર્ણિ રાક્ષસી અને તેની સેવિકા લૂંટારિઓ ! તમારા દ્વારા મોકલવામાં આવેલી યાતનાઓ, અસુર તથા હથિયાર અમારી પાસેથી ફરી-ફરી પાછા ચાલ્યા જાવ. તમને જે વ્યક્તિએ અમારી પાસે મોકલી છે તમે તેનું જ ભક્ષણ કરો.

**સૂક્ત-૨૫ દેવતા : પૃશ્નિપર્ણી ઓષધિ**

હે પૃશ્નિપર્ણી ! અમે તમારું સેવન કરીએ છીએ. આ ચમકનારી ઔષધિ અમારા દાદર, ખરજવું, કોઢ જેવા વિકરાળ રોગોનો સમૂળ નાશ કરનારી છે. લોહી પીનારા રોગો તથા ગર્ભનો નાશ કરનારા રોગો રૂપી શત્રુનો નાશ કરો. જીવનશક્તિનો નાશ કરનારા દોષો તથા રોગોને આપ પર્વત પર લઈ જાઓ અને તેમને દાવાગ્નિની જેમ ભસ્મ કરી નાખો. શરીરની ધાતુઓનું ભક્ષણ કરનારા દુષ્ટ રોગોને અમે અંધકારમાં મોકલીએ છીએ.

**સૂક્ત-૨૬ દેવતા : પશુ**

જે પશુ આ સ્થાનથી દૂર ચાલ્યા ગયા છે તે ફરીથી આ ગોષ્ઠમાં ચાલ્યા આવો. જે પશુઓની સુરક્ષા માટે વાયુદેવ સહયોગ કરે છે અને જેમના નામરૂપને ત્વષ્ટાદેવ જાણે છે, હે સવિતાદેવ ! આપ તે પશુઓને ગોષ્ઠમાં રાખો. ગાય આદિ પશુઓને નિયમમાં રાખો. અમે ગાયોનું દૂધ સિંચીએ છીએ તથા શક્તિવર્ધક રસને ઘી સાથે મેળવીએ છીએ. અમે અમારા ઘરમાં ગાયનું દૂધ, ધાન્ય તથા રસ લાવીએ છીએ.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૨૭ દેવતા : પાઠા નામની ઔષધિ, ઇન્દ્ર**

હે પાઠા ઔષધિ ! રાક્ષસોથી રક્ષા કરવા ઈન્દ્રે આપનું સેવન કર્યું હતું. આપ અમારા દ્વારા પ્રાશન ગ્રહણ કરીને પછી પ્રતિપક્ષીઓને પરાસ્ત કરો. હે ઔષધિઓ આ પ્રતિવાદીઓના કંઠને નીરસ કરી તેમને બોલવામાં અસમર્થ કરી દો. જેવી રીતે ઈન્દ્રદેવે જંગલી કૂતરાઓને નિરુત્તર કરી દીધા હતા તેવી રીતે હે ઔષધિ ! આપનું સેવન કરી અમે પ્રતિપાદી શત્રુઓને નિરુત્તર કરીએ છીએ. હે ઈન્દ્ર ! તમારા સ્મરણમાત્રથી જળ ઔષધ બની જાય છે. આ પાઠાનું સેવન કરીને અમે શત્રુઓને હરાવવાની શક્તિ મેળવીએ.

**સૂક્ત-૨૮ દેવતા : અગ્નિ વગેરે દેવો**

હે અગ્નિ ! હર્ષિત મનવાળા હે મિત્ર દેવતા ! જે રીતે માતા પોતાના પુત્રને ગોદમાં લે છે તેવી જ રીતે આપ આ બાળકને મિત્રદ્રોહ બાબતમાં પાપોથી મુક્ત કરો. મિત્ર તથા દુશ્મનનો નાશ કરનારા વરુણદેવ બંને મળીને આ બાળકને વૃદ્ધાવસ્થા સુધી પહોંચીને જ મૃત્યુ પામનાર બનાવો. દાનદાતા તેમજ બધાં કર્મોને વિધિવત જાણનારા અગ્નિદેવ તેને માટે દીર્ઘાયુની પ્રાર્થના

કરો. હે મિત્રાવરુણ ! આ બાળકને સંતાનોત્પાદનમાં સમર્થ બનાવો, તેને શતાયુ અને તેજસ્વી બનાવો અને બધા ગુણોથી સંપન્ન બનાવો.

**સૂક્ત-૨૯ દેવતા : અગ્નિ, સૂર્ય આદિ**

પાર્થિવરસનું પાન કરનારી વ્યક્તિઓને સમસ્ત દેવ 'ભગ' જેવા બળશાળી બનાવો. અગ્નિદેવ ! આને સો વર્ષનું આયુષ્ય આપો અને આદિત્ય આમને તેજસ આપો તથા બૃહસ્પતિદેવ વેદ અધ્યયનથી જન્મનારી કાંતિ આપો. હે દ્યાવા-પૃથ્વી ! આપ અમને આશીર્વાદ આપો. આપની ગોદમાં રહીને આ વ્યક્તિ ભૂખ અને તરસથી ન પીડાઓ. એક વસ્ત્ર ધારણ કરનારા આ રોગી, અશ્વિનીકુમારોની માયાને ગ્રહણ કરીને સોમરસનું પાન કરો.

**સૂક્ત-૩૦ દેવતા : મન, ઔષધિ, દંપતિ**

હે સ્ત્રી ! જે રીતે ભૂમિ પર રહેલા તણખલાને વાયુ ઘુમાવે છે તેવી જ રીતે અમે આપના હૃદયને મથીએ છીએ. જેથી આપ અમારી ઈચ્છા રાખનારી થાઓ અને અમને છોડીને બીજી જગ્યાએ જશો નહિ. હે અશ્વિનીકુમારો ! અમે જે વસ્તુની ઈચ્છા કરીએ છીએ આપ તેને અમારી પાસે પહોંચાડો. મનોહર પક્ષીની આકર્ષક બોલી અને નીરોગી મનુષ્યના પ્રભાવશાળી વચનની જેમ અમારો પોકાર બાણની જેમ પોતાના લક્ષ્ય પર પહોંચે. આ સ્ત્રી પતિની કામના કરતી મારી પાસે આવી છે. હું તે સ્ત્રીની અભિલાષા રાખતો તેની પાસે પહોંચ્યો છું. હણહણતા અશ્વ જેવા ઐશ્વર્યની સાથે તેની પાસે આવ્યો છું.

**સૂક્ત-૩૧ દેવતા : કૃમિનાશ**

ઈન્દ્રદેવની જે વિશાળ શિલા છે તે બધા કીટાણુઓનો નાશ કરનારી છે. તેના દ્વારા અમે કીટાણુઓને એવી રીતે પીસીએ છીએ જેવી રીતે પથ્થર દ્વારા ચણા પીસવામાં આવે છે. વનો, પહાડો, ઔષધિઓ તથા પશુઓમાં રહેનારા કીટાણુઓ અને અમારા શરીરમાં પ્રવેશનારા કીટાણુઓની સમસ્ત ઉત્પત્તિનો અમે વિનાશ કરીએ છીએ.

**સૂક્ત-૩૨ દેવતા : આદિત્ય**

ઊગતા અને આથમતા સૂર્યદેવ પોતાનાં કિરણો દ્વારા જે કીટાણુ પૃથ્વી પર રહે છે તે બધા કીટાણુઓનો નાશ કરો. હે કૃમિઓ ! અમે અત્રિ, કણ્વ અને ઋષિની જેમ મંત્રશક્તિથી તમને મારીએ છીએ તથા અગસ્ત્ય ઋષિની મંત્રશક્તિથી તમને પીસી નાખીએ છીએ. અમારા પ્રયોગ કરવાથી

કીટાણુઓનો રાજા તથા તેમનો મંત્રી માર્યા ગયા. તે પોતાનાં માતા-પિતા, ભાઈ-બહેન સહિત પોતે પણ માર્યો ગયો. હે કીટાણુઓ ! અમે તમારા તે શિંગડાને તોડીએ છીએ જેના દ્વારા તમે પીડા આપો છો. અમે તમારી કુષુંભ (વિષગ્રંથિ)ને તોડીએ છીએ. જેમાં તમારું વિષ હોય છે.

## • છઠ્ઠો અધ્યાય •

**સૂક્ત-૩૩ દેવતા : યક્ષ્મા**

હે યક્ષ્મા (ક્ષયરોગ) ગ્રસ્ત ! આપની બંને આંખો, બંને નાસિકાના છિદ્રો, દાઢી, માથું, મસ્તિષ્ક અને જીભનો ક્ષયરોગ દૂર કરીએ છીએ. હે રોગી ! અમે આપનું હૃદય, ફેફસા, પિત્તાશય, બન્ને પાંસળીઓ, મૂત્રપિંડ, પ્લીહા તથા કલેજામાંથી ક્ષયરોગને દૂર કરો. પ્રત્યેક અંગ, પ્રત્યેક લોમ અને શરીરના પ્રત્યેક સાંધા/વા ભાગમાં જ્યાં પણ ક્ષયરોગનો નિવાસ છે ત્યાંથી તેને મંત્ર દ્વારા દૂર કરીએ છીએ.

**સૂક્ત-૩૪ દેવતા : પશુપતિ આદિ**

જે પશુપતિ (શિવ) બે પગવાળા મનુષ્યો અને ચાર પગવાળાં પશુઓના સ્વામી છે, તેઓ સંપૂર્ણરૂપે ગ્રહણ કરેલા યજ્ઞીય ભાગને પ્રાપ્ત કરો અને મને યજમાનને ઐશ્વર્ય તથા પુષ્ટિ આપો. વિશેષજ્ઞ વિદ્વાન, ચોતરફ વિચરણ કરનારા પ્રાણને બધાં અંગોથી એકત્ર કરી સ્વસ્થ જીવનયાપન કરે છે. તે પછી દેવતાઓના જવાના માર્ગે સ્વર્ગમાં જાય છે તથા પ્રકાશવાન સ્થાનને પ્રાપ્ત થાય છે.

**સૂક્ત-૩૫ દેવતા : વિશ્વકર્મા**

યજ્ઞકાર્યમાં ધન ન ખર્ચીને, ભક્ષણ કાર્યમાં ધન ખર્ચ કરવાને કારણે અમે સમૃદ્ધ નથી થયાં. આ રીતે અમે યજ્ઞ ન કરનારા અને દુર્યજ્ઞ કરનારા છીએ. તેથી અમારી શ્રેષ્ઠ યજ્ઞ કરવાની અભિલાષા વિશ્વકર્માદેવ પૂર્ણ કરો. જે વ્યક્તિ દાન ન કરીને મનમાની રીતે સોમપાન કરે છે તે ન તો યજ્ઞ જાણે છે અને ન ધૈર્યવાન હોય છે. જે અગ્નિદેવ યજ્ઞના નેત્રસ્વરૂપ પોષણકર્તા તથા મુખ જેવા છે તે અગ્નિદેવને અમે મન, શ્રોત્ર તથા પાણી સહિત હવ્ય સમર્પિત કરીએ છીએ. વિશ્વકર્મા દેવ દ્વારા કરવામાં આવેલા યજ્ઞ માટે શ્રેષ્ઠ મનવાળા દેવ પધારો.

*

# ત્રીજો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : અગ્નિ, મરુત, ઇન્દ્ર**

જ્ઞાની અગ્નિદેવ વિનાશ માટે તત્પર શત્રુસેનાનાં ચિત્તને ભરમાવીને તેમના હાથ શસ્ત્રો વિનાના કરી નાખો. તે શત્રુઓનાં અંગોને બાળતાં આગળ વધો. હે મરુતો ! આપ આવા સંગ્રામમાં ઉગ્ર થઈ અમારી પાસે રહો. આ વસુગણ પણ શત્રુનાશક છે. તેમના સંદેશવાહક અગ્નિદેવ પણ શત્રુઓની તરફ આગળ વધો. આપના પ્રચંડ વજ્રથી શત્રુઓ ઉપર પ્રહાર કરો. હે ઈન્દ્રદેવ ! આપ શત્રુ સેનાઓને સંમોહિત કરો અને મરુદ્‌ગણ બળપૂર્વક તેમનો વિનાશ કરે. અગ્નિદેવ તેમની આંખોને હરી લે. આ રીતે હારીને શત્રુસેના પાછી ચાલી જાય.

**સૂક્ત-૨ દેવતા : અગ્નિ ઇત્યાદિ**

દેવદૂત સમાન અગ્રણી અને વિદ્વાન અગ્નિદેવ અમારા શત્રુઓને બાળીને તેમની તરફ આગળ વધો. તેઓ શત્રુઓના ચિત્તને ભરમાવો અને તેમના હાથને શસ્ત્રો વિનાના કરો. હે ઈન્દ્રદેવ ! આપ શત્રુઓના મનને સંમોહિત કરી શુભ સંકલ્પો સાથે અમારી પાસે પધારો. તે પછી અગ્નિદેવ અને વાયુદેવ પ્રચંડ વેગથી શત્રુસેનાઓનો ચારે બાજુથી નાશ કરી નાખો. હે મરુતો જે શત્રુસેનાઓ પોતાના સામર્થ્યથી મદમાં સ્પર્ધાપૂર્વક અમારી તરફ આવી રહી છે તે સેનાઓને આપ આપના કર્મહિન કરનારા અંધકારથી સંમોહિત કરો જેથી એમાંનો કોઈ શત્રુ એકબીજાને ઓળખી ન શકે.

**સૂક્ત-૩ દેવતા : અગ્નિ આદિ**

હે અગ્નિદેવ ! પદભ્રષ્ટ પરંતુ પ્રજાપાલક આ રાજાને તેનું રાજ્ય પાછું આપવામાં આવે. આપ સંપૂર્ણ દ્યાવા-પૃથ્વીમાં વ્યાપ્ત થાઓ. મરુદ્‌ગણ અને વિશ્વેદેવા આપની સાથે જોડાઓ. આપ નમ્રતાપૂર્વક હવિદાતાને અહીં લાવો. હે તેજસ્વિન્ વરુણદેવ ! જળ માટે, સોમદેવ પર્વતો માટે તથા ઈન્દ્રદેવ પ્રજાઓ માટે આપને બોલાવે. આપ ગરુડની ગતિ આ સ્થાન પર આવો. હે ઈન્દ્રદેવ ! બધા વિજાતીય અને સજાતીય લોકો આપના આહવનીય પક્ષની સમીક્ષા કરો. તેને બહિષ્કૃત કરી આ વાંછનીયને અહીં લઈ આવો.

**સૂક્ત-૪ દેવતા : ઇન્દ્ર**

હે રાજન ! આ તેજસ્વી રાષ્ટ્ર આપને ફરીથી પ્રાપ્ત થયું છે. આપ વર્ચસ્વપૂર્વક ઉન્નતિ પ્રાપ્ત કરો. આપ પ્રજાઓના સ્વામી તથા તેમના એકમાત્ર અધિપતિ બનીને સુશોભિત થાઓ. સમસ્ત દિશાઓ તથા ઉપદિશાઓ આપને બોલાવો. આપ અહીં બધા માટે વંદનીય થાઓ. હે રાજન ! મિત્રાવરુણ, અશ્વિનીકુમારો, વિશ્વેદેવા અને મરુદ્દગણ આપને બોલાવો. આપ આપના મનને ધનદાનમાં જોડો અને પ્રચંડવીર થઈને અમને પણ યથાયોગ્ય ઐશ્વર્ય આપો. દ્યાવા-પૃથ્વી આપને માટે કલ્યાણકારી થાઓ. રાજા વરુણ પણ આપનું આહ્‌વાન કરે છે, તેથી આપ આવો અને પ્રાપ્ત કરો. હે શાસકોના શાસક ઈન્દ્રદેવ ! આપ મનુષ્યની નજીક પધારો. જળદેવતા અને અન્ય દેવતાઓ પણ હે રાજન તમને બોલાવે છે. તમે સો વર્ષ સુધી રાજ્યસુખ ભોગવો.

**સૂક્ત-૫ દેવતા : પલાશમણિ**

આ બળશાળી પલાશમણિ પોતાના બળે શત્રુઓનો નાશ કરનારી છે. આ દેવોનું ઓજસ તથા ઔષધિઓના સારરૂપ છે. આ પલાશમણિ અમારી અંદર શક્તિ તથા ઐશ્વર્ય સ્થાપિત કરો. જેનાથી અમે રાષ્ટ્રના વિશિષ્ટ વર્ગમાં ઉત્તમ આત્મીય બનીને રહીએ. આ મણિ લાંબા સમય સુધી અમારી પાસે રહીને અમારા માટે કલ્યાણકારી થાઓ. અમે દીર્ઘાયુ તથા શતાયુની પ્રાપ્તિ માટે આ મણિને પ્રિય માનીએ છીએ. સોમપર્ણથી ઉદ્દ્‌ભવેલા હે મણિ ! આપ શરીર-રક્ષક છો, વીર છો. આપ સવિતાના તેજથી પરિપૂર્ણ છો. તેથી આપનું તેજ ગ્રહણ કરવા માટે અમે આપને ધારણ કરીએ છીએ. ધીવર (કેવટ), રથ બનાવનાર, લોહકર્મ કરનારા (લુહાર) જે બુદ્ધિમાન છે તે બધાને અમારી પાસે સેવાચાકરી માટે આપ ઉપસ્થિત કરો.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૬ દેવતા : અશ્વત્થ**

વીર્યવાનથી વીર્યવાનની ઉત્પત્તિ થાય છે તે જ રીતે ખદિરની અંદર સ્થાપિત અશ્વત્થ (પીપળો) ઉત્પન્ન થયો છે. તે અશ્વત્થ શત્રુઓનો નાશ કરો. હે અશ્વત્થ જેવી રીતે આપ અર્ણવને ભેદીને ઉત્પન્ન થયા છો તેવી જ રીતે આપ અમારા શત્રુઓનો સંપૂર્ણ નાશ કરો. આ અશ્વત્થમણિ-ધારક અમે

શત્રુઓને દબાવીને આગળ વધીએ. નદી તટનાં વૃક્ષોથી તૈયાર થયેલી નૌકા જેવી રીતે પ્રવાહમાં ગતિ પકડી લે છે, તેવી રીતે અમારા શત્રુઓ પણ પ્રવાહમાં જ રહે, કિનારે આવે નહિ.

**સૂક્ત-૭ દેવતા : હરણ આદિ**

કૃષ્ણ મૃગશ્રૃંગરૂપી ઔષધ (કાળા હરણના શિંગડામાં) રોગોનો નાશ કરનારી ઔષધિ છે. આ બળશાળી હરણ પોતાના ચારે પગથી તમને અનુકૂળ થઈને આક્રમણ કરે છે. હે વિષાણ ! આપ આના હૃદયમાં રહેલ ગુપ્ત ક્ષેત્રિય રોગોનો નાશ કરો. જળ બધા રોગની દવા છે. સ્નાન-પાન વગેરે દ્વારા જળ જ ઔષધિને રૂપે રોગોને દૂર કરે છે. જે અન્ય ઔષધિની જેમ કોઈ એક રોગની નહિ બલ્કે, સમસ્ત રોગોની ઔષધિ છે. હે રોગી, આવા જળથી તારા બધા રોગ દૂર થાઓ.

**સૂક્ત-૮ દેવતા : મિત્ર, વિશ્વેદેવા**

મિત્રદેવ પોતાનાં કિરણો દ્વારા પૃથ્વી પર વ્યાપી જઈને ઋતુઓ દ્વારા અમને દીર્ઘજીવી બનાવવા સક્ષમ થઈને પધારો. તે પછી વરુણદેવ, વાયુદેવ તથા અગ્નિદેવ અમારા માટે શાંતિદાયક બૃહત રાષ્ટ્રને સુસ્થિર કરો. બધાને ધારણકર્તા ધાતાદેવ, દાનશીલ અર્યમાદેવ તથા સર્વપ્રેરક સવિતાદેવ અમારી આહુતિઓનો સ્વીકાર કરો. ઈન્દ્રદેવ તથા ત્વષ્ટાદેવ અમારી સ્તુતિઓને સાંભળો. અમે અમારાં મનમાં આપના મનને ધારણ કરીએ છીએ. આપ પણ અમારા ચિત્તને અનુકૂળ પોતાના ચિત્તને બનાવો.

**સૂક્ત-૯ દેવતા : દ્યાવા-પૃથ્વી, વિશ્વેદેવા**

કૃશ ખરી (નખવાળા) પ્રાણી, વિશક્ (ખરી વિનાના) પ્રાણીઓનું પાલન-પોષણ કરનારાં માતા-પિતા પૃથ્વી અને દ્યૌ છે. હે દેવતાઓ ! જે રીતે તમે આ વિઘ્નો-અડચણોને રજૂ કર્યા છે તેવી જ રીતે તમે આ વિઘ્નોને અમારાથી દૂર કરો. પિંગળ (રંગવાળા) સૂત્રથી ખૃગલ (મણિ)ને અમે બાંધીએ છીએ. આ રીતે બાંધનારા લોકો પ્રબળ, શોષક રોગને નિર્બળ બનાવો. ધરતી ઉપર એકસો પ્રકારનાં વિઘ્નો રહેલાં છે. હે મણિ ! તે વિઘ્નોના શમન માટે દેવતાઓએ આપને આ વિશિષ્ટ પદ આપ્યું છે. હે મનુષ્યો ! ઝડપથી જતાં રથોની જેમ આપ વિઘ્નોથી દૂર થઈને પોતાના કાર્યમાં લાગી જાવ.

**સૂક્ત-૧૦ દેવતા : એકાષ્ટકા (પ્રકૃતિ)**

જે એકાષ્ટકા પ્રથમ જ ઊગી, તે નિયમિત સ્વભાવવાળી ધેનુ સિદ્ધ થઈ. તે પથ-પ્રવાહિત કરનારી દિવ્ય ધેનુ અમારા માટે ઉત્તરોત્તર પ્રથ-પ્રદાયક બની રહો. હે રાત્રે ! અમે આપને સંવત્સરની પ્રતિમા માનીને ઉપાસના કરીએ છીએ. આપ અમારાં સંતાનોને દીર્ઘાયુ આપો અને અમને ગાય વગેરે ધન આપો. આ એકાષ્ટકા એ જ છે જે સૃષ્ટિના પ્રારંભમાં ઉત્પન્ન થઈ અને અન્ય ઘટકોમાં સમાઈને ચાલે છે.

હે એકાષ્ટકે ! માસ, ઋતુ, ઋતુ સાથે જોડાયેલા રાત-દિવસ અને વર્ષ ધાતા-વિધાતા તથા સમૃદ્ધ દેવતા અને જગતના સ્વામીની પ્રસન્નતા માટે અમે આપનું પૂજન કરીએ છીએ. આ એકાષ્ટકાએ તપ દ્વારા પોતાને તપાવીને મહિમાવાન ઈન્દ્રદેવને પ્રગટ કર્યા. તે ઈન્દ્રદેવના સામર્થ્યથી દેવોએ અસુરોને જીત્યા. હે ઈન્દ્ર, સોમ, પ્રજાપતિની પુત્રી એકાષ્ટકા ! તમે હવિ ગ્રહણ કરીને અમારી કામના પૂર્ણ કરો.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૧૧ દેવતા : ઇન્દ્ર, અગ્નિ આદિ**

હે રોગી ! તમારા શરીરમાં પ્રવેશેલો ક્ષય (રોગ), રાજરોગથી હું હવિઓ દ્વારા તમને મુક્ત કરાવું છું. હે ઈન્દ્રદેવ અને અગ્નિદેવ ! પીડાથી જકડી લેનાર આ વ્યાધિથી રોગીને મુક્ત કરો. હે પ્રાણ અને અપાન ! જેમ ભાર વહન કરનાર બળદ પોતાની ગમાણમાં પ્રવેશ કરે છે તેમ આપ ક્ષયગ્રસ્ત રોગીના શરીરમાં પ્રવેશ કરો. મનુષ્યો મૃત્યુના કારણરૂપ જે સેંકડો રોગોનું વર્ણન કરે છે તે બધા દૂર થાઓ. વૃદ્ધાવસ્થા સુધી તમે આ રોગીના શરીરમાં રહો. હે બૃહસ્પતિ ! તમે અકાળ-મૃત્યુ રૂપી બંધનને દૂર કરો.

**સૂક્ત-૧૨ દેવતા : શાળા**

અમે આ જગ્યાએ જ સુદૃઢ શાળા બનાવીએ છીએ. અમે બધા વીર આપની ચારેબાજુ અનિષ્ટોથી મુક્ત થઈ તથા શ્રેષ્ઠ સંતાનોથી સંપન્ન થઈને અહીંયા રહીએ. હે શાળા ! આપ અહીં અનેક ઘોડા-ગાયો તથા શ્રેષ્ઠવાણીથી યુક્ત થઈને રહો. નિર્માણ કરવાની વિધિ જાણનાર સવિતાદેવ, વાયુદેવ,

ઈન્દ્રદેવ તથા બૃહસ્પતિદેવ વગેરે આ શાળાને બનાવે. મરુદ્ગણ પણ જળ તથા ઘૃત દ્વારા આનું સિંચન કરો, તે પછી ભગદેવતા આને ખેતી વગેરે ક્રિયાઓ દ્વારા સુવ્યવસ્થિત બનાવો. આપની અંદર નિવાસ કરનારાની હિંસા ન થાય અને ઈચ્છિત સંતાનોથી સંપન્ન થઈને સો વર્ષનું આયુષ્ય પ્રાપ્ત કરો. અમે જાતે રોગ રહિત અને રોગ વિનાશક જળને અનશ્વર અગ્નિદેવની સાથે ઘરમાં રાખીએ.

**સૂક્ત-૧૩ દેવતા : આપ, વરુણ**

હે સરીતાઓ ! આપ સારી રીતે સદૈવ ગતિશીલ રહેનારી છો. મેઘોના ગડગડાટ પછી આપ જે કલકલ નાદ કરો છો તેથી આપનું નામ નદી પડ્યું તે નામ આપને અનુરૂપ છે. વરુણદેવથી પ્રેરાઈને તરત જ મળીને નાચતી ચાલવા લાગી ત્યારે ઈન્દ્રદેવે આપને પ્રાપ્ત કરી. આ 'આપ્નોત' ક્રિયાને કારણે આપનું નામ 'આપઃ' પડ્યું છે. ઈન્દ્રદેવે પોતાના બળથી આપનું વરણ કર્યું તેથી આપનું નામ 'વારિ' પડ્યું. ઈન્દ્રના મહાન ઊર્ધ્વશ્વાસને કારણે આપનું નામ 'ઉદક' પડ્યું. ખરેખર જળ કલ્યાણકારી છે. ઘૃત છે. તેને અગ્નિ અને સોમ પુષ્ટ કરે છે તે જળ મધુરતાથી પુષ્ટ અને તૃપ્તિદાયક બને છે. જળના યથાયોગ્ય ઉપયોગથી પ્રાણીમાં દર્શનશક્તિ, શ્રવણશક્તિ અને બોલવાની શક્તિ આવે છે. તેના વડે ઈષ્ટ પ્રાપ્તિ થાય છે અને અમૃતઆનંદ ભોગવે છે.

**સૂક્ત-૧૪ દેવતા : ગોષ્ઠ, અર્યમાદિ**

હે ગાયો ! અમે આપને સુખપૂર્વક બેસવા યોગ્ય ગૌશાળા આપીએ છીએ. અમે આપને જળ, સમૃદ્ધિ તથા સંતાનોથી સંપન્ન કરીએ છીએ. હે ગાયો ! અર્યમા, પૂષા અને બૃહસ્પતિદેવ આપને ઉત્પન્ન કરે તથા શત્રુઓનું ધન જીતનારા ઈન્દ્રદેવ પણ આપને ઉત્પન્ન કરો. આપની પાસે ખીર, ઘી, આદિના રૂપે જે ઐશ્વર્ય છે તેનાથી સાધકોને પુષ્ટિ આપો.

**સૂક્ત-૧૫ દેવતા : ઇન્દ્રાગ્નિ**

અમે વ્યવસાયમાં કુશળ ઈન્દ્રદેવને પ્રેરિત કરીએ છીએ. તેઓ અમારી પાસે પધારો. અમારા અગ્રણી બનો. તેઓ અમારા જીવન-પંથના અવરોધને, હેરાન કરનારી વ્યક્તિઓ-ભૂચરોનો વિનાશ કરી અમને ઐશ્વર્ય આપનારા થાવ. હે ઈન્દ્રગ્ને ! સંકટથી બચવા તથા બળ પ્રાપ્તિની કામનાથી અમે બળતણ અને ઘી સાથે આપને હવ્ય આપીએ છીએ. જ્યાં સુધી બ્રહ્મ દ્વારા

અપાયેલી દિવ્ય બુદ્ધિની વંદના કરતાં અમે સેંકડો સિદ્ધિઓ પર અધિકાર ન મેળવી લઈએ. હે અગ્નિ ! અમે તમને હવિ અર્પણ કરીએ છીએ, તમે અમને ધન, અન્ન અને સુસંતતિ આપો અને અમારી રક્ષા કરો.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૧૬ દેવતા : અગ્નિ, ઇન્દ્ર**

અમે પ્રાતઃકાળમાં ઈન્દ્ર, મિત્ર, વરુણ, અશ્વિનીકુમાર, પૂષા, ભગ, બ્રાહ્મણદંપતિ, સોમ અને રુદ્રનું આહ્‌વાન કરીએ છીએ. સહુના પોષણકર્તા, સામાન્ય લોકો અને રાજા માટે પણ પૂજનીય અદિતિ-પુત્ર સૂર્યનું અમે પ્રાતઃકાળમાં આહ્‌વાન કરીએ છીએ. હે સૂર્ય ! તમારી સંપદા ક્યારેય નાશ પામતી નથી. હે ભગ ! અમને પુત્ર-પૌત્ર-પશુ-ભૃત્યાદિથી સંપન્ન બનાવો. પ્રાતઃકાળ, મધ્યાહ્‌ન, સાયંકાળમાં અમે ઈન્દ્ર, ભગ, સૂર્ય, અગ્નિના કૃપાપાત્ર બની રહીએ. હે ઉષાદેવી ! તમે ભગ દેવતાને અમારી પાસે લાવો. અશ્વ અને ગાયોથી સંપન્ન કરાવનારી ઉષા સદાય અમારી પાસે રહો. હે ઉષા ! તમે અમને જળ આપનાર છો, તમે અમારી રક્ષા કરો.

**સૂક્ત-૧૭ દેવતા : સીતા**

હળ ચલાવનાર ધીર પુરુષ દેવોની પ્રસન્નતા મળે હળ જોડે છે તથા ધૂંસરીને વિશેષરૂપે વિસ્તારીત કરે છે. હે કિસાનો ! ખેતરમાં અન્ન વાવો. ખેતરમાં જલદી અન્ન ઉત્પન્ન થાવ અને જલદી પાકી જાવ. લોખંડની ફાળ વાળું હળ ખેતરમાં જોડવાથી સારું રહે છે. તે અન્ન ઉત્પાદક અને સોમયાગકર્તા છે. ખેતરની રેખાના સ્વામી ઈન્દ્ર અને રક્ષક પૂષા છે. હે સૂર્ય ! હે વાયુ ! અન્નને સુંદર ફળવાળું બનાવો. કૃષક સુખપૂર્વક હળ ચલાવો. જળદેવતા જળ આપો. હે વિશ્વેદેવાપ્રેરિત સુંદર ફળ આપનારી સીતા ! મધુર રસ સિંચિત તમે જળ સહિત અહીં આવો.

**સૂક્ત-૧૮ દેવતા : વનસ્પતિ**

અમે આ બળવતી ઔષધિને ખોદી કાઢીએ છીએ. આનાથી શોક (દુર્બુદ્ધિ )ને અટકાવી શકાય છે અને સ્વામીની અસાધારણ પ્રીતિ મેળવી શકાય છે. હે ઉત્તાનપર્ણી ઔષધિ આપ મારી શોક્યને દૂર કરો. મારા સ્વામીને

માત્ર મારા માટે પ્રીતિયુક્ત કરો. હે શોક્ય ! હું તારું નામ (સપત્ની-દુર્બુદ્ધિનું) નામ નથી લેતી. તું પણ પતિની સાથે સુખ અનુભવતી નથી. હું મારી શોક્યને ખૂબ દૂર મોકલી દેવા ઈચ્છુ છું. હે ઔષધિ ! હું આપના સહયોગથી શોક્યનો પરાજય કરનારી છું. આપ પણ આ કામમાં સમર્થ છો. આપણે બંને શક્તિ-સંપન્ન બનીને સપત્નીને શક્તિહિન કરીએ.

**સૂક્ત-૧૯ દેવતા : વિશ્વેદેવા – ઇન્દ્ર**

અમારું બ્રાહ્મણત્વ તીક્ષ્ણ બનો અને પછી ઉચ્ચારેલા મંત્ર તેજસ્વી થાઓ. અમારા બળ અને વીર્યમાં તેજસ્વિતા આવે. જેમના અમે પુરોહિત છીએ, તેમનું ક્ષાત્રત્વ અજર બને. અમે આહુતિઓ દ્વારા આ રાષ્ટ્રને તેજસ્વી તથા સમૃદ્ધ બનાવીએ છીએ. હે સૂર્ય ! અમારા બળવાન દળનો ઉત્સાહ વધે તથા વિજયી વીરોના સિંહનાદ થાઓ. ઝંડો લઈને આક્રમણ કરનારા વીરોનો જયઘોષ ચારેબાજુ ફેલાવો. હે ઈન્દ્રદેવ ! તમારી આગેવાનીમાં મરુદ્ગણ અમારી સેનાની સાથે ચાલો. હે વીરો ! યુદ્ધભૂમિ તરફ આગળ વધો. હે બાણ ! મંત્રોના પ્રયોગથી તીક્ષ્ણ કરાયેલા આપ શત્રુઓની સેનાનો વિનાશ કરો. દૂર હોવા છતાં પણ શત્રુઓનો કોઈ પણ વીર બાકી ન બચે.

**સૂક્ત-૨૦ દેવતા : અગ્નિ આદિ**

હે અગ્નિદેવ ! આ અરણિ કે યજ્ઞવેદી આપની ઉત્પત્તિ માટે છે, જેના દ્વારા આપ પ્રગટ થઈને શોભાયમાન થાઓ છો. આપના એ મૂળને જાણીને આપ તેના પર પ્રતિષ્ઠિત થાવ અને અમારા ધન-વૈભવને વધારો. અર્યમા, ભગ અને બૃહસ્પતિદેવ અમને ઐશ્વર્યથી પરિપૂર્ણ કરો. બધા દેવો તથા વાણીની અધિષ્ઠાત્રી સત્યપ્રિય દેવી સરસ્વતી અમને ભરપૂર સંપદાઓ આપો. અમે અમારા સંરક્ષણ તેમજ પાલન માટે રાજા સોમ, અગ્નિદેવ, આદિત્યગણ, વિષ્ણુદેવ, સૂર્યદેવ, પ્રજાપતિ બ્રહ્મા અને બૃહસ્પતિદેવને સ્તોત્રો દ્વારા આમંત્રિત કરીએ છીએ.

હે સ્તાતાઓ ! આપ બધા અર્યમા, બૃહસ્પતિ, ઈન્દ્ર, વાયુ, વિષ્ણું, સરસ્વતી, અન્ન તથા બળ આપનાર સવિતાદેવનું આહ્વાન કરો. બધા દેવો અમને ઐશ્વર્ય આપવા માટે પધારો. હે વાગ્દેવતા ! આપ આપના તેજ દ્વારા અમને પ્રકાશિત કરો. ત્વષ્ટાદેવ અમારા શરીરને પુષ્ટ કરો.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૨૧ દેવતા : અગ્નિ, સાવિત્રી આદિ**

જે અગ્નિઓ મેઘો, મનુષ્યો, મણિઓ, ઔષધિઓ, વૃક્ષ-વનસ્પતિઓ તથા જપમાં રહેલા છે તે બધા અગ્નિઓને આ હવિ પ્રાપ્ત થાઓ. જે અગ્નિઓ સોમલતાઓ, ગાયો, પક્ષીઓ, હરણો, બે પગવાળા મનુષ્યો અને ચાર પગવાળાં પશુઓની અંદર રહેલા છે તે બધા અગ્નિઓને આ હવિ પ્રાપ્ત થાઓ. જે અગ્નિદેવ ઈન્દ્રની સાથે એક રથ પર આરૂઢ થઈને જાય છે, જે બધાને બાળનાર દાવાગ્નિરૂપ છે, જે યુદ્ધમાં વિજય અપાવનારા છે તે અગ્નિદેવને આ આહુતિઓ પ્રાપ્ત થાવ. હે અગ્નિ ! તેર ભૌવન (સંવત્સરના તેર માસ) અને પાંચ ઋતુઓ, દ્યુલોક, પૃથ્વીલોક અને અંતરિક્ષ લોકમાં વ્યાપી છે, જે વિદ્યુત રૂપે સર્વત્ર વિચરણ કરે છે, જે બધી દિશાઓ અને વાયુની અંદર પ્રવેશી વિચરણ કરે છે તે અગ્નિઓને આ હવિ પ્રાપ્ત થાઓ. દેવતાઓની કૃપાથી માંસનું ભક્ષણ કરનારા ક્રવ્યાદ્ અગ્નિદેવ શાંત થઈ ગયા છે. મનુષ્યોની હિંસા કરનારા અગ્નિદેવ પણ શાંત થાઓ.

**સૂક્ત-૨૨ દેવતા : બૃહસ્પતિ, વિશ્વેદેવા, વર્ચ**

જે તેજસ દેવમાતા અદિતિના શરીરમાંથી ઉત્પન્ન થયું છે તે તેજલ બધાં દેવો તથા દેવમાતા પ્રસન્નતાપૂર્વક અમને આપો. મિત્રાવરુણ, ઈન્દ્રદેવ તથા રુદ્રદેવ અમને ઉત્સાહ આપો. જે તેજસથી હાથી બળવાન થાય છે, રાજા મનુષ્યોમાં તેજસ્વી હોય છે, જળચરપ્રાણી શક્તિ-સંપન્ન થાય છે તેને ઈન્દ્રાદિ દેવોના તેજથી તેજસ્વી બનાવો. હે અગ્નિદેવ ! આપની અંદર અને સૂર્યની અંદર જે પ્રખર તેજસ છે તેને અશ્વિનીકુમાર અને અમારામાં સ્થાપિત કરો.

**સૂક્ત-૨૩ દેવતા : યોનિ**

હે સ્ત્રી ! જે પાપ કે પાપજન્ય રોગને કારણે આપ વન્ધ્ય થઈ છો તે રોગને અમે આપનાથી દૂર કરીએ છીએ. જેવી રીતે ભાથામાં બાણ સહજ રીતે પ્રવેશ કરે છે તેવી રીતે પુંસ્ત્વથી યુક્ત ગર્ભ આપના ગર્ભાશયમાં સ્થાપિત કરીએ છીએ. દસ મહિના સુધી ત્યાં રહીને વીરપુત્રના રૂપે ઉત્પન્ન થાઓ અને તેના પછી પણ આપને પુત્ર જ પેદા થાઓ. આપ એવા પુત્રને પ્રાપ્ત કરો જે આપને સુખ આપે, આ દિવ્ય ઔષધિઓ આપની વિશેષરૂપે રક્ષા કરો.

**સૂક્ત-૨૪ દેવતા : પ્રજાપતિ**

અમે ધાન્યવૃદ્ધિકારક દેવતાનું આહ્વાન કરીએ છીએ. તેઓ સારયુક્ત ધન હજારો ભુજાઓમાં ભરીને અમારા માટે લાવે છે. જેઓ યજ્ઞ નથી કરતા (અયાજ્ઞિક) તેમનું ધન સંભૃત્વા નામના દેવ લઈને અમને આપો. હે દિશાઓ ! તમે યજમાન માટે બધી દિશાઓમાંથી ધન-ધાન્ય લાવો. આ ધનનું દાન આપવા છતાં ક્ષીણ થતું નથી. સંપૂર્ણ કલા-સંપન્ન હે ધાન્ય ! અમે તમારો સ્પર્શ કરીએ છીએ. હે પ્રજાપતિ ! ધાન્યવૃદ્ધિકર્તા દેવોને અહીં લાવો.

**સૂક્ત-૨૫ દેવતા : મિત્રાવરુણ**

હે સ્ત્રી ! ઉત્કૃષ્ટ થઈને પીડા પહોંચાડનારા 'ઉત્તુદ' દેવ આપને વ્યથિત કરો. તીક્ષ્ણ કામબાણથી અમે આપનું હૃદય વીંધીએ છીએ તેનાથી વ્યથિત થઈને આપ આપની પથારી પર સુખની ઊંઘ પ્રાપ્ત ન કરી શકો. હે સ્ત્રી ! કામદેવના આ દાહક બાણના પ્રભાવથી કરમાયેલા મુખે અમારી પાસે આવો. આપ કર્મો અને વિચારોથી અમને અનુકૂળ થઈ અમને પ્રાપ્ત થાવ. (આ મંત્રોમાં વિરોધાભાસ અલંકારનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આથી શબ્દોથી ઊલટો તેનો ભાવાર્થ સમજવો જોઈએ, એટલે કે કામવૃત્તિના હાનિકારક પાસાંઓ સમજાવવાનો સંદર્ભ છે.)

## છઠ્ઠો અધ્યાય

**સૂક્ત-૨૬ દેવતા : ગંધર્વ**

દક્ષિણ દિશામાં રહેનારા હે ગંધર્વો ! આ આહુતિ તમને પ્રાપ્ત થાવ. તમે અમારી રક્ષામાં સમર્થ છો. અમને સુખ આપો અને સાપ-વિંછી આદિથી અમને દૂર રાખો. પશ્ચિમ દિશાના વાસી વૈરાજ નામક હે દેવો ! વરસાદની ધારા એ આપના બાણ છે. જે અમારા માટે સુખદાયી બનો. દાન આદિ ગુણસંપન્ન હે પ્રાવિષ્યન્ત ગંધર્વો ! વાયુ તમારા બાણ છે, તે અમારા માટે સુખદાયી બનો. અધો (નીચેની) દિશામાં રહેનારા હે દેવો ! ધાન્ય, વૃક્ષ, ગુફા તમારા બાણ છે. આ આહુતિ સ્વીકારી અમને સુખ આપો. ઊર્ધ્વદિશાવાસી હે અવસ્વન્ત દેવો ! તમને પણ આહુતિ અર્પણ કરીએ છીએ. તમે અમને સુખ આપો.

**સૂક્ત-૨૭ દેવતા : પ્રાચી દિશા, અગ્નિ**

હે દેવો ! પૂર્વ દિશા અમારા ઉપર અનુગ્રહ કરનારી થાઓ. પૂર્વ દિશાના સ્વામી અગ્નિ અને તે દિશામાં રહેનારા અદિતિપુત્ર સર્પ, અર્યમા

વગેરેને પ્રણામ કરીએ છીએ. તેઓ અમારા શત્રુઓનો નાશ કરો. દક્ષિણ દિશા અને તેના સ્વામી ઈન્દ્ર, પિતૃ આદિને પ્રણામ. અમે અમારા શત્રુઓને ભક્ષણ માટે તેમની દાઢોમાં નાંખીએ છીએ. પશ્ચિમ, ઉત્તર, ઊર્ધ્વ અને અધઃ બધી જ દિશાઓના સ્વામીઓને અમે પ્રણામ કરીએ છીએ. અમારા પ્રણામથી તેઓ પ્રસન્ન થાવ. અમે જેમની સાથે વેર રાખીએ છીએ અથવા જે અમારી સાથે વેર રાખે છે તે બધાને અમે ભક્ષણ માટે તમારા જડબામાં નાંખીએ છીએ. આ શત્રુઓનો તમે નાશ કરો.

**સૂક્ત-૨૮ દેવતા : યામિનિ**

અનેક જીવોવાળી વિધાતાની આ સૃષ્ટિમાં નિકૃષ્ટ રજ-વીર્યથી જો કોઈને ત્યાં ગાયને જોડકા વાછરડા જન્મે તો, તે વ્યક્તિને હાનિનું નિમિત્ત બને છે. આવી ગાયને જો બ્રાહ્મણને દાનમાં આપી દેવામાં આવે તો દાન કરનારનું કલ્યાણ થાય છે. હે જોડકા સંતાન ઉત્પન્ન કરનારી ગાય ! તમે આ યજમાનની વૃદ્ધિ કરનારી અથવા ધનદાત્રી બનો. જે સ્થાનમાં સ્વસ્થ, પ્રસન્ન, ઉત્તમકર્મા પુરુષ હોય ત્યાં જો આવી ગાય આવી જાય તો તે પુરુષને માટે હાનિ પહોંચાડનાર ન બનો. જ્યાં શુદ્ધ, સુંદર જ્ઞાન-કર્મવાળા પુરુષો હોય, યજ્ઞાદિ કર્મ થતા હોય ત્યાં આવી ગાય મનુષ્યો અને પશુઓ માટે હાનિકારક ન બનો.

**સૂક્ત-૨૯ દેવતા : કામ, ભૂમિ આદિ**

યમના સભાસદ પાપીઓને દંડ આપનારા, સજ્જનો ઉપર કૃપા કરનારા, યજ્ઞ તથા નિર્માણકાર્યમાં થઈ જતા પાપથી પુણ્યને અલગ કરનારા હોય છે. યજ્ઞ-કર્મ સર્વત્ર વૃદ્ધિકર્તા અને કામ્યફળ આપનાર હોય છે. યજ્ઞમાં અવિનું દાન કરનારને સૂર્ય-ચંદ્ર લોકમાં અક્ષય ફળ મળે છે. આવી દાનમાં આપેલી અવિ અક્ષય અશ્વિનીકુમારો સમાન બને છે. દાનથી પારલૌકિક ફળની ઈચ્છા રાખનાર અને ઈહલૌકિક ફળની ઈચ્છા રાખનાર બન્ને દાતાઓની ઈચ્છા ફળે છે. પ્રતિગ્રહ કરનાર પણ આવી ભાવનાથી જ દાન લેતો હોવાથી કોઈને દોષ લાગતો નથી. હે આપવા યોગ્ય દ્રવ્ય ! આકાશ અને પૃથ્વી તમને ગ્રહણ કરો અને અમને અક્ષય પ્રાણ તેમજ સંતાન આપો.

**સૂક્ત-૩૦ દેવતા : સૌમનસ્ય**

ગાયો જેવી રીતે વાછરડાને પ્રેમ કરે છે તેવી રીતે હે પુરુષો ! તમે પણ પરસ્પર સ્નેહ રાખો. પુત્ર પિતાનો અનુગત હોય, માતા પુત્રથી અનુકૂત બને,

પતિ-પત્નીનો વ્યવહાર મધુર થાવ. ભાઈ-ભાઈનું ખરાબ ન કરે. બહેન-ભાઈથી વેર ન રાખે. જેવી રીતે દેવતાઓમાં સૌમનસ્ય હોય છે તેવું સામંજસ્ય બધામાં રહે. તમે બધા સમાન મનવાળા, સમાન કર્મવાળા અને પરસ્પર સુંદર વચન બોલનારા થાવ. તમારાં અન્ન-પાણીનો ઉપભોગ સમાન થાવ. અમે તમને પ્રેમસૂત્રમાં બાંધીએ છીએ. તમને સમાન મનવાળા બનાવીએ છીએ. જેવી રીતે ઈન્દ્ર આદિ દેવતા સ્વર્ગમાં એકમત થઈ અમૃત-રક્ષા કરે છે એવી રીતે તમે બધા પણ એકમત રહો.

**સૂક્ત-૩૧ દેવતા : અગ્નિ આદિ**

હે અશ્વિનીકુમારો ! તમે આ બ્રાહ્મણને વૃદ્ધાવસ્થાથી દૂર રાખો. હે અગ્નિ ! તમે આમને અદાનશીલતાથી દૂર રાખો. અમે કષ્ટદાયક પાપથી અને ક્ષય વગેરે રોગોથી દૂર રહીએ. વાયુદેવ પણ રોગ-દુઃખથી બચાવે. ગ્રામીણ પશુઓ જંગલી પશુથી અલગ રહે છે તેવી રીતે અમને પાપથી દૂર રાખો. જેવી રીતે ત્વષ્ટા દેવ પુત્રીને લગ્નમાં પૂરતું ધન આપીને વિદાય કરે છે અને આ બધા લોક અલગ-અલગ છે તેવી રીતે અમો પાપથી મુક્ત રહીએ. પ્રાણપોષક સૂર્યના તેજને આ બાળકમાં સ્થાપિત કરીએ છીએ જેથી તે દીર્ઘાયુ બને. હે બાળક ! તું પ્રાણવાન થઈને જીવ, મરીશ નહીં. અમે તને બધાં પાપો અને રોગોથી મુક્ત કરીએ છીએ. જેવી રીતે વર્ષાનું જળ બધા માટે અમૃત સમાન અને જીવન આપનારું છે તેવી રીતે સંસારના પ્રાણને પણ મુક્ત રાખો. અમે પર્જન્યદેવના પર્જન્યવર્ષણથી અમરત્વ અને ઉન્નતિ મેળવીએ છીએ. અમે બધાં પાપો અને ક્ષય (રોગ)થી મુક્ત થઈને લાંબું આયુષ્ય મેળવીએ.

*

## ચોથો કાંડ

### • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : બૃહસ્પતિ, આદિત્ય**

સૃષ્ટિના પ્રારંભમાં સર્વપ્રથમ ઈશ્વર હિરણ્યગર્ભરૂપે સૂર્યમાં પ્રગટ થયા. સૂર્ય સત્-અસત્નું જ્ઞાન કરાવે છે. પ્રજાપતિ ઈશ્વર દ્વારા પ્રાપ્ત નાદરૂપથી વ્યાપ્ત વાણીવ્યવહારોની સ્વામિની છે. આ વાણી સૂર્યની સ્તુતિ કરે છે. સંસારમાં બંધુ સમાન હિતકારી, સર્વજ્ઞાતા, સૂર્ય, ઈન્દ્ર આદિ દેવતાઓની

ઉત્પત્તિને જાણે છે. સૂર્યે વેદોનો ઉદ્ધાર કર્યો. સૂર્યરૂપમાં પ્રથમ ઉત્પન્ન પરબ્રહ્મ આકાશ અને પૃથ્વીનું કારણ છે અને તેને વિનાશરહિત રાખે છે. તેઓ જ રસાતાલ આદિ લોકમાં વ્યાપ્ત છે. દાન આદિ ગુણરૂપ બૃહસ્પતિ આ લોકના સ્વામી છે. સૂર્યનો ઉદય થવાથી ઋત્વિજ સ્તુતિ-હવિદાન વડે તેમની પૂજા કરે છે. યજ્ઞ દ્વારા જ સૂર્યનું તેજ ઉદયાચલ પર પૂર્વ દિશામાં પ્રગટ થાય છે. દેવ-બંધુ બૃહસ્પતિ તથા અથર્વાને અમે નમન કરીએ છીએ. બૃહસ્પતિ હવિદાનથી બધા ઉપર પ્રસન્ન રહે છે.

**સૂક્ત-૨ દેવતા : આત્મા**

દેવો-મનુષ્યો બધાના શાસક, જીવોના શક્તિદાતા, શ્વાસ-ઉચ્છ્વાસમાં બધાં પ્રાણીઓના કારણ અને મૃત્યુનાશના સાધન પ્રજાપતિને અમે હવિ આપીએ છીએ. 'કન્દની' નામના દેવતાના પ્રભાવથી દ્યાવા-પૃથ્વી પોત પોતાના સ્થાને ટકી રહ્યા છે. દ્યાવા-પૃથ્વીને રક્ષણ માટે જે પ્રજાપતિને બોલાવ્યા હતા તેમને અમે હવિ આપીએ છીએ. જેમના પ્રતાપથી દ્યાવા-પૃથ્વી, સૂર્ય પ્રગટ થયા છે, પવન, નદી, સમુદ્ર ઉત્પન્ન થયાં છે, ચાર દિશાઓ જેમની ચાર ભુજાઓ છે, જે જળમાં ગર્ભભૂત છે, હિરણ્યગર્ભ રૂપે સૃષ્ટિમાં પ્રથમ ઉત્પન્ન થયા છે, જે જગત-પ્રપંચના અધિકાર છે – દ્યાવા-પૃથ્વીના ધારક છે એવા પ્રજાપતિને અમે હવિ અર્પણ કરીએ છીએ.

**સૂક્ત-3 દેવતા : વ્યાઘ્ર**

જેમ અંતર્હિત થઈને નદીઓ પ્રવાહિત થાય છે, તેવી રીતે વાઘ, ચોર અને વરુ પણ પોતાની જગ્યાએથી ભાગી જાઓ. અમારા ચાલવાના માર્ગ ઉપર ચોર, સર્પ અને હિંસક કૂતરા-વરુ વગેરે આવશો નહિ. આ જે ચોર આવી રહ્યા છે તેઓ અમારા દ્વારા પિટાઈને ભાગી જાઓ. ઈન્દ્રદેવ તેમને પોતાના વજ્રથી મારી નાખો. વાઘ વગેરે હિંસક પ્રાણીઓના દાંત નબળા થઈ જાઓ, માથા પરનાં શિંગડાં અને પાંસળીઓનાં હાડકાં ક્ષીણ થઈ જાઓ. ઈન્દ્ર અને સોમનો નિયમ એ છે કે જ્યાં સંયમ સફળ ન થાય ત્યાં વિ-યમનો પ્રયોગ કરવામાં આવે અને જ્યાં વિ-યમ યોગ્ય ન હોય ત્યાં સંયમનો પ્રયોગ કરવામાં આવે.

**સૂક્ત-૪ દેવતા : વનસ્પતિ**

હે કપિત્થ ઔષધિ ! આપને વરુણદેવે ખોદી હતી. અમે પણ આપને ખોદીએ છીએ. આ ઔષધિને ઉષાદેવી શક્તિ સંપન્ન કરો. વર્ષણકારી

પ્રજાપતિદેવ પણ એને બળ-વીર્યથી યુક્ત બનાવી ઉન્નત કરો. અન્ય વીર્યવર્ધક ઔષધિઓમાં આ ઔષધિ વધુ શ્રેષ્ઠ બનો. હે ઔષધિ ! જળમંથન વખતે આપ પહેલા ઉત્પન્ન થયેલ અમૃતોપમ રસ છો અને વનસ્પતિઓમાં સારરૂપ છો. આપ સોમરસની સહોદરા છો. અંગિરા આદિ ઋષિઓએ મંત્રબળથી પ્રગટ કરેલા વીર્યરૂપ છો. હે અગ્નિદેવ, હે સવિતાદેવ, હે સરસ્વતીદેવી, હે બ્રહ્મણસ્પતિ ! આપ આ મનુષ્યોને બળ-વીર્ય આપી ધનુષ્ય જેવા પ્રહારક બનો. હે ઔષધિની ! ઘોડા, બળદ, ઘેટા આદિમાં શરીરને વશ કરનારું જે ઓજસ છે તેને આ પુરુષમાં સ્થાપિત કરો.

**સૂક્ત-૫ દેવતા : વૃષભ, સ્થાપન**

જળવર્ધક, કામનાવર્ધક, સહસ્ર રશ્મિ ચંદ્રમા ઉદિત થઈ રહ્યા છે. શત્રુવશકર્તા ચંદ્રમાની શક્તિથી અમે શત્રુઓને સુવાડી દઈએ છીએ. ઈન્દ્રના હે મિત્ર વાયુ ! આપ બધી સ્ત્રીઓ અને કૂતરાઓને સુવડાવી દો. જે નારીઓ ઘરના આંગણમાં સૂવે છે, જે ચાલતા વાહન પર સુનારી છે, જે પથારીમાં સૂવે છે, જે ઉત્તમ ગંધથી સુવાસિત પથારીમાં સૂવે છે, અમે તેમની જેમ બધી સ્ત્રીઓને સુખપૂર્વક સુવડાવી દઈએ છીએ. બધા જંગમ પ્રાણીઓને અમે સુવડાવી દીધાં છે. તેમની જોવાની અને સૂંઘવાની શક્તિ અમે લઈ લીધી છે. રાત્રિના અંધકારમાં એમનાં બધાં અંગોને નિદ્રાથી વશીભૂત કરી દીધાં છે. જે અહીં આવતો-જતો રહે છે અને અમારી તરફ જુએ છે તેની દૃષ્ટિને અમે નિશ્ચલ બનાવી દઈએ છીએ. હે સ્વપ્નના અધિષ્ઠાતા દેવ ! સ્વપ્નના સાધન દ્વારા આપ બધાને સુવાડી દો. આ રીતે બધા સૂઈ જાય ત્યારે અમે ઈન્દ્રની જેમ અહિંસિત તથા ક્ષયરહિત થઈને પ્રાતઃકાળ સુધી જાગતા રહીએ.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૬ દેવતા : બ્રાહ્મણ આદિ**

દસ માથાં (દાન, શીલ, ક્ષમા, વીર્ય, ધ્યાન, વૃદ્ધિ, સેના, અપાય, ગુપ્ત દૂત અને ઉપાય)વાળાં અને દશ દિશાઓમાં સ્થિતિવાળા એટલે કે દસમુખવાળા બ્રાહ્મણની ઉત્પત્તિ સૌથી પહેલા થઈ હતી. તેમણે સોમપાન કર્યું અને વિષના ઝેરનું ભારણ કર્યું. સંપૂર્ણ આકાશ-પૃથ્વી અને સમુદ્રમાં ફેલાયેલા વિષને દૂર કરનારી મંત્રયુક્ત વાણી અમે પ્રયુક્ત કરીએ છીએ. હે વિષ !

પહેલા ગરુડે ભક્ષણ કર્યું. આથી અન્નસદૃશ્ય બની ગયું. બાણના ફણા દ્વારા વિષ શરીરમાં પ્રવેશે છે તેને મંત્રો વડે અમે પ્રભાવહિન બનાવી દઈએ છીએ. હે બાણ ! આપનું વિષ-સંપન્ન ફલક વિષરહિત થઈ જાય અને બાળનું વિષ પણ વીર્યરહિત થઈ જાય. તે પછી રસહીન વૃક્ષમાંથી બનેલું આપનું ધનુષ્ય પણ વીર્યરહિત થઈ જાઓ. હે વિષયુક્ત ઔષધિ ! આપને ખોદનારા મનુષ્યો પ્રભાવ વગરના થઈ જાય. આપ પોતે પણ પ્રભાવહિન થઈ જાવ અને જે પહાડો અને પર્વતો ઉપર આપ ઉત્પન્ન થાઓ છો તે પણ પ્રભાવહિન થઈ જાવ.

**સૂક્ત-૭ દેવતા : વિષાપહરણ**

વરણાવતી ઔષધિમાં રહેલો રસ અમારા વિષને દૂર કરો. અમે જળ અને દહીં મિશ્રિત સત્તુ દ્વારા વિષ દૂર કરીએ છીએ. પૂર્વ દિશા, ઉત્તર દિશા, દક્ષિણ દિશા બધી જ દિશાઓનું વિષ નિર્વીર્ય બનો. હે વિષ ! અજાણતા તને ખાઈ જનાર આ પુરુષને તું ચેતનારહિત બનાવીશ નહિ. ગુપ્તરૂપે શરીરમાં ફેલાયેલા વિષને મંત્ર શક્તિ વડે બહાર કાઢીએ છીએ. હે વિષ-ઔષધિ ! મહર્ષિઓએ આપને પવિત્ર કરવા ફેલાવેલા દર્ભના તણખલાથી ખરીદી લીધી છે. આપને દુષ્ટ હરણોના ચામડાથી ખરીદ કરવામાં આવી છે.

**સૂક્ત-૮ દેવતા : રાજ્યાભિષેક**

અભિષિક્ત, ઐશ્વર્યપ્રાપ્ત, સેવકોને અન્નદાન કરનાર રાજા પ્રાણીઓનો સ્વામી છે. પ્રાણીઓ ઉપર શાસન કરવા અને દુષ્ટોને દંડ અપાવવા યમરાજ રાજા પાસે રાજસૂય યજ્ઞ કરાવે છે. હે રાજા ! તમે કાર્યાકાર્ય વિવેકી, દુષ્ટોને દંડ આપનારા અને મહાબલી છો. ઈન્દ્ર પણ તમને પોતાના ગણે છે. તમારું તેજ દશે દિશાઓમાં વ્યાપી થાવ. ભયથી ત્રસ્ત બનીને શત્રુઓ ભાગી જાય. તમારા દેશમાં અનાવૃષ્ટિ કે અકાળ પડે નહિ. હે રાજા ! પૃથ્વી-અંતરિક્ષમાં સર્વત્ર વ્યાપ્ત જળ વડે અમે તમારો અભિષેક કરીએ છીએ. નદીનું જળ જેવી રીતે સમુદ્રને, તેવી રીતે અભિષેક-જળ રાજાને સમૃદ્ધ કરે છે.

**સૂક્ત-૯ દેવતા : આજ્જન**

મેઘની જેમ પરમાત્મા જગતની રક્ષા કરનારા છે. તેઓ જ હૃદયમાં બિરાજમાન થઈને પ્રાણાધાર બને છે. પરમેશ્વર જ મનુષ્યો, ગાયો, અશ્વો અને ઘોડીઓની રક્ષા કરે છે. હે આજ્જન મણિ ! તમે સંસારને વ્યક્ત કરનાર

પરમેશ્વર છો. તમે અમારા રક્ષક, પીડાનાશક, જીવોના પાલક અને રોગોની ઔષધિરૂપ છો. હે આજ્જન મણિ ! તમે મનુષ્યના સાંધાઓમાં થતા રાજરોગના નાશક છો. હે મણિ ! જે તમને ધારણ કરે છે તેનામાં ક્રોધ, હિંસા, મહાશોક, વિઘ્ન આવતા નથી. તમે અમને અભિચારમંત્રો અને તેના દ્વારા થતા દુઃખો તેમજ અન્યના ક્રૂર નેત્રોથી અમને બચાવો. જ્વર, સંનિપાત, સર્પવિષ વગેરે તમારા પ્રભાવથી દૂર થઈ જાય છે. તમે પર્વત ઉપર ઉત્પન્ન થાવ કે યમુનામાંથી પ્રાપ્ત થાવ. બન્ને રૂપમાં તમે અમારું કલ્યાણ કરનારા છો.

**સૂક્ત-૧૦ દેવતા : શંખમણિ**

હે શંખમણિ ! પાપોથી અમારી રક્ષા કરો. અંતરિક્ષ-વાયુથી દમકતા, સમુદ્રમાં ઉત્પન્ન થયેલા શંખમણિ દ્વારા અમે પિશાચોને વશમાં રાખીએ છીએ. શંખરોગ અને અલક્ષ્મીને હરનારા છે. અમને પાપોથી બચાવો. અમારું આયુષ્ય વધારો. મેઘ દ્વારા ઉત્પન્ન શંખમણિ સૂર્યની જેમ ચમકે છે. દૈત્યોના ઉપદ્રવથી આ શંખદેવતા અમને બચાવો. ચંદ્રમા દ્વારા ઉત્પન્ન તમે આયુષ્ય વધારો. શંખનું કારણરૂપ સુવર્ણ છે. શંખ દેહરૂપે જળમાં રહે છે. હે યજ્ઞોપવિતધારી ! તમારી દેહકીર્તિ, આયુષ્ય અને બળ માટે આ શંખમણિ તમને બાંધીએ છીએ. આ મણિ તમને શતાયુ બનાવે અને રક્ષા કરે.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૧૧ દેવતા : ઇન્દ્રરૂપ અનડ્વાન**

વિશ્વરૂપી ગાડાને ખેંચનાર વૃષભરૂપી ઈશ્વરે પૃથ્વીને ધારણ કરી છે. તેણે સ્વર્ગલોક, અંતરિક્ષલોક તથા પૂર્વ આદિ છ મહાદિશાઓ અને પૃથ્વીને ધારણ કર્યા છે. આ રીતે આ અનડ્વાન ઈશ્વર બધા લોકમાં પ્રવેશ્યા છે. તે ઈન્દ્ર સમાન છે. ઈન્દ્ર વૃષ્ટિ દ્વારા ચરાચર જગતના પાલક છે. વૃષભ વીર્ય-સિંચન દ્વારા ગાય ઉત્પન્ન કરે છે. ગાય વડે સંસારનું પાલન થાય છે. સૂર્યરૂપે અનડ્વાન વિચરણ કરે છે અને જગતને પ્રકાશ આપે છે. કર્મોના પુણ્યરૂપે તે અક્ષયફળદાતા છે. સોમયજ્ઞમાં તૈયાર કરવામાં આવેલ સોમ પોતાના રસથી વૃષભને પૂર્ણ કરે છે. વર્ષા કરનારા પર્જન્ય એની ધારાઓ છે, મરુગણ એના સ્તન છે અને યજ્ઞ જ આનું પય છે. યજ્ઞમાં અપાતી દક્ષિણા આ

અનડ્વાનની દોહન ક્રિયા છે. તે વાયુરૂપે સંસારનું ભરણ-પોષણ કરે છે. સંસારનાં બધાં જ કર્મો તેઓના છે. આ વૃષભ દ્વારા જ દેહત્યાગ પછી મુક્તિ દ્વારા દેવતા સ્વર્ગ ઉપર ચઢીને જાય છે. તે ઈન્દ્ર, અગ્નિ, પ્રજાપતિ અને બ્રહ્મ સ્વરૂપ છે.

**સૂક્ત-૧૨ દેવતા : રોહિણી વનસ્પતિ**

હે લાલવર્ણવાળી રોહિણી (લાખ) ! આપ ઘા ભરી દેવા સમર્થ છો આથી આ વહેતું રક્ત અટકાવો. હે વીર ! શસ્ત્રોથી ઘાયલ થયેલાં તમારાં અંગોને આ વનસ્પતિ સાંધી દે છે. પ્રહારથી તૂટી ગયેલાં હાડકાં અને મજ્જા અલગ થઈ ગયાં હોય તોપણ લાખ વડે પૂર્વવત બની જાય છે. હે લાખ ! મજ્જાથી મજ્જાને, હાડકાથી હાડકાને અને ચામડીથી ચામડીને અને સોમથી સોમને તમે જોડી દો છો. હે વીર ! શસ્ત્ર પ્રહારથી જો તમારાં અંગ તૂટી જાય તો મંત્ર અને ઔષધિની શક્તિથી સાજા થઈ શકે છે. ઋભુ જેવી રીતે તૂટેલા રથનાં અંગોને મેળવીને એક કરે છે તેવી રીતે અથર્વ-મંત્ર તૂટેલાં અંગોને જોડી દે છે.

**સૂક્ત-૧૩ દેવતા : વિશ્વેદેવા**

હે દેવો ! આ બાળક ધર્મ પ્રત્યે અપ્રમાદિ અને જ્ઞાન સંપન્ન બનાવો. પાપ અને અપરાધોથી ક્ષીણ થનારા આયુષ્યને રોકીને તેને શતાયુ બનાવો. તેનો પ્રાણવાયુ સારી રીતે ચાલો. હે ઉપનીત ! પ્રાણવાયુ તને બળ આપે, અપાન રોગ દૂર કરી દે. આ ઉપનીત બાળકની બધા દેવો રક્ષા કરે. તે પાપલિપ્ત ન બનો. હે બાળક ! અમે તને બળ પ્રાપ્ત કરાવીએ છીએ. અમે તમને યક્ષ્માદિ રોગોથી અલગ કરીએ છીએ. અમારા હાથમાં રોગ-શોક દૂર કરવાનો ઔષધિ-પ્રભાવ છે. અમારા હાથના સ્પર્શથી તમારા રોગ-શોક દૂર થાવ.

**સૂક્ત-૧૪ દેવતા : અગ્નિ-આજ્ય**

અજ અગ્નિના તપથી ઉત્પન્ન થયા છે તેમણે પહેલા અગ્નિને જોયા. અજથી ઈન્દ્ર આદિ દેવોને દેવત્વ અને ઋષિઓને ઉચ્ચલોક પ્રાપ્ત થયો. હે મનુષ્યો ! અગ્નિ વડે યજ્ઞ કરીને શ્રેષ્ઠ લોકને પ્રાપ્ત થાવ, પછી સ્વર્ગમાં પહોંચો. સ્વર્ગમાં દુઃખ નથી. યજ્ઞ ફળ દ્વારા સ્વર્ગ પ્રાપ્ત કરનાર વ્યક્તિ સાંસારિક સુખ ઈચ્છતો નથી. યાજ્ઞિક લોકત્રય ઉપર વિજય મેળવે છે. દેવોમાં

પ્રમુખ હે અગ્નિ ! તમે યજ્ઞસ્થળ ઉપર આવો. તમે હવિવાહક હોવાથી દેવપ્રિય છો, શ્રેષ્ઠ લોક બતાવનાર નેત્ર છો. અમે અજને ઘીમાં મેળવીએ છીએ. અજનાં અંગોનું સ્થાપન કરીએ છીએ. મસ્તકને પૂર્વ, પાંસળીઓ દક્ષિણમાં, કમર પશ્ચિમમાં, પાર્શ્વ ઉત્તર તરફ પૃષ્ઠ ઉપરના ભાગે, ઉદર નીચે અને મનને મધ્યમાં સ્થાપિત કરો અને આજ્ય સમર્પિત કરો. આ વિશ્વને જીવન સમર્પિત કરવાનો મંત્ર છે. મારાં અંગો વિશ્વહેતુ માટે છે.

**સૂક્ત-૧૫ દેવતા : દિશાઓ, વર્ષાનું આહ્વાન**

દિશાઓ મેઘાચ્છાદિત બનો. જળવર્ષક મેઘ એકત્ર થઈને ગર્જનાપૂર્વક ભૂમિને વર્ષાથી તૃપ્ત કરો. હે મરુદ્ગણ ! તમે વર્ષા કરાવો. ધાન્ય જળ મેળવો. જળથી પૃથ્વીનો અભિષેક થાવ. ઘાસ-ઔષધિ ઊગવા દો. હે પર્જન્ય! મરુદ્ગણ તમારી સ્તુતિ કરે છે. વાયુ વાય, વીજળી ચમકે, મેઘ વરસવા માટે એકત્ર થાવ, સૂર્ય અદશ્ય થાવ. વિદ્યુતરૂપીણી અગ્નિઓ વનસ્પતિ માટે ઈશ્વર સમાન છે. આ અગ્નિ અમારાં બધાં પ્રાણીઓ માટે પ્રાણદાયિની અમૃત-વર્ષા કરો.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૧૬ દેવતા : વરુણ**

આ વરુણ અવિનાશી તથા નાશવાન પદાર્થોના જ્ઞાતા છે, મહિમાવાન છે, પાપીઓના નિયંત્રક છે, અતીન્દ્રિય છે, આથી સર્વજ્ઞાતા છે. જે શત્રુ છળથી દશ્ય-અદશ્ય ફરે છે, તેને વરુણ જાણે છે. પૃથ્વી તથા દ્યુલોક વરુણના વશમાં છે. હે વરુણ ! તમારા સાત પાશ પાપીઓને બાંધવા માટે ફેલાવો. આ પાશ પાપી માટે તાપદાયી અને પુણ્યાત્મા માટે સુખદાયી છે. મિથ્યાવાદી વરુણના સત્યપાશથી બચી શકતા નથી. તેમનું ઉદર જલોદરથી નષ્ટ થાવ. 'સામાન્ય પાશ' રોગી બનાવે છે. કામ્યપાશ અને સંદેશ્યપાશ અત્યંત પ્રભાવશાળી છે. અમે અમુક નામ ગોત્ર શત્રુને વરુણ પાશમાં બાંધીએ છીએ.

**સૂક્ત-૧૭ દેવતા : અપામાર્ગ ઔષધિ**

હે સહદેવી (અપામાર્ગ) તું ઔષધિ-સ્વામિની છે. તું શત્રુ-અભિચારને નષ્ટ કરનારી, અન્યનો આક્રોશ દૂર કરનારી અને રોગનાશિની છે. શત્રુ દ્વારા

પ્રેરિત સક્રોધ શાપદાયિની, પિશાચી જો પુત્રનું રક્ત હરણ કરવા સ્પર્શ પણ કરે તો તેનાથી શત્રુનો પુત્ર જ નષ્ટ થઈ જાવ. ભૂખ-તરસથી વ્યાકુળ તથા સંતાનહિન માટે હે અપામાર્ગ ! તમે જ ઉપાયરૂપ છો. અમારા આવા બધા સંતાપ તમે દૂર કરો. કૃત્યાના અભિચાર અમે આપના વડે દૂર કરીએ છીએ. અપામાર્ગ અન્ય ઔષધિઓને વશ કરનારી છે.

**સૂક્ત-૧૮ દેવતા : અપા માર્ગ**

જેવી રીતે પ્રભા અને સૂર્યનું તથા દિવસ અને રાત્રીનું સમાનતત્ત્વ સત્ય છે તેવી જ રીતે અમે પણ સત્યની રક્ષા માટે પ્રયત્ન કરીએ છીએ, જેથી હિંસા કરનારી કૃત્યાઓ નિષ્ક્રિય થઈ જાઓ. હે દેવો ! જે દુષ્ટ, અજાણી વ્યક્તિને ઘેર કૃત્યાને પ્રેરે તે કૃત્યા પાછી વાળીને તે અભિચારી પુરુષને એવી રીતે વળગે જેવી રીતે દૂધ પીનારું બાળક પોતાની માતાને વળગે છે. જે પાપાત્મા ગુપ્ત સ્થાનમાં કૃત્યા પ્રયોગ કરીને તેનાથી બીજાની હિંસા કરે છે તે દગ્ધ ક્રિયાવાળી વિધિમાં ઘણાં પથ્થર ફટ અવાજ કરે છે. હે સહદેવી ઔષધિ ! (અપામાર્ગ) આપ અમારા શત્રુઓને કપાયેલા વાળવાળા તથા કપાયેલા ડોકાવાળા કરી નષ્ટ કરો. તેમની પ્રિય કૃત્યાશક્તિને તેમની પાસે જ પહોંચાડી દો. જે અમારા પગની આંગળી વગેરે તોડવાનો પ્રયાસ કરે છે તેમને પીડા પહોંચાડો. હે અપામાર્ગ ! આપ યાતના આપનારા બધા યક્ષ-રાક્ષસો તથા નિર્ધન બનાવનારા પાપદેવતાઓને અમારાથી દૂર કરી દો. અમારાં બધાં દુઃખો દૂર કરી દો.

**સૂક્ત-૧૯ દેવતા : અપામાર્ગ**

હે સહદેવી ! આપ શત્રુઓનો નાશ કરનાર છો. આપ કૃત્યાનો પ્રયોગ કરનાર શત્રુઓના સંતાનોનો નાશ કરો. નૃષદના પુત્ર કણ્વ નામના બ્રાહ્મણનું આપે વર્ણન કર્યું છે. આપ યાજકની સુરક્ષા માટે તેજસ્વી સેનાની જેમ જાઓ છો. સૂર્યદેવ જે રીતે જ્યોતિઓમાં સર્વશ્રેષ્ઠ છે તેવી જ રીતે હે સહદેવી ! આપ બધી ઔષધિઓમાં શ્રેષ્ઠ છો. ઈન્દ્રાદિ દેવોએ આપના દ્વારા 'રાક્ષસો'ને તિરસ્કૃત કર્યા હતા. આપ સેંકડો શાખોવાળી થઈને 'વિભિન્દતી' નામ પ્રાપ્ત કરો છો. આપ જે ભૂમિમાં જાવ છો ત્યાં જેણે કૃત્યા મૂકી હોય તેની પાસે જ તેને પાછી પહોંચાડી દો છો. હે ઔષધિ ! અમારું રક્ષણ કરો.

**સૂક્ત-૨૦ દેવતા : ઔષધિ**

હે સદમ્પુષ્પા ઔષધિ ! તમારો મણિ ધારણ કરનાર સાધક એવી દૃષ્ટિ પ્રાપ્ત કરે છે, નજીક અથવા દૂર રહેલી વસ્તુ, પૃથ્વી, આકાશ, અંતરિક્ષ બધે જોઈ શકે છે. ત્રણે સ્વર્ગ, ત્રણે પૃથ્વીલોક, આ છ દિશાઓ તથા બધા પ્રાણીઓને પ્રત્યક્ષ જોઈએ છીએ. સ્વર્ગમાં રહેલ ગરુડ (સુપર્ણ)ની આંખોની કીકી છો. પૃથ્વી ઉપર ગરુડની આંખોથી અવતરણ કર્યું છે. ઈન્દ્રએ અમને ધારણ કરાવી છે. તારા દ્વારા અમે ચારેય વર્ણો અને રાક્ષસોને વશીભૂત કરીએ છીએ. તમારા ગુણોને પ્રગટ કરો. પિશાચોને અમારી દૃષ્ટિમાં લઈ આવો.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૨૧ દેવતા : ગાયો**

અમારી ગાયો ગૌશાળામાં રહીને દૂધ આપે. મને આનંદિત રાખે. સંતાનવતી અનેકવર્ણની અનેક ગાયો ઉષાકાળમાં દોહવાના સમયે ઈન્દ્રનું આહ્‌વાન કરો. ઈન્દ્ર સ્તોતાને ગૌ-પ્રાપ્તિનો ઉપાય બતાવે છે અને ઘણી બધી ગાયો આપે છે. સૂર્ય યાજ્ઞિકને એવું સ્વર્ગ આપે છે જ્યાં અયાજ્ઞિક જઈ શકતા નથી.

ઈન્દ્ર દ્વારા આપવામાં આવેલી ગાયોનો નાશ ન થાય. યજમાન આ ગાયો વડે દેવપૂજન કરે છે તથા તેને દાનમાં આપે છે. સોમ ગોરસમાં સિદ્ધ થાય છે. હે ગાયો ! તમે ચરો, જળ પીવો, સંતાનવાળી બનો અને અમને દુગ્ધાદિથી પુષ્ટ કરો.

**સૂક્ત-૨૨ દેવતા : ઇન્દ્ર, ક્ષત્રિય રાજા**

હે ઈન્દ્ર ! રાજાને પુત્ર-પૌત્ર-સંપત્તિવાન કરો. શત્રુ-શૂન્ય કરો. બધા રાષ્ટ્રો પશુઓને તમારા વશમાં કરો. આ યજ્ઞ-કર્મ દ્વારા અમે આપના સ્નેહપાત્ર બનીએ. હે રાજા ! ઈન્દ્રની મિત્રતાથી વૃષભ-સમાન પરાક્રમી બનો, ભોગ-સાધન અને ઐશ્વર્ય પામો.

**સૂક્ત-૨૩ દેવતા : અગ્નિ**

દેવ, પિતૃ, ભૂત, મનુષ્ય અને બ્રહ્મ યજ્ઞો દ્વારા અગ્નિદેવની આરાધના કરવામાં આવે છે. તેમની મહત્તાને અમે જાણીએ છીએ. અગ્નિદેવ અમારી રક્ષા કરો. હે અગ્નિ ! તમે સર્વજ્ઞાતા છો, દેવો પાસે હવિ પહોંચાડો છો,

પ્રાણીઓમાં જઠરાગ્નિરૂપે રહો છો. અમને બુદ્ધિ પ્રદાન કરો અને પાપથી બચો. અંગિરાઓએ અગ્નિથી મિત્રતા કરી. ઈન્દ્ર આદિએ અગ્નિની સહાયતાથી અમૃત મેળવ્યું અને ઔષધિઓને રસ સંપન્ન કરી. એવા અગ્નિની અમે સ્તુતિ કરીએ છીએ.

**સૂક્ત-૨૪ દેવતા : ઇન્દ્ર**

અમે ઈન્દ્રના ઐશ્વર્ય-મહત્ત્વને જાણીએ છીએ. તેઓ યજમાનના આહ્‌વાનથી યજ્ઞમાં આવે છે. ઈન્દ્રે વૃત્રનો નાશ કર્યો. તેઓ સ્વર્ગ-પ્રાપ્તિમાં સહાયક હોય છે. જેનો સોમયાગ સાત હોતાઓ માટે હર્ષદાયક છે, જેનું પરાક્રમ અસાધારણ છે, જેમની શક્તિ તથા કાર્યો પ્રસંશનીય છે એવા ઈન્દ્રનું આહ્‌વાન કરીએ છીએ. ઈન્દ્ર અમને પાપથી બચાવો.

**સૂક્ત-૨૫ દેવતા : વાયુ, સવિતા**

અમે સૂર્ય અને વાયુને જાણીએ છીએ. તેઓ પ્રાણીઓમાં વ્યાપ્ત છે, તેઓ ધારણ-પોષણ કરે છે, તેઓ અમને પાપથી બચાવો. હે સૂર્ય ! તમે ઉદિત થાવ એટલે બધા લોકો કામે લાગી જાય છે. હે વાયુ ! હે સૂર્ય ! તમે પ્રાણરક્ષક છો. પાપથી રક્ષા કરો. તેજમયી કૃત્યાથી બચાવો. અન્ન-રસ-ઉત્પાદન પુષ્ટિ આપો. તેજ-આરોગ્ય આપો. સદ્‌બુદ્ધિ, ઐશ્વર્ય આપો. અમે ઉત્તમ સ્તુતિ કરીએ છીએ.

## • છઠ્ઠો અધ્યાય •

**સૂક્ત-૨૬ દેવતા : દ્યાવા-પૃથ્વી**

હે સુંદર ભોગ-સંપન્ન દ્યાવા-પૃથ્વી ! તમારો મહિમા જાણીને અમે સ્તુતિ કરીએ છીએ. તમે અપરિમિત માર્ગોવાળા અને વિસ્તૃત છો. તમે દેવતા મનુષ્યોના ઐશ્વર્યદાતા છો, પ્રાણીઓના અધિષ્ઠાતા છો, ધનદાતા છો, મંગળમય છો. તમે હવિ ધારણ કરો છો, નદીઓને ધારણ કરો છો, ગાયો અને વનસ્પતિઓના પોષક છો. તમારા વગર કોઈ કંઈ કરી શકતું નથી. અમે તમારી સ્તુતિ કરીએ છીએ. તમને હવિ આપીએ છીએ. અમને પાપથી બચાવો.

**સૂક્ત-૨૭ દેવતા : મરુદ્‌ગણ**

અમે મરુદ્‌ગણનો મહિમા જાણીએ છીએ. તેઓ અમારી રક્ષા કરો. રણક્ષેત્રને કુશળ રાખો. તેઓ અગ્નિ-વૃક્ષ-ઔષધિઓને જળ આપી વૃદ્ધિ કરો

છો, દૂધ અને ઔષધિ-રસને શરીરમાં પ્રસરાવો છો. મરુદ્‌ગણો અંતરિક્ષમાં મેઘને પ્રેરિત કરે છે, સમુદ્રમાં જળ પહોંચાડે છે અને અન્ન વડે બધાને તૃપ્ત કરો છો. તમે વૃષ્ટિકર્તા અને દિવ્ય શક્તિદાતા છો. અમે તમારી સ્તુતિ કરીએ છીએ, તમે અમને પાપમુક્ત કરો.

**સૂક્ત-૨૮ દેવતા : ભવ-શર્વ**

હે જીવ તેમજ શર્વ દેવો ! અમે આપનો મહિમા જાણીએ છીએ. આ આખું જગત આપના સામર્થ્યથી આલોકિત થાય છે. આપ બધા મનુષ્યો તથા પશુઓના સ્વામી છો. આપ બન્ને અમને બધા પાપોથી મુક્ત કરો. પાસે તથા દૂરના પ્રદેશમાં જે કંઈ બને છે તે આપ બંનેના નિયંત્રણમાં જ છે. તેઓ ધનુષ પર બાણનું સંધાન કરવામાં તથા ચલાવવામાં વિખ્યાત છે. તે મનુષ્યો તથા પશુઓના ઈશ્વર અમને બધા પાપોથી મુક્ત કરો. જે ભવ અને શર્વના સંહારક હથિયારોથી દેવો તથા મનુષ્યોમાંથી કોઈ પણ બચી શકતું નથી તથા જે મનુષ્યો અને પશુઓના સ્વામી છે તે દેવ અમને બધા પાપોથી બચાવો. હે ભવ-શર્વ ! અમારા શત્રુઓ અને હિંસક રાક્ષસોને શસ્ત્રોથી ભેટ કરાવો. તમે અમારા પક્ષમાં રહો, અમે તમારી સ્તુતિ કરીએ છીએ, અમને પાપ મુક્ત કરો.

**સૂક્ત-૨૯ દેવતા : મિત્રા વરુણ**

હે મિત્ર-વરુણ ! તમે જળ સ્વરૂપ અને જળના વૃદ્ધિકર્તા છો. અમે તમારા મહિમાનું ગાન કરીએ છીએ. તમે શત્રુ-તિરસ્કારક છો અને સત્યનિષ્ઠોના રક્ષક છો. તમે બન્ને સમાન જ્ઞાની છો. તમે પ્રાણીઓના બધાં કર્મોને જાણો છો. તમે અંગિરા, અગસ્ત્ય, અત્રિ, કશ્યપ, વસિષ્ઠ, શ્યાવાશ્વ, પુરુમીઢ ઋષિ તથા સપ્ત ઋષિઓના રક્ષક છો. ભારદ્વાજ, વિશ્વામિત્ર, કુત્સ, કણ્વાદિ, ઋષિઓના રક્ષક છો. અમે તમને પોકારીએ છીએ. અમને પાપથી બચાવો.

**સૂક્ત-૩૦ દેવતા : વાક**

હું (વાગ્દેવી) ૧૧ રુદ્રો, ૮ વસુઓ, ૧૨ આદિત્યો, વિશ્વેદેવાના રૂપમાં વિચરણ કરું છું. હું બ્રહ્મવાદિની છું, હું મિત્રાવરુણ, ઈન્દ્રાગ્નિ અને અશ્વિનીકુમારોને ધારણ કરું છું. વિશ્વની અધિશ્વરી છું. હું આત્મારૂપ, યજ્ઞના દેવતાઓમાં પ્રમુખ, સ્વર્ગ-આકાશને ધારણ કરનાર, સોમ, ત્વષ્ટા, પૂષા, ભગની પોષિકા અને સંસાર માટે કરુણારૂપ છું.

## • સાતમો અધ્યાય •

**સૂક્ત-૩૧ દેવતા : મન્યુ**

હે મન્યુ ! તમે ઉત્સાહના દેવતા અને મરુદ્‌ગણ-સદશ્ય વેગવાન છો. તમે તેજસ્વી બનીને શત્રુને વશમાં કરો. સેનાપતિ બની યુદ્ધમાં જાવ, શત્રુઓને નષ્ટ કરી અમને ધન આપો. અપરિચિત બળશાળી તમે બધાને વશમાં કરો છો. રાજાના હાથી, ઘોડાના મારક સૈનિકોને નષ્ટ કરો. પ્રજાજનોને યુદ્ધ-કુશળ બનાવો. અમે તમારી સ્તુતિ કરીએ છીએ. તમે અમારા રક્ષક બનો.

**સૂક્ત-૩૨ દેવતા : મન્યુ (ક્રોધ)**

હે મન્યુ ! તમારા સેવકો શત્રુનો તિરસ્કાર કરે છે. બધા દેવતાઓ મન્યુ છે. ઈન્દ્ર, અગ્નિ, વરુણ આદિ બધા દેવતા મન્યુ છે. તમે અમિત્રના ઘાતક, દુઃખાપહારક, પોતાના આત્મામાં ઉદિત અને ઉત્તમ જ્ઞાની છો. અમને યુદ્ધકાળમાં બળ આપો, શત્રુનો નાશ કરો. બળ આપતા આવો. અમે તમને સોમાહુતિ આપીએ છીએ. આપણે બન્ને ગુપ્તરૂપે સોમપાન કરીએ.

**સૂક્ત-૩૩ દેવતા : અગ્નિ**

હે અગ્નિ ! અમારા પાપ દૂર કરો. અમને ધન-સંપન્ન કરો. અમે સુંદર માર્ગ અને સુંદર સ્થાન મેળવવા તમને હવિથી તૃપ્ત કરીએ છીએ. અમે પુત્રો સહિત તમારા સ્તોતા છીએ. અમને પુત્ર-પૌત્રાદિથી યુક્ત રાખો. અમારા પાપ દૂર કરો.

**સૂક્ત-૩૪ દેવતા : ઓદન**

આ ઓદન (અન્ન) પ્રજાપતિ માટે બનાવ્યું છે. ઓદન આપતા અમે મૃત્યુને દૂર કરીએ છીએ. ઓદન પૃથ્વીધારક છે. સંવત્સર અને ત્રીસ દિવસ ઓદનથી જ ઉત્પન્ન થયા છે. ઓદનના તેજથી દિશાઓ સંપન્ન બની છે. ઓદનના પ્રકાશમાં અમૃત ઉત્પન્ન થયું. ચારે વેદ જે ઓદનમાં વ્યાપ્ત છે તે બ્રહ્મરૂપ ઓદનને અમે સંસ્કૃત કરીએ છીએ. હે દેવતા ! અમારી સ્તુતિ સાંભળો.

**સૂક્ત-૩૫ દેવતા : સોમ**

રથન્તર સોમ આ વેદનું મસ્તક, બૃહત્સામ પૃષ્ઠ, વામદેવ દ્વારા દૃષ્ટ મંત્રભાગ તેનું ઉદર, ગાયત્રી આદિ છંદ પાંખો અને સત્ય તેનું નામ છે. તે બ્રહ્મથી જ ઉત્પન્ન છે. યાજ્ઞિકનું સૂક્ષ્મ શરીર વાયુ દ્વારા યમલોકમાં જાય છે.

દેવતાઓનું સામીપ્ય પામી સોમપાન દ્વારા પ્રસન્ન થાય છે. જે ઓદનનું દાન કરે છે તે દરિદ્ર રહેતો નથી.

## • આઠમો અધ્યાય •

**સૂક્ત-૩૬ દેવતા : અગ્નિ**

અમારા ઉપર ખોટા આરોપો મૂકનારા અમારા શત્રુઓનો અગ્નિ નાશ કરે. શત્રુઓને અમે અગ્નિની દાઢમાં નાંખીએ છીએ. અમારા શત્રુ-રાક્ષસો-પિશાચોને અમે મંત્રશક્તિથી વશ કરીએ છીએ. અમારો સંકલ્પ સુખ-સમૃદ્ધિમય બનો. અમે રાક્ષસોથી બચીએ અને પશુ-ધન યુક્ત બનીએ. જેવી રીતે દુષ્ટ અશ્વને દોરડાથી બાંધવામાં આવે છે તેવી રીતે પાપ દેવતા નિર્ઋતિ અમારા પર ક્રોધ કરનાર શત્રુને બાંધી દે.

**સૂક્ત-૩૭ દેવતા : ઔષધિ**

હે ઔષધિ ! અથર્વા, કશ્યપ અને કણ્વ ઋષિએ તારા રાક્ષસોનો નાશ કર્યો છે. અમે પણ તેવું જ કરીએ છીએ અને તમારા દ્વારા ઉપદ્રવી ગંધર્વ, અપ્સરાઓનો નાશ કરું છું. ગુગળ, ઔક્ષગંધી, પ્રમદ્રની આદિ પાંચ હવન દ્રવ્યોથી ભયભીત ગંધર્વ સ્ત્રીઓ પોતાના સ્થાનમાં પાછી ફરે. અજશ્રૃંગી ઔષધિ પિશાચોનો નાશ કરે. ઈન્દ્ર ગાંધર્વોનો નાશ કરે. અનેક રૂપાકૃતિવાળા ગંધર્વને અમે મંત્રશક્તિથી સ્ત્રીઓ પાસેથી ભગાડીએ છીએ.

**સૂક્ત-૩૮ દેવતા : અપ્સરા**

દ્યુત-ક્રિયાના દેવતા અપ્સરાને અમે દ્યુત-વિજય માટે બોલાવીએ છીએ. તે અક્ષો પર પોતાની માયા સાથે પ્રતિષ્ઠિત બની અમને વિજિત ધન અપાવે, અપ્સરાઓના સ્વામિ સૂર્ય અમારા યજ્ઞમાં આવે અને હવિ ગ્રહણ કરે. હે સૂર્ય! ગોષ્ઠસ્થ શ્વેત ગાય અને વાછડાનું પોષણ કરતા અમારી સામે આવો અને નમસ્કાર સ્વીકારો. આ ઘાસ પૌષ્ટિક છે. અમારી ગૌશાળાને ગાયોથી ભરી દો.

**સૂક્ત-૩૯ દેવતા : પૃથિવી, અગ્નિ**

પૃથ્વી ગાય છે, બધાને પ્રાપ્ય અગ્નિ તેના વાછડા છે. અગ્નિ અમને અન્ન, ધન અને શતાયુ આપો. જેમ અંતરિક્ષમાં વાયુની પાસે એકત્ર થનારા ગંધર્વાદિ શતાયુ બને છે તેવી રીતે અમે પણ શતાયુ બનીએ. અંતરિક્ષ ગાય

અને વાયુ વાછડા સમાન છે. વાયુ અમને ઈચ્છિત વસ્તુઓ આપે. આકાશ ધેનુ અને સૂર્ય વાછડો છે. સૂર્ય અમને ઈચ્છિત વસ્તુઓ આપે. દિશાઓ ગાય છે અને ચંદ્રમા વાછડો છે. ચંદ્રમા અમને ઈચ્છિત આપે. સાત જિહ્‌વાઓ વાળા, દાનશીલ, સર્વજ્ઞ, મિથ્યાપવાદરક્ષક અંગિરાપુત્ર અગ્નિને અમે હવિ આપીએ છીએ.

**સૂક્ત-૪૦ દેવતા : અગ્નિ**

હે અગ્નિ ! તમે સર્વજ્ઞ છો. અભિચાર કર્મથી અમને નષ્ટ કરવા ઈચ્છનારા અમારા પૂર્વ દિશાના શત્રુ, હે પૂર્વ દિશાના સ્વામી ! તમારી પાસે આવીને ભસ્મ થઈ જાવ, દક્ષિણ દિશાના આવા શત્રુ, દિશા-સ્વામી યમની પાસે આવીને નાશ પામો અને પશ્ચિમ દિશાના આવા શત્રુ દિશા સ્વામી વરુણ પાસે આવીને તેમજ ઉત્તર દિશાના શત્રુ સોમ પાસે આવીને, 'અધો' દિશાના શત્રુ પૃથ્વી પાસે આવીને, ઊર્ધ્વ દિશાના શત્રુ, ઊર્ધ્વ દિશાના સ્વામી સૂર્ય પાસે આવીને અને અંતરિક્ષના શત્રુ અંતરિક્ષના દેવ વાયુ પાસે આવીને, દિક્‌કોણોના શત્રુ સત્સ્વરૂપ પરબ્રહ્મની પાસે આવીને, અંતરિક્ષના શત્રુ વાયુ પાસે આવીને ભસ્મ થઈ જાવ. અમે પ્રતિસરકર્મ દ્વારા તેમનો (શત્રુઓનો) નાશ કરીએ છીએ.

*

## પાંચમો કાંડ

### • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : વરુણ**

જે દિવસના જેવો પ્રકાશમાન છે, ત્રણે લોકોનું પાલન તથા સંરક્ષણ કરનાર છે અને જેણે ત્રણે ભુવનોને ધારણ કર્યા છે તે હિંસારહિત અને અનશ્વર પ્રાણવાળો, શ્રેષ્ઠજન્મ લઈને વિકસનાર, સમૃદ્ધિવાળો તથા મનનશીલ પોતાના ઉત્પત્તિ સ્થાનેથી પ્રગટ થયો. તે ધર્માચારી આત્માને દ્યાવા-પૃથ્વી અમર નામ પ્રદાન કરે છે અને પ્રજાઓ વસ્ત્ર આપે છે. હે બળવાન વરુણદેવ ! આપ કોઈનાથી આવૃત્ત નથી. હે દ્યાવા-પૃથ્વીના અધિષ્ઠાતા દેવ ! વિદ્વાન ઋષિઓ દ્વારા પ્રશંસિત શરીરોનું અમે વરુણદેવ પાસે વર્ણન કરીએ છીએ.

**સૂક્ત-૨ દેવતા : વરુણ, ઇન્દ્ર**

સંસારના કારણભૂત બ્રહ્મ પોતે જ બધા લોકોમાં પ્રકાશરૂપે વ્યાપી રહ્યા જેનાથી પ્રચંડ તેજસ્વી બળયુક્ત સૂર્યનું પ્રાગટ્ય થયું. જેના માત્ર ઉદય થવાથી શત્રુ નાશ પામે છે, તેને જોઈને બધાં પ્રાણીઓ આનંદિત થઈ જાય છે. હે ઈન્દ્ર ! બધાં પ્રાણીઓ પોતાની બુદ્ધિથી તમારી સાથે જોડાયેલાં છે. તમે જ સુંદર રીતે પદાર્થોને સુસ્વાદુ બનાવો છો. હે બળવાન ઈન્દ્ર ! તમે સ્થિર બળ આપો. તમારા દ્વારા અમે બધા શત્રુઓને પરાસ્ત કરાવી દઈએ છીએ. અમારા ઘરમાં શક્તિની સ્થાપના કરો અને તેને વિચિત્ર પદાર્થોથી પૂર્ણ કરો. હે પુરુષો ! રાજાની સ્તુતિ કરો. સ્વર્ગ-પ્રાપ્તિ માટે ઈચ્છુક એવા ઈન્દ્રની સ્તુતિ કરે છે જે વર્ષોથી સંસારને તૃપ્ત બનાવે છે.

**સૂક્ત-૩ દેવતા : અગ્નિ આદિ**

હે અગ્નિદેવ ! સંગ્રામ કે યજ્ઞ વખતે અમારામાં તેજસ્વિતા જાગૃત થાઓ. આપને સમિધાઓથી પ્રજ્વલિત કરીને અમે અમારા દેહને પરિપુષ્ટ કરીએ છીએ. અમારા માટે યુદ્ધકાળમાં અગ્નિદેવની સાથે મરુદ્‌ગણ, વિષ્ણુ અને ઈન્દ્ર બધા સહયોગ કરો. ભારતી, પૃથ્વી અને સરસ્વતી તેમજ સવિતાદેવ, આદિત્ય, રુદ્ર, અશ્વિનીકુમાર બધા મુખ્ય દેવો આ યજ્ઞનું સંરક્ષણ કરો. આપ અમારા સ્નેહી બનો.

**સૂક્ત-૪ દેવતા : કૂટ વનસ્પતિ**

હે વ્યાધિ નિવારક કુષ્ઠ ઔષધિ ! અહીંથી ત્રીજા દ્યુલોકમાં જ્યાં દેવોને બેસવાનું સ્થાન 'અશ્વત્થ' છે ત્યાં દેવોએ અમૃતનાં વખાણ કરનારી આ કુષ્ઠ ઔષધિને પ્રાપ્ત કરી. જેના દ્વારા કુષ્ઠ ઔષધિ લાવવામાં આવી હતી તેનો માર્ગ, હલેસાં તથા તેની નૌકાઓ સોનાની હતી. હે ઔષધિ ! આપ સોમ-ઔષધિની હિતેચ્છુ-સખા-છો. તેથી આપ અમારા આ પુરુષના વ્યાન, પ્રાણ અને આંખોને સુખ આપો. કુષ્ઠ નામવાળી ઔષધિ હિમાલયની ઉત્તરે ઉત્પન્ન થઈ તથા પૂર્વ દિશામાં મનુષ્યો પાસે લાવવામાં આવી. માથાનો દુઃખાવો, આંખની નબળાઈ અને શારીરિક દોષ આ બધા રોગોને કુષ્ઠ ઔષધિએ દૂર કર્યા.

**સૂક્ત-૫ દેવતા : લાક્ષા (લાખ)**

હે લાક્ષા (લાખ) ! ચંદ્રનાં કિરણો દ્વારા પોષાયેલ હોવાના કારણે રાત્રી આપની માતા છે અને વૃષ્ટિ દ્વારા ઉત્પન્ન થવાને કારણે આકાશ આપના પિતા છે. આપનું નામ 'સિલાચી' છે અને આપ દેવોની બહેન છો. પુરુષની કામના

કરનારી કન્યા જેવી આપ દરેક વૃક્ષ પર ચડો છો. લાકડીથી, બાણથી અથવા ઢસડાવાથી જે ઘા પડે છે તે બધાના હે લાખ ઔષધે ! આપ ઉપાયરૂપ છો. આપ કદંબ, પાકડ, પીપળો, ધવ, ખેર, ભદ્ર, નગોડ તથા પર્ણથી ઉત્પન્ન થાવ છો. આપ રોગોની પાસે પહોંચો છો તેથી આપનું નામ 'નિષ્કૃતિ' છે. આપનું નામ 'સિલાચી' તથા 'કાનીન' છે. આપ વૃક્ષોને સિંચનારી અને સરકનારી છો. આપ ટપકનારી કે પ્રવાહમાન થઈને અમારી પાસે આવો.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૬ દેવતા : આદિત્ય**

જગતના કારણરૂપ બ્રહ્મ, સૃષ્ટિ પૂર્વે જ ઉત્પન્ન થયું. આપ સર્વત્ર વ્યાપી છો, અન્ય કે બળવૃદ્ધિ માટે આપ શત્રુનિવારક થઈને વૃત્રોને દૂર કરો. આપ સમુદ્રમાંથી આક્રમણ કરો છો આથી આપનું નામ 'સનિસ્રસ' છે. હે તીક્ષ્ણ આયુધવાળા સોમ અને રુદ્ર દેવો ! યુદ્ધમાં અમને સુખ આપો. હે આંખ, મન તથા મંત્રને લગતાં શસ્ત્રો ! આપ હથિયારોમાં પણ હથિયાર છો. જે અમારો વિનાશ કરવા ઈચ્છે છે તેઓ શસ્ત્રરહિત થાવ. હે અગ્ને ! આપ ઈન્દ્રદેવના ઢાલ સ્વરૂપ છો. આપ સર્વગામી, સર્વ આત્મા, સર્વ શરીર અને સર્વપુરુષ છો. ઈન્દ્રના કવચ અને મુખરૂપ છો. અમે મિત્રો-સાથીઓ અને કુટુંબીજનો સહિત આપના શરણમાં આવીએ છીએ.

**સૂક્ત-૭ દેવતા : અરાતિ, સરસ્વતી**

હે અરાતિ ! અમને ધનયુક્ત બનાવો. અમારા દ્વારા લાવવામાં આવેલ દક્ષિણાને આપ રોકી ન રાખો. ઈર્ષાયુક્ત અસમૃદ્ધિ તથા અદાનની અધિષ્ઠાત્રી દેવીને અમે નમન કરીએ છીએ. હે અરાતે (લક્ષ્મીથી વિપરિત ગુણવાળી) દેવી ! આપ જે બકવાદી (અભાવોનાં વખાણ કરનાર) મનુષ્યને પોતાની સામે રાખો છો, તેને અમે દૂરથી જ નમન કરીએ છીએ, પરંતુ આપ અમારી ભાવનાને પીડિત ન કરશો. દૈવીસંપદા પ્રત્યેની અમારી ભક્તિ રાત-દિવસ વધતી રહો. અમે 'અરાતિ'ના આશ્રમે જઈએ છીએ (સાદું જીવન સ્વીકારીએ છીએ) અને એમને નમસ્કાર કરીએ છીએ. હે અસમૃદ્ધે ! અમે આપને ક્લેશ તથા પીડા આપનારી રૂપે જાણીએ છીએ. આપ અમારાથી દૂર ચાલી જાવ. જે સ્વર્ણીય રંગવાળી 'હિરણ્યકશિપુ' મહીં રમણીયતાનો નાશ કરનારી છે, તે અદાનશીલતાને અમે નમસ્કાર કરીએ છીએ.

**સૂક્ત-૮ દેવતા : અગ્નિ આદિ**

હે અગ્નિદેવ ! આપ બળવાન ઔષધિગુણયુક્ત વૃક્ષના ઈંધણથી દેવો માટે ઘૃત પહોંચાડો અને તેમને હર્ષિત કરો. હે ઈન્દ્રદેવ ! આપ અમારા યજ્ઞમાં પધારો અને અમારા દ્વારા કરવામાં આવતી સ્તુતિને સાંભળો. હે યોદ્ધાઓ ! આપ ઈન્દ્રદેવના વચનોથી આગળ વધો અને શત્રુઓનો સંહાર કરો. હે વૃત્રસંહારક ઈન્દ્રદેવ ! અમારા શત્રુઓએ જે યોદ્ધાઓને અગ્રગામી બનાવ્યા હતા અને અત્યારે જેમને બનાવી રહ્યા છે તેમને આપ ફરીથી પાછળ કરો, જેથી અમે શત્રુઓના સૈન્યદળનો વિનાશ કરીએ. આપ સંગ્રામમાં પ્રચંડ બનીને શત્રુઓના મર્મસ્થળમાં ઘા કરો. આપ શત્રુઓ ઉપર ચઢાઈ કરો. આપ અમારા ઉપર અનુગ્રહ બુદ્ધિ રાખો.

**સૂક્ત-૯ દેવતા : દ્યાવા-પૃથ્વી, અંતરિક્ષ**

દ્યુલોક, પૃથ્વી, અંતરિક્ષના અધિષ્ઠાતા દેવતાઓ માટે આ હવિ સમર્પિત કરીએ છીએ. સૂર્યદેવ અમારી આંખો છે, વાયુદેવ પ્રાણ છે, અંતરિક્ષ દેવ આત્મા અને પૃથ્વી શરીર છે. અમર નામવાળા દ્યાવા-પૃથ્વી દ્વારા સંરક્ષિત બનીએ. આયુષ્ય વધારનારા તથા આયુષ્યની રક્ષા કરનારા સ્વધાવાન દ્યાવા-પૃથ્વી આપ બંને અમારા સંરક્ષક છો. આપ અમારામાં રહીને અમારી સુરક્ષા કરો, અમારો વિનાશ ન થવા દો.

**સૂક્ત-૧૦ દેવતા : ગૃહ**

હે અશ્મવર્મ (પથ્થરનું કવચ) ! આપ અમારા છો. અમને મારવાની ઈચ્છાવાળા જે મનુષ્ય પૂર્વ દિશામાંથી અમારો વિનાશ કરવા ઈચ્છે છે તેઓ સ્વયં નાશ પામો. બૃહત્, ચંદ્રદેવ પાસે અમે મનનું આહ્‌વાન કરીએ છીએ. વાયુદેવ પાસે પ્રાણ-અપાન, સૂર્યદેવ પાસે ચક્ષુ, અંતરિક્ષ પાસે શ્રોત્ર, ધરતી પાસે શરીર તથા મનોયોગપૂર્વક આપનારી સરસ્વતી પાસે અમે વાણીની યાચના કરીએ છીએ.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૧૧ દેવતા : વરુણ**

હે દેવગણ ! આપ સૂર્યદેવને જળરૂપી દક્ષિણા આપો છો અને મનથી અમારી ચિકિત્સા કરો છો. હે ઋત્વિજ ! આપ કઈ કુશળતા દ્વારા જાતવેદા અગ્નિદેવ જેવા ઓજસ્વી થઈ જાવ છો. હે વરુણદેવ ! આપના સિવાય બીજો

કોઈ કવિ નથી અને બુદ્ધિને કારણે બીજું કોઈ ધૈર્યવાન નથી. આપ બધા પ્રાણીઓના જ્ઞાતા છો તેથી તે કપટી મનુષ્ય આપનાથી ભયભીત થાય છે. હે વરુણદેવ ! મનુષ્યોવાળી બધી દિશાઓમાં આપના સ્તોત્ર વ્યાપ્ત બનો. જાઓ. આપ અમને જે કાંઈ આપવામાં સક્ષમ છો તે અમને આપો. આપ અમને અનુરૂપ 'સપ્તપદા' મિત્ર છો. આપ સ્તુતિ કરવાથી દેવો માટે અન્ન કે આયુષ્ય આપનારા દેવ છો તથા બ્રાહ્મણો માટે શ્રેષ્ઠ મેધા સંપન્ન વિપ્ર છો. હે સ્વધા વાન વરુણદેવ ! દેવોના બંધુ અને અમારા પિતારૂપ અથર્વવેત્તાઓને આપે ઉત્પન્ન કર્યા છે તેથી આપ અમને ઉત્તમ ઐશ્વર્ય આપો. આપ અમારા શ્રેષ્ઠ બંધુ તથા મિત્ર છો.

**સૂક્ત-૧૨ દેવતા : અગ્નિ**

હે અગ્નિ ! તમે યજ્ઞમાં પ્રદીપ્ત થઈને દેવોને મળો છો. મિત્રોના પૂરક અને જ્ઞાતા છો. દેવોનું આહ્વાન કરો. તમે દેવદૂત, ક્રાંતદર્શી, મહાજ્ઞાની છો. આપ સત્યરૂપ યજ્ઞના માર્ગને વાક્ માધુર્યથી સુસંગત કરીને હવિઓને ગ્રહણ કરો. હે હોતાઓ ! દ્યાવા-પૃથિવી પ્રાણીઓને જન્મ આપનારી છે. તેમને ત્વષ્ટાદેવ સુશોભિત કરે છે. આપ જ્ઞાનવાન, શ્રેષ્ઠ કામનાયુક્ત તથા યજ્ઞશીલ છો. તેથી આજે આ યજ્ઞમાં તે ત્વષ્ટાદેવની યોગ્ય અર્ચના કરો. હે યૂપ આપ સ્વયં જ પોતાના સામર્થ્યથી દેવો માટે અન્નાદી અને અન્ય યજનીય સામગ્રી શ્રેષ્ઠ રીતે લાવીને પ્રસ્તુત કરો. વનસ્પતિદેવ, શમિતાદેવ અને અગ્નિદેવ મધુર ઘૃતાદિની સાથે યજનીય હવિષ્યાન્નનું સેવન કરો. સ્વાહાની સાથે યજ્ઞાગ્નિમાં સમર્પિત કરવામાં આવેલા હવિષ્યાન્નને દેવો ગ્રહણ કરો.

**સૂક્ત-૧૩ દેવતા : સર્પ વિષનાશન**

દ્યુલોકના દેવતા વરુણદેવે અમને ઉપદેશ આપ્યો છે. તેમના પ્રચંડ વચનોથી અમે વિષધરના વિષને દૂર કરીએ છીએ. જે વિષ માંસમાં ઘૂસી ગયું છે, જે નથી ઘૂસ્યું અથવા જે ઉપર જ ચોંટેલું છે તે બધા વિષને અમે ગ્રહણ કરીએ છીએ. જેવી રીતે રેતીમાં જળ નાશ પામે છે તેવી રીતે આપના વિષનો સંપૂર્ણ નાશ કરીએ છીએ. આપના ઉત્તમ, મધ્યમ અને અધમ વિષને અમે ગ્રહણ કરીએ છીએ. તે અમારા ભયથી નાશ પામો. અમારા શબ્દો (મંત્ર) મેઘસમાન પ્રચંડ છે. આ પ્રચંડ વચનોથી અમે વિષધરને બાંધીએ છીએ. હે સર્પ ! અમે અમારા નેત્રબળથી તમારા નેત્રબળનો નાશ કરીએ છીએ. ભૂરા

રંગવાળા, કાળા તથા નિંદનીય સાપો, તમે અમારી વાત સાંભળો. તમે અમારા મિત્રના ઘરની પાસે નિવાસ ન કરો. બધા ક્રોધી સાપોના વિષને અમે એવી રીતે ઉતારીએ છીએ જેવી રીતે ધનુષની દોરી અને રથના બંધન ઉતારીએ છીએ. વિશાળ ગુલર વૃક્ષથી પેદા થયેલી. કાળા રંગની સાપણો દાંતથી ક્રોધ પ્રગટ કરનારી સાપણોનું દુઃખદાયક વિષ પ્રભાવ વિનાનું થઈ જાવ.

**સૂક્ત-૧૪ દેવતા : વનસ્પતિ**

હે ઔષધિ ! સુપર્ણે (ગરુડ કે સૂર્ય) આપને પ્રાપ્ત કરી હતી અને સૂકરને પોતાના નાકથી ખોદી હતી. હે ઔષધિ ! કૃત્યા પ્રયોગ દ્વારા અમને મારનારાઓનો આપ વિનાશ કરો. હે દેવી ! હિંસા કરનારાઓનાં શસ્ત્રો તેમની ત્વચા ઉપર ઘા કરીને અલગ કરો. હે ઔષધિ ! આપ કૃત્યાને કૃત્યાકારીઓની પાસે હાથ પકડીને ફરીથી લઈ જાઓ અને તે કૃત્યાકારીઓને કૃત્યાની સામે મૂકી દો, જેથી તે કૃત્યાકારીઓનો વિનાશ કરી નાખે. અભિશાપ આપનારાઓને જ અભિશાપ પ્રાપ્ત થાઓ. હે કૃત્યા ! જો આપ દેવો દ્વારા અથવા મનુષ્યો દ્વારા પ્રેરિત કરવામાં આવી છો તોપણ અમે ઈન્દ્રના સખા આપને ફરી પાછા વાળીએ છીએ. હે દ્યાવા-પૃથ્વી ! તે કૃત્યા, કૃત્યાકારી પર બાણની જેમ સીધી પડે અને મૃગની જેમ તે કૃત્યાકારીને ફરીથી પકડી લે.

**સૂક્ત-૧૫ દેવતા : ઔષધિ**

યજ્ઞ નિમિત્તે ઉત્પન્ન થતી હે ઔષધિ ! અમારી નિંદા કરનારા એક હોય કે દસ કે અગિયાર હોય, આપ મધુરતા ઉત્પન્ન કરનારી થઈને અમારી વાણીને મધુર કરો. હે ઋતમયી ઔષધિ ! અમારી નિંદા કરનારા બે હોય કે વીસ હોય, ત્રણ હોય કે ત્રીસ હોય, ચાર હોય કે ચાલીસ હોય, પાંચ હોય કે પચાસ હોય, છ હોય કે સાંઈઠ હોય, સાત હોય કે સિત્તેર હોય, આઠ હોય કે એંસી હોય, નવ હોય કે નેવું હોય, ૧૦ હોય કે ૧૦૦ હોય કે હજાર હોય, આપ અમારી વાણીને મધુરતા ઉત્પન્ન કરનારી બનાવો.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૧૬ દેવતા : મંત્રોક્ત**

હે મનુષ્ય ! જો આપ એક વૃષથી સંપન્ન છો, તો આપ વધારે સર્જન કરો. નહિતર આપ રસરહિત (સામર્થ્યહિન) ગણાશો. જો આપ બે વૃષ, ત્રણ

વૃષ, ચાર વૃષ, પાંચ વૃષ, છ વૃષ, સાત વૃષ, આઠ વૃષ, નવ વૃષ, દસ વૃષ શક્તિથી સંપન્ન છો તો સર્જન કરો, જો આપ અગિયારમાં છો તો ઉદક રહિત કે તેનાથી પર છો.

**સૂક્ત-૧૭ દેવતા : બ્રહ્મજાયા**

ઉગ્ર તપથી પહેલાં દિવ્ય આપ તથા સોમ પ્રગટ થયાં. દૂર રહેલ સૂર્ય, જળ તથા વાયુ તેજસથી યુક્ત થયા. તેમણે પહેલાં બ્રહ્મકિલ્બિષને વ્યક્ત કર્યું. સંકોચનો ત્યાગ કરી રાજા સોમે પાવન ચરિત્રવતી તે બ્રહ્મજાયા, બૃહસ્પતિને આપી. મિત્રાવરુણદેવોએ આ કાર્યને અનુમોદન આપ્યું. જેમ શક્તિશાળી નરેશનું રાજ્ય સુરક્ષિત રહે છે તેવી જ રીતે આ જાયાની ચારિત્રનિષ્ઠા અડગ રહી. ગ્રામ ઉપર પડતી વિપત્તિ, અવિદ્યાને જાણકારો વિરુદ્ધ પ્રભાવવાળી 'તારકા' કહે છે. જ્યાં ઉલ્કાઓની જેમ 'તારકા' પડી હોય ત્યાં આ બ્રહ્મજાયા અવિદ્યાને દૂર કરી બ્રહ્મવિદ્યા સ્થાપે છે. સપ્તર્ષિગણ તપશ્ચર્યામાં સંલગ્ન હતા તેમના દ્વારા તથા ચિરપ્રાચીન દેવોએ આના વિશે ઘોષણા કરી હતી. અવાંછનીયનો વિકાસ ક્રમ ક્ષીણ થાય છે, જગતમાં જે ઊથલપાથલ થાય છે તથા પરસ્પર લોકો લડે-ઝઘડે છે તે બધાનો બ્રહ્મજાયા નાશ કરી નાખે છે. જે રાષ્ટ્રમાં બ્રહ્મવિદ્યા પર જડતાપૂર્વક પ્રતિબંધ મૂકવામાં આવે છે તે રાષ્ટ્રનાં ઘરોમાં મોટા કાનવાળા (બહુશ્રુત) અને મેધાવી પુત્ર ઉત્પન્ન થતા નથી. જે રાષ્ટ્રમાં બ્રાહ્મણ-વિશિષ્ટ જ્ઞાનરહિત બનીને રાત્રિમાં પાપબુદ્ધિથી નિવાસ કરે છે તે રાષ્ટ્રમાં ન તો કલ્યાણ કરનારી ધેનુ થાય છે અને ન ભાર વહન કરવામાં સમર્થ વૃષભ ઉત્પન્ન થાય છે. જ્યાં વિપરિત આચરણ કરવામાં આવે છે તે દેશ-જાતિનું પતન થાય છે.

**સૂક્ત-૧૮ દેવતા : મંત્રોક્ત**

હે રાજન્ ! દેવોએ આ ગાયનું ભક્ષણ કરવા માટે આપને આપી નથી. બ્રાહ્મણની નષ્ટ ન કરવા યોગ્ય ગાયનો નાશ ન કરો. ઇન્દ્રિય-વિદ્રોહી, આત્મ-પરાજિત તથા પાપી રાજા જો બ્રાહ્મણની ગાયોનું ભક્ષણ કરે તો તે અલ્પ કાળમાં નાશ પામે છે. જેવી રીતે પોતાના પ્રિય શરીરનો કોઈ નાશ કરવા ઈચ્છતું નથી તેવી જ રીતે અગ્નિ સ્વરૂપ બ્રાહ્મણોનો વિનાશ ન કરવો જોઈએ. સોમદેવતા તેના સંબંધી છે અને ઈન્દ્રદેવ તેના શાપના પાલક અર્થાત્ પૂર્ણ કરનારા છે. બ્રાહ્મણની જીભ ધનુષ્યની દોરી હોય છે, તેની વાણી જ કુલ્મલ (ધનુષનો દંડ) હોય છે. તપથી ક્ષીણ થયેલા તેના દાંત જ બાણ હોય છે.

દેવો દ્વારા પ્રેરિત આત્મબળના ધનુષ્યથી તે દેવશત્રુઓને વીંધે છે. 'વીતહવ્ય' વંશના જે હજારો રાજા પૃથ્વી પર શાસન કરતા હતા તેઓ બ્રાહ્મણની ગાયના શાપ ખાઈને નાશ પામ્યા. જે મનુષ્ય દેવોના ભાઈ જેવા બ્રાહ્મણોની હત્યા કરે છે તે પિતૃયાન દ્વારા પ્રાપ્ત થનારા લોકને પણ પ્રાપ્ત થતા નથી. સેંકડો એવા લોકો જેમણે પોતાના શૌર્યથી પૃથ્વીને હલાવી નાખી હતી તેઓ બ્રાહ્મણનાં સંતાનોને મારવાને લીધે કોઈ સંભાવના વિના જ પરાજિત થયા. હે રાજન! બ્રાહ્મણના બાણ (શાપ આદિ) ફૂંફાડા મારતી સાપણ જેવા ભયંકર હોય છે તે એ બાણોથી હિંસકોને વીંધે છે.

**સૂક્ત-૧૯ દેવતા : મંત્રોક્ત**

સૃંજય નામવાળા ખૂબ જ વધી ગયા હતા, પરંતુ તેમણે ભૃગુવંશી બ્રાહ્મણોનો નાશ કરી નાખ્યો આથી તેમનો પરાજય થયો. જે લોકો બૃહતસામવાળા આંગિરસ બ્રાહ્મણોને હેરાન કરતાં રહ્યા તેમના સંતાનોને હિંસા કરનારાઓએ પોતાના જડબામાં પીસી નાખ્યા. જે લોકો બ્રાહ્મણોને અપમાનિત કરે છે અથવા જે તેમની પાસેથી બળપૂર્વક કર વસૂલ કરે છે તેઓ લોહીની નદીઓમાં વાળ ખાતાં પડ્યા રહે છે. જે રાષ્ટ્રમાં બ્રાહ્મણની સંતપ્ત કરવામાં આવેલી ગાય તરફડતી રહે છે તે કારણે રાષ્ટ્રનું તેજ મરી જાય છે. બ્રાહ્મણ પર નાંખવામાં આવેલી વિપત્તિ તેને પીડા આપનાર રાજાના રાજ્યને આઠ પગવાળી, ચાર આંખોવાળી, ચાર કાનવાળી, ચાર દાઢીવાળી, બે મોંવાળી તથા બે જીભવાળી થઈને હલાવી નાખે છે. જે રાષ્ટ્રમાં બ્રાહ્મણોની હિંસા થાય છે તે રાષ્ટ્રનો આપત્તિ વિનાશ કરી નાખે છે. જેવી રીતે પાણી તૂટેલી હોડીને ડુબાડી દે છે તેવી રીતે પાપ રાષ્ટ્રને ડુબાડે છે. હે નારદ ! જે લોકો બ્રાહ્મણની સંપત્તિનું હરણ કરી પોતાની માની લે છે. વરુણ કહે છે બ્રાહ્મણનું ધન હડપ કરીને રાષ્ટ્રમાં કોઈ જીવિત રહેતું નથી.

જે ૮૧૦ પુરુષોથી ભૂમિ કાંપતી હતી તેઓ બ્રાહ્મણના સંતાનને નષ્ટ કરવાથી હારી ગયા. બ્રાહ્મણ દુઃખદાયી હોય તે રાજ્યમાં વર્ષા થતી નથી. તેની સેના મિત્રોને પણ વશમાં રાખી શકતી નથી.

**સૂક્ત-૨૦ દેવતા : વનસ્પતિ**

હે દુંદુભિ વાદ્ય ! આપ બળવાન પ્રાણીઓની જેમ વ્યવહાર કરીને મોટો અવાજ કરનારા છો. આપ વનસ્પતિમાંથી બનેલા અને ગાયના ચામડાથી ઢંકાયેલા છો. આપ ઉદ્‌ઘોષ કરીને શત્રુઓનું દમન કરો તથા સિંહની જેમ

વિજયની અભિલાષાથી ગર્જના કરો. હે દુંદુભિ ! આપ મોટો અવાજ કરી યુદ્ધ જીતો. તેમની લેવા જેવી વસ્તુઓ લઈ તેનું નિરીક્ષણ કરો. દિવ્યવાણીનો ઉદ્‌ઘોષ કરો. વિધાતા બનીને શત્રુઓનું ઐશ્વર્ય લાવીને અમને આપો. આપની ગર્જનાથી જાગેલી શત્રુઓની સ્ત્રીઓ સંગ્રામમાં પતિના મરવાને કારણે ભયભીત બની પોતાના પુત્રોને લઈને ભાગી જાઓ. તે દ્યાવા-પૃથ્વીની વચ્ચે આપતો ઉદ્‌ઘોષ થાઓ. આપનો ધ્વનિ તરત જ ચારે દિશાઓમાં ફેલાઓ. આપ ગામોની ઘોષણા કરનારા, તેમનું કલ્યાણ કરનારા અને વિદ્વાનોને જાણનારા છો. આપ કલ્યાણ કરનારા, ઐશ્વર્ય જીતનારા, બળવાળા તથા યુદ્ધને જીતનારા છો. વૈરીઓને વશીભૂત કરનારા છો. આપ ન પડનારા શત્રુઓને પાડી દો છો. આપ ઈન્દ્રથી રક્ષિત છો આથી આપની સાથે કોઈ યુદ્ધ કરી શકતું નથી.

**સૂક્ત-૨૧ દેવતા : વનસ્પતિ**

હે દુંદુભિ વાદ્ય ! આપ શત્રુઓમાં વમનસ્ય તથા હૃદયની વ્યાકુળતાનો સંચાર કરો. અમે શત્રુઓમાં દ્વેષ, ભય તથા દ્વિધાપૂર્ણ મનઃસ્થિતિ સ્થાપિત કરવા ઈચ્છીએ છીએ. આપ તેમને તિરસ્કૃત કરી મારી નાંખો. ઘીની આહુતિ આપતાં જ અમારા શત્રુઓ કાંપી જાઓ અને મન, આંખ તથા હૃદયથી ભયભીત થઈને ભાગી જાઓ. જેવી રીતે વનના હરણ મનુષ્યોથી ભયભીત થઈને ભાગે છે તેવી જ રીતે આપ ગર્જના કરી શત્રુઓને ભયભીત કરી દો. તેમનાં મનને મોહિત કરી નાખો. શત્રુઓની સંઘબદ્ધ સેનાઓ પરાસ્ત થઈને જે દિશામાં જઈ રહી છે તે તરફ અમારા નગારા તથા પ્રત્યંચાઓના ઉદ્‌ઘોષ સાથે મળીને જાઓ. આપ રાજા સોમ, રાજા વરુણ, મહાદેવ, મૃત્યુદેવ તથા ઈન્દ્રદેવની સાથે જોડાઈને શત્રુઓને મસળી નાખો. આ દેવસેનાઓ સૂર્યની ધ્વજા લઈને અને સરખા વિચારોથી યુક્ત થઈને અમારા શત્રુઓને જીતી લો. અમે આ હવિ સમર્પિત કરીએ છીએ.

**સૂક્ત-૨૨ દેવતા : તક્મનાશન**

હે અગ્નિદેવ, સોમદેવ, ઈન્દ્ર, વરુણ, વેદી, કુશા તથા પ્રજ્વલિત સમિધાઓ વગેરે રોગોને દૂર કરો અને અમારા શત્રુઓ અહીંથી દૂર ચાલ્યા જાઓ. હે જીવનને દુઃખમય બનાવનાર જ્વર ! આપ જે સમસ્ત મનુષ્યોને નિસ્તેજ બનાવો છો અને અગ્નિની જેમ તપાવીને તેમને કષ્ટ આપો છો. તેથી આપ નીરસ થઈ જાવ અને દૂર ચાલ્યા જાવ. અમે તાવને નમસ્કાર કરીએ

છીએ. શાક ખાનારાના મુક્કાથી નાશ પામનારો આ રોગ ખૂબ જ વરસાદવાળા દેશોમાં વારંવાર આવી જાય છે. હે સાપની જેમ જીવનને દુઃખમય બનાવનારા તથા અંગોને કદરૂપા કરનારા જ્વર ! આપ વિશિષ્ટ રોગ છો તેથી આપ અમારાથી ખૂબ જ દૂર ચાલ્યા જાઓ. આપ 'મૂંજ' વાળી જગ્યા અથવા તેનાથી પણ દૂર 'બાલ્હીક' દેશોમાં જવાની ઈચ્છા કરો. આપ જે ઠંડીની સાથે આવનારા છો અથવા શરદી પછી આવનારા છો અથવા ખાંસી સાથે કંપાવનારા છો. આપના આ ભયંકર હથિયારોથી અમને મુક્ત કરો. આપ ત્રીજે દિવસે આવનારા, ત્રણ દિવસ પછી આવનારા, કાયમ રહેનારા, પીડા આપનારા તથા શરદ ઋતુ, વર્ષા ઋતુ અને ગ્રીષ્મ ઋતુમાં થનારા તાવો તથા ટાઢ લાવનારા તાવોનો નાશ કરો. જેવી રીતે ખજાનાની સુરક્ષા કરનાર મનુષ્ય ગાંધાર, મુંજવાન, અંગ તથા મગધ દેશોમાં મોકલવામાં આવે છે તેવી રીતે અમે કષ્ટદાયક રોગોને દૂર મોકલીએ છીએ.

**સૂક્ત-૨૩ દેવતા : ઇન્દ્રાદિ**

દ્યુલોક, પૃથ્વીલોક, દેવી સરસ્વતી, ઈન્દ્રદેવ તથા અગ્નિદેવ પરસ્પર એકઠા થઈને અમારા માટે કૃમિઓનો વિનાશ કરો. જે કીડા આંખોમાં ભ્રમણ કરે છે, જે નાકોમાં ભ્રમણ કરે છે, જે દાંતોની વચ્ચે ચાલે છે, જે સમાનરૂપવાળા છે, જે બે રૂપવાળા છે, બે કાળા રંગવાળા છે, બે લાલ રંગવાળા છે, એક ભૂરા રંગવાળા, એક ભૂરા કાનવાળા, એક ગીધ અને એક શિયાળ બધા મંત્રજળ દ્વારા નાશ પામો. ત્રણ માથાં, ત્રણ શિખર, વિચિત્ર રંગ તથા સફેદ રંગવાળા કીટાણુઓનો અમે વિનાશ કરીએ છીએ. હે કૃમિઓ ! જેવી રીતે અત્રિ, કણ્વ અને જમદગ્નિ ઋષિઓએ આપને કચડી નાખ્યા તેવી જ રીતે અમે પણ કરીએ છીએ. અગત્સ્ય ઋષિના મંત્રબળથી આપનો નાશ કરીએ છીએ.

**સૂક્ત-૨૪ દેવતા : સવિતા આદિ**

બધા પદાર્થોના અધિપતિ પરમેશ્વર છે. તેઓ વેદોક્ત કર્મ, પ્રતિષ્ઠા, સંકલ્પ, દેવ આહ્વાન, આશીર્વાદ બધાના રક્ષક છે. વનસ્પતિના સ્વામી અગ્નિ ઉક્ત કર્મોમાં અમારી રક્ષા કરો. દ્યાવા-પૃથ્વી, વરુણ, મરુદ્ગણ, મિત્ર, સોમ, વાયુ, સૂર્ય, ચંદ્ર, ઈન્દ્ર, મૃત્યુ, યમ, બધા પિતૃઓ, પ્રતિષ્ઠા-સંકલ્પ, દેવાહ્વાન, આશીર્વાદાત્મક કર્મમાં અમારી રક્ષા કરો.

**સૂક્ત-૨૫ દેવતા : યોનિ, ગર્ભ, પૃથ્વી આદિ**

પર્વતની ઔષધિઓ, સ્વર્ગલોકના સૂક્ષ્મ પ્રવાહો તથા અંગ-પ્રત્યંગથી એકત્રિત તેમજ પુષ્ટ વીર્ય ધારણ કરનાર પુરુષ ગર્ભસ્થાનમાં ગર્ભ સ્થાપિત કરે છે. જેવી રીતે આ વિસ્તૃત પૃથ્વી સમસ્ત ભૂતોના ગર્ભને ધારણ કરે છે તેવી રીતે હું આપનો ગર્ભ ધારણ કરું છુ. હે સીનીવાલી ! આપ ગર્ભને સંરક્ષણ આપો. હે સરસ્વતીદેવી ! આપ ગર્ભ ધારણમાં સહાયક થાઓ. અશ્વિનીકુમારો, મિત્ર, વરુણદેવ, બૃહસ્પતિદેવ, ઈન્દ્રદેવ, અગ્નિદેવ અને ધાતાદેવ આપના ગર્ભને ધારણ કરો. હે અગ્નિદેવ ! આપ ઔષધિઓ અને વનસ્પતિઓનો ગર્ભ છો. આપ સમસ્ત ભૂતોનો પણ ગર્ભ છો. હે સામગાન કરનારી સાધ્વી ! આપ વિશેષરૂપથી સજગ રહો. આપના ગર્ભાશયમાં અમે ગર્ભની સ્થાપના કરીએ છીએ. સોમપાયી દેવોએ આપ બન્નેની સુરક્ષા કરનારો પુત્ર આપ્યો છે. હે ત્વષ્ટાદેવ, સવિતાદેવ અને પ્રજાપતિ ! આ સ્ત્રીની બંને ગર્ભધારણ કરનારી નાડિઓની વચ્ચે મનોહર રૂપવાળા પુરુષ સંતાનની સ્થાપના કરો અને તેને દસમા મહિનામાં ઉત્પન્ન થવા માટે યોગ્ય બનાવો.

**સૂક્ત-૨૬ દેવતા : અગ્નિ**

હે યજુર્વેદીય મંત્ર તથા સમિધાઓ ! વિશેષ જ્ઞાની અગ્નિદેવ આ યજ્ઞમાં આપને મળે તે માટે અમે હવિ સમર્પિત કરીએ છીએ. હે શિષ્ટ મનુષ્યો ! આપ આપની પત્નીઓ સાથે મળીને તેમની સાથે આ યજ્ઞમાં આજ્ઞારૂપ વચનોને ધારણ કરો. આપને માટે અમે હવિ સમર્પિત કરીએ છીએ. મરુદ્ગણ આ યજ્ઞમાં જોડાઈને છંદોનું પોષણ કરે. ભગવાન વિષ્ણુ પોતાની તપ શક્તિને આ યજ્ઞમાં સામેલ કરે. ભગદેવતા આશીર્વાદ આપો, સોમ આ યજ્ઞમાં પોતાનું જળ સામેલ કરે, ઈન્દ્ર પોતાના પરાક્રમને આ યજ્ઞમાં સામેલ કરે. હે અશ્વિનીકુમારો ! આપ બંને મંત્ર અને દાન દ્વારા આ યજ્ઞને સમૃદ્ધ કરવા પધારો. આ યજ્ઞ વાજકને સ્વર્ગ આપનાર થાઓ.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૨૭ દેવતા : અગ્નિ**

આ અગ્નિદેવ અત્યંત પ્રકાશવાળા તથા મનોહર રૂપવાળા છે. તેઓ સૂર્યની જેમ પ્રાણ આપનારા તથા યજ્ઞમાં અનેક હાથોવાળા છે. સમસ્ત દેવતાઓ મધ અને ઘી વડે માર્ગોને પવિત્ર કરે છે. અગ્નિદેવ ઘી, જળ તથા

હવિષ્યાન્નથી સ્તુતિ પામીને સન્મુખ પધારે છે. યજ્ઞોમાં અન્ન પોષક વસુઓ વાસ કરે છે. તેઓ આ યજ્ઞના રક્ષક છે. હે હોતાઓ ! અમારા માટે કલ્યાણકારી યજ્ઞની પ્રસંશા કરો. ઈડા (પૃથ્વી), ભારતી અને સરસ્વતી આ ત્રણે દેવીઓ ગુણગાન કરતી આ કુશા પર બિરાજો. હે ત્વષ્ટા ! અમને પ્રચુર અન્ન, જળ તથા ઐશ્વર્ય આપો. અગ્નિદેવ આપ ઈન્દ્ર માટે સ્વાહાકાર યજ્ઞ સંપાદિત કરો અને બધા દેવતાઓ આ હવ્યનું સેવન કરો.

**સૂક્ત-૨૮ દેવતા : ત્રિવૃત્ત, અગ્નિ, આદિ**

સો વર્ષના પૂર્ણ આયુષ્ય માટે નવ પ્રાણોને નવ ચક્રો સાથે જોડીએ છીએ. આમાંના સુવર્ણ, રજત અને લોખંડના ત્રણ-ત્રણ તાર છે. આ ત્રિવૃત્તના (નવ) સંયોગથી અગ્નિ, સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, જળ, અંતરિક્ષ, દ્યુલોક, દિશા-ઉપદિશા તથા ઋતુ-ઋતુ અમને લક્ષ્ય સુધી પહોંચાડી દો. આ ત્રિવૃત્તમાં ત્રણ પુષ્ટિઓ આશ્રિત થાઓ. પૂષા દેવતા તમારા આશ્રયમાં દૂધ-ઘીની વૃદ્ધિ, અન્નની પ્રચુરતા, પુરુષો તથા પશુઓની અધિકતા આપો. હે અગ્નિદેવ ! આપ સ્વયં વિકસીને આજે પણ વિકાસ કરો. જમદગ્નિ ઋષિ (પ્રજ્વલિત અગ્નિ)ના ત્રણ આયુષ્ય, કશ્યપના ત્રણ આયુષ્ય અને અમૃત તત્ત્વને ત્રણ રીતે ધારણ કરનારાં દર્શન, આ ત્રણેય દ્વારા તમારા આયુષ્યને પુષ્ટ કરીએ છીએ. હિરણ્ય (સુવર્ણ) આપની દ્યુલોકથી સુરક્ષા કરો. ચાંદી (રજસ) મધ્યલોકથી સુરક્ષા કરો તથા અયસ્ (લોઢું) ભૂલોકની સુરક્ષા કરો. આ જ્ઞાન દેવોના નગરમાં પ્રાપ્ત થયું. અર્યમાદેવ, પૂષાદેવ તથા બૃહસ્પતિદેવ આપને સારી રીતે બાંધો. અમે આપને આયુષ્ય તથા વર્ચસની પ્રાપ્તિ માટે ઋતુઓ, તેના વિભાગો અને સંવત્સરોના તેજથી યુક્ત કરીએ છીએ.

**સૂક્ત-૨૯ દેવતા : અગ્નિ (જાતવેદા)**

હે જાતવેદા અગ્નિ ! આપ ઔષધિ જાણનારા વૈદ્ય છો. આપની સહાયતાથી અમે ગાય, ઘોડા, મનુષ્યોને રોગરહિત અવસ્થામાં પામીએ. આપ દેવોની સાથે મળીને એવો ઉપાય કરો જેનાથી તે રોગની ઘેરાબંધી તૂટી જાય. જે પિશાચ આને ખાવાની ઈચ્છા કરી ચૂક્યા છે તેમની આંખો અને હૃદયોને આપ વિંધી નાંખો. તેમની જીભ કાપી નાખો. આના શરીરમાં માંસ તથા પ્રાણોને અમે મંત્ર-વિધિથી પુનઃ સ્થાપિત કરીએ છીએ. જે પિશાચ જળપાન કરતી વખતે તથા પથારીમાં સૂતી વખતે અમને પીડા આપે છે તે પિશાચ પોતાની પ્રજાઓ સાથે દૂર હટી જાઓ અને આ રોગી નીરોગી થઈ જાઓ.

હે અગ્નિદેવ ! આપ માંસભક્ષક પિશાચોનો વિનાશ કરો, શક્તિશાળી ઈન્દ્ર તેમને વજ્રથી મારો, સોમદેવ તેમનું મસ્તક કાપો. હે અગ્નિદેવ ! કષ્ટ આપનારા યાતુધાનિઓનો આપ હંમેશા વિનાશ કરો છો અને સંગ્રામમાં અસુરગણ આપને પરાજિત કરી શકતા નથી. આમ આ નિર્દોષ વ્યક્તિને પવિત્ર અને નિરોગી કરો. ચંદ્રમાની કળાઓની જેમ તે વૃદ્ધિ પામો. આપની આ સમિધાઓ પિશાચો(કૃમિ)નો નાશ કરનારી છે. આપ આને ગ્રહણ કરો. આપની જ્વાળાઓ દ્વારા તૃષા છિપાવનારી સમિધાઓનો સ્વીકાર કરો.

**સૂક્ત-૩૦ દેવતા : આયુ, મંત્રોક્ત**

આપની ખૂબ જ પાસે તથા ખૂબ જ દૂરની જગ્યાએથી અમે આપના પ્રાણોને દઢતાથી બાંધીએ છીએ. આપ પૂર્વ પિતૃઓનું અનુસરણ કરશો નહિ અને અહીં જ રહો (શરીર છોડશો નહિ). આપના પોતાના લોકો અથવા કોઈ હિન વ્યક્તિ અભિચાર કરે છે તો તેનાથી છૂટવાની વિધિ અમે બતાવીએ છીએ. જો આપ માતા અથવા પિતા દ્વારા કરવામાં આવેલાં પાપોને કારણે સૂઈ રહ્યા છો તો તે રોગથી છૂટવા તથા દૂર થવાની બંને રીત બતાવીએ છીએ. જે ઔષધિ આપનાં માતા, પિતા, ભાઈ તથા બહેને તૈયાર કરી છે તે ઔષધિનું આપ સારી રીતે સેવન કરો. અમે આપને આ લોકમાં વૃદ્ધાવસ્થા સુધી જીવિત રહેનારા બનાવીએ છીએ. આપનાં અંગોમાંથી યક્ષ્મા તથા અંગ-જ્વર બહાર કાઢીએ છીએ. આપનાં અંગોની પીડા, અંગોનો તાવ, હૃદયરોગ તથા ક્ષયરોગ અમારી વાણીથી પરાજિત થઈ બાજપક્ષીની જેમ દૂર ભાગી જાઓ.

આ અગ્નિદેવની પાસે રાખવા યોગ્ય છે. અહીં આપના માટે સૂર્યદેવ ઉદય પામો. આપ ઘોર અંધકારરૂપી મૃત્યુથી નીકળીને ઉદયને પ્રાપ્ત થાઓ. હે અગ્ને ! આપ આ વ્યક્તિને પ્રાણ તથા ચક્ષુથી યુક્ત કરો અને શરીરબળથી સારી રીતે સંયુક્ત કરી પ્રેરિત કરો. આપ અમૃતને જાણનારા છો. આ વ્યક્તિ આ લોકમાંથી ન જાઓ. આપનો પ્રાણ નાશ ન પામે, અધિષ્ઠાતા સૂર્યદેવ પોતાનાં કિરણો દ્વારા આપને મૃત્યુથી ઉપર લાવે.

**સૂક્ત-૩૧ દેવતા : કૃત્યાપ્રતિહરણ**

અભિચારકોએ જેને કાચા માટીના વાસણમાં કર્યું છે, જેને ધાન, જવ, ઘઉં, ઉપવાક, તલ, કાંગ આદિ મિશ્ર ધાનમાં કર્યું છે. જેને કુકડા આદિના કાચા માંસમાં કરી છે તેવી કૃત્યાને અમે અભિચારકો પર પાછી વાળીએ છીએ. જે કૃત્યાને અભિચારકોએ મરઘા પર કરી છે અથવા જેને ખૂબ વાળવાળા બકરા

ઉપર કરી છે અથવા જેને ઘેટા પર કરી દે એવી કૃત્યાને અમે અભિચારકો પર પાછી વાળીએ છીએ. જે કૃત્યાને અભિચારકોએ એક ખરીવાળાં પશુઓ પર કરી છે, જેને બંને બાજુ દાંતવાળા ગધેડા પર કરી છે, તેને અમે પાછી વાળીએ છીએ. જે કૃત્યાને અભિચારકોએ મનુષ્યો દ્વારા પૂજિત ભક્ષણીય પદાર્થોમાં ઢાંકીને ખેતરમાં કરી છે તે કૃત્યાને પાછી વાળીએ છીએ. જે કૃત્યાને અભિચારકોએ સભામાં કરી છે, જેને જુગારના પાસામાં કરી છે તેને અમે પાછી વાળીએ છીએ. સેનામાં, બાણરૂપ હથિયારો પર કરી છે તથા દુંદુભિઓમાં કરી છે તે કૃત્યાને અમે પાછી વળીએ છીએ. અમારા મર્યાદાપાલકો ઉપર અજ્ઞાનવશ મનુષ્યોએ કુમાર્ગે જઈને અજ્ઞાનપથ જે કૃત્યાઓ મોકલી છે તેને અમે પાછી વાળીએ છીએ. અમારા ભાગ્યશાળીઓ ઉપર કોઈ પણ કૃત્યાના અભિચારની શક્તિ ક્ષીણ થાવ. છુપાઈને આવી કૃત્યાઓ મોકલાનારાઓનો ઈન્દ્રદેવ પોતાના વિશાળ હથિયારો નાંખીને નાશ કરો.

*

# છઠ્ઠો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : સવિતા**

હે અથર્વા પુત્ર ! સતત બૃહત્સોમનું ગાન કરો. તેના વડે પરબ્રહ્મના પ્રથમ પુત્ર, અંધકારનાશક સવિતાને સ્તુતિથી પ્રસન્ન કરો. અમારા હવિદાનથી સવિતા પ્રસન્ન થાવ.

**સૂક્ત-૨ દેવતા : સોમ વનસ્પતિ**

હે અધ્વર્યુ ! આદરસહિત અમારી સ્તુતિને સાંભળનારા, વજ્રધારી, સોમપાન કરનારા ઈન્દ્ર માટે સોમાભિષવ કરો. જાતે આવી પહોંચેલા સોમના પાનથી પ્રસન્ન થયેલા હે ઈન્દ્ર ! શત્રુઓનો નાશ કરો. ઈન્દ્ર વિશ્વના સ્વામી છે.

**સૂક્ત-૩ દેવતા : ઇન્દ્ર, પૂષા આદિ**

ઈન્દ્ર, પૂષા, અદિતિ, અપાનપાત જળ, સાત સમુદ્ર, વિષ્ણુ, દ્યાવા-પૃથ્વી, સોમ વાટવા માટેના પથ્થર અને નિષ્પન્ન સોમ, સરસ્વતી, અગ્નિ, અશ્વિનીકુમાર, અપાનપાત અગ્નિ અને ત્વષ્ટા અમારી રક્ષા કરો.

**સૂક્ત-૪ દેવતા : ત્વષ્ટા આદિ**

હે ત્વષ્ટા, પર્જન્ય, બ્રહ્મણસ્પતિ, અદિતિ, ભગ, મિત્ર, વરુણ અને વાયુ અમારી સ્તુતિઓને સાંભળો અને અમારી રક્ષા કરો. અમારા અનિષ્ટકારી હિંસકશત્રુ અને તેમનાં કર્મો અમારાથી દૂર રહો.

**સૂક્ત-૫ દેવતા : અગ્નિ**

ઘી દ્વારા આવાહનીય હે અગ્નિદેવ ! આપ પોતાના યજમાનને ઉત્તમ સ્થાન આપીને શ્રેષ્ઠ બનાવો, અને શરીરને તેજલ-સંપન્ન બનાવો, પુત્ર-પૌત્રાદિની વૃદ્ધિ કરો. હે ઈન્દ્ર ! તમારી કૃપાથી યજમાન સ્વતંત્ર, બધાને વશ કરનાર, ધનવાન, દીર્ઘજીવી બનો.

**સૂક્ત-૬ દેવતા : બ્રહ્મણસ્પતિ**

હે બ્રહ્મણસ્પતે ! જે શત્રુ દેવ-વિમુખ થઈને અમને ખતમ કરવાની ઈચ્છા રાખે છે, આપ તેને અમારા સોમાભિષય કરનારા યાજકના વશમાં કરી દો. હે સોમ ! શ્રેષ્ઠ વિચારવાળા એવા અમારા ઉપર, જે કટુભાષી શત્રુ શાસન કરે, આપ તેના મોં ઉપર વજ્રથી આઘાત કરો, જેથી તે વિચૂર્ણ થઈને દૂર ચાલ્યો જાય. હે સોમ ! અમારો નાશ કરવા ઈચ્છનાર સંતાપકારી શત્રુનો સંહાર કરો.

**સૂક્ત-૭ દેવતા : સોમ, વિશ્વેદેવા**

હે સોમ ! આપના જે સારા નિયમને કારણે દેવયાન નામના માર્ગ પર મિત્ર આદિ બાર આદિત્ય અને તેમની માતા અદિતિ એક-બીજા સાથે અથડાયા વિના ચાલે છે તેવી જ રીતે આપ ભાવનાથી અમારી રક્ષા કરવા આવો. રાક્ષસોને વશ કરનારું આપનું બળ અમને પ્રાપ્ત થાવ. હે દેવતાઓ ! અમને બળ આપો અને સુખી બનાવો.

**સૂક્ત-૮ દેવતા : કામાત્મા**

હે દેવી ! જેવી રીતે વેલ વૃક્ષના આધારે ઉપર ચઢે છે તેવી જ રીતે તું મારી કામનાવાળી થઈને મારી સાથે જોડાઈને રહે, મારાથી દૂર ન જા. તને ઊર્ધ્વગામી બનાવવા માટે તારા મનને મારી તરફ લાવું છું.

**સૂક્ત-૯ દેવતા : કામાત્મા**

હે પત્ની ! મારા અંગ-પ્રત્યંગને સ્નેહભરી દૃષ્ટિથી જો. સેવનની કામનાથી યુક્ત તારી આંખો અને કેશ મારા ચિત્તને પ્રેરે છે.

સૂક્ત-૧૦ દેવતા : અગ્નિ

પૃથ્વી, શ્રવણશક્તિ, વૃક્ષોના દેવતા, ભૂસ્વામી અગ્નિ, વાયુ અને અંતરિક્ષ આદિના માટે આ હવિ-આહુતિ અર્પણ કરીએ છીએ.

## • બીજો અધ્યાય •

સૂક્ત-૧૧ દેવતા : મંત્રોક્ત

શમીના વૃક્ષ ઉપર પીપળો ઊગે તો તેનાથી ઔષધિ-યોગ બનાવી અગ્નિ દ્વારા અમે પુત્રોત્પત્તિનું કાર્ય કરીએ છીએ. તે પ્રભાવ અમે સ્ત્રીઓમાં ભરી દઈએ છીએ. અમાસ, પૂર્ણિમા, સિનીવાલી દેવતા તથા પ્રજાપતિ ગર્ભસ્થ સંતાનની ઉત્પત્તિ કરાવે છે.

સૂક્ત-૧૨ દેવતા : વિષ નિવારણ

અમે સર્પોની બધી જાતિઓને જાણી લીધી છે. આ ઔષધિઓથી તેમના વિષને દૂર કરીએ છીએ. ઈન્દ્ર, વશિષ્ઠ આદિએ બતાવેલા ઉપચાર વડે અમે તમારા શરીરમાંથી વિષ દૂર કરીએ છીએ. ગંગા તથા પરુષ્ણી નદી તારા શરીરમાં વિષનાશક મધુનું સિંચન કરો.

સૂક્ત-૧૩ દેવતા : મૃત્યુ

ઈન્દ્રાદિ દેવોના મારક મંત્રોને નમન. હે મૃત્યુ ! રાજા, વૈશ્યો અને દેવતાઓના અસ્ત્રોની રક્ષા માટે તમને નમન કરીએ છીએ. તમારા દૂતો, તમારી કૃપા અને નિગ્રહ બુદ્ધિ, તમારી રક્ષક ઔષધિઓ, પીડા કરનાર યાતુધાનોને અમે નમસ્કાર કરીએ છીએ.

સૂક્ત-૧૪ દેવતા : શ્લેષ્મા રોગ

શરીરનાં અંગોમાં વ્યાપ્ત પીડાદાયક શ્લેષ્મા રોગનો આ મંત્રશક્તિ નાશ કરે. આ રોગને અમે સમૂળ ઉખેડી નાંખીએ છીએ. હે શ્લેષ્મા રોગ ! અમારા શરીરમાંથી ભાગી જા. તું પાછો આવીશ નહિ.

સૂક્ત-૧૫ દેવતા : વનસ્પતિ

હે ઔષધિશ્રેષ્ઠ સોમપર્ણ ! તમારી કૃપાથી શત્રુ ક્ષીણ થાવ. સગોત્ર અને અસમગોત્ર શત્રુઓ સામે અમે સોમ ઔષધિ દ્વારા શ્રેષ્ઠ બનીએ.

સૂક્ત-૧૬ દેવતા : મંત્રોક્ત

હે સરસવ ! તમે રોગનાશક છો. તમારું તેલ બળદાયક છે. તમારા

તેલમાં શેકેલા પાંદડાનું શાક અભિમંત્રિત કરીને ખાઈએ છીએ. તમારા પિતા વિહલ્હ (ચમત્કારી) અને માતા મદાવતી (મસ્તી પેદા કરનારી) નામથી પ્રસિદ્ધ છે.

હે તૌવિલિકે ! આપ અમને શક્તિ આપીને રોગોનો વિનાશ કરો. 'એલબ' નામનો આંખોનો રોગ, 'નિરાલ' નામનો રોગ, અભ્રુકર્ણ નામનો રોગ દૂર થાવ. હે સસ્ય મંઝરી (શલાજ્જલા) તું અણુઓ સુધી પહોંચનારી અને અંતે ગ્રહણ કરવાને કારણે ઉત્તરા છે. હે નીલાગલસાલા ! તને વચ્ચે ગ્રહણ કરવામાં આવે છે.

**સૂક્ત-૧૭ દેવતા : ગર્ભસ્થિકરણ**

હે સ્ત્રી ! જેવી રીતે આ વિશાળ પૃથ્વી પ્રાણીમાત્રના બીજરૂપ ગર્ભને ધારણ કરે છે, તેવી જ રીતે તારો ગર્ભ પણ પ્રસવકાળ સુધી સ્થિર (દસ માસ સુધી) થાવ.

**સૂક્ત-૧૮ દેવતા : ઈર્ષ્યા-વિનાશન**

હે ઈર્ષાળુ મનુજ ! અમે તારી ઈર્ષ્યાથી થનારી પ્રથમ ગતિ તેમજ તે પછીની ગતિને તથા તેનાથી ઉત્પન્ન હૃદયને સંતપ્ત કરનાર અગ્નિ અને શોકને કાયમ માટે દૂર કરીએ છીએ.

**સૂક્ત-૧૯ દેવતા : મંત્રોક્ત**

દેવજન, મનુષ્યજન, બધાં પ્રાણીઓ, અંતરિક્ષસ્થ વાયુ, ગરણીમાં શુદ્ધ થયેલ સોમ બધા અમને પવિત્ર કરો. કર્મ, બળ-પ્રાપ્તિ, અહિંસા નિમિત્ત શુદ્ધ સોમ અમને પવિત્ર કરો. સવિતા પવિત્ર કરો.

**સૂક્ત-૨૦ દેવતા : યક્ષ્મા-પિત્તજ્વર**

અગ્નિની જેમ અંગોને તપાવનાર, સૂકવનાર અને ફેલાઈ જનાર, પ્રલાપ કરાવનાર યક્ષ્મા-તાવને નમન. તું અમારી પાસેથી દૂર જતો રહે. રુદ્રદેવને નમસ્કાર, પીડા આપનાર તાવને નમસ્કાર, તેજસ્વી રાજા વરુણ, દ્યુલોક, પૃથ્વી તથા ઔષધિઓ આદિ બધાને અમારા નમસ્કાર.

**સૂક્ત-૨૧ દેવતા : ચંદ્રમા**

ત્રણે લોકોમાં શ્રેષ્ઠ, લૌકિક અને પારલૌકિક કર્મોનું સમ્યક્ ફળ આપનારી, ત્વચા જેવી ભૂમિમાંથી ઉત્પન્ન વ્યાધિ નિવારક આ ઔષધિને હું ગ્રહણ કરું છું. હે હરિદ્રા ઔષધિ ! તમે બધી ઔષધિઓમાં શ્રેષ્ઠ અને અન્ય

બૂટીઓમાં સૌથી વધુ ઉત્તમ રસ, ગુણ તથા વીર્યથી યુક્ત છો. આપ બળ આપનાર હોવાથી કદી હિંસિત નથી કરતી તેથી આપ આરોગ્ય આપવાની ઈચ્છા કરો, કેશ વધારનારી સિદ્ધ થાવ.

**સૂક્ત-૨૨ દેવતા : આદિત્ય, રશ્મિ, મરુત**

શ્રેષ્ઠ ગતિમાન સૂર્ય કિરણો પોતાની સાથે જળ લઈને બધાનાં આકર્ષણનું કેન્દ્ર યાનરૂપી સૂર્યમંડળની પાસે પહોંચે છે. ત્યાં અંતરિક્ષના મેઘોના રહેલા જળને વરસાવીને પૃથ્વીને ભીંજવે છે. હે મરુતો ! જે વૃષ્ટિ, અન્ન, આદિ ધાનો અને નીચેની જગ્યાઓને પાણીથી ભરી દે છે. આપ તેને પ્રેરિત કરો.

**સૂક્ત-૨૩ દેવતા : જળ**

સંસારના રક્ષક સતત ગતિમાન જળધારાઓમાં પ્રવાહિત દિવ્ય આપ (જળ)નું આહ્‌વાન કરીએ છીએ. હે જળ ! અમને પાપથી છોડાવો. સૂર્યની પ્રેરણાથી મનુષ્ય યજ્ઞ કર્મમાં જોડાવ.

**સૂક્ત-૨૪ દેવતા : જળ**

હિમાચ્છાદિત પર્વતોની જળધારાઓ વહેતી જઈને સમુદ્રને મળે છે. એવી પાપનાશક ધારાઓ અમારા હૃદયની બળતરાને શાંતિ આપનારી ઔષધિઓ આપો. અમારી આંખો, પગની એડીઓ અને પગના આંગળાના ભાગોને વ્યથિત કરી રહ્યા છે તે બધા દુઃખોને પણ વૈદ્યો અમારા શરીરમાંથી બહાર કાઢો. જેથી અમે અન્નાદિ બળ આપનારી વસ્તુઓનો ઉપભોગ કરી શકીએ.

**સૂક્ત-૨૫ દેવતા : કંઠમાળા-નાશ**

ગળાના ઉપરના ભાગમાં નસોમાં જે પંચાવન પ્રકારની કંઠમાળાની ફોલ્લીઓ વ્યાપેલી છે તે આ પ્રયોગથી એવી રીતે નાશ પામો જેમ પતિવ્રતા સ્ત્રીની સામે દોષપૂર્ણ વચન નાશ પામે છે.

**સૂક્ત-૨૬ દેવતા : પાપ-નાશ**

હે પાપાભિમાની દેવ ! તમે મને વશ કરીને દુઃખ આપો છો એટલે મને સુખી કરો. હે પાપાન્ ! તમે મને સરળ નિષ્કપટરૂપે સ્થાપિત કરો. અસદ્‌વિચારવાળા જે અમારો દ્વેષ કરે છે તેમનો તમે નાશ કરો.

**સૂક્ત-૨૭ દેવતા : યમ, નિઋતિ**

હે દેવો ! પાપદેવતા દ્વારા મોકલાયેલ અશુભ સૂપક સંદેશ દ્વારા અમને કષ્ટ આપવામાં આવ્યું છે તેના (અશુભ) નિવારણ માટે હવ્યાદિ કર્મોથી અમે

આપની પૂજા કરીએ છીએ. હે અગ્નિદેવ ! અમારા દ્વારા સમર્પિત હવ્ય ગ્રહણ કરીને આ કબૂતરના આવવાથી થનારા અનિષ્ટ કે આયુધનું નિવારણ કરો.

**સૂક્ત-૨૮ દેવતા : યમ, નિઋતિ**

હે દેવતાઓ ! આપ મંત્ર દ્વારા મોકલવા યોગ્ય કબૂતરને દૂર મોકલો. આ કબૂતર અમારી અન્નશાળાને છોડીને ઊડી જાંઓ. એના માટે ઋત્વિજ અગ્નિને ઘરમાં લાવે છે. દેવોને હવિ અર્પણ કરીએ છીએ. આને આજે, આને કાલે મારવાનો છે એમ વિચારી યમરાજા ફળ આપવા પ્રસ્તુત થાય છે. એ યમરાજાને અમે નમસ્કાર કરીએ છીએ.

**સૂક્ત-૨૯ દેવતા : યમ : નિઋતિ**

આ પાંખવાળું (સપક્ષ) શસ્ત્ર દૂર દેખાતા શત્રુઓ સુધી પહોંચો. અશુભ બોલનાર ઘુવડ અને પગ પચનાગ્નિ પાસે રાખનાર આ અશુભ સૂચક કબૂતરને હે યમરાજ અમારાથી દૂર કરો, તે નિર્વીર્ય થાવ. અમારા વીરો અસફળ થઈને આવે એવું ન બને.

**સૂક્ત-૩૦ દેવતા : શમી**

સરસ્વતી નદીના તટની પાસે મનુષ્યોને દેવતાઓએ રસયુક્ત મધુર 'યવ' આપ્યો, ત્યારે ભૂમિમાં ધાન ઉપજાવવા માટે સુદાની મરુદ્દગણ ખેડૂત થયા અને ઈન્દ્રદેવ હળના અધિપતિ થયા. હે શમી ! આપનો આનંદદાયક રસ કેશ ઉત્પાદક અને વર્ધક હોય છે, જેથી આપ પુરુષને આનંદિત કરો છો. આપ વૃદ્ધિ પામો, આપનાં વૃક્ષોને અમે કાપતા નથી. આપ કેશ માટે સુખકારી બનો.

**સૂક્ત-૩૧ દેવતા : ગૌરૂપી સૂર્ય**

આ ગો (વૃષભ-નિરંતર પોષણ આપનાર સૂર્ય) પ્રાણીઓની માતા પૃથ્વીને વિકસાવે છે. આ પિતા દ્યુલોકને પણ પ્રકાશથી ભરી દે છે. વરસાદનું જળ આપવાને કારણે સૂર્યને ગૌ કહેવાય છે. પ્રાણ-અપાનધારી આ શરીરમાં સૂર્યની પ્રભા જ વિચરણ કરે છે. દિવસ અને રાત્રીના અવયવરૂપ ત્રીસ મુહૂર્ત (૨૪ કલાક) પ્રતીક્ષણ દેદીપ્યમાન રહે છે.

**સૂક્ત-૩૨ દેવતા : અગ્નિ, રુદ્ર, મિત્રાવરુણ**

હે ઋત્વિજો ! યાતુધાનો (સ્વાસ્થ્ય માટે હાનિકારક રોગાણુ)નો નાશ કરવા માટે પ્રજ્વલિત અગ્નિમાં ઘી સાથે હવિની આહુતિઓ આપો. હે

અગ્નિદેવ ! આપ આ ઉપદ્રવી રાક્ષસો (રોગાણુ)ને ભસ્મ કરી અમારા ઘરને દુઃખથી બચાવો. તમે પરસ્પર લડીને નાશ પામો.

**સૂક્ત-૩૩ દેવતા : ઇન્દ્ર**

હે મનુષ્યો ! વૃત્ર-વધ (શત્રુ-વિનાશ)ની પ્રેરણા આપનારી, જે ઈન્દ્રદેવની રંજક જ્યોતિ છે તે જ ઈન્દ્રદેવના પરમ સુખદાતા તેજનું સેવન કરો. તે ઈન્દ્રદેવ દેવતાઓ અને મનુષ્યો આદિના સ્વામી છે. તેઓ અમને પીળા વર્ણની આભાવાળું ધન (સોનું) આપો.

**સૂક્ત-૩૪ દેવતા : અગ્નિ**

હે મનુષ્ય ! કામનાપૂરક, યાતુધાન-સંહારક અગ્નિની સ્તુતિ કરો. યાતુધાન નાશક અગ્નિ અમને શત્રુ-મુક્ત કરો. મરુભૂમિની રેતીમાં અધિક તીક્ષ્ણ તથા અનેક રૂપધારી, સૂર્યરૂપમાં વિદ્યમાન હે અગ્નિ અમને શત્રુમુક્ત કરો.

**સૂક્ત-૩૫ દેવતા : અગ્નિ**

સર્વજન-હિતકારી હે અગ્નિ ! અમારી રક્ષા અર્થે અહીં આવી અમારી ઉકથરૂપ સ્તુતિઓથી પ્રસન્ન થાવ. અંગિરાઓની ઉકથ-સ્તોત્ર સ્તુતિઓને અગ્નિએ સમર્થ બનાવી તેમને ઉજ્જ્વળ યશ, અન્ન અને સ્વર્ગ પ્રાપ્ત કરાવ્યું.

**સૂક્ત-૩૬ દેવતા : અગ્નિ**

યશવાન તથા યશાત્મક જ્યોતિના અધિપતિ સદા પ્રકાશિત અગ્નિની પૂજા કરીને અમે ઉત્તમ ફળ માંગીએ છીએ. અગ્નિદેવ, દેવતાઓને હવિ પહોંચાડે છે, સૂર્યરૂપમાં ઋતુઓની રચના કરે છે, ઉત્તમ સ્થાનોના સ્વામી છે અને કામનાપૂરક છે.

**સૂક્ત-૩૭ દેવતા : ચંદ્રમા**

શાપ-ક્રિયાના કર્તા ઈન્દ્ર અહીં આવો અને શાપદાતા શત્રુનો નાશ કરો. હે શપથ ! તું બાધક બનીશ નહિ, અમને શાપ દેનારા શત્રુઓને તું બાળી નાખ. જો કોઈ અમને શાપ આપે, કઠોર ભાષા બોલે તેવા શત્રુને અમે મૃત્યુની સામે ફેંકી દઈએ છીએ.

**સૂક્ત-૩૮ દેવતા : ઇન્દ્ર-તેજ**

હે ઈન્દ્રદેવ ! તમે હિંસક જીવોના આક્રમણાત્મક, અગ્નિના દાહકાત્મક અને સૂર્યના તાપાત્મક તેજથી યુક્ત છો. એ તેજ અમે પ્રાપ્ત કરીએ. હાથીમાં

બળ, ગેંડામાં હિંસા, સુપર્ણમાં આહ્‌લાદરૂપે જે તેજ છે તે બધામાં વ્યાપ્ત તેજ ઈન્દ્રનું જ છે, તે અમને પ્રાપ્ત થાવ. વર્ષાકારક મંત્ર, રથ, બળદ, વાયુ, વરુણમાં વ્યાપ્ત ઈન્દ્રનું તેજ અમને પ્રાપ્ત થાવ. દુન્દુભિ-ધ્વનિ, અશ્વ પુરુષની ઉચ્ચ ધ્વનિમાં વ્યાપ્ત ઈન્દ્ર-તેજ અમને પ્રાપ્ત થાવ.

**સૂક્ત-૩૯ દેવતા : ઇન્દ્ર**

ઈન્દ્રને આપવામાં આવતી અમારી આહુતિ વૃદ્ધિને પ્રાપ્ત થાવ. હે ઈન્દ્ર ! આ હવિ વડે અમારી ચિર-વૃદ્ધિ કરાવો, ઈન્દ્રને નમન હો. અમે રાજ્ય પામીને યશસ્વી બનીએ. યશસ્વી ઈન્દ્ર, અગ્નિ અને સોમની જેમ અમે યશસ્વી બનીએ.

**સૂક્ત-૪૦ દેવતા : મંત્રોક્ત**

દ્યાવા-પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, અંતરિક્ષ અને સપ્તર્ષિઓને અપાતી આહુતિ દ્વારા અમે અભય મેળવીએ. હે સૂર્ય ! અમારા ગામમાં પ્રચુર અન્નોત્પત્તિથી કુશળ બનો. હે ઈન્દ્ર ! રાજાના ભય, શત્રુ ભયને દૂર કરો. હે ઈન્દ્ર ! બધી દિશાઓમાં અમે શત્રુ-રહિત બનીએ, અમારા દ્વેષી ક્યાંય ન રહો.

**સૂક્ત-૪૧ દેવતા : મન, દિવ્ય ઋષિ**

મન, ચેતના, ધ્યાન-બુદ્ધિ, શ્રુતિ અને દર્શન-શક્તિ માટે અમે ઈન્દ્ર-પૂજન કરીએ છીએ. પ્રાણ, અપાન, વ્યાનની અને તેને ધારણ કરનારાં પ્રાણીની અને સરસ્વતીની અમે હવિ દ્વારા પૂજા કરીએ છીએ. અમારી ઈન્દ્રિઓના રૂપમાં ઉત્પન્ન સપ્તર્ષિ અમારી રક્ષા કરો. હે દેવતા અમને દીર્ઘાયુ કરો.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૪૨ દેવતા : મંત્ર**

જેમ ધનુષ્યની પણછ ઉતારીએ એવી રીતે અમે તારા ક્રોધને ઉતારીએ. અમે સમાન મનવાળા બનીએ. અમે તારા ક્રોધને પથ્થર નીચે દબાવી દઈએ છીએ. તારા ક્રોધ ઉપર ઊભા રહીને તેને અમારે આધિન કરીએ છીએ. તને અમારા સ્વાનુકૂળ બનાવું છું.

**સૂક્ત-૪૩ દેવતા : ક્રોધ, નાશ**

આ દર્ભ સ્વજાતિના અથવા શત્રુના ક્રોધને દૂર કરવામાં સક્ષમ છે. ઊંડા મૂળિયાવાળા, પૃથ્વીથી અંતરિક્ષમાં જતા આ દર્ભ ક્રોધ-શાંતિનો ઉપાય

છે. હે ક્રોધી ! ક્રોધ-દશામાં મુખ ઉપર દેખાતી તારી નસને શાંત કરીને તારા ક્રોધને દબાવી અમારા અનુકૂળ બનાવું છું.

**સૂક્ત-૪૪ દેવતા : મંત્રોક્ત**

આકાશ, પૃથ્વી, વૃક્ષ જેવી રીતે સ્વસ્થાન ઉપર ટકી રહે છે, જેવી રીતે પ્રાણી પૃથ્વી ઉપર ટકે છે તેવી રીતે લોહી ટકે, વહે નહિ. રક્તસ્રાવરોધી આ સર્વશ્રેષ્ઠ છે. હે શિવમંત્ર શ્રૃંગોદક ! તમે રોગનો નાશ કરો. હે ગોશ્રૃંગ ! તારા 'વિષણ' નામ જ સ્રાવ તથા રોગનું શમન કરવાનું સૂચક છે.

**સૂક્ત-૪૫ દેવતા : દુઃસ્વપ્નનાશ**

હે પાપાસક્ત મન ! અમે તને ઈચ્છતા નથી. તું સ્ત્રી, પુત્ર, પશુઓમાં ઉચિત ભાવથી રહે. દુઃસ્વપ્નોના કારણરૂપ પાપ અમને અગ્નિથી દૂર રાખે. હે મંત્રસ્વામી ! હે બ્રહ્મણસ્પતિ ઈન્દ્ર ! જે પાપના કારણે અમે દુઃસ્વપ્ન સમી પીડા પામીએ છીએ તે પાપને હે વરુણ નાશ કરો.

**સૂક્ત-૪૬ દેવતા : દુઃસ્વપ્નનાશ**

હે સ્વપ્ન ! તું જીવિત પણ નથી કે મૃત નથી, તું જાગૃતાવસ્થાના અનુભવથી સંપન્ન છે. વરુણ દંપતિ તારાં માતા-પિતા છે, તારું નામ 'અસુર' છે. હે સ્વપ્નદેવતા ! દુઃસ્વપ્નથી રક્ષા કરો. અમે દુઃસ્વપ્નોના ભયને શત્રુ પાસે મોકલીએ છીએ.

**સૂક્ત-૪૭ દેવતા : અગ્નિ, વિશ્વેદેવા, સુધન્વા**

હે અગ્નિ ! પ્રાતઃ સવન કર્મમાં રક્ષા કરો. વિશ્વકર્તા, પ્રાણી હિતૈષી, દુઃખનાશક અગ્નિ ધન, સંતાન દીર્ઘાયુ પ્રદાન કરો. બીજા સવન સ્તુતિથી પ્રસન્ન મરુદ્દગણ અને ઈન્દ્ર શતાયુ બનાવો. તૃતીય સવનમાં ઋભુ અમને સિદ્ધિ આપો.

**સૂક્ત-૪૮ દેવતા : મંત્રોક્ત**

બાજપક્ષીની જેમ શીઘ્રગામી, ગાયત્રી છંદા હે પ્રાતઃકાલ સવન યજ્ઞ ! અમે દંડની સમાન તમને ધારણ કરીએ છીએ. આ આહુતિ તમને આપીએ છીએ. જગચ્છંદા, ઋભુ પ્રસન્નકર્તા હે તૃતીય સવનવાળા યજ્ઞ ! તમને દંડની સમાન ધારણ કરીએ છીએ. અમારી આહુતિ તમારા માટે છે. હે ત્રિષ્ટુપ છંદ, ઈન્દ્ર, પ્રસન્નકર્તા, માધ્યન્દિન સવનમાં અમે તમને નમન કરીએ છીએ.

**સૂક્ત-૪૯ દેવતા : અગ્નિ**

હે અગ્નિદેવ ! આપની કાયાની ક્રૂરતાને કોઈ સહન નથી કરી શકતું. જેમ ગાયો પોતે જ ઉત્પન્ન કરેલી ઓર ખાઈ જાય છે તેવી જ રીતે અગ્નિદેવ પોતાના દ્વારા ઉત્પન્ન પદાર્થોને ખાઈ જાય છે. વનોમાં દાવાગ્નિરૂપે તૃણનું ભક્ષણ કરો છો. શવાગ્નિરૂપે પોતાની જ્વાળાથી માથું તથા સમગ્ર રૂપને પોતાનામાં સમાવી લો છો. હે અગ્નિ ! આપની બાજ પક્ષી જેવી શીઘ્રગામી જ્વાળાઓ અવાજ કરે છે તેમજ નૃત્યની જેમ ગતિ કરે છે. આ જ્વાળાઓ ધુમાડો કરીને મેઘ બનાવે છે અને સંસાર માટે જળને ધારણ કરે છે.

**સૂક્ત-૫૦ દેવતા : અશ્વિનીકુમાર**

હે અશ્વિ દેવો ! આપ હિંસક ઊંદરોનો નાશ કરો. આપ તેમનાં માથાં કાપી નાખો. આપ ઉંદરનું મોં બંધ કરી અમારા પાક, ધાન આદિની રક્ષા કરો. હે હિંસા કરનારા ઉંદરો અને પતંગિયા ! તમારો નાશ કરવાના હેતુથી જ અશ્વિનીકુમારોને આ આહુતિ આપીએ છીએ. આથી આહુતિ અપાય તે પહેલા જ અમારા જવ-અન્ન વગેરે છોડીને નાસી જાવ.

**સૂક્ત-૫૧ દેવતા : સોમ, જળ, વરુણ**

વાયુ દ્વારા પવિત્ર થયેલા સોમરસનું મુખ વડે સેવન કરવાથી તુર્ત જ નાભિ સુધી ફેલાઈ જાય છે. તે ઈન્દ્રનો મિત્ર છે. માતૃવત પોષક જળ અમને પાવન બનાવો. ઘી રૂપી જળ અમારી અશુદ્ધતાનું નિવારણ કરો. જળની દિવ્યતા પોતાના દિવ્ય સ્રોતથી બધા પાપોનું શોધન કરો. હે વરુણ ! શુદ્ધ અને પવિત્ર બની અમે ઊર્ધ્વગામી થઈએ.

## • છઠ્ઠો અધ્યાય •

**સૂક્ત-૫૨ દેવતા : સૂર્ય, ગૌ, ભેષજ**

પિશાચાદિ રાત્રે અંધકારમાં ઉપદ્રવ કરે છે તેને સમાપ્ત કરવા સૂર્યદેવ ઉદયાચળ-શિખર પર બધાની સામે અંતરિક્ષમાં પ્રગટ થઈ રહ્યા છે. અમને ન દેખાતા યાતુધાનોનો પણ દેવ પોતાના સામર્થ્યથી નાશ કરો. સૂર્યદેવ પ્રગટ થવાથી અંધકારમાં સંતાઈ ગયેલી નદીઓની લહેરો સ્પષ્ટ દેખાવા લાગી, હિંસક પશુ જંગલોમાં બેસી ગયા, અમારી ગાયો પણ નિર્ભય બનીને ગૌશાળામાં બેસી ગઈ છે. રોગનો નાશ કરનાર અને લાંબું આયુષ્ય આપનાર

મહર્ષિ કણ્વ દ્વારા બતાવાયેલ શમી ઔષધિ અમે મેળવીએ છીએ. આ ઔષધિ અદૃશ્ય જિવાણુઓનો નાશ કરી અમને રોગથી સંપૂર્ણ મુક્ત કરો.

**સૂક્ત-૫૩ દેવતા : પૃથ્વી આદિ**

હે સૂર્યદેવ ! દક્ષિણ દિશામાં અમારી રક્ષા કરો, દ્યાવા-પૃથ્વી અમારી કામના પૂર્ણ કરો. પિતૃઓ અન્નાદિ આપો, સોમ, અગ્નિ, સવિતા, ભગદેવ અનુકૂળ બનો. જીવનદાતા પ્રાણવાયુ અમને પ્રાપ્ત થાવ, અમારું અંતઃકરણ શુદ્ધ બનો, શરીરનાં અંગો સ્વસ્થ રહો, હે ત્વષ્ટા ! અમારા રોગપીડિત અંગને રોગ-રહિત કરો અને શરીરને પુષ્ટ કરો.

**સૂક્ત-૫૪ દેવતા : અગ્નિ, સોમ**

અમે અભિચાર-દોષના શમન માટેનું કર્મ કરી, ઈન્દ્રને પ્રસન્ન કરીએ છીએ. ઈન્દ્ર અમને ધન, બળ, સંતાનવૃદ્ધિ આપો. હે અગ્નિ ! હે સોમ ! યજમાનને ફલ-પ્રાપ્તિ અર્થે યજ્ઞ કરીએ છીએ, તેમને ધન-બળ આપો. સગોત્ર અથવા અસગોત્ર શત્રુને યજમાનના વશમાં કરો.

**સૂક્ત-૫૫ દેવતા : રુદ્ર**

દેવયાનમાં જે બુદ્ધિપ્રદ માર્ગ હોય તે અમને પ્રાપ્ત થાવ. હે ઋતુઓ ! અમે તમારા આશ્રિત છીએ, અમને પશુ-સંતાનયુક્ત કરો. હે મનુષ્યો ! ઈદાવત્સર, પરિવત્સર અને સંવત્સરને પ્રણામ કરી તેમને પ્રસન્ન કરો અને શ્રેષ્ઠફળ મેળવો.

**સૂક્ત-૫૬ દેવતા : વિશ્વેદેવા, ઇન્દ્ર**

હે વિષશમનકર્તા દેવો ! તમને નમસ્કાર. સર્પો અમારી અને અમારા પુત્ર-પૌત્રાદિની હિંસા ન કરી શકો. દંશ દેવા તેમનું ખૂલેલું મોં ખુલ્લું જ રહી જાય અને બંધ મોં બંધ રહે. કાળા વર્ણવાળા, આડી લીટીઓવાળા અને 'સ્વજ' નામના સર્પો તમારી દાઢના ઉપરના અને નીચેના ભાગને મંત્રો વડે સીવી લઉં છું, બન્ને જીભોને જોડું છું, અનેક ફેણ એક સાથે બાંધી દઉં છું.

**સૂક્ત-૫૭ દેવતા : રુદ્ર, ભેષજ**

રુદ્રદેવની રોગશામક ઔષધિનો અમે પ્રયોગ કરીએ છીએ. હે પરિવારકો ! રોગીઓને આ ઔષધિયુક્ત જળ વડે સાફ કરો. હે રુદ્રદેવ ! અમને સ્વસ્થ રાખો, અમારાં પશુ તથા પ્રજા રોગ-મુક્ત રહો. રોગના મૂળ કારણ પાપોનો નાશ થાઓ. રોગનાશક શક્તિઓનું અમને જ્ઞાન પ્રાપ્ત થાવ.

**સૂક્ત-૫૮ દેવતા : ઇન્દ્ર આદિ મંત્રોક્ત**

ધનવાન ઈન્દ્ર દેવ, દ્યાવા-પૃથ્વી તેમજ સવિતાદેવ અમને યશ આપો. અમે ઋત્વિજોના પ્રિય બનીએ. જેવી રીતે આકાશમાંથી પૃથ્વી પર જળવર્ષા કરવાને કારણે ઈન્દ્રદેવ યશસ્વી છે, જળ ઔષધિઓમાં યશસ્વી છે, તેવી જ રીતે બધા દેવતાઓ તેમજ મનુષ્યોમાં અમે યશ પ્રાપ્ત કરીએ. ઈન્દ્રદેવ, અગ્નિ તેમજ સોમદેવ આદિ જેવા અમે પણ યશસ્વી બનીએ.

**સૂક્ત-૫૯ દેવતા : સહદેવી ઔષધિ**

હે સહદેવી (ઔષધિ) ! આપ બળદો, ગાયો અને અન્ય ચાર પગવાળા પશુઓ તેમજ પક્ષીઓને સુખ આપો અને અમારા ગોત્રને દૂધ-સંપન્ન બનાવી, પુત્ર-પૌત્રાદિને રોગમુક્ત કરો. હે ઔષધિ ! આપ રુદ્ર દ્વારા ફેંકવામાં આવેલા શસ્ત્રોથી અર્થાત રોગોથી અમારાં પશુઓને બચાવો.

**સૂક્ત-૬૦ દેવતા : અર્યમા**

પૂર્વમાં ઉદિત થનારા હે સૂર્યદેવ ! કન્યાને પતિ અને સ્ત્રી રહિત પુરુષને પત્ની પ્રાપ્ત કરાવો. પતિની ઈચ્છાવાળી આ કન્યાઓ ખિન્ન થઈ રહી છે. હે અર્યમન્ (સૂર્યદેવ) ! બધી કન્યાઓને ઈચ્છિત પતિ પ્રદાન કરવાની કૃપા કરો.

**સૂક્ત-૬૧ દેવતા : રુદ્ર**

સર્વપ્રેરક સૂર્યદેવ સુખદાયક તેજસ બધી બાજુ ભરી દે છે. જળના અધિષ્ઠાતા દેવ મધુર જળ આપો. તપથી ઉત્પન્ન દેવતા અમને ઈષ્ટ ફળ આપો. સવિતાદેવતા અમારા માટે વિસ્તૃત થાવ. સૂર્યદેવે દ્યુલોક અને પૃથ્વીને અલગ કર્યાં છે. વસંત આદિ છ ઋતુઓ અને સાતમી ઋતુ (અધિમાસ) પણ તેમણે જ બનાવી છે. પૃથ્વી, સ્વર્ગ, ગંગા આદિ સાત નદીઓ તેમજ સાત સમુદ્રનો ઉત્પાદક (હું) સૂર્ય જ છે. હું જ સત્યાસત્યનો વક્તા તથા મિત્ર, અગ્નિ અને સોમને એક સાથે જોડું છું.

**સૂક્ત-૬૨ દેવતા : અગ્નિ આદિ**

વૈશ્વાનર અગ્નિ, સૂર્ય, પ્રાણ આદિ તથા અંતરિક્ષ, વાયુ, દ્યાવા-પૃથ્વી અમને પવિત્ર કરો. હે મનુષ્યો ! પૃથ્વીના સ્વામી વૈશ્વાનરની સ્તુતિનો પ્રારંભ કરો. બ્રહ્મવર્ચસ આદિ તેજ પ્રાપ્તિ માટે વાણીથી સ્તુતિ કરો. તેજસ્વી બનીને અન્યને પવિત્ર કરો. અમે ચિરકાળ સુધી સૂર્યદેવનું દર્શન કરીએ.

**સૂક્ત-૬૩ દેવતા : નિઋતિ આદિ**

હે પુરુષ ! નિઋતિ (અવિદ્યા)એ તારા ગળામાં જે બંધન બાંધી રાખ્યું છે તેને અમે કાપીએ છીએ. આયુ, બળ તેમજ તેજસ્વિતા માટે આ પાપરૂપી દોરીથી તને મુક્ત કરીએ છીએ. હે નિઋતે ! જ્યારે આપ પુરુષને લોહ-બંધનથી બાંધો છો ત્યારે મૃત્યુના જ્વર આદિરૂપ દુઃખોને હજારો બંધનથી તે બંધાઈ જાય છે. પોતાના અધિષ્ઠાતા દેવ યમ તેમજ પિતૃઓની સંમતિથી આને આનંદમય સ્વર્ગમાં પહોંચાડી દો. હે અગ્નિદેવ ! પ્રસન્ન થઈને અમને ધન આપો.

**સૂક્ત-૬૪ દેવતા : સૌમનસ્ય**

હે સમાન મનવાળા સાધકો ! તમે સમાનરૂપે જ્ઞાન પ્રાપ્ત કરો. પરસ્પર મળીને (સંગઠિત) રહો તથા તમારા મન સંયુક્ત થઈને પોતાનો પ્રભાવ પ્રગટ કરે. હે સ્તોતાઓ ! આપ બધાના મન, બુદ્ધિ, ચિત્ત તથા વ્રત-સિદ્ધાંત સમાન થાઓ. તમારા હૃદય એક સમાન થાઓ, તમારાં મન એક જેવા થાઓ, જેથી તમે સંગઠિત થઈને પોતાના કાર્ય પૂર્ણ કરી શકો.

**સૂક્ત-૬૫ દેવતા : ઇન્દ્ર**

શત્રુઓનો ક્રોધ શાંત થાવ, શસ્ત્રાસ્ત્ર દૂર થાવ, શત્રુઓની ભુજા અશક્ત તેમજ મન સાહસહીન થાઓ. હે દેવતાઓ ! આપ જે બાણોનો પ્રયોગ કરો છો, તેનાથી જ આહુતિ દ્વારા અમે શત્રુઓની ભુજાઓ કાપીએ છીએ. અમારા પરાક્રમી વીર યોદ્ધા શત્રુઓને જીતો.

**સૂક્ત-૬૬ દેવતા : ઇન્દ્ર**

હે ઈન્દ્રદેવ ! અમારા પર આક્રમણ કરનારા શત્રુઓનું બાહુબળ ક્ષીણ થાઓ. અમારી સામે આવનારા શત્રુને આપ તેમના જ ઘોર સંહારક શસ્ત્રથી નષ્ટ કરો. અમારા શત્રુઓનું ભુજબળ નાશ પામો. તેમનાં અંગો શક્તિ વિનાના થઈ જાઓ. ઈન્દ્રદેવની કૃપાથી શત્રુઓની સંપત્તિ અમે પ્રાપ્ત કરીએ.

**સૂક્ત-૬૭ દેવતા : ઇન્દ્ર**

હે ઈન્દ્ર અને પૂષા દેવો ! આપ શત્રુઓના માર્ગને રોકી લો. હે શત્રુઓ ! ઈન્દ્રદેવ તમારા મુખ્ય વીરોનો નાશ કરી દો અને તમે ફેણ કપાયેલા સાપની જેમ તેજહિન થઈને નકામા જ સંગ્રામ સ્થાનમાં ભટક્યા કરો. હે ઈન્દ્રદેવ ! આપ શત્રુઓમાં ભય ઉત્પન્ન કરો, જેથી પરાજિત થઈને ભાગેલા તે શત્રુઓનું ધન, ગાયો આદિ અમને પ્રાપ્ત થાય.

**સૂક્ત-૬૮ દેવતા : સવિતા આદિ**

સર્વપ્રેરક સવિતાદેવ મુંડન કરનારા છરા (અસ્ત્રા) સાથે આવ્યા છે. હે વાયુદેવ ! આપ પણ માથું પલાળવા ગરમ પાણી લઈ આવો. રુદ્ર તેમજ આદિત્યગણ એકચિત્ત થઈને બાળકના માથાને પલાળો. હે જ્ઞાનવાનો ! આપ સોમના કેશોનું મુંડન કરો. અદિતિ માતા આના વાળોનું મુંડન કરો. જળદેવ પોતાના તેજસથી વાળોને ભીનાં કરો, દીર્ઘાયુ અને દર્શનશક્તિ માટે પ્રજાપતિ આની ચિકિત્સા કરો. શ્રેષ્ઠ સંસ્કારો દ્વારા આ ગાયો, ઘોડા, પુત્ર-પૌત્રાદિથી સમૃદ્ધ થાઓ.

**સૂક્ત-૬૯ દેવતા : બૃહસ્પતિ, અશ્વિનીકુમાર**

હિમવાન પર્વતમાં, રથારૂઢ વીરોના જયઘોષોમાં, સોનું તથા ગાયોનું દૂધ આપવામાં જે યશ છે તથા પર્જન્ય ધારા અને અન્નના મધુર રસમાં જે મધુરતા છે, તે અમને પણ પ્રાપ્ત થાઓ. હે અશ્વિનીકુમારો ! અમને મધુર તત્ત્વથી યુક્ત કરો, જેથી અમારી વાણી મધુર બને. હે પ્રજાપતિ ! અમને યશ અને તેજસ્વિતા આપો.

**સૂક્ત-૭૦ દેવતા : ગૌ**

જેવી રીતે માંસાહારીને માંસ, દારૂડિયાને દારૂ, જુગારીને પાસા અને કામી પુરુષને સ્ત્રી પ્રિય હોય છે તેવી રીતે હે અવધ્ય માતા (ગાય કે પ્રકૃતિ) આપ પોતાના વાછડા (બાળકો)ને પ્રેમ કરો છો. જેમ હાથી હાથણીના પગ સાથે પગ મેળવીને પ્રસન્ન થાય છે અને કામી પુરુષનું મન સ્ત્રીઓમાં જ રમે છે, તેવી જ રીતે હે મા ! આપનું મન વાછડા સાથે જોડાયેલું રહે છે. જેમ રથનાં ચક્રને ધરી જોડી રાખે છે અને કામી પુરુષનું મન સ્ત્રીમાં રમે છે તેવી રીતે હે માતા આપ પોતાના વાછડા સાથે જોડાયેલી રહો.

**સૂક્ત-૭૧ દેવતા : અગ્નિ**

અમે વિવિધ પ્રકારનાં અન્ન, સોનું, ઘોડા, ગાય, બકરી, ઘેટા આદિનો સંગ્રહ કરી લીધો છે. અમારા બન્ને પ્રકારના દ્રવ્ય જે અમને પિતૃઓ, દેવતાઓ અને મનુષ્યો દ્વારા પ્રાપ્ત થયા છે તે બધાને અગ્નિદેવ સુહુત બનાવો. અસત્ય વહેવારથી ખાધેલું અન્ન કે ઋણ ચૂકવ્યા વિના જે સંગ્રહ કરીએ છીએ તે વૈશ્વાનર-અગ્નિની કૃપાથી અમારા માટે મધુર અને કલ્યાણકારી થાઓ.

**સૂક્ત-૭૨ દેવતા : અર્ક**

જેવી રીતે બંધનરહિત પુરુષ આસુરી માયા દ્વારા વિવિધ રૂપોનું સર્જન કરે છે, તેવી જ રીતે હે દેવ ! આપ પ્રજજનાંગ ને સંતાનોત્પત્તિ માટે સમર્થ બનાવો.

## • આઠમો અધ્યાય •

**સૂક્ત-૭૩ દેવતા : વરુણ આદિ**

અગ્નિદેવ, સોમદેવ, વરુણદેવ અહીં આવો. સમસ્ત દેવોના સ્વામી બૃહસ્પતિ દેવ આઠ વસુઓ સાથે આવો. હે સમાન જન્મવાળા ! આપ સમાન મનવાળા થઈને આ ઉગ્રચેતના સંપન્નને શ્રી સંપન્ન બનાવો. આપના હૃદયમાં રહેલા બળ અને મનમાં રહેલા સંકલ્પને હવિષ્યાન્ન તેમજ ઘી દ્વારા પરસ્પર જોડીએ છીએ.

**સૂક્ત-૭૪ દેવતા : બ્રાહ્મણસ્પતિ**

હે સાંમનસ્ય ઈચ્છનારા ! આપના તન અને મન પરસ્પર સ્નેહથી મળેલા રહો. કર્મ પણ પરસ્પર હળીમળીને સંપન્ન થાવ. ભગદેવતાના શ્રમપૂર્વકના તપ જેવા શ્રેષ્ઠ કર્મ દ્વારા અમે આપને સમાન જ્ઞાનવાળા બનાવીએ. અદિતિનો પુત્ર મિત્રાવરુણ જેવી રીતે આઠ વસુઓની સાથે તેમજ ઉગ્ર રુદ્ર પોતાની ઉગ્રતાને ત્યાગીને મરુદ્‌ગણોની સાથે સમાન જ્ઞાન સંપન્ન થાય તેવી રીતે હે ત્રણ નામવાળા અગ્નિદેવ ! આપ ક્રોધનો ત્યાગ કરો.

**સૂક્ત-૭૫ દેવતા : મંત્રોક્ત**

અમને પીડા પહોંચાડવા એકત્ર થતી સેના પોતાના સ્થાનેથી પતીત થાવ. શત્રુનાશ માટે અર્પિત આહુતિઓથી પ્રસન્ન થઈને ઈન્દ્રદેવ શત્રુઓનો નાશ કરો. તેમને દૂર ભગાડી મૂકો જેથી સેંકડો વર્ષો પછી પણ પાછા ન વળી શકે.

**સૂક્ત-૭૬ દેવતા : અગ્નિ**

જ્વાળારૂપી જિહ્‌વા ધરાવતા આ અગ્નિ (યજ્ઞ)ની ચારેબાજુ જે લોકો ઉપાસના કરવા બેસે છે તેમના હૃદયમાં જ્ઞાનાગ્નિ પ્રગટો. દીર્ઘજીવનની કામનાથી જે જ્ઞાતા ક્ષત્રિય અગ્નિદેવનાં સ્તોત્રનો પય કરે છે તેને શત્રુ પણ મારી શકતો નથી.

**સૂક્ત-૭૭ દેવતા : અગ્નિ**

દ્યુલોક, ભૂલોક તેમજ બન્નેની વચ્ચેનું સંપૂર્ણ જગત જેમ પોતાની જગ્યામાં અને મર્યાદામાં સ્થિર છે, તેવી રીતે અમે સ્થામ્નિ (આત્મશક્તિ) દ્વારા મર્યાદામાં સ્થિર રહીએ છીએ. હે ગો (ઇન્દ્રિય આદિ શક્તિઓ)ના પાલનકર્તા પરમ સ્થાન પામીને પણ નિમ્ન સ્થાનો તરફ આવે છે તેમનું અમે આહ્‌વાન કરીએ છીએ.

**સૂક્ત-૭૮ દેવતા : ચંદ્ર**

દહીં, મધ, ઘી યુક્ત હવિ આ પુરુષ અને જે સ્ત્રીને વિવાહ માટે લાવવામાં આવી છે તે બન્નેને પુષ્ટ કરો. પુષ્ટિકારક રસથી બન્નેની વૃદ્ધિ થાઓ. ત્વષ્ટાદેવે આ સ્ત્રીને ઉત્પન્ન કરી છે. હે પતિ ! આપને પણ ત્વષ્ટાદેવે આ સ્ત્રી માટે ઉત્પન્ન કર્યા છે. તે ત્વષ્ટાદેવ આપ બન્નેને દીર્ઘાયુષ્ય આપીને, હજારો વર્ષ સુધી જીવનયાપન કરનારા બનાવો.

**સૂક્ત-૭૯ દેવતા : અગ્નિ, વાયુ, આદિત્ય**

અગ્નિદેવ આહુતિઓને દ્યુલોક સુધી પહોંચાડે છે, આથી તેઓ પાલક ગણાય છે. તે અગ્નિદેવ અમારા ઘરોને ધન-ધાન્ય આદિ સામગ્રીથી ભરપૂર રાખો. હે વાયુ ! અમારા ઘરોને બળવર્ધક રસ-અન્નથી ભરી દો. હે આદિત્ય ! અમને ઐશ્વર્યના ભાગીદાર બનાવો.

**સૂક્ત-૮૦ દેવતા : ચંદ્ર**

દિવ્યલોકના શૂનઃને અમે હવિષ્ય અર્પણ કરીએ છીએ. તમે અંતરિક્ષમાંથી અવતરણ કરો છો. આ જે ત્રણ કાલકાંજ (અસુર) દ્યુલોકમાં આપનું સ્થાન છે. હે અગ્નિદેવ ! દિવ્ય શ્વાન (સૂર્ય)નાં તેજ રૂપ હવિથી અમે આપનું પૂજન કરીએ છીએ.

**સૂક્ત-૮૧ દેવતા : આદિત્ય**

હે અગ્નિ ! આપ આસુરી વૃત્તિઓ અને આસુરી શક્તિઓને વશમાં રાખો છો, તેમજ તેમનો નાશ કરો છો. હે તેજોવલય (કંકણ) આપ ગર્ભ અને યોનિની સુરક્ષા કરો. પુત્રની કામનાવાળા અદિતિ દેવીએ જે કંકણ ધારણ કર્યું હતું તેને ત્વષ્ટાદેવ આ નારીને ધારણ કરાવો જેથી તે પુત્ર ઉત્પન્ન કરવામાં સમર્થ બને.

**સૂક્ત-૮૨ દેવતા : ઇન્દ્ર**

વૃત્રાસુરને હણનાર, વસુઓના ઉપાસિત શતક્રતુ ઈન્દ્રદેવના શક્તિ પ્રવાહોનું હું વરણ કરું છું. અશ્વિનીકુમારોએ જે માર્ગ દ્વારા સૂર્યા-સાવિત્રીને પ્રાપ્ત કરી હતી તે જ ઉત્તમ માર્ગે તમે પણ સ્ત્રી પ્રાપ્ત કરો. હે ઈન્દ્રદેવ ! મને પુત્રની ઈચ્છાવાળાને આપ સ્ત્રી આપો.

## • નવમો અધ્યાય •

**સૂક્ત-૮૩ દેવતા : સૂર્યોદય**

હે કંઠમાળ રોગ ! માળામાંથી નીકળનારા ગરુડની જેમ તું આ શરીરમાંથી નીકળી જા. સૂર્યદેવ રોગની ઔષધિ બનાવો અને ચંદ્રમા રોગને દૂર કરો. હે કંઠમાળાઓ ! તમે કાબર-ચીતરી, સફેદ, કાળી તથા લાલ રંગની છો. આ રીતે બધા નામ અમે લીધાં છે. હે અપચિતો ! વીરપુરુષની હિંસા ન કરો, અહીંથી (શરીરમાંથી) ચાલી જા.

**સૂક્ત-૮૪ દેવતા : નિઋતિ**

હે નિઋતે (દુર્ગતિનાં બંધનો) ! પીડિતોને મુક્ત કરવા માટે અમે તમારા મુખમાં આહુતિ આપીએ છીએ. તમે મનથી તેને ગ્રહણ કરી રોગીને રોગ મુક્ત કરો. ઔષધિઓથી તૈયાર થયેલું આ જળ રોગીને રોગ-મુક્ત કરો. તમે રોગ-બંધનથી મુક્ત કરી અમને સુખ આપો. હે રોગીન ! તમને મૃત્યુના દેવતા યમે ફરીથી અમારા માટે પાછા લાવ્યા છે. તે પ્રાણાપહારી યમદેવને નમસ્કાર.

**સૂક્ત-૮૫ દેવતા : વનસ્પતિ**

આ વરણ-વૃક્ષનો મણિ રાજ્યક્ષ્મા આદિ રોગોનો નાશ કરો. મણિ બાંધનારા અમે ઈન્દ્રદેવ, મિત્ર, વરુણ તથા અન્ય દેવતાઓનાં વચનો દ્વારા તમારો ક્ષયરોગ મટાડીએ છીએ. જેવી રીતે વૃત્રાસુરે જગત-પોષક મેઘમાં રહેલ જળપ્રવાહને રોક્યો હતો તેવી રીતે હે રોગિન્ ! અમે વૈશ્વાનર અગ્નિદેવ દ્વારા તમારા રોગને રોકીએ છીએ.

**સૂક્ત-૮૬ દેવતા : એક વૃષ**

આ શ્રેષ્ઠતાની ઈચ્છાવાળો પુરુષ, ઈન્દ્રદેવની કૃપાથી તૃપ્ત કરનારો થાઓ. આ દ્યુલોકને તૃપ્ત કરી પર્જન્યની વર્ષા દ્વારા બધાં પ્રાણીઓને તૃપ્ત

કરો. જળના સ્વામી સમુદ્ર, પૃથ્વીના સ્વામી અગ્નિ, નક્ષત્રોના સ્વામી ચંદ્રમા છે. તેવી જ રીતે હે શ્રેષ્ઠતા ચાહનારા પુરુષ તમે પણ સર્વશ્રેષ્ઠ બનો.

**સૂક્ત-૮૭ દેવતા : ધ્રુવ**

હે રાજન્ ! આપને આ રાષ્ટ્રના અધિપતિ નિયુક્ત કર્યા છે. આપ આના સ્વામી બનો. પ્રજાજન આપની ઈચ્છા કરો. આપના માધ્યમથી રાષ્ટ્રનું ગૌરવ ક્ષીણ ન થાઓ. જેમ સ્વર્ગમાં ઈન્દ્રદેવ છે, તેવી રીતે આપ પૃથ્વી પર સ્થિર થઈ શાસન કરો અને રાષ્ટ્રનું નેતૃત્વ કરો.

**સૂક્ત-૮૮ દેવતા : ધ્રુવ**

જેવી રીતે આકાશ, પૃથ્વી, બધા પર્વત અને આખું વિશ્વ અવિચલ છે, તેવી જ રીતે આ પ્રજાજનોનાં સ્વામી રાજા પણ સ્થિર રહો. આ રાષ્ટ્રનો વરુણદેવ, બૃહસ્પતિદેવ, ઈન્દ્રદેવ અને અગ્નિદેવ સ્થિરતા પ્રદાન કરો. બધી દિશાઓની પ્રજા સમાન બુદ્ધિ તેમજ સમાન મનવાળી થાઓ.

**સૂક્ત-૮૯ દેવતા : મંત્રોક્ત**

સોમે આપેલું, પ્રેમ કરનારું આ બળવાન મસ્તક છે. તેનાથી ઉત્પન્ન બળ અર્થાત પ્રેમથી અમે આપના હૃદયના ભાવોને ઉદીપ્ત કરીએ છીએ. જેવી રીતે ધુમાડો વાયુને અનુકૂળ થઈને એક જ દિશામાં જાય છે, તેવી રીતે તમારા મનને પ્રેમભાવથી પ્રભાવિત કરીએ જેથી તમે અમારી સાથે અનુકૂળ થઈ જાવ. મિત્રાવરુણ, દેવી સરસ્વતી તેમજ બધાં પ્રાણીઓ તેમને અમારી સાથે જોડો.

**સૂક્ત-૯૦ દેવતા : રુદ્ર**

હે પીડિત ! શૂળરોગના અધિષ્ઠાતા રુદ્રદેવે તમારા અંગોને વીંધવા બાણો છોડ્યા છે. અમે આજે તેને ઉપાડીએ છીએ. હે ઈન્દ્ર આપને નમસ્કાર ! આપના ધનુષ પર ચઢાવેલા બાણ તેમજ છોડવામાં આવેલા વાહકોને પણ નમસ્કાર.

**સૂક્ત-૯૧ દેવતા : યક્ષ્માનાશન જળ**

આ જવને આઠ બળદવાળા તથા છ બળદવાળા હળથી ખેડીને ઔષધિ માટે ઉત્પન્ન કર્યા છે. હે રોગિન્ ! અમે આ જવ દ્વારા રોગના બીજને દૂર કરીએ છીએ. વાયુદેવ નીચેના લોકમાં આવે છે, સૂર્યદેવ નીચે તરફ તાપ

આપે છે, ગાય નીચે તરફ દોહવામાં આવે છે તેવી રીતે આપનું અમંગળ પણ અધોગામી થાવ. આ જળ બધા માટે હિતકારી ઔષધિરૂપ છે, આપના રોગોનો નાશ થાવ.

**સૂક્ત-૯૨ દેવતા : અશ્વ**

હે અશ્વ ! રથમાં જોડાવ. મરુદ્ગણ તમને મન જેવી ગતિ આપે. વાયુના બળથી યુદ્ધમાં વિજય મેળવો, ગ્રામ અને નગર સુધી પહોંચવા સરળ ગતિથી ચાલો.

## • દસમો અધ્યાય •

**સૂક્ત-૯૩ દેવતા : યમ આદિ**

મૃત્યુના દેવતા યમ, પાપીઓને મારનારા, ઉત્પાદક, પોષક, હિંસક, શસ્ત્ર ફેંકનારા, ભૂરી શિખાવાળા, સેના સાથે પાપીઓ સામે ચઢાઈ કરનારા છે, તેઓ અમારા પુત્ર-પૌત્રાદિને સુરક્ષિત રાખી સુખ આપે. શર્વ શસ્ત્રના સ્વામી રુદ્રદેવ અને અન્ય દેવોને નમસ્કાર કરીએ છીએ. હે મરુદ્ગણ અને વિશ્વે દેવા તેમજ મિત્ર, વરુણ, અગ્નિ અને સોમદેવ અમને મારક કૃત્યાઓથી બચાવો, પર્જન્ય અમારા પર અનુગ્રહ કરો.

**સૂક્ત-૯૪ દેવતા : સરસ્વતી**

હે વિરુદ્ધ મનવાળા મનુષ્યો ! તમારા મન, વિચાર તેમજ સંકલ્પોને એક ભાવે જોડી, પરસ્પર વિરોધી કાર્યોને અનુકૂળતામાં પરિવર્તિત કરીએ છીએ. તમે અનુકૂળ ચિત્રવાળા અહીં આવો. દ્યાવા-પૃથ્વી, વાક્દેવી સરસ્વતી, ઈન્દ્રદેવ અને અગ્નિદેવ પણ અમારી સાથે જોડાયેલા છે. બધાની કૃપાથી અમે સમૃદ્ધ બનીએ.

**સૂક્ત-૯૫ દેવતા : વનસ્પતિ**

અહીંથી ત્રીજા લોકમાં દેવતાઓને બેસવાનો પીપળો છે, ત્યાં અમૃતનું વર્ણન કરનાર ઔષધિનું જ્ઞાન (કુષ્ઠનું) દેવતાઓએ પ્રાપ્ત કર્યું. હે અગ્નિ ! ઔષધિઓના ગર્ભમાં આપ છો. હિમવાળાઓના ગર્ભમાં પણ આપ છો. બધા જ ભૂત-પ્રાણીઓમાં ગર્ભરૂપે આપ જ રહો છો. એવા હે અગ્નિદેવ ! અમારા રોગીને આપ રોગમુક્ત કરો.

**સૂક્ત-૯૬ દેવતા : વનસ્પતિ**

બૃહસ્પતિદેવ દ્વારા જે ઔષધિ અનેક રોગોમાં વાપરવામાં આવી છે તે ઔષધિઓ અમને રોગમૂલક પાપોથી છોડાવે. જળ અથવા ઔષધિઓ અમને શાપજનિત રોગ કે પાપથી બચાવો. અમે જાગતા કે ઊંઘતા જે પાપકર્મ ઈન્દ્રિયો દ્વારા, વાણી દ્વારા અથવા મન દ્વારા કર્યા હોય, અમારા એ બધા પાપોથી સોમદેવતા પોતાની પવિત્ર શક્તિ દ્વારા અમને મુક્ત કરો.

**સૂક્ત-૯૭ દેવતા : મિત્રાવરુણ**

યજ્ઞદેવ, અગ્નિદેવ, સોમદેવ અને ઈન્દ્રદેવ શત્રુઓને પરાજિત કરો. બધા દેવોની કૃપાથી અમે શત્રુ-સેનાઓને જીતી લઈએ, તે નિમિત્તે આ હવિ અગ્નિદેવને અર્પિત કરીએ છીએ. હે વિદ્વાન મિત્ર અને વરુણદેવ ! આ હવિરૂપી અન્ન આપને તૃપ્ત કરો. આપ પ્રજાને ક્ષત્રિયબળથી સીંચો. નિર્ઋતિ દેવતાને અમારાથી દૂર કરો અને કરવામાં આવેલાં પાપોથી અમને મુક્ત કરો. હે વીરો ! આ વીર્યવાન રાજા વીરરસથી આનંદિત થાઓ અને યુદ્ધ માટે સદૈવ તૈયાર રહો.

**સૂક્ત-૯૮ દેવતા : ઇન્દ્ર**

હે રાજેન્દ્ર ! આપ અન્ય રાજાઓ કરતાં વધારે કીર્તિ સંપન્ન થાઓ. આપ પ્રજાજનોને સમૃદ્ધ બનાવો. આપ પૂર્વ આદિ બધી દિશાઓના સ્વામી થાઓ. આપ વૃત્રાક્ષરને હણનારા શત્રુનાશક છો. ભૂમંડળ આખું આપનું છે. અમે આપનું આહ્‌વાન કરીએ છીએ. આપ અમને આ સંગ્રામમાં વિજયી બનાવો.

**સૂક્ત-૯૯ દેવતા : ઇન્દ્ર આદિ**

હે ઈન્દ્રદેવ ! પાપ કે પરાજય પહેલાં જ અમે આપનું આહ્‌વાન કરીએ છીએ. આપ પ્રચંડ-બળ સંપન્ન તેમજ સંગ્રામ જીતવામાં નિપુણ છો. શત્રુસેના અમને મારવા માટે જે શસ્ત્રો ઉઠાવી રહી છે, તેનાથી રક્ષણ આપવા સમર્થ ઈન્દ્રદેવની ભૂજાઓને અમે અમારી ચારે બાજુ રક્ષા-કવચના રૂપે ધારણ કરીએ છીએ. હે ઈન્દ્ર, સવિતા, સોમદેવ અમારી રક્ષા કરો. અમે યુદ્ધમાં વિજય મેળવીએ.

**સૂક્ત-૧૦૦ દેવતા : વનસ્પતિ**

સૂર્ય, ઈન્દ્ર આદિ દેવતા, દ્યાવા-પૃથ્વી, ઈડા, સરસ્વતી તેમજ ભારતી દેવીઓ પણ અમને વિષ-નાશક ઔષધિ આપો. હે ઔષધિ ! તમે અસુરોની

પુત્રી છો અને દેવતાઓની બહેન છો. હે અંતરિક્ષ અને પૃથ્વીથી ઉત્પન્ન મૃત્તિકે ! તમે સ્થાવર તેમજ જંગમ વિષને દૂર કરો. બધાને શક્તિ આપો.

**સૂક્ત-૧૦૧ દેવતા : બ્રહ્મણસ્પતિ**

હે પુરુષ ! તમે સેવન સમર્થ સાંઢ જેવા પ્રાણવાન થાઓ. શરીરના અંગ-અવયવ સુદૃઢ અને વર્ધિત થાઓ. આ રીતે પુષ્ટ થયા પછી સ્ત્રીને પ્રાપ્ત કરો. હે બ્રહ્મણસ્પતે ! એ રસ દ્વારા આપ આ પુરુષના શરીરાંગને પ્રત્યંચા ચડેલા ધનુષ જેવા સામર્થ્યવાળા બનાવો. હે પુરુષ ! તમે પ્રસન્ન મન તેમજ હૃષ્ટ-પુષ્ટ શરીરવાળા થઈને જીવનસંગીની સાથે રહો.

**સૂક્ત-૧૦૨ દેવતા : અશ્વિની**

હે અશ્વિનીકુમારો ! જેવી રીતે રથમાં જોડાયેલા ઘોડા વાહકની ઈચ્છા પ્રમાણે વર્તાવ કરે છે તેવી જ રીતે આપનું મન અમારી તરફ આકર્ષિત રહે અને આપ હંમેશા અમને અનુકૂળ વ્યવહાર કરો. જેમ અશ્વરાજ ખૂંટે બાંધેલા દોરડાને રમતમાં જ ઉપાડી લે છે તેમ આપના મનને હું પોતાની તરફ આકર્ષિત કરું છું. આપનું મન અમારી સાથે જ રમણ કરો. આપના ઐશ્વર્ય આપનાર અંજન જેવા હર્ષદાયક 'કુષ્ઠ' અને 'નલ'ના હાથો દ્વારા અમે આપની અનુકૂળતા પ્રાપ્ત કરીએ.

## • અગિયારમો અધ્યાય •

**સૂક્ત-૧૦૩ દેવતા : બૃહસ્પતિ આદિ**

હે શત્રુસેનાઓ ! બૃહસ્પતિ, સવિતા, અર્યમા, યમ અને અશ્વિનીકુમારો તમને બંધનમાં નાખે. અમે ઉત્તમ, મધ્યમ, અધમ શત્રુ-સેનાઓને પાશ-બદ્ધ કરીએ છીએ. હે અગ્નિ ! શત્રુઓને બંધનમાં નાંખો. હે ઈન્દ્ર ! સેનાપતિઓને દૂર કરો. આ શત્રુઓને દૂર કરો જે ધ્વજ લહેરાવતા આવી રહ્યા છે.

**સૂક્ત-૧૦૪ દેવતા : ઇન્દ્રાગ્નિ, ઇન્દ્ર**

આદાન અને સંદાન નામના પાશોમાં અમે શત્રુઓને બાંધીએ છીએ. તે શત્રુઓના જે અપાન અને પ્રાણ છે તેમને અમે જીવનશક્તિથી છિન્ન-ભિન્ન કરીએ છીએ. આ આદાન નામના પાશ યંત્રને અમે તપ દ્વારા સિદ્ધ કરી લીધું છે, જે ઈન્દ્રદેવ દ્વારા તીક્ષ્ણ કરેલું છે. હે અગ્નિદેવ ! આપ સંગ્રામમાં અમારા

શત્રુઓને પાશથી બાંધો. હવિ વડે પ્રસન્ન થનારા હે ઈન્દ્રદેવ-અગ્નિદેવ, સોમ અને મરુદ્‌ગણો અમારા શત્રુઓને પાશબદ્ધ કરો.

**સૂક્ત-૧૦૫ દેવતા : કાસા**

જેવી રીતે શીઘ્રગામી મન જાણવા યોગ્ય દૂર રહેલા પદાર્થ સુધી તરત પહોંચી જાય છે તેવી રીતે હે કાલે ! (ખાંસી) તમે મનમાં વેગથી આ રોગીને છોડીને દૂર ભાગી જાઓ. તીક્ષ્ણ બાણની જેમ હે કાસા ! તમે ખાડા-ટેકરાવાળા પ્રદેશમાં ચાલી જાવ. જેવી રીતે સૂર્યનાં કિરણો ઝડપથી દૂર પહોંચે છે તેમ હે કાલે ! તમે આ રોગીને છોડીને સમુદ્રના વિવિધ પ્રવાહોવાળા પ્રદેશમાં જાઓ.

**સૂક્ત-૧૦૬ દેવતા : દૂર્વાશાલા**

હે અગ્નિદેવ ! આપ અભિમુખ થઈને અથવા પરાંગમુખ થઈને જીઓ છો. તો તમારા દેશમાં ફૂલ સહિત દૂર્વા ઊગે છે. અમારા ઘર આદિ સ્થાનોમાં સરોવર હોય તેમાં કમળ ખીલો. હે અગ્નિ ! આપની જ્વાળાઓને પાછી કરો. હે શાલે ! અમે તને શીતળ વાતાવરણથી યુક્ત કરીએ છીએ. અમને શીતળતા આપો. અગ્નિદેવ અમારા માટે ઠંડી દૂર કરવા ઔષધિસ્વરૂપ થાઓ.

**સૂક્ત-૧૦૭ દેવતા : વિશ્વજિત**

હે વિશ્વજીત દેવ ! આપ જે ત્રાયમાણ (રક્ષક) શક્તિના સહયોગથી જગતનું પાલન કરો છો, તેમના આશ્રયમાં અમને રાખો. આપ અમારા ચોપગા તેમજ બે-પગવાળા (પુત્ર, પૌત્ર, સેવક)ની રક્ષા કરો. હે વિશ્વજીત અમને કલ્યાણી શક્તિને અધીન કરો.

**સૂક્ત-૧૦૮ દેવતા : મેધા, અગ્નિ**

હે દેવત્વ ધારણ કરવામાં સમર્થ જો છે ! આપ અમારા દ્વારા સર્વ પ્રથમ પૂજ્ય છો. આપ ગાયો, અશ્વો સહિત અમને પ્રાપ્ત થાવ. વેદાથી યુક્ત બ્રહ્મણવતી, શ્રેષ્ઠ મેધા બુદ્ધિનું અમે દેવતાઓ કે દેવત્વની રક્ષા માટે આહ્‌વાન કરીએ છીએ. ઋભુદેવ જે બુદ્ધિને જાણે છે, ઋષિઓમાં જે કલ્યાણકારી બુદ્ધિ છે તે મેધાને અમે સ્થાપિત કરીએ છીએ. અમે પ્રાતઃકાળ, મધ્યાહન તેમજ સાયંકાળે મેધાદેવીની સેવા કરીએ છીએ. સૂર્યરશ્મિઓની સાથે સ્તુતિઓ દ્વારા અમે મેધાશક્તિને ધારણ કરીએ છીએ.

**સૂક્ત-૧૦૯ દેવતા : પિપ્પલી**

પિપ્પલી નામની ઔષધિ ક્ષિપ્ત (વાયુ વિકાર, ગાંડપણ) રોગની ઔષધિ છે અને મહાવ્યાધિની ઔષધિ પણ છે. જેની રચના દેવતાઓએ કરી હતી. આ એક ઔષધિ જ જીવનને નીરોગી અને દીર્ઘાયુ બનાવવામાં સમર્થ છે. જીવિત પ્રાણી જે કોઈને પણ આ ઔષધિ ખવડાવવામાં આવે તેનો નાશ થતો નથી. હે પિપ્પલી ઔષધ ! તમે વાયુ વિકારની પીડા અને હાથ-પગ ઉછાળનારા ગાંડપણ રોગની ઔષધિ છો. પહેલા તમને અસુરોએ ઘડી હતી પછી જગતના હિત માટે દેવગણોએ તમારો ઉદ્ધાર કર્યો છે.

**સૂક્ત-૧૧૦ દેવતા : અગ્નિ**

પુરાતનકાળથી આપ દેવોનું આહ્‌વાન કરનારા અને યજન કરનારા છો. હે અગ્નિદેવ ! આપ અભિનવ હોતારૂપે વેદી પર પ્રતિષ્ઠિત થઈને અમને પૂર્ણ સુખ, સૌભાગ્ય અને ઐશ્વર્ય આપો. હે અગ્નિદેવ ! આપ આ જાતકને જ્યેષ્ઠાનક્ષત્રનાં હાનિકારક તથા મૂળનક્ષત્રના ઘાતક પ્રભાવોથી બચાવો. આ બાળકને યમના સંહારક દોષોથી મુક્ત કરો. ક્રૂર નક્ષત્રવાળા દિવસે ઉત્પન્ન આ બાળક બીજાને સુખ આપનારો વીર-પરાક્રમી થાઓ.

**સૂક્ત-૧૧૧ દેવતા : અગ્નિ**

હે અગ્નિદેવ ! આ પુરુષ પાપોથી ઉત્પન્ન રોગરૂપી બંધનોથી બંધાયેલો, ગાંડપણના કારણે પ્રલાપ કરી રહ્યો છે. કૃપા કરી આપ આને રોગ અને કારણરૂપ પાપોથી મુક્ત કરો. દૈવી અથવા રાક્ષસી પાપોનાં ફળસ્વરૂપે ઉત્પન્ન થયેલા ઉન્માદને શાંત કરવાની ઔષધિ અમે જાણીએ છીએ. હે પુરુષ ! અપ્સરાઓએ તને રોગમુક્ત કરી દીધો છે. ભગ તેમજ ઈન્દ્રદેવ સહિત બધા દેવોએ તને રોગમુક્ત કરી પાછો વાળ્યો છે.

**સૂક્ત-૧૧૨ દેવતા : અગ્નિ**

હે અગ્નિદેવ ! આ પોતાનાથી મોટાઓનો સંહારક ન થાઓ. હે દેવ ! આપ દોષથી મુક્ત કરવાનો ઉપાય જાણો છો. આપ આને જકડનારી શક્તિનાં બંધનોથી મુક્ત કરો. હે અગ્નિદેવ ! આપ તે બંધનોથી મુક્ત કરો. જે ત્રણ બંધનો દ્વારા આ દુષિત પુરુષનાં ત્રણે (માતા-પિતા અને પુત્ર) બંધાયેલાં છે. કેમકે આપ બંધનોથી મુક્ત કરવાનાં ઉપાયો જાણો છો.

**સૂક્ત-૧૧૩ દેવતા : પાપ**

આ પરિવિત્ત પાપને દેવતાઓએ પહેલા ત્રિતમાં રાખ્યું. ત્રિતે આને મનુષ્યોમાં આરોપ્યું. તે પાપથી ઉત્પન્ન રોગ આદિએ જકડી લીધા છે, તો દેવતાગણ મંત્રો દ્વારા તમારી તે પીડાને દૂર કરો. હે પાપ્મન ! તમે સૂર્ય કિરણોમાં, ધુમાડામાં, વરાળરૂપ મેઘોમાં, ધુમ્મસમાં અથવા નદીનાં ફીણમાં પ્રવેશીને સંતાઈ જાઓ. ત્રિતનું પાપ ત્રણ સ્થાનેથી બાર સ્થાનોમાં રહેનારા મનુષ્યમાં પ્રવેશી જાય છે. હે પુરુષ ! તને જો પાપથી થયેલા રોગે જકડી લીધો છે, તો દેવગણ તે રોગ આદિને મંત્રો દ્વારા વિનષ્ટ કરો.

## • બારમો અધ્યાય •

**સૂક્ત-૧૧૪ દેવતા : વિશ્વેદેવા**

હે દેવી ! હે અગ્નિ ! અમે જાણ્યે-અજાણ્યે જે પાપ કર્યું છે અને જેને કારણે દેવતા ક્રોધિત છે તેમાંથી અમને યજ્ઞ વિશેના સત્ય મારફતે બચાવો.

**સૂક્ત-૧૧૫ દેવતા : વિશ્વેદેવા**

હે વિશ્વેદેવા ! જાણે-અજાણ્યે થયેલાં પાપોથી અમને બચાવો. કૃપા કરીને આપ અમારા બધા પ્રિયજનોને બચાવો. સ્નાન પછી મનુષ્ય મેલ આદિથી મુક્ત થઈને શુદ્ધ થઈ જાય છે કે પવિત્ર કરવાનાં સાધન ગરણી આદિ દ્વારા ઘી પવિત્ર થાય છે તેવી જ રીતે બધા દેવો અમને પાપોથી મુક્ત કરો.

**સૂક્ત-૧૧૬ દેવતા : સૂર્ય**

ખેતી કરનારા લોકો જમીન ખેડવા વિશેના નિયમોને ક્રિયાન્વિત કરતાં રહે, તે કૃષિ વિદ્યા દ્વારા અન્નવાન થાઓ. તે અન્ન અમે વૈયસ્વતને માટે હવિરૂપે અર્પિત કરીએ છીએ. હવે અમારું અન્ન યજ્ઞયોગ્ય અને મધુર થાઓ. માતા-પિતાનો કે ભાઈનો દ્રોહ કરવાથી જે પાપ અમને અપરાધિઓને મળ્યું છે તે શાંત થઈ જાઓ. તેમનો મૃત્યુ અમારા માટે હિતપ્રદ બનો.

**સૂક્ત-૧૧૭ દેવતા : અગ્નિ**

જે દેવું ચૂકવવું જોઈએ તે ન ચૂકવવાને કારણે હું ઋણી થયો છું. આ બળવાન ઋણને કારણે યમરાજના વશમાં ફરીશ. હે અગ્નિદેવ ! આપ ઋણને કારણે થનારા પારલૌકિક બંધનોથી મુક્ત કરવાના જાણતર છો તેથી આપની

કૃપાથી હું ઋણ વગરનો થઈ જાઉં. મૃત્યુ પછી અમે સ્વર્ગ અથવા અન્ય સ્થાનમાં ઋણ-મુક્ત બનીને જ પ્રવેશ કરીએ.

**સૂક્ત-૧૧૮ દેવતા : અગ્નિ**

હે ઉગ્રપશ્યા અને રાષ્ટ્રભૂત અપ્સરાઓ ! જે પાપ અમારાથી થઈ ગયા છે, જે પાપ ઈન્દ્રિયોના વિષયમાં પ્રવૃત્ત થવાથી થયા છે, તેનું આપ નિવારણ કરો, જેથી તેઓ અમને પીડિત ન કરે. આપ અમને ઋણમુક્ત કરો. હાથ-પગ વગેરે ઈન્દ્રિયો દ્વારા થઈ ગયા છે અને ઈન્દ્રિય-લિપ્સાની પૂર્તિ માટે જે ઋણ લીધું છે તે બન્ને અપ્સરાઓ ઋણદાતાને ચૂકવી દે.

**સૂક્ત-૧૧૯ દેવતા : અગ્નિ**

ઋણ ચૂકવવાની ઈચ્છા હોવા છતાં તેમજ તેને ચૂકતે કરવાનું વચન આપવા છતાં પણ તેને ચૂકવવામાં અસમર્થ રહ્યો છું. લૌકિક તેમજ દેવઋણથી મુક્ત થવાનો સંકલ્પ હું વૈશ્વાનર અગ્નિદેવને સમર્પિત કરું છું. તે અગ્નિદેવ અમને બંધનમુક્ત કરી સ્વર્ગ પ્રાપ્ત કરાવો. બધાને પવિત્ર કરનારા વૈશ્વાનર અગ્નિદેવ અમને પવિત્ર કરો. અસત્ય વ્યવહારથી જે પાપ ઉત્પન્ન થયાં હોય તે બધાં દૂર થાઓ.

**સૂક્ત-૧૨૦ દેવતા : અંતરિક્ષ આદિ**

દ્યુ-અંતરિક્ષ તેમજ પૃથ્વીનાં પ્રાણીઓ પ્રત્યે અને માતા-પિતા સાથે કષ્ટકારક વ્યવહારને કારણે અમારાથી જે પાપ થઈ ગયા છે, તે પાપોથી આ ગાર્હપત્ય અગ્નિદેવ અમારી રક્ષા કરો. પૃથ્વીમાતા અમારી જન્મદાત્રી છે, દેવમાતા અદિતિ પૂજ્ય છે, અંતરિક્ષ અમારા ભાઈ અને દ્યુલોક પિતા જેવા છે. તેઓ અમને પાપોથી બચાવો. અમે નિષિદ્ધ સ્ત્રીની સાથે પાપયુક્ત વ્યવહાર કરીને લોકભ્રષ્ટ ન થઈએ. શ્રેષ્ઠ હૃદયવાળા, યજ્ઞાદિ પુણ્યકર્મ કરનારા, પોતાના શારીરિક રોગોથી મુક્ત થઈને ઉત્તમ ગતિને પ્રાપ્ત કરો.

**સૂક્ત-૧૨૧ દેવતા : અગ્નિ આદિ**

બંધનોની અધિષ્ઠાત્રી હે નિઋતિ દેવી ! આપ વરુણદેવના ઉત્તમ, મધ્યમ તેમજ અધમ બંધનોને તોડીને અમને મુક્ત કરો. દુઃસ્વપ્ન અને પાપોને દૂર કરીને અમને સ્વર્ગલોક સુધી પહોંચાડો. હે પુરુષ ! જો તમે લાકડાનાં થાંભલા અને દોરડાથી બાંધવામાં આવો છો, જો જમીનમાં બાંધવામાં આવો છો અને જો વાણી દ્વારા બાંધવામાં આવો છો, એવાં બધાં બંધનોથી આ ગાર્હપત્ય અગ્નિદેવ મુક્ત કરી સ્વર્ગલોક સુધી પહોંચાડો.

**સૂક્ત-૧૨૨ દેવતા : વિશ્વકર્મા**

હે સમગ્ર જગતના રચયિતા દેવ ! આપ સર્વપ્રથમ પ્રગટ થયા છો. અમે આપનો મહિમા જાણીને આ પક્વ હવિને પોતાની રક્ષા માટે આપને અર્પિત કરીએ છીએ. યજ્ઞ દ્વારા અમે વૃદ્ધાવસ્થા પછી પણ પાર જઈશું, સદ્‌ગતિ મેળવીશું. હે દંપતિ ! પરલોકનાં હિતને લક્ષમાં રાખીને સત્કર્મ આરંભ કરો, તેમાં સતત વ્યસ્ત રહો. બ્રાહ્મણને પકવાન અને અગ્નિદેવને હવિરૂપ અન્નદાન કરી શ્રેષ્ઠ લોકને પ્રાપ્ત કરો.

હે અગ્નિદેવ ! અમે દેવગણો નિમિત્તે યજ્ઞ કરીએ છીએ. તમારી કૃપાથી અમે જીવનભર સુખેથી રહીએ અને મૃત્યુ પછી સ્વર્ગ પ્રાપ્ત કરીએ. અમે યજ્ઞનું જળ ઋત્વિજોને આપીએ છીએ. હે મરુત, ઈન્દ્ર અમને ઈચ્છિત ફળ આપો.

**સૂક્ત-૧૨૩ દેવતા : વિશ્વે દેવા**

હે દેવો ! આ હવિ તમને આપીએ છીએ. અગ્નિ તમારા સુધી પહોંચાડે છે. આ યજમાન કુશળતાથી સ્વર્ગમાં જાય, ત્યાં તેમનું સ્થાન નિશ્ચિત કરો. ત્યાં વસુ, રુદ્ર, આદિત્ય મારા પિતા અને પિતામહ છે. અમે પવિત્ર યજ્ઞ-દાન આદિ કર્મ કરીએ છીએ. અમે સંતાન દ્વારા થતા શ્રાદ્ધ ફળથી હિન બનીએ નહિ. હે સોમ ! અમારાં કર્મોને જાણો અને અમને સ્વર્ગ આપો.

**સૂક્ત-૧૨૪ દેવતા : દિવ્ય જળ**

અંતરિક્ષમાંથી શરીર ઉપર પડતા જળબિંદુથી હે અગ્નિ ! અમે અમૃત-યુક્ત અને મંત્રાનુષ્ઠાનથી પુણ્યફળયુક્ત બનીએ. જો આ બુંદ વૃક્ષ ઉપરથી પડ્યું હોય તો વૃક્ષના ફળરૂપ અને અંતરિક્ષમાંથી પડ્યું હોય તો વાયુનું ફળ છે, તે અમારા પાપ-દેવતાને દૂર કરો. આ વર્ષાનું જળ પવિત્ર કરનારું છે. તેના પાવન સ્પર્શથી પાપ-શત્રુ નષ્ટ થાવ.

## • તેરમો અધ્યાય •

**સૂક્ત-૧૨૫ દેવતા : વનસ્પતિ**

હે રથ ! તમારું નિર્માણ વૃક્ષના કાષ્ઠમાંથી થયું છે. તું મિત્ર રૂપ છે અને શત્રુઓને પાર ઉતારનાર છે. શ્રેષ્ઠ યોદ્ધાઓથી સંપન્ન થઈને અમને સંકટોથી પાર ઉતારો. હે રથ ! આપનો અસવાર જીતવા યોગ્ય બધો વૈભવ

જીતવામાં સમર્થ થાઓ. પૃથ્વી અને સૂર્યલોકનું તેજ, વનસ્પતિઓનું બળ, જળથી મેળવાયેલ ઓજયુક્ત રસને નિયોજિત કરો. ઈન્દ્રનું વજ તથા મરુતોની સૈન્યશક્તિ જેવા સુદઢ તેમજ મિત્રદેવના ગર્ભરૂપ આત્મા અને વરુણદેવની નાભિ જેવા હે દિવ્ય રથ ! અમારા અર્પેલા હવિષ્યાન્નથી તૃપ્ત થાવ.

**સૂક્ત-૧૨૬ દેવતા : દુન્દુભિ**

હે દુન્દુભિ ! દ્યાવા-પૃથ્વીને ધ્વનિથી ભરી દો, જેથી જગતના પ્રાણી આપને જાણે. આપનો અવાજ સાંભળી શત્રુઓ ડરી જાય. અમારાં પાપોનો નાશ કરો. હે ઈન્દ્રદેવ ! અમારી સેનાની નજીક રહેલા દુષ્ટ શત્રુઓનો પૂર્ણરૂપે વિનાશ કરો.

**સૂક્ત-૧૨૭ દેવતા : વનસ્પતિ, યક્ષ્માનાશન**

હે પલાશ (ઔષધિ) ! તમે ક્ષય, ગૂમડા, શ્વાસ-ઉધરસમાં લોહી પડવું આદિ રોગોનો નાશ કરો. તમે ત્વચાના તેમજ માંસમાં ઉત્પન વિકારનો નાશ કરો. હે ખાંસી યુક્ત બલાલ રોગ ! બગલમાં થતી બામલાઈ (ગાંઠો) તમારા કારણે થઈ છે તેની દવા હું જાણું છું. ચીપુદ્ર (ઔષધિ) તેનો નાશ કરે છે. જે વિસર્પક રોગ બધાં અંગોમાં ફેલાય છે તેમને અમે ઔષધિઓ દ્વારા પાછા વાળીએ છીએ.

**સૂક્ત-૧૨૮ દેવતા : સોમ**

નક્ષત્રોએ શકધૂમને રાજા બનાવ્યો કેમકે તેઓ ઈચ્છતા હતા કે આ નક્ષત્રમંડળનું રાજ્ય તેમને શુભ દિવસોમાં પ્રાપ્ત થાય. હે રાજા શકધૂમ ! આમ દિવસ અને રાત્રી, નક્ષત્રો, સૂર્ય તેમજ ચંદ્રને અમારા માટે શુભપ્રદ કરો. અમે આપને નમસ્કાર કરીએ છીએ.

**સૂક્ત-૧૨૯ દેવતા : ભગ**

ભગ અને ઈન્દ્રદેવની કૃપાથી અમે પોતાને ભાગ્યશાળી માનીએ છીએ. અમારા શત્રુઓની દુર્ગતિ થાવ. હે ઔષધિ ! અમારા સૌભાગ્યદાતા ભગદેવની કૃપાથી તું શ્રેષ્ઠ બન. અમારા શત્રુઓની દુર્ગતિ થાવ.

**સૂક્ત-૧૩૦ દેવતા : સ્મર**

હે દેવતાઓ ! આપ આ 'કામ'ને અમારાથી દૂર કરો. અમને પીડિત ન કરી શકવાને કારણે તે શોક કરે. હે મરુતો ! ઉન્મત્ત કરો. હે અંતરિક્ષ ! ઉન્મત્ત કરો. તે કામ અમને ઉન્મત્ત ન કરી શકવાને કારણે શોક કરે.

**સૂક્ત-૧૩૧ દેવતા : સ્મર**

જે તારી વ્યથા માથામાં તેમજ પગમાં આવી છે તેને હું દૂર કરું છું. હે દેવતાઓ ! આપ કામને અમારાથી દૂર કરો. તે મને પ્રભાવિત ન કરી શકે. હે અનુમતે ! આપ આ પ્રાર્થનાને અનુકૂળ માનો. હે આકૂતે ! આપ મારી વિનમ્રતાથી પ્રસન્ન થાવ. હે દેવતાઓ ! આપ કામવિકારને અમારાથી દૂર કરો.

**સૂક્ત-૧૩૨ દેવતા : સ્મર**

બધા દેવતાઓએ જગતનાં પ્રાણીઓને કામ-પીડિત કરવા માટે જળ સીંચ્યું હતું. હું વરુણદેવની ધારણાશક્તિ દ્વારા કામવિકારને સંતપ્ત કરું છું. વિશ્વેદેવોએ જે કામને જળમાં અભિષિક્ત કર્યો, હું વરુણની શક્તિ દ્વારા કામને સંતપ્ત કરું છું. ઈન્દ્રદેવ અને અગ્નિદેવ દ્વારા જળમાં અભિષિક્ત કામને અમે વરુણદેવની ધારણાશક્તિથી સંતપ્ત કરીએ છીએ.

**સૂક્ત-૧૩૩ દેવતા : મેખલા**

દેવતાઓએ આ મેખલા બાંધી છે, જે અમને સદૈવ કર્મ કરવા માટે તત્પર રાખે છે તથા કર્મમાં જોડે છે. અમે જે દેવતાઓનાં અનુશાસનમાં રહીને કાર્ય કરી રહ્યા છીએ તેઓ અમને સફળતાના આશીર્વાદ આપો અને બંધનથી મુક્ત કરો. હે આહુતિઓથી સંસ્કારિત મેખલા ! તમે ઋષિઓનું શસ્ત્ર છો. તમે શત્રુઓનાં યોદ્ધાઓને મારનારી છો. હે મેખલે ! તમને ભૂતોના નિર્માતા આદિ ઋષિઓએ બાંધી હતી. તેથી તમે અભિચાર દોષનો નાશ કરી દીર્ઘાયુ માટે મને બાંધો અને ચિરંજીવી બનાવો.

**સૂક્ત-૧૩૪ દેવતા : વજ્ર**

ઈન્દ્રદેવના વજ્રની જેમ આ દંડ પણ શત્રુઓને રોકવામાં તેમજ તેમના રાજ્યનો નાશ કરવામાં સમર્થ થાઓ. જેવી રીતે ઈન્દ્રદેવે વૃત્તાસુરનું ગળું અને હાથ કાપ્યા હતાં તેવી જ રીતે આ દંડ શત્રુઓનો નાશ કરો. હે વજ્ર તમે શત્રુઓને શોધીને મારો તેમજ તેમને સીમાન્ત જગ્યાએ પાડીને નાશ કરી નાખો.

**સૂક્ત-૧૩૫ દેવતા : વજ્ર**

હું પૌષ્ટિક અન્ન ખાઉં છું જેથી મારું બળ વધે. હું વજ્રને ધારણ કરું છું અને શત્રુઓના ખભાને એવી રીતે જ કાપું છું જેવી રીતે ઈન્દ્રદેવ વૃત્રાસુરના ખભા કાપીને અલગ કરે છે. જેવી રીતે સમુદ્ર નદીને પીને

પોતાનામાં સમાવી લે છે, તેવી રીતે હું પણ જે પીઉં છું તે બરાબર જ પીઉં છું. હું પહેલા શત્રુઓનાં પ્રાણ, અપાન આદિના રસને પીને શત્રુને જ પી જાઉં છું. શત્રુનાં પ્રાણ, અપાન, ચક્ષુરૂપ આદિ રસને ગળી જાઉં છું પછી જ હું શત્રુને ગળી જાઉં છું.

**સૂક્ત-૧૩૬ દેવતા : કેશ દૃઢ કરનારી વનસ્પતિ**

હે ઔષધે ! તમે પૃથ્વી પર ઉત્પન્ન થયા છો. વાંકી થઈને ફેલાતી હે ઔષધિ દેવી ! અમે આપને અમારા વાળ મજબૂત કરવા ખોદીને એકત્ર કરીએ છીએ. હે દિવ્ય ઔષધિ ! તમે વાળને મજબૂત, લાંબા કરો અને હવે પછી ઊગનારા વાળને પણ દૃઢ બનાવો. જે વાળ ખરી જાય છે તે દોષોને ઔષધિ-રસથી પલાળીને દૂર કરો.

**સૂક્ત-૧૩૭ દેવતા : નિતત્ની વનસ્પતિ**

મહર્ષિ જમદગ્નિએ પોતાની કન્યાના વાળની વૃદ્ધિ માટે જે ઔષધિને ખોદી તે વીતહવ્ય નામવાળા મહર્ષિ, કૃષ્ણકેશ નામના મુનિ ઘરેથી લાવ્યા હતા. હે વાળ વધારવાની ઈચ્છાવાળા ! તમારા વાળ ભરેલા તે આંગળીઓ દ્વારા માપી શકાતા હતા જે હવે 'વ્યામ' જેટલા લાંબા થઈ ગયા છે. હે ઔષધે ! તમે કેશોના આગળના ભાગને લાંબા, મધ્ય ભાગને સ્થિર તેમજ મૂળ ભાગને મજબૂત કરો. નદીકિનારે જેમ 'નડ' (નરકટ) ઝડપથી વધે છે, તેમજ માથા પર ચારે બાજુ કાળા વાળ વધો.

**સૂક્ત-૧૩૮ દેવતા : વનસ્પતિ**

હે લતાઓમાં શ્રેષ્ઠ અમૃતવીર્યા ઔષધિ ! અમારા શત્રુને તમે નિર્વીર્ય અને સ્ત્રી જેવા કરો. તેમના પુરુષત્વના પ્રતીક અંગવિશેષને ઈન્દ્રદેવ વજ્રથી ચૂર્ણ કરી દો તેમજ માથા પર લાંબા વાળવાળો બનાવો.

**સૂક્ત-૧૩૯ દેવતા : વનસ્પતિ**

હે સહસ્રવર્ણી ! તમે સૌભાગ્યને વધારનારી થઈને આપ પ્રગટ થઈને અમને સૌભાગ્યશાળી બનાવો. આપની સો શાખાઓ તથા તેત્રીસ ઉપશાખાઓ છે. તે સહસ્રપર્ણી દ્વારા અમે તમારા હૃદયને સંતપ્ત કરીએ છીએ. હે કામિની ! જેવી રીતે તરસથી પીડાતી વ્યક્તિનું મોં સુકાય છે તેવી જ રીતે મને પ્રાપ્ત કરવાની કામનાથી, વિયોગથી તપ્ત થયેલી, સુકાયેલા મોંવાળી થઈને ચાલો. હે ઔષધિ ! આપ વિયોગી સ્ત્રી-પુરુષને ફરી મેળવી દો.

**સૂક્ત-૧૪૦ દેવતા : બૃહસ્પતિ, દન્ત**

વાઘ જેવા હિંસક વધેલા બે દાંત માતા અને પિતાને કષ્ટ આપનારા છે. હે મંત્રાધિપતિ દેવ ! તે અગ્નિદેવ ! આપ તેમને માતા-પિતાને સુખ આપનારા બનાવો. હે દાંત ! તમે ચોખા, જવ, અડદ તેમજ તલ ખાઓ. આ તમારો ભાગ તમારી તૃપ્તિ માટે પ્રસ્તુત છે. બાળકના શારીરિક કષ્ટને જોઈને માતા-પિતાને જે કષ્ટ થાય છે તે કષ્ટથી માતા-પિતા મુક્ત થાવ.

**સૂક્ત-૧૪૧ દેવતા : અશ્વિનીકુમાર**

વાયુદેવ આ ગાયોને એકઠી કરો. ત્વષ્ટાદેવ તેમને પુષ્ટ કરો. ઈન્દ્રદેવ આમને સ્નેહયુક્ત વચન કહો. રુદ્રદેવ આની ચિકિત્સા કરો અને વિકસાવો. હે ગાયોના પાલક ! લાલ વર્ણવાળા તાંબાના શસ્ત્ર દ્વારા યુગલનું ચિહ્ન અંકિત કરો. હે અશ્વિનીકુમારો આપ પણ અનેક પ્રકારના પુષ્ટિકારક શુભ ચિહ્ન અંકિત કરો જે સંતતિ સાથે હિતકારી થાઓ.

**સૂક્ત-૧૪૨ દેવતા : વાયુ**

હે યવ ! આપ ઊગીને ઊંચા થાવ. અનેક પ્રકારે વિકસો. હે યવદેવ ! આકાશ જેવા ઊંચા અને સમુદ્ર જેવા અક્ષય થાઓ. આ ભૂમિમાં અમે પ્રાર્થના કરીએ છીએ. ધનભંડાર અક્ષય રહો. તેને ઘેર લાવનારા તેમજ ઉપયોગ કરનારા અક્ષય સૌભાગ્યવાળા થાઓ.

*

# સાતમો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : પ્રજાપતિ**

પરા આદિ વાણીઓ વડે સ્તુતિ કરાતા પ્રજાપતિ, અગ્નિ, ઈન્દ્ર આદિ દેવતાઓ અમારી કામના પૂર્ણ કરો. ત્રણે લોકમાં વ્યાપ્ત, બધાં કર્મોના પ્રેરક, સર્વજ્ઞ બ્રહ્માને પરમપિતાએ સર્વપ્રથમ બનાવ્યા હતા.

**સૂક્ત-૨ દેવતા : પ્રજાપતિ**

હે પ્રજાપતિ ! તમે માતાના ગર્ભરૂપ, પિતાના વીર્યરૂપ અને દેવોના બંધુરૂપ છો. તમારા આ સ્વરૂપને જાણતા હોય એવા વ્યક્તિ અમને બનાવો.

**સૂક્ત-૩ દેવતા : પ્રજાપતિ**

પ્રજાપતિ દેવ કર્મફળના પ્રદાતા, વરણીય, વિશ્વાત્મારૂપથી બધામાં વ્યાપ્ત અને યજ્ઞાદિ કર્મોના પ્રેરક છે.

**સૂક્ત-૪ દેવતા : બ્રહ્મા-વાયુ**

સર્વના પ્રેરક, આહ્‌વાન કરવા યોગ્ય બ્રહ્મા અને વાયુ ૧૧, ૧૨ અને ૧૩ ઘોડાઓવાળા રથમાં બેસીને અમારા યજ્ઞમાં પધારો.

**સૂક્ત-૫ દેવતા : આત્મા**

દેવોએ પહેલા યજ્ઞ દ્વારા યજ્ઞરૂપ ભગવાનનું પૂજન કર્યું. આથી તેઓ એ સ્વર્ગમાં ગયા જ્યાં પહેલેથી અન્ય દેવતાઓ રહેતા હતા. યજ્ઞની ઉત્પત્તિ થઈ, વૃદ્ધિ થઈ અને દેવોનો સ્વામી બન્યો. દેવતાઓ દ્વારા અમર-દેવોનું ભજન કરવામાં આવે છે અને તેઓ આત્મામાં પરમાત્માના પ્રકાશને જુએ છે. જ્ઞાન-યજ્ઞ, આત્મયજ્ઞ જ છે. આત્મયજ્ઞ કરનારા જ પરમાત્મા સ્વરૂપનો ઉપદેશ આપી શકે છે.

**સૂક્ત-૬ દેવતા : અદિતિ**

આકાશ, અંતરિક્ષ, જન્મદાતા માતા-પિતા અને પુત્ર, દેવતા, જીવ, જગત બધાં પૃથ્વીમાંથી ઉત્પન્ન થયાં છે. હિતકારિણી, બળશાલિની, સત્યપાલયિત્રી, અન્નદાત્રી પૃથ્વીનું અમે આહ્‌વાન કરીએ છીએ. સુરક્ષિકા, સુખદાયિની, કુશલકર્મી પૃથ્વીના અમે શરણે જઈએ છીએ. અન્નની ઉત્પત્તિ અર્થે અમે મરુભૂમિની સ્તુતિ કરીએ છીએ.

**સૂક્ત-૭ દેવતા : અદિતિ**

દૈત્યોને સમુદ્ર પરથી દૂર કરી, દેવતાઓને અમે તેમનો અધિકાર અપાવીએ છીએ.

**સૂક્ત-૮ દેવતા : બૃહસ્પતિ**

હે ભૌતિક સુખેચ્છક ! કલ્યાણાર્થ પ્રયત્ન કરો. બૃહસ્પતિ તમારું માર્ગદર્શન કરશે.

**સૂક્ત-૯ દેવતા : પૂષા**

પૃથ્વી, આકાશ, અંતરિક્ષમાં પૂષા પ્રગટ થાય છે. તેઓ કર્મના સાક્ષી છે. તેઓ બધી દિશાઓને જાણે છે. તેજસ્વી, કલ્યાકારી સૂર્ય અમારું માર્ગદર્શન કરે. પૂષાનું વ્રત ધારણ કરનારા અમે ઐશ્વર્ય-સંપન્ન બનીએ.

**સૂક્ત-૧૦ દેવતા : સરસ્વતી**

હે સરસ્વતી ! શાંતિ-સુખદાયક, પવિત્ર, પુષ્ટિકારક અને પ્રાર્થનીય છો. આપની કૃપા અમારા ઉપર વરસો.

**સૂક્ત-૧૧ દેવતા : સરસ્વતી**

હે સરસ્વતીદેવી ! આપનું દિવ્ય જ્ઞાનરૂપી પય શાંતિ આપનાર, સુખ આપનાર, મનને પવિત્ર કરનાર, પુષ્ટિદાતા અને પ્રાર્થનીય છે. અમે હંમેશા ધન, પુત્ર, મિત્ર આદિથી સંપન્ન રહીએ.

**સૂક્ત-૧૨ દેવતા : સભા-સમિતિ (સરસ્વતી)**

સભા-સમિતિઓ પ્રજાપતિની પોષિકા છે. રાજા તેમની પાસેથી સલાહ લે છે. સભામાં હું વિવેકપૂર્વક વાત કરું. સભાસદો સમતાનો વ્યવહાર કરે. સભાસદોના જ્ઞાન-તેજને હું ગ્રહણ કરું છું. હે સભાસદો ! તમારું મન અમારી તરફ કરો.

**સૂક્ત-૧૩ દેવતા : સૂર્ય**

અમે શત્રુઓના તેજનું એવી રીતે હરણ કરીએ છીએ જેવી રીતે સૂર્યોદય તારાઓનું તેજ હણી લે છે.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૧૪ દેવતા : સવિતા**

જગતના ઉત્પાદક-રક્ષક સવિતાની અમે ઉપાસના કરીએ છીએ. સર્વત્ર પ્રકાશિત તેજવાળા, ઉત્તમ કર્મા, સોમોત્પાદક સવિતાની અમે સ્તુતિ કરીએ છીએ. તેઓ સર્વપ્રથમ, શ્રેષ્ઠ દાની યજમાનને યશ, ધન, પુત્ર-પૌત્ર, પદાર્થો આપે. આ અભિષુત કરેલો સોમ તેઓ ગ્રહણ કરે.

**સૂક્ત-૧૫ દેવતા : સવિતા**

કણ્વઋષિએ જે બુદ્ધિ મેળવી હતી, તેવી સત્યપ્રેરિત, ગ્રાહ્ય, શોભિત બુદ્ધિની હે સવિતાદેવ ! અમે તમારી પાસેથી માંગીએ છીએ.

**સૂક્ત-૧૬ દેવતા : સવિતા**

હે સવિતાદેવ ! યજમાનનો સૂર્યોદયકાળમાં ઊંઘવાનો દોષ દૂર કરી તેમની ઉન્નતિ કરાવો, તેમને વ્રતપાલક બનાવો.

**સૂક્ત-૧૭ દેવતા : ધાતા આદિ**

હે વિશ્વધારક ધાતા ! અમને ધન આપો, કામનાઓ પૂર્ણ કરો, અક્ષય જીવન આપો અને વરણીય પદાર્થ આપો. હે ધાતા, સવિતા, અગ્નિ, ત્વષ્ટા, વિષ્ણુ અમારા હવિનો સ્વીકાર કરો. પોત-પોતાની રીતે સુફળ આપો.

**સૂક્ત-૧૮ દેવતા : પૃથ્વી, પર્જન્ય**

હળ વડે ખેડાયેલી ભૂમિ ભારે વરસાદ સહન કરે છે. હે પર્જન્ય ! તમે ઉત્તમ વર્ષા કરો. જ્યાં સોમ ઉત્પન્ન થાય છે ત્યાંની પૂજા થાય છે, ત્યાં ઉત્તમ વર્ષા થાય છે અને કલ્યાણ થાય છે. ઉનાળો અને શિયાળો અસહ્ય બનતા નથી.

**સૂક્ત-૧૯ દેવતા : ધાતા, પ્રજાપતિ**

હે પ્રજાપતિ ! તમે પ્રજાઓને ઉત્પન્ન કરો છો, ધાતા તેનું પાલન કરે છે, પૂષા તેમની પુષ્ટિ કરે છે. સંગઠિત પ્રજાઓ વિવેકશીલ બનો.

**સૂક્ત-૨૦ દેવતા : અનુમતિ**

હે અનુમતિદેવી ! ચંદ્રમા અનુકૂળ બનો, અગ્નિદેવ સુધી હવિ પહોંચાડો. અમને કલ્યાણકારી સુબુદ્ધિ અને સુસંતાન આપો. અનુમન્યતા દેવના અમે કૃપાપાત્ર બનીએ. હે હવિ ! અમને યશ, અક્ષય ધન, સુસંતાન આપો, અમારા યજ્ઞની રક્ષા કરો.

**સૂક્ત-૨૧ દેવતા : આત્મા**

હે બંધુઓ ! સૂર્યદેવની સ્તુતિ કરો. તેઓ નવજાત પ્રાણીનું કલ્યાણ કરે છે.

**સૂક્ત-૨૨ દેવતા : મંત્રોક્ત**

સર્વમાનનીય, સત્કર્મમાં સ્થિર મન રાખવાવાળા હે સૂર્યદેવ ! અમને તમારા જેવું સહસ્ર વર્ષનું જીવન આપો.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૨૩ દેવતા : દોષ-ત્યાગ**

હે દેવતાઓ ! અમે ખરાબ સ્વપ્નાં, કષ્ટપૂર્ણ જીવન, દરિદ્રતા, ભય, કુનામ ઉચ્ચારણ અને અસત્ય વાણીનો ત્યાગ કરીએ.

**સૂક્ત-૨૪ દેવતા : સવિતા**

ઈન્દ્ર, અગ્નિ, વિશ્વેદેવા, મરુત આદિ દેવતાઓ અમને જે ફળ આપે છે તેવું જ ફળ અમને પ્રજાપતિ-સૂર્ય પણ આપો.

**સૂક્ત-૨૫ દેવતા : વિષ્ણુ**

વિષ્ણુ અને વરુણ બન્નેના બળથી લોક સ્થપાયેલા છે, સંસાર પ્રવૃત્તિમય છે. જેમની આજ્ઞાથી વિશ્વ પ્રકાશિત છે, પ્રાણ ધારણ કરે છે, કર્મ કરે છે તેવા બન્ને દેવ (વિષ્ણુ-વરુણ)ને હોતાઓ હવિ આપે છે.

**સૂક્ત-૨૬ દેવતા : વિષ્ણુ**

વિષ્ણુ ભગવાન ત્રિલોકના રચયિતા છે. તેઓ સ્તુતિ દ્વારા સ્તોતા પાસે પહોંચી જાય છે. તેમના ત્રણ પગલાંમાં આખું વિશ્વ સમાઈ ગયું હતું. તેઓ ઈન્દ્રના સખા અને બધાના ગુણ-ધર્મના દૃષ્ટા છે. જ્ઞાનીઓ તેમના પ્રકાશને જાણે છે. હે ભગવાન ! ત્રણે લોકના ધનને ગ્રહણ કરો અને બન્ને હાથથી વહેંચી દો.

**સૂક્ત-૨૭ દેવતા : ઈડા**

સોમપુષ્ટા, ઘૃતપદી, કામ્ય-ફળ આપવામાં સમર્થ ઈડા આ યજ્ઞને પ્રકાશિત કરો.

**સૂક્ત-૨૮ દેવતા : દર્ભ, કુશાદિ**

દર્ભ (કુશા), વૃત્ર-ઘાલ કાપવાનું ઓજાર, પરશુ ઈત્યાદિ યજમાન માટે સહાયક અને કલ્યાણકારી બનો.

**સૂક્ત-૨૯ દેવતા : અગ્નિ, વિષ્ણુ**

ઘૃતનું પાન કરનારા, યજમાનને ગૃહ, અશ્વ, ધન આદિના દાતા હે અગ્નિ ! હે વિષ્ણુ ! અમારી આહુતિઓ આપના સુધી પહોંચે. આપ બન્ને, ચરુ, પુરોડાશ ગ્રહણ કરો છો અને સ્તુતિ વડે વૃદ્ધિ પામી છો. આપ બન્ને ઘીની આહુતિ ગ્રહણ કરો.

**સૂક્ત-૩૦ દેવતા : દ્યાવા-પૃથ્વી**

હે દ્યાવા-પૃથ્વી, સૂર્યદેવ, બ્રહ્મણસ્પતિ અને સવિતાદેવ ! અમારી આંખોની સ્વસ્થતા માટે ઉત્તમ અંજન આપો.

**સૂક્ત-૩૧ દેવતા : ઇન્દ્ર**

હે ધનવાન, શૂરવીર ઈન્દ્ર ! અમને બધા પ્રકારથી રક્ષિત કરો. અમે જેમનાથી અને જેઓ અમારો દ્વેષ કરે છે તે બધાનો નાશ થાવ.

**સૂક્ત-૩૨ દેવતા : આયુ**

સર્વપ્રિય, સ્તુતિ-યોગ્ય, તરુણ અગ્નિને નમ્રતાપૂર્વક હવિ અર્પણ કરીએ છીએ. તેઓ અમને દીર્ઘાયુષ્ય આપો.

**સૂક્ત-૩૩ દેવતા : પૂષા, બૃહસ્પતિ, મરુત, અગ્નિ**

મરુત, પૂષા, બ્રહ્મણસ્પતિ, અગ્નિ દેવતા અમને સુસંતતિ, ધન-ધાન્ય અને દીર્ઘાયુષ્ય આપો.

**સૂક્ત-૩૪ દેવતા : અગ્નિ**

હે અગ્નિદેવ ! અમારા પ્રગટ-અપ્રગટ તથા યુદ્ધની ઈચ્છાવાળા શત્રુઓને નષ્ટ કરો.

**સૂક્ત-૩૫ દેવતા : અગ્નિ, સ્ત્રી**

હે અગ્નિદેવ ! અમારા પ્રગટ-અપ્રગટ શત્રુઓને નષ્ટ કરો. રાષ્ટ્રને સમૃદ્ધ બનાવો. હે સ્ત્રી ! તારી બધી નાડીઓ અને ધમનીઓનું મુખ બંધ કરું છું અને જનનેન્દ્રિયને સ્વસ્થ કરું છું. તને પ્રાણવાન સંતાન આપું છું.

**સૂક્ત-૩૬ દેવતા : અક્ષિ, મન**

હે પત્ની ! તારા અને મારાં નેત્રો તેમજ મનમાં મધુર ભાવ જાગો. 'તું મને હૃદયમાં ધારણ કર.

**સૂક્ત-૩૭ દેવતા : સૂત્ર**

હે સ્વામી ! તમે મારા જ રહો. અન્ય સ્ત્રીના થશો નહિ. આથી તમને અભિમંત્રિત સૂત્ર બાંધું છું.

**સૂક્ત-૩૮ દેવતા : વનસ્પતિ (શંખપુષ્પી)**

પતિને વશમાં કરનારી સૌવર્ચસ (શંખપુષ્પી) ઔષધિને હું ખોદું છું, જેથી હું તમારી પ્રિય બની રહું. હે પતિ ! તમે બીજી સ્ત્રીનું નામ પણ લેશો નહિ. જો તમે ક્યારેક મારાથી જુદા થઈ જશો તો આ ઔષધિ તમને મારી પાસે લઈ આવશે.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૩૯ દેવતા : મંત્રોક્ત**

સુંદર ગમનવાળા, ઔષધિ પ્રવર્ધક, વિશ્વના તૃપ્તિદાતા, જળની કામના કરનારા (સરસ્વાન) દેવતાને ઈન્દ્રદેવ અમારા ગોષ્ઠમાં પ્રતિષ્ઠિત કરો.

**સૂક્ત-૪૦ દેવતા : સરસ્વાન્**

સરસ્વાન દેવતા જળદાયક, ધન-વૃષ્ટિ, પુષ્ટિ કરનારા છે. હે હવિદાતા! તેઓ ઈચ્છિત ફળ આપનારા છે, તમે તેમની પાસે જાવ. અમે તેમને આહુતિ આપીએ છીએ.

**સૂક્ત-૪૧ દેવતા : સૂર્ય**

અનેક ગુણોવાળા હે સૂર્યદેવ ! ઈન્દ્રની સાથે અમારું કલ્યાણ કરો. અમારા નવા ગૃહ-નિર્માણના સ્થળે પધારો. અમે અહીં લાંબો સમય નિવાસ કરીએ. અમારા દ્વારા અપાતો હવિ પિતૃઓને સ્વધારૂપે પહોંચે.

**સૂક્ત-૪૨ દેવતા : સોમ, રુદ્ર**

હે સોમ ! હે રુદ્ર ! અમીબા, વિશૂચિકા (મરડો) રોગ, ભૂત-પિશાચો તેમજ અમારા પાપોને નષ્ટ કરો. રોગનાશક ઔષધિઓને શરીરમાં વ્યાપ્ત કરો.

**સૂક્ત-૪૩ દેવતા : વાક્**

હે પુરુષ ! સ્તુતિ-નિંદાની વાણીને પ્રસન્ન મનથી ગ્રહણ કરો. આવી વાણી બોલનારાઓના મનની ત્રણ અવસ્થા હોય છે, (પરંતુ) તમારા મનની એક જ સ્થિતિ રહો.

**સૂક્ત-૪૪ દેવતા : ઈન્દ્ર**

હે ઈન્દ્ર ! હે વિષ્ણુ ! તમે રાક્ષસો સાથે યુદ્ધ કરો છો ત્યારે તમારો વિજય જ થાય છે. ક્યારેય પરાજય થતો નથી.

**સૂક્ત-૪૫ દેવતા : ઈર્ષા દૂર કરવી**

સર્વ હિત સાધક, ક્રોધાપહારી ઔષધિઓને અમે જાણીએ છીએ. હે ઈર્ષાનિવારક દેવ ! તમે ઈર્ષાળુઓને શાંત કરો.

**સૂક્ત-૪૬ દેવતા : સિનીવાલી**

હે અમાવાસ્યાની અધિષ્ઠાત્રી, દેવોની બહેન, સુંદર હાથોવાળી,

પ્રજાપાલિકા, દેવપત્ની, હે સિમીવાલી ! અમારા હવિને ગ્રહણ કરો અને ઈન્દ્રને અમારા માટે ધન આપવાની પ્રેરણા કરો.

**સૂક્ત-૪૭ દેવતા : અમાવાસ્યા (કુહૂ)**

કુહૂ (અમાવાસ્યા)ની અમે યજ્ઞમાં આહુતિ આપીએ છીએ. જે જળ, ભૂતો અને અમૃતની પોષિકા છે. તે અમારા યજ્ઞમાં આવો અને અમને ધન-સંતાન આપો.

**સૂક્ત-૪૮ દેવતા : રાકા (પૂર્ણિમા)**

રાકાને અમે મંત્રોથી આહુત કરીએ છીએ. તે અમારી સ્તુતિ સાંભળો અને પ્રજનન કરાવી યશસ્વી પુત્ર આપો. રાકા અમને સુબુદ્ધિ અને ધન આપો.

**સૂક્ત-૪૯ દેવતા : દેવ-પત્નીઓ**

હે ઈન્દ્રાણી, વરુણાની, રોદસી, અશ્વપત્ની અમારો પોકાર સાંભળો અને ઋતુકાળમાં હવિ ગ્રહણ કરો. પૃથ્વી અને અંતરિક્ષમાં રહેનારી હે દેવીઓ ! અમને ધનસુખ પ્રદાન કરો.

**સૂક્ત-૫૦ દેવતા : જુગારીનો વધ કરવાની કામના આદિ**

જેવી રીતે વિદ્યુતઅગ્નિ વૃક્ષોને નષ્ટ કરે છે તેવી રીતે અમે પાસા દ્વારા જુગારીઓને નષ્ટ કરીએ છીએ. હું 'કૃત' નામના પાસા છું. જુગાર ન છોડનારાઓનું ઐશ્વર્ય-ધન વગેરે મારા પાસાઓને મળો. જે સ્તુતિ કરનારાઓને ધન આપે છે તે સ્વાવસુ નામના અગ્નિની અમે સ્તુતિ કરીએ છીએ. હે ઈન્દ્રદેવ ! આપની મદદથી અમે ઘેરનારા શત્રુઓને જીતીએ. આપ અમને વરિષ્ઠ સ્થાને પહોંચાડી. ધન આપો. હે ઈન્દ્ર ! અમારી દુર્ગતિવાળી ગરીબીથી ઉત્પન્ન દુર્ગતિને ગાય આદિ પશુધન દ્વારા દૂર કરો. યવ આદિ દ્વારા ભૂખને શાંત કરો. અમારા જમણા હાથમાં કૃત (કર્મ) અને ડાબા હાથમાં વિજય છે. આ બંનેથી અમે ગાય, અશ્વ, ધન, ભૂમિ તેમજ સોનું આદિ પ્રાપ્ત કરવામાં સફળ જઈએ. અમને દૂધ આપનારી ગાય જેવા ફળદાયી, વિજય માટે અક્ષ (પાસા) પ્રાપ્ત થાઓ. જે અમને વિજય અપાવનાર બનો.

**સૂક્ત-૫૧ દેવતા : ઇન્દ્ર અને બૃહસ્પતિ**

બૃહસ્પતિ નીચે, ઉપર, પશ્ચિમ આદિ બધી બાજુથી અને ઈન્દ્ર પૂર્વ તેમજ મધ્યમાં અમારી રક્ષા કરો. ઈન્દ્ર સ્તોતાને ઐશ્વર્ય આપો.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૫૨ દેવતા : અશ્વિનીકુમાર**

અમે એકમત બનીએ. હે અશ્વિદ્વય ! પારકા-પોતાના પ્રત્યે સમાન ગતિવાળા બનાવો. અમે મનને જોડીએ, મળીને કાર્ય કરીએ, મનનું ઉચ્ચાટન કરશો નહિ.

**સૂક્ત-૫૩ દેવતા : આયુ, બૃહસ્પતિ, અશ્વિનીકુમાર**

હે અગ્નિ ! તમારા પ્રભાવથી અશ્વિદ્વય આ બાળકના મૃત્યુનાં કારણોને દૂર કરો. હે પ્રાણ-અપાન ! તમે આ બાળકના શરીરમાં રહો. આ પુરુષના શરીરમાંથી પ્રાણાપાન જશો નહિ. સપ્તર્ષિ તેને વૃદ્ધાવસ્થા સુધી સુખી રાખો.

**સૂક્ત-૫૪ દેવતા : ઋક્, સામ, ઇન્દ્ર**

અમે ઋત્વિજ અને યજમાન ઋગ્વેદ અને સામવેદથીય કરીએ છીએ. આ બન્ને દેવતાઓને યજ્ઞ-ભાગ પહોંચાડે છે. આ પ્રકારે હે ઈન્દ્ર ! પઠિત વેદ અમને હિંસિત ન કરે અને ઈચ્છિત ફળ આપે.

**સૂક્ત-૫૫ દેવતા : ઇન્દ્ર**

હે ઈન્દ્ર ! જે માર્ગોથી તમે પ્રાણીઓને કર્મમાં લગાડો છો અને તે દ્વારા અમને સુખી કરો.

**સૂક્ત-૫૬ દેવતા : વૃશ્ચિક આદિ, વનસ્પતિ, બ્રહ્મણસ્પતિ**

કાળા નાગ, કંકપર્વા આદિ સર્પવિષને 'મધૂક' ઔષધિ દૂર કરે છે. હે બૃહસ્પતિ ! જેને ઝેર ચઢ્યું છે તેનાં અંગો શિથિલ થઈ રહ્યાં છે તે વિષ દૂર કરો. હે ઔષધિઓ ! કર્કોટકના ઝેરને ઉતારો. હે વિંઝી ! તારી પૂંછડીમાં વિષ છે, પરંતુ તું મુખ અને પૂંછડી બન્ને દ્વારા પ્રહાર કરે છે.

**સૂક્ત-૫૭ દેવતા : સરસ્વતી**

હે સરસ્વતી ! અમારા વ્યાકુળ અંગને તમે સ્વસ્થ બનાવો. આકાશ અને દેવતાઓને મનુષ્ય હવિ આપે છે. આકાશ-પૃથ્વી મનુષ્યનું મંગળ કરે છે. તેમને અન્ન-જળ સંપન્ન કરો છો.

**સૂક્ત-૫૮ દેવતા : ઇન્દ્ર, વરુણ**

હે ઈન્દ્ર, વરુણ ! તમે સોમપાન કરો. દેવતાઓની કામનાઓવાળા યજમાનને ત્યાં તમારો રથ પહોંચો. હે વરુણ, ઈન્દ્ર ! કુશના આસન ઉપર બેસીને કામનાવર્ષી સોમનું પાન કરો.

**સૂક્ત-૫૯ દેવતા : શત્રુનાશ**

અમે નિંદા કરતા નથી, પરંતુ જેઓ અમારી નિંદા કરે છે તેઓ વીજળી પડવાથી સુકાઈ જતા વૃક્ષની જેમ સમૂળ નષ્ટ થઈ જાય છે.

## • છઠ્ઠો અધ્યાય •

**સૂક્ત-૬૦ દેવતા :**

સુબુદ્ધિ, સુસંપત્તિ, સ્નેહથી પ્રસન્ન હું ગૃહપતિ સ્નેહભાવથી સ્તુતિ કરું છું. હે ગુફાઓ ! તમે પ્રસન્ન થાવ. હે ગુફાઓ ! તમે વિપુલ ધન અને વિપુલ પદાર્થો પ્રાપ્ત કરીને પ્રસન્ન થાવ. તમારી અંદર રહેનારા મનુષ્ય પણ પ્રસન્ન થાવ. ભૂખ્યા મનુષ્યો તમારી અંદર ન રહે. અમે દેશ-દેશાંતરથી ધન કમાઈને લાવીશું. તમે ધનથી અધિક તેજસ્વી બનશો.

**સૂક્ત-૬૧ દેવતા : અગ્નિ**

હે અગ્નિ ! તમારા માટે જે સમિધા વગેરે લાવે છે તેમને અમે તમારી નજીક લાવીએ છીએ. ચાંદ્રાયણ આદિ વ્રત અમે તમારી સમીપ કરીએ છીએ. તમારી પાસે જ શરીર સુકવવાનું તપ કરીએ છીએ. સ્તુતિઓ સાંભળીને અમે બુદ્ધિમાન અને દીર્ઘાયુ બનીએ.

**સૂક્ત-૬૨ દેવતા : અગ્નિ**

ઋત્વિજો દ્વારા ઉત્તરવેદીમાં સ્થાપિત પ્રબુદ્ધ ગાર્હપત્ય અગ્નિ હવિના દેવતાઓનું પાલન કરે છે. તે શત્રુનાશ કરે છે.

**સૂક્ત-૬૩ દેવતા : અગ્નિ**

હવિ-ભાગને દેવતાઓ સુધી પહોંચાડનારા, દ્યુલોકવાસી અગ્નિદેવને અમે ઉકથો વડે આહુતિ આપીએ છીએ. તેઓ વિપત્તિ અને પાપોને નષ્ટ કરે છે.

**સૂક્ત-૬૪ દેવતા : જળ, અગ્નિ**

હે મૃત્યુ ! આ કાગડાએ મારા અંગ ઉપર આઘાત કરીને અંગસ્પર્શ કર્યો છે. આ પાપમાંથી અમને અનિયંત્રિત જળ અને અગ્નિ છોડાવે.

**સૂક્ત-૬૫ દેવતા : અપામાર્ગ**

હે અપામાર્ગ ! મારા દોષ દૂર કરો. વ્યાધિગ્રસ્ત પુરુષ સાથે ભોજન કરવાનું જે પાપ મેં કર્યું છે તે પાપમાંથી મને છોડાવો.

**સૂક્ત-૬૬ દેવતા : વેદપાઠ**

મેઘાચ્છન્ન આકાશમાં, આંધીમાં, વૃક્ષની નીચે બેસીને, ધાન્યોની સમીપ, પશુઓની સાથે બેસીને જે વેદપાઠ કરવામાં આવ્યો તેનું નષ્ટ થયેલું ફળ અમને પુનઃ પ્રાપ્ત થાવ.

**સૂક્ત-૬૭ દેવતા : આત્મા**

મારામાં જિવાત્મા પુનઃ પ્રવિષ્ટ થાવ. ઈન્દ્રિયો પુનઃ સચેત બનો. ધન અને વેદ મને ફરીથી પ્રાપ્ત થાવ. વેદીમાં અગ્નિ ફરીથી સમૃદ્ધ થાવ.

**સૂક્ત-૬૮ દેવતા : સરસ્વતી**

હે સરસ્વતી ! તમને અર્પણ કરાયેલી ઘૃતયુક્ત હવિને તમે પિતૃઓ સુધી પહોંચાડો. તે હવિ દ્વારા અમે અન્નથી સમૃદ્ધ બનીએ. તમારાં દર્શનથી અમે વંચિત ન રહીએ. અમારા રોગાદિનું શમન કરી અમને સુખ આપો.

**સૂક્ત-૬૯ દેવતા : સુખ**

હે વાયુ ! અમને સુખ આપો ! સુખદાતા દેવતા અમને સુખ આપો. દિવસ-રાત્રી-ઉષા અમને સુખ આપો.

**સૂક્ત-૭૦ દેવતા : શ્યેન (બાજ પક્ષી) આદિ**

અમારી હિંસાનો સંકલ્પ કરનારા શત્રુને પાપ દેવતા અને ઈન્દ્રથી પ્રેરિત દેવતા નષ્ટ કરો. હે શત્રુ ! અમે તારી બન્ને ભૂજાઓ અને મુખને મંત્રોથી બાંધીએ છીએ. તારા કર્મને અગ્નિ-કોપ વડે નષ્ટ કરીશું.

**સૂક્ત-૭૧ દેવતા : અગ્નિ**

હે અગ્નિ ! તમે યજ્ઞમાં વિઘ્ન કરનાર રાક્ષસોનો નાશ કરો છો. રાક્ષસને મારવાની તમારી ક્ષમતાને કારણે અમે તમને ધારણ કરીએ છીએ.

**સૂક્ત-૭૨ દેવતા : ઇન્દ્ર**

હે ઋત્વિજો ! ઋતુ-યજ્ઞમાં પરિપક્વ ભાગ માટે આહુતિ આપો. જો તે (હવિ) બરાબર પાક્યો ન હોય તો સ્તુતિ દ્વારા પકાવો. હે ઈન્દ્ર ! હવે હવિ પાકી ગયો છે. તમે જલદી આવો. હે વજ્રિન ! સોમયુક્ત હવિનું પાન કરો.

**સૂક્ત-૭૩ દેવતા : અશ્વિનૌ, મંત્રોક્ત દેવતા**

હે અશ્વિદ્વય ! તપાવેલુ ઘી તૈયાર રાખ્યું છે. અહીં આવો અને પાન કરો. આ ઘૃત તમારામાં વ્યાપ્ત બનો. તમે મધ સમાન દૂધનું પાન કરો. તમે

ધર્મદૂધા-ગાયના દૂધને તપાવેલા ઘીમાં નાંખો. હે અધ્વર્યુ ગાયનું દોહન કરો. સવિતા એ દૂધ અમારા માટે આપો. હે અગ્નિ ! મારી ભક્તિ જોઈને તમે અહીં પધારો. શત્રુ-સેનાનો નાશ કરી તેનું ધન અમને આપો. હે ધર્મદૂધા ગાય ! તમે તૃણ ભક્ષણ કરો, વિચરણ કરો અને જળ પીવો.

**સૂક્ત-૭૪ દેવતા : અગ્નિ, મંત્રોક્ત**

કષ્ટદાયક (ગંડમાળા) કંઠમાળ રોગની ગાંઠને 'મુનિ' નામની દિવ્ય ઔષધિ દ્વારા હું નાશ કરું છું. હે ક્રોધી અને ઈર્ષાળુ પુરુષ ! અમે તારી ઈર્ષાળુ કે ક્રોધી પ્રકૃતિને સૂક્ષ્મ વિવેચનાત્મક વાણીથી શાંત કરીએ છીએ.

**સૂક્ત-૭૫ દેવતા : ગૌ**

હે ગૌ માતા ! રુદ્રદેવ આપને કષ્ટ ન આપે. વાઘ આદિ હિંસક પશુ આપનાથી દૂર રહે. આપ ઉત્તમ પ્રકારે વાછડા સહિત તૃણ અને નિર્મળ જળવાળા ક્ષેત્રમાં વિચરણ કરો અને ગૌશાળા તેમજ અમારા ઘરને ગવ્ય પદાર્થોથી સમૃદ્ધ બનાવો.

**સૂક્ત-૭૬ દેવતા : ભેષજ**

કંઠમાળનો રોગ પરુ કરનારો તેમજ ખૂબ પીડાદાયી હોય છે. ગળા અને ગુહ્ય પ્રદેશમાં થતો આ કંઠમાળનો રોગ મંત્ર-ઔષધિ વડે નાશ પામો. હાડકામાં વ્યાપેલો, માંસનો ક્ષય કરનાર, ગરદનની પાછળ જામી જાય છે એવો આ રોગ નાશ પામો. હે ઈન્દ્રદેવ ! સોમનું પાન કરી અમને ઐશ્વર્ય આપો.

**સૂક્ત-૭૭ દેવતા : મરુત**

હે મરુતો ! અમારી રક્ષા માટે હવિનું સેવન કરો. જે શત્રુઓ સંતાઈને વાર કરે છે, તેમને હે વરુણ તમે પાશમાં બાંધો. મરુદ્‌ગણ અમને પાપથી છોડાવો.

**સૂક્ત-૭૮ દેવતા : અગ્નિ**

હે અગ્નિ ! રોગીને અનુકૂળ થાઓ. હું રોગીના કંઠ, બગલ, મધ્ય દેશની તેમજ નિમ્નદેશીય ગાંઠોથી તેને મુક્ત કરું છું. હે અગ્નિદેવ ! આપ હવિ ગ્રહણ કરો. અમને પુત્ર આદિ સુખ આપો અને યજમાનની કામનાપૂર્ણ કરવા ઈન્દ્રને પ્રાર્થના કરો.

**સૂક્ત-૭૯ દેવતા : અમાવાસ્યા**

હે અમાવાસ્યા ! દેવગણોએ આપને હવિનો જે ભાગ અર્પણ કર્યો છે તેને ગ્રહણ કરી અમારા યજ્ઞને પૂર્ણ કરો. આપ અમને કાર્યકુશળ, સુંદર પુત્રાદિ સહિત ધન આપો. તેને માટે અમે હવિ અર્પણ કરીએ છીએ. તેઓ અમને અન્ન, દૂધ, અન્ય રસ તેમજ ધન આદિ પુષ્ટ કરો. તમારા સિવાય દેવતાઓ સૃષ્ટિની રચના કરી શકતા નથી.

**સૂક્ત-૮૦ દેવતા : પૂર્ણિમા**

પૂર્ણ ચંદ્રવાળી તિથિને પૂર્ણિમા કહે છે. પૂર્વમાં, પશ્ચિમમાં અને મધ્યમાં તે ચમકે છે. તેમાં દેવતાઓની સાથે રહીને અમે સ્વર્ગથી ઉપર અન્નરસ પ્રાપ્ત કરી આનંદિત થઈએ. સોમ આદિ હવિ તેમને અર્પણ કરીએ છીએ. હે પ્રજાપતિ ! તમે સૃષ્ટિકર્તા છો. અમારા હવિ વડે અમને અભિષ્ટ ફળ પ્રાપ્ત કરાવો.

**સૂક્ત-૮૧ દેવતા : સાવિત્રી, સૂર્ય, ચંદ્ર**

આકાશમાં વિચરણ કરતા સૂર્ય-ચંદ્ર અંતરિક્ષમાં ઘૂમે છે. હે ચંદ્ર ! તમારી એક-એક કળા વધતી જાય છે. તિથિઓ – રાત-દિવસ, કૃષ્ણ-શુક્લ પક્ષ તમારે આધિન છે. તમે દેવતાઓને હવિ અને દીર્ઘાયુ આપો છો.

હે બુધ ! તમે વીર-પાલનકરતા છો. હે સોમ ! તમે પૂર્ણિમાએ સમૃદ્ધ થાવ છો. અમે પણ સમૃદ્ધ બનીએ. જે અમારો દ્વેષ કરે છે અથવા અમે જેમનો દ્વેષ કરીએ છીએ તેમને હે ચંદ્ર ! તમે નષ્ટ કરો. ચંદ્ર, ઈન્દ્ર, વરુણ, બૃહસ્પતિ, વિશ્વેદેવા અમને સમૃદ્ધ કરો.

## • આઠમો અધ્યાય •

**સૂક્ત-૮૨ દેવતા : અગ્નિ**

અમે અગ્નિને ધારણ કરીએ છીએ. અગ્નિમાં આ આહુતિ આપીએ છીએ. હે અગ્નિ ! અમારામાં ઐશ્વર્ય પ્રતિષ્ઠિત કરો. ઉષાની સાથે પ્રદીપ્ત થઈ, દિવસની સાથે પ્રજ્વલિત બની અગ્નિ સૂર્યની જેમ સર્વત્ર પ્રકાશિત થાય છે. હે અગ્નિ ! મનુષ્ય તમને ઘી વડે પ્રદીપ્ત કરે છે. ગાયો તમારા માટે ઘી આપે છે.

**સૂક્ત-૮૩ દેવતા : વરુણ**

હે વરુણ ! અમને રોગો, પાપો અને અમારા કહેલા શાપ-વચનોથી બચાવો. હે વરુણ ! અમારા શરીરના ઊર્ધ્વ, મધ્ય અને અધોભાગમાં રહેલા બંધનો તમે ખોલો. અમે પાપ રહિત બનીએ. અમને દુઃસ્વપ્નયુક્ત ઉત્તમ, મધ્યમ અને અધમ પાપ-બંધનોથી છોડાવો. અમે પુણ્યલોક મેળવીએ.

**સૂક્ત-૮૪ દેવતા : અગ્નિ, ઇન્દ્ર**

હે અગ્નિ ! તમે સર્વજ્ઞ, અમર, જળધારક છો. તમે યજ્ઞમાં પ્રદીપ્ત થઈને અમારી રક્ષા કરો. હે ઈન્દ્ર ! તમે અક્ષય બળ સહિત પ્રગટ થાવ છો. હે અગ્નિ ! શત્રુઓનો નાશ કરો અને અમને સ્વર્ગ પ્રાપ્ત કરાવો.

**સૂક્ત-૮૫ દેવતા : તાર્ક્ષ્ય**

અમે તાર્ક્ષ્ય (ગરુડ)ને બોલાવીએ છીએ. દેવતાઓ તમારા માટે જ સોમ લાવ્યા હતા. તેઓ બળયુક્ત છે. આ અરિષ્ટને મીના પિતા દ્રુતગામી, શત્રુઓના વિજેતા છે.

**સૂક્ત-૮૬ દેવતા : રુદ્ર**

ભયોના રક્ષક, યુદ્ધોમાં આહ્‌વાનીય પુરહૂત ઈન્દ્રને અમે બોલાવીએ છીએ. તેઓ અમારું મંગળ કરો.

**સૂક્ત-૮૭ દેવતા : ઇન્દ્ર**

રુદ્ર પ્રગટરૂપે અગ્નિમાં, વરુણરૂપે જળમાં અને સોમરૂપથી લતાઓમાં રહે છે, તેમને અમારા નમન.

**સૂક્ત-૮૮ દેવતા : સર્પ વિષ દૂર કરનાર**

હે વિષ ! તું દંશ દીધેલા પુરુષમાંથી દૂર થઈ તે સાપની પાસે જા, જ્યાંથી તું આવ્યો છે.

**સૂક્ત-૮૯ દેવતા : અગ્નિ**

દિવ્ય જળ લઈને તેમાં ઔષધિ-રસ મેળવીએ છીએ. તેને તેજસ્વી બનાવીએ છીએ. હે અગ્નિ ! આ દૂધને તેજસ્વી બનાવો, અમને બળયુક્ત બનાવો, સંતાન તથા જીવન આપો. હે જળ ! અમને પાપથી બચાવો. હે અગ્નિ ! અમને તમારી જેમ તેજસ્વી બનાવો.

**સૂક્ત-૯૦ દેવતા : મંત્રોક્ત**

હે અગ્નિ ! શત્રુને બળહિન કરો. ભયથી રક્ષા કરનારા, બધા જ

પ્રકારના સંઘર્ષમાં બોલાવવા યોગ્ય ઈન્દ્રદેવનું અમે આહ્‌વાન કરીએ છીએ. જેથી કોઈ પીડા કરનાર, કુકર્મી કે દુષ્કર્મ કરવાની હિંમત કરે નહિ.

## • નવમો અધ્યાય •

**સૂક્ત-૯૧ દેવતા : ઇન્દ્ર**

હે ઈન્દ્ર ! રક્ષા કરો, શત્રુનાશ કરો, ભય દૂર કરો અને અમને ધનના સ્વામી બનાવો.

**સૂક્ત-૯૨ દેવતા : ચંદ્ર, ઇન્દ્ર**

હે ચંદ્ર ! હે ઈન્દ્ર ! આ શત્રુઓને દૂર ભગાડો. અમે તમારા અનુકૂળ રહીએ અને મંગળ પ્રાપ્ત કરીએ.

**સૂક્ત-૯૩ દેવતા : ઇન્દ્ર**

યુદ્ધ કરવાની ઈચ્છા રાખતા શત્રુને અમે ઈન્દ્રની સહાયથી વશમાં કરીએ. હે ઈન્દ્ર ! તે બધાનો નાશ કરો.

**સૂક્ત-૯૪ દેવતા : સોમ**

અમે રાજા સોમનું આહ્‌વાન કરીએ છીએ. હે ઈન્દ્ર ! અમારા સંતાનોને સમાન મનવાળા બનાવો.

**સૂક્ત-૯૫ દેવતા : ગૃધ**

શત્રુઓના પ્રાણ-અપાન બંધ થઈ જાવ. જેવી રીતે થાકેલા બળદને ઉઠાડીએ છીએ, વરુઓને ભગાડીએ છીએ, ભસતા કૂતરાઓને ભગાડીએ છીએ, તેવી રીતે શત્રુઓના પ્રાણને પણ ભગાડીએ છીએ. ધનનું અપહરણ કરનારને બાંધી લઈએ છીએ.

**સૂક્ત-૯૬ દેવતા : મંત્રોક્ત**

જેવી રીતે પક્ષીઓ પોતાના માળામાં જાય છે, ગાયો ગૌશાળામાં જાય છે, પર્વત પોતાના સ્થાનમાં અચળ રહે છે તેવી રીતે અમે શરીરમાં બન્ને કિડનીને સ્થાપિત કરીએ છીએ.

**સૂક્ત-૯૭ દેવતા : ઇન્દ્ર, અગ્નિ**

હે હોતા અગ્નિદેવ ! અમારા હવિને દેવતાઓ સુધી પહોંચાડો. હે ઈન્દ્ર ! અમારી સ્તુતિઓને વાણી આપો અને અમને પશુ-સંપન્ન કરો. હે

વસુઓ ! યજમાનને ધન આપો. હે દેવતાઓ ! તમે અમને ધન આપી સ્વર્ગમાં લઈ જાવ. હે યજ્ઞ ! તમે વિષ્ણુ પાસે જાવ. આ ઘૃત-આહુતિ તમારા માટે છે.

હે યજ્ઞપતિ ! યજ્ઞ તમારા કલ્યાણ માટે છે. ઘૃતાહુતિ અગ્નિ માટે છે. જેઓનું પૂજન થઈ ગયું છે અથવા જેમનું પૂજન બાકી છે તેઓને આ ઘૃતાહુતિ પહોંચે. હે દેવો ! તમે યજ્ઞમાં જે માર્ગેથી આવ્યા હતા તે માર્ગેથી જ પાછા ફરો. હે મનના સ્વામી ! આ યજ્ઞને સ્વર્ગ, અંતરિક્ષ, પૃથ્વી અને આકાશમાં સ્થાપિત કરો.

**સૂક્ત-૯૮ દેવતા : મંત્રોક્ત**

ઘૃત તેમજ હવનસામગ્રીથી આહુતિઓ ભરપૂર માત્રામાં આપવામાં આવી છે. એનાથી ઈન્દ્ર, વસુ, મરુત સહિત સમસ્ત દેવતાગણ તૃપ્ત થાઓ. આ ઉત્તમ આહુતિઓ ઈન્દ્રદેવને પ્રાપ્ત થાવ.

**સૂક્ત-૯૯ દેવતા : વેદી**

હે દર્ભ ! વેદી ઉપર ફેલાઈ જાવ. આ પીળા રંગનું દેવતાઓનું આસન છે. તે સુવર્ણયુક્ત બની જાવ.

**સૂક્ત-૧૦૦ દેવતા : દુઃસ્વપ્નનાશક**

અમે દુઃસ્વપ્ન-નિવારક મંત્ર સિદ્ધ કરી લીધો છે. આ અમારું કવચ છે. દુઃસ્વપ્ન જનિત પાપો દૂર થાવ.

**સૂક્ત-૧૦૧ દેવતા : દુઃસ્વપ્નનાશક**

સ્વપ્નમાં ખાધેલું અન્ન સવારે દેખાતું નથી, તોપણ આ અન્ન અમારા માટે કલ્યાણકારી થાઓ.

**સૂક્ત-૧૦૨ દેવતા : દ્યાવા-પૃથ્વી આદિ**

દ્યાવા-પૃથ્વી, અંતરિક્ષ, મૃત્યુને અમે નમન કરીએ છીએ. આ લોકમાં અમે દીર્ઘકાળ સુધી રહીએ. અગ્નિ, વાયુ, સૂર્ય અમારો વધ ન કરે.

## • દસમો અધ્યાય •

**સૂક્ત-૧૦૩ દેવતા : મંત્રોક્ત**

કયા રાજા દુર્ગતિથી બચાવશે ? અમારા યજ્ઞની કામના કોણ કરે છે ? અમારા ધનની પૂર્તિ અને દીર્ઘાયુ કરનાર કોણ છે ?

**સૂક્ત-૧૦૪ દેવતા : પ્રજાપતિ**

વિભિન્ન વર્ણવાળી, વત્સયુક્ત, દુધાળુ, વરુણ દ્વારા અથર્વાને આપવામાં આવેલી ગાયોને હે પ્રજાપતિ ! તમે શક્તિ આપો.

**સૂક્ત-૧૦૫ દેવતા : વિદ્યાર્થી**

હે વિદ્યાર્થી ! લૌકિક કર્મોથી દૂર રહો અને દેવાત્મક વાક્યોનું પઠન કરો અને સહપાઠકો સાથે વેદ ભણો.

**સૂક્ત-૧૦૬ દેવતા : અગ્નિ**

વિસ્મરણથી અમે જે કર્મ કરી શક્યા નથી, તેના પાપમાંથી અમને મુક્ત કરો. અમારું કર્મ પૂર્ણ થતાં અમે અમરત્વ પામીએ.

**સૂક્ત-૧૦૭ દેવતા : સૂર્ય, જળ**

સૂર્યનાં સાત કિરણો જળને નીચે લાવે છે. હે રોગી ! આ જળ તારા રોગને દૂર કરો.

**સૂક્ત-૧૦૮ દેવતા : અગ્નિ**

હે અગ્નિ ! જે શત્રુ અમને મારવા ઈચ્છે છે, તેને ગૃહ અને પુત્રાદિથી વિહિન બનાવો. જે અમને ઊંઘતા, બેસતા, જાગતા મારવા ઈચ્છે છે તેને અગ્નિના સહયોગથી અમે દૂર કરીએ.

**સૂક્ત-૧૦૯ દેવતા : અગ્નિ આદિ**

બભ્રુપાશમાંથી છોડાવનાર દેવને નમન કરીએ છીએ. અમને બાંધનાર પાશમાં આ અભિમંત્રિત જળ ફેલાવીએ છીએ. હે અગ્નિ ! ઈન્દ્ર દેવો અને અપ્સરાઓને આ હવિ પહોંચાડો. હે અપ્સરાઓ ! તમે અમારા પ્રતિદ્વંદ્વીને વશમાં કરો. હે દેવો ! અમારા પ્રતિદ્વંદ્વીને વિદ્યુત દ્વારા સળગી જતા વૃક્ષની જેમ ભસ્મ કરો. જે દેવોએ શત્રુઓના અંશો ઉપર વિજય અપાવ્યો છે તેઓ હવિ વડે તૃપ્ત બનો. હે ધનદાતા ગંધર્વો ! અમે તમને સોમયુક્ત હવિ આપીએ છીએ. તમે અમને ધનપતિ બનાવો. અમે ધન મેળવવા અગ્નિ વગેરે દેવોને આહુતિ આપીએ છીએ.

**સૂક્ત-૧૧૦ દેવતા : ઇન્દ્રાગ્નિ**

હે અગ્નિ ! હે વૃત્રહન્તા ઈન્દ્ર ! હવિદાતાના પાપને આપ નિઃશેષ કરો. બધા જીવોમાં જે ઈન્દ્રાગ્નિ વ્યાપ્ત અને કર્મદૃષ્ટા છે તેમને આહુતિ આપીએ છીએ. હે ઈન્દ્ર ! તમે સોમપાન દ્વારા બૃહસ્પતિના વશમાં રહો, યજમાનની સ્તુતિઓથી તેમને ધન આપો.

**સૂક્ત-૧૧૧ દેવતા : વૃષભ**

હે સોમધારક વૃષભ ! આ લોકમાં પ્રજોત્પત્તિ કરો. યજમાનના સંતાનો સુખી થાવ.

**સૂક્ત-૧૧૨ દેવતા : જળ**

શોભામયી દ્યાવા-પૃથ્વીમાં ચેતન, અચેતન અને જળ રહે છે. દ્યાવાપૃથ્વી અને જળ બધાં પાપોથી બચાવો.

**સૂક્ત-૧૧૩ દેવતા : તૃષ્ણા**

હે કામ-તૃષ્ણા, ધન-તૃષ્ણા ! તારા કારણે સ્ત્રી, પતિથી દ્વેષ કરવા લાગે છે. તું દાહક હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે.

**સૂક્ત-૧૧૪ દેવતા : અગ્નિ, સોમ**

હે દ્વેષકારિણી સ્ત્રી ! તારા સર્વાંગ સૌંદર્યને હું આભાહિન કરું છું. પારકાઓની નિંદા અને પરપીડાની તારી વૃત્તિ દૂર થાઓ. સોમદેવતા અને અગ્નિદેવ આવી પિશાચી અને રાક્ષસીઓનો સંહાર કરો.

**સૂક્ત-૧૧૫ દેવતા : સૂર્ય, અગ્નિ**

હે પાપદેવી ! તમે આ સ્થાનથી દૂર જાવ. હે સૂર્ય ! હે અગ્નિ ! પાપદેવીને દૂર ભગાવી તમારા હાથે અમને સુવર્ણ આપો. હે અગ્નિ ! પાપ-પૂર્ણ લક્ષ્મીને દૂર કરો.

**સૂક્ત-૧૧૬ દેવતા : જ્વર**

હે ઉષ્ણ જ્વર, શીત જ્વર તમને નમન ! તૃતીયક અને ચતુર્થિક તાવ આ દેડકા ઉપર જતો રહો.

**સૂક્ત-૧૧૭ દેવતા : ઇન્દ્ર**

હે ઈન્દ્ર ! તમે તમારા અશ્વોની સાથે અહીં આવો. તરસ્યો વ્યક્તિ જેમ મરુભૂમિને ઓળંગી જાય છે તેમ તમે અમને બધાને ઓળંગી જાવ.

**સૂક્ત-૧૧૮ દેવતા : સોમ, વરુણ, દેવતા**

વિજયાકાંક્ષી હે રાજા ! તમારા મર્મસ્થાન ઉપર કવચ ધારણ કરાવીએ છીએ. સોમ તમને અક્ષીણ તેજ આપો. ઈન્દ્ર તમને શત્રુ-વિજય આપો, વરુણ તમને સુખ આપો.

*

# આઠમો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : આયુ**

હે મૃત્યુદેવ તમને નમન ! પૃથ્વી ઉપર પ્રજા પ્રાણયુક્ત બનીને નિવાસ કરો. ભગદેવે બેભાન પુરુષનો ઉદ્ધાર કર્યો. ચંદ્ર, ઈન્દ્રાગ્નિ, મરુતે રક્ષા કરી. હે આયુષ્યકામ ! તારા પ્રાણ, મન, આયુ આ શરીરમાં રહો. અધોગતિ પાશમાં બંધાયેલા તમને અમે મંત્રરૂપી વાણી દ્વારા છોડાવીએ છીએ. તમે મૃત્યુપાશમાંથી નીકળી જાવ. તમે પૃથ્વી, અગ્નિ, સૂર્યનાં દર્શન રહિત બનશો નહિ. અંતરિક્ષમાં રહેલો વાયુ તમારા માટે સુખમય બનો. જળ પિયુષવર્ષક બનો. સૂર્ય સુખકારક તાપ આપો, મરણથી બચતા રહો. તમારા માટે અમે ઔષધિ પ્રયોગ કરીએ છીએ. તમને બળ આપીએ છીએ. ઈન્દ્રિય-સુખની સાથે તમે હાશ અનુભવો. યમ, મૃત્યુ કે મનુષ્ય-ભય દૂર થાઓ. હજી પિતૃઓ પાસે જવાની વાર છે. ઈન્દ્રાદિ દેવ તમારી રક્ષા કરો. તમે અંધકારમાંથી નીકળી પ્રકાશ તરફ જાવ. યમના કૂતરા નડતરરૂપ ન બનો, તને તે કરડે નહિ. બધા વિષયોથી મુક્ત બની અહીં નિવાસ કર. મરણાત્મક તંદ્રા આવે નહિ.

હે પુરુષ ! વડવાનળ, અગ્નિ, વિદ્યુત અગ્નિ તારી રક્ષા કરો. ક્રવ્યાદ તને પોતાનું ભક્ષણ ન બતાવે. તું સંકુસુક અગ્નિથી દૂર રહે. સૂર્ય, ચંદ્ર, દ્યાવા-પૃથ્વી અને અંતરિક્ષ પણ પોતાની દિવ્યશક્તિથી તમારી રક્ષા કરે. તે બધા દેવતાઓને નમન. આ ઉત્તમ આહુતિઓ તેમને અર્પણ. ઈન્દ્ર, સૂર્ય, ધાતા, વાયુ, યમ, પ્રજાપતિ, વસુ, દ્યાવા-પૃથ્વી તારી રક્ષા કરો. ઔષધિઓ તારું પોષણ કરે. હે દેવો ! આ પુરુષ આ લોકમાં જ રહે. અમે તને મૃત્યુ પાસેથી ખેંચીએ છીએ. આયુ-પોષક દેવતા તને ધારણ કરે. તારા બંધુ-બાંધવ અને સ્ત્રીઓ આંસુ ન પાડે. હે પુરુષ ! તારો પુનર્જન્મ થયો છે. તેં સો વર્ષનું આયુષ્ય મેળવી લીધું છે. તારી ઈન્દ્રિયો સક્ષમ છે, તારું અજ્ઞાન દૂર થયું છે. તારી પાસેથી પાપ, નિઋતિ અને યમ દૂર રહો, તારા બધા રોગ નાશ પામે.

**સૂક્ત-૨ દેવતા : આયુ**

હે આયુની ઈચ્છાવાળા પુરુષ ! અમૃતત્વની અનુભૂતિ કર. આ

અનુભૂતિ વૃદ્ધાવસ્થા સુધી ટકી રહો. તું રજ-તમ રહિત, વધ રહિત રહે. તારા માટે પુનઃ પ્રાણ અપાવું છું. તું ચૈતન્યરૂપ છે, તાવ આદિ દૂર થાવ. અમે દીર્ઘાયુની કામના કરીએ છીએ. તું બધા જ અંગોથી યુક્ત બની રહે. મૃત્યુને મારું નમન. હું આને સચેષ્ટ કહું છું. હે મૃત્યુ ! તમે આના પ્રાણ લેશો નહિ. ભવ અને શર્વ આને સુખ આપો. હે પુરુષ ! દેવોના શસ્ત્ર વડે તમારો વધ ન થાવ. આ બેભાનને રક્ષા-કવચ બાંધીએ છીએ. હે પુરુષ ! તું દીર્ઘાયુ બનીને સો વર્ષનું આયુષ્ય ભોગવ. તું જરા-મૃત્યુથી દૂર રહે અને મંત્ર-શક્તિથી દૂર રહે. અગ્નિ પાસે તારા પ્રાણ માંગું છું. મૃત્યુની શાંતિ માટે કર્મ કરું છું. સૂર્ય, ચંદ્ર, દ્યાવા-પૃથ્વી, અંતરીક્ષ, જળવાયુ, ઔષધિ બધા તને અનુકૂળ બનો. હે મૂંડન સંસ્કાર ! બાળકના વાળ અસ્ત્રાથી ઉતારી તેને તેજસ્વી બનાવો. હે બાળક ! તારા માટે ધાન્ય સુખકારી બનો. રોગ બાધક ન બનો, પુણ્યની રક્ષા થાવ. અમે તને દિવસ અને રાજ્યાભિમાની દેવતાને સોંપીએ છીએ. તેઓ બધા પ્રકારે તમારી રક્ષા કરો. હે બાળક ! અમે તને શતાયુ બનાવીએ છીએ. રક્ષા માટે તને ઋતુઓને અર્પિત કરીએ છીએ. વર્ષ તને સુખકર બનાવે. તું મૃત્યુ-ભયમુક્ત બન. અમે શાંતિ-કર્મ કરીએ છીએ. આ શાંતિ-કર્મ રાક્ષસ વિરોધી છે અને અભિચાર વગેરેથી બચાવે છે. અગ્નિ, ઈન્દ્ર આદિ તને મૃત્યુથી બચાવે. હે પૂતદ્રુ (પવિત્ર થનાર) ઔષધિ ! તું રોગનાશક અને રાક્ષસ આદિ શત્રુ-સંહારક ઔષધિ છે. અમારી મનોકામના તમે પૂર્ણ કરો.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૩ દેવતા : અગ્નિ**

સૂક્તમાં વર્ણિત કામનાઓવાળા અમે અગ્નિની શરણમાં જઈએ છીએ, તેમને ઘી વડે સિંચીએ છીએ અને જ્વાળાઓને પ્રદીપ્ત કરીએ છીએ, તેઓ અમારી રક્ષા કરે. હે અગ્નિ ! રાક્ષસો, અભિચારકોને ભસ્મ કરો. અમારા શ્રેષ્ઠ અને નિકૃષ્ઠ શત્રુઓને નષ્ટ કરો. તમારું વજ્ર તેમને ક્ષીણ કરે, તેમને જ્વાળાઓમાં શેકી નાંખો. અમારા અનુષ્ઠાનરૂપ બાણોને મંત્રો દ્વારા ફેલાવીને શત્રુઓના હૃદયને વિદીર્ણ કરો. તમારા વિકરાળ નેત્રોથી અમારા યજ્ઞની રક્ષા કરો. યજ્ઞને વસુઓ સુધી પહોંચાડો. તમે દંડાનુગ્રહ જાણો છો. પ્રજા પીડકોના ત્રણ નીચેના અને ત્રણ ઉપરનાં અંગોને કાપી નાંખો. તમારી જ્વાળાઓથી

યાતુધાનનો નાશ થાવ. છળથી નષ્ટ કરવાવાળાને તમે નષ્ટ કરો. જે યાતુધાન માટે સ્ત્રી-પુરુષ આકૃષ્ટ છે તેમના ઉપર તમે ક્રુદ્ધ મનથી આઘાત કરો. પ્રાણ હરનારા રાક્ષસોને એવા મારો કે તે ફરી પાછા આવી જ શકે નહિ. મિથ્યાભાષીને દેવના આયુધ છેદી નાંખો. માંસભક્ષી અને ગૌ-દુગ્ધના અપકારકનો શિરચ્છેદ કરો. વર્ષ સુધી મને મળનાર ગૌ-દૂધ રાક્ષસો પડાવી ન લે. જે રાક્ષસો અમારા ગૌ-ઘૃતથી તૃપ્ત થવાની ઈચ્છા રાખતા હોય તેમના મર્મસ્થળને વિંધી નાંખો. ચારે દિશાઓને રાક્ષસોથી બચાવો. જેમ અથર્વા ઋષિએ મંત્ર-બળથી રાક્ષસોનો નાશ કર્યો હતો તેવી રીતે તમે પણ સ્વતેજથી તેમને ભ્રષ્ટ કરો. તમારાં દર્શનમાત્રથી રાક્ષસો બળહિન બની જાય છે. રાક્ષસોની માયાને તમે નષ્ટ કરો. યાતુધાનના સંહાર માટે તેજસ્વી અગ્નિની જ્વાળાઓ વૃદ્ધિ પામે છે. આ અગ્નિ અમારા છિન્દ્રાન્વેષી રાક્ષસોનો સંહાર કરે. હે અગ્નિ ! તમે સ્તુતિ યોગ્ય, સ્વયં શુદ્ધ અને અન્યની શુદ્ધિ કરનારા છો.

**સૂક્ત-૪ દેવતા : ઇન્દ્ર, સોમાદિ**

હે ઈન્દ્ર ! હે સોમ ! રાક્ષસોને દુઃખ આપો, તેમને નષ્ટ કરો, તમે અભિષ્ટવર્ષક છો. માયા વડે વૃદ્ધિ પામેલા રાક્ષસોનો નાશ કરો. પાપીઓને હરાવો, તપાવો અને તેમનામાં પરસ્પર દ્વેષ પેદા કરો. તિરસ્કાર કરવા તમારું બળ ક્રોધપૂર્ણ બનો. દ્યાવા-પૃથ્વી પાપી ઉપર આયુધ ફેંકો. પર્વત અને મેઘથી ઉત્પન્ન રાક્ષસોના નાશ માટે વજ્રને તીક્ષ્ણ બનાવો. તેમની પાંસળીઓ તોડી નાંખો, તેઓ શબ્દહિન થઈને પડી જાવ. અમારા મંત્રોથી તમે પ્રસન્ન થાવ. દુષ્કર્મી શત્રુનું જીવન દુઃખમય બનો.

અસત્ વચનને કારણે શાપ આપનારનો શાપ વ્યર્થ થાય. હે મંગળકારી સોમ ! સ્વધાને દૂષિત કરનારાને તમે સર્પને સોંપી દો, નિઋતિના ખોળામાં ફેંકી દો. અમારા રસના અપહારક નાશ પામો, પોતાના શરીર અને પુત્રાદિઓથી વિમુખ થાવ. હે દેવો ! અમારો વધ કરવા ઈચ્છનાર પોતાના સ્ત્રી-પુત્રથી વિખૂટો પડી જાય. પાપી મિથ્યાચારીને સોમ છોડતો નથી.

હે અગ્નિ ! અમે દેવ વડે રક્ષિત બનીએ. દેવનો દ્રોહ કરનાર દુર્ગતિ પ્રાપ્ત કરે. હે આરોપ મૂકનારા ! તમે મારા ઉપર જુઠ્ઠો આરોપ મૂકો છો. જો હું ખરેખર દોષી હોઉં તો આજે જ મરી જાઉં. તારો આરોપ મિથ્યા હોય તો, તને તારા પુત્રથી વિયોગ થાવ. જે દુષ્ટ પોતાની જાતને સજ્જન અને મને

સદાચારીને દુષ્ટ કહેતો હોય તેને હે ઈન્દ્ર ! તમે વજ્રથી નષ્ટ કરો. રાત્રીમાં જે રાક્ષસી મારવા દોડે છે તે ઊંડી ખીણમાં પડો. સોમ વાટવાના પથ્થરના ધ્વનિથી જ રાક્ષસો નાશ પામે છે. હે મરુતો ! દુષ્ટના હનનનો વિચાર કરો. જે પક્ષીરૂપ રાક્ષસો રાત્રીમાં ઊડે છે અને યજ્ઞમાં વિઘ્ન નાંખે છે તેમનો તમે નાશ કરો.

હે ઈન્દ્ર ! આકાશસ્થ વજ્રને પ્રેરિત કરો, તેને સોમવડે તીક્ષ્ણ બનાવો અને રાક્ષસોનો નાશ કરો. જે રાક્ષસો અહિંસક ઈન્દ્રનો વધ કરવા ઈચ્છે છે તેને હે ઈન્દ્ર તમે વજ્ર વડે મારો. હવિ-નાશક રાક્ષસનો ઈન્દ્ર વધ કરો. હે ઈન્દ્ર સંતાપી રાક્ષસ, મોહિની, રાક્ષસી અને વ્યભિચારકર્મમાં રત દુષ્ટની ગરદન કાપી નાંખો. તેઓ સૂર્યોદય જોઈ ન શકે. હે સોમ ! હે ઈન્દ્ર ! રક્ષા અર્થે સદા જાગૃત રહો.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૫ દેવતા : મંત્રોક્ત**

આ તિલક વૃક્ષનો મણિ કૃત્યાકર્મ પ્રતિકારક છે, શત્રુનાશક, યજમાન રક્ષક, કલ્યાણકારી અને વીરપુત્રદાયક છે. તેને મારી ભુજા ઉપર બાંધી દો. તેનો પ્રભાવ શત્રુઓ માટે ઘાતક, વીરોમાં વીરતા લાવનાર અને બધા પ્રકારના રોગમાં સંરક્ષક અને મંગળકારી છે. આ મણિના સામર્થ્યથી ઈન્દ્રદેવે વૃત્રાસુરનો સંહાર કર્યો. આ મણિ શત્રુનાશક, વીરતાયુક્ત, સહનશીલ, બળવાન, અન્નદાતા, શત્રુઓને પરાજિત કરનાર અને પરાક્રમી છે. એ પ્રયોગ કરનારના દુષ્કૃત્યને પાછો તેમના તરફ જ મોકલે છે. દ્યાવા-પૃથ્વી, સૂર્ય, ઈન્દ્ર, અગ્નિ અને ધાતા – એ બધા દેવો અમને સંરક્ષણ કવચ ધારણ કરવામાં સહાયક બને. ઈન્દ્રાગ્નિ દેવોનું જે પ્રચંડ મણિરૂપ કવચ છે તેને ભેદવા કોઈ દેવ સમર્થ નથી.

ઈન્દ્રાગ્નિ દેવો દ્વારા ધારણ કરવા માટે પ્રેરાયેલી આ દેવમણિ આરૂઢ થાઓ. આ સાકત્ય મણિમાં અમારા ઈચ્છિત સુખોને પ્રતિષ્ઠિત કરે. આપ આ મણિમાં વ્યાપીને તેની કલ્યાણ કરવાની ક્ષમતા વધારો જેથી ધારણ કરનાર સો વર્ષનું આયુષ્ય મેળવે અને ઘડપણ સુધી આરોગ્ય સારું રહે. વૃત્રાસુરના નાશક, વિભિન્ન યુદ્ધોના સંચાલક, શત્રુઓનું નિયંત્રણ કરનાર, ભયરહિત અને

ઇચ્છિત ફળની વર્ષા કરનાર, ઈન્દ્રદેવ આપના શરીર ઉપર મણિને બાંધે, તે મણિનો બધી બાજુએથી રાત-દિવસ રક્ષણ કરો.

**સૂક્ત-૬ દેવતા : માતૃનામા (ગર્ભિણી)**

હે ગર્ભિણી ! તને ત્વચાદોષ ન થાવ. આલિંશ, સંવત રોગના દેવતા તમને વિઘ્ન ન પહોંચાડે. 'પલાલ', અનુપલાલ, શર્ક કોક, આદિનો અમે નાશ કરીએ છીએ. હે દુર્નામરોગ તું ગર્ભિણીના ઉરૂ અને અંતઃપ્રદેશને સંકુચિત ન કર. બધા વ્યાધિ કરનારા રાક્ષસોને આ પીળા સરસવથી દૂર કરીએ છીએ. સૂતા-જાગતા જો રાક્ષસ તારી હિંસા કરવા ઈચ્છે છે તેનો સરસવ દ્વારા નાશ કર. હે સરસવ ! આ (સ્ત્રી)ને જે મૃતવત્સા કરે અથવા જે ગર્ભને હાની પહોંચાડે એવાને તમે નષ્ટ કરો અને આ ગર્ભને પુષ્ટ કરો. જે રાક્ષસ એના ભવનની ચારે તરફ નૃત્ય કરે – ભ્રમણ કરે – તેમને હે પીળી અને સફેદ સરસવ ! તમારી ગંધ વડે દૂર ભગાડો. કૂકડાની જેમ બાંગ લગાવનાર, દુષિતકર્મવાળા રાક્ષસોને અમે આ ગર્ભિણીથી દૂર ભગાડીએ છીએ. સૂર્યનો તાપ જે સહન કરી શકતા નથી, જેમના મોં લોહીથી ખરડાયેલા છે, જેમણે અન્નચર્મ ધારણ કર્યું છે એવા રાક્ષસોનો નાશ કરીએ છીએ. જે પિશાચો સ્થૂળ શરીરથી ગર્ભિણીને પોતાના ખભા ઉપર ઊંચકી નૃત્ય કરે છે તેમનો હે ઈન્દ્ર ! તમે વધ કરો. ઊલટા પગવાળા, છિન્નમસ્તક, વિસ્ફારીત નેત્રવાળા વગેરે બધા રાક્ષસોનો નાશ થાવ. હે સર્ષવ ! આ સૂઈ ગયેલી ગર્ભિણીને હેરાન કરનારા રાક્ષસો, મુનિકે શાહિ પિશાચ, શિશુ મારણ-ઈચ્છુક તથા અન્ય રાક્ષસોને પગ તળે કચડી નાખો. જે અર્ધપુષ્ટ ગર્ભનો નાશ કરે છે, જે બનાવટી વેશમાં સૂતિકાગૃહમાં ઘૂસી જાય છે એવા ગંધર્વ-રાક્ષસ-પિશાચો શ્વેત સરસવ દ્વારા નષ્ટ થઈ જાય છે. હવન આદિથી વધેલા સરસવને હે ગર્ભિણી તું ધારણ કર. બન્ને સરસવને નાભિમાં ધારણ કરવાથી તારી રક્ષા કરશે.

હે ઔષધ ! વજ્રનામ, અનેક અંગોવાળા તગલ્વ, સાયકાદિ રાક્ષસો-પિશાચોથી આ ગર્ભિણીને બચાવો. જે માયાવી, કાચા માંસના ભક્ષક અને ગર્ભને ખાઈ જનારા પિશાચને અમે દૂર કરીએ છીએ. પૃથ્વીની પીડા માટે આવનારાને સૂર્યાજ્ઞાથી પીળા સરસવ દૂર કરો. હે સરસવ ! ઉત્પન્ન ગર્ભને ભૂત-બાધાથી બચાવો. આ ગર્ભિણીની સંતાનહિનતા અને મૃતવત્સા આદિને શત્રુ ઉપર ફેંકો.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૭ દેવતા : ભેષજ્ઞ**

અમે વિભિન્ન વર્ણાકાર ઔષધિઓ પાસે રોગશમનની પ્રાર્થના કરીએ છીએ. જે ઔષધિઓના પિતા આકાશ, માતા પૃથ્વી અને મૂળ સમુદ્ર છે તે યક્ષ્મા રોગ દૂર કરે છે. હે રોગનાશક ! અમે તમને અભિમંત્રિત કરીએ છીએ. તમે આને યક્ષ્માથી બચાવો. કલ્યાણ અર્થે અમે 'જીવન્તી' ઔષધિને આમંત્રીએ છીએ. હે જળગર્ભા, અગ્નિભક્ષ્યા, સદાનવીન, બે ફળવાળી, ગંધયુક્ત ઔષધિ પાપનો નાશ કરે છે. જલોદર, વિષપ્રભાવ-કાસાદિ નાશક ઔષધિઓ ! તમે અહીં આવો.

જાતે લાવવામાં આવેલી રોગનાશિકા, અભિમંત્રિત ઔષધિઓ, મનુષ્ય-પશુનું રક્ષણ કરે છે. જે આ ઔષધિનું સેવન કરે છે તે અમૃતનું સેવન કરે છે. વાઘ-મણિ તેમજ અન્ય જે ઔષધિઓના સ્વામી બૃહસ્પતિ છે, તે શ્રેષ્ઠ ઔષધિઓ રોગ-નાશક હોય છે. અંગિરાએ વર્ણવેલી ઔષધિઓ સમતળ અને પર્વતીય પ્રદેશોમાં ઉત્પન્ન થાય છે તે બધી જ્ઞાત-અજ્ઞાત ઔષધિઓ વડે અમે રોગીઓના રોગ દૂર કરીએ. ધાન્ય વગેરે ઔષધિઓ અમૃતરૂપ છે. હે ઔષધિઓ ! વીજળીના કડાકા, મેઘ-ગર્જના, વર્ષા-શક્તિ દ્વારા વાયુ અને પર્જન્ય તમારું રક્ષણ કરે. જે ઔષધિઓને નોળિયો, સાપ અને ગંધર્વ ઓળખે છે તેને અમે આવકારીએ છીએ. અમે અંગિરા દ્વારા જ્ઞાત થયેલી હંસ આદિ ઔષધિઓનું આહ્‌વાન કરીએ છીએ. ગાય-બકરીઓનું ભક્ષ્ય બને છે તેવી ઔષધિઓનું રક્ષણ કરો. ચિકિત્સક આવી ગયા છે. હે રોગી ! તને પંચશલાકા અને દશશલાકાવાળા કાષ્ટ બંધનથી છોડાવવા અમે મંત્ર-શક્તિ પ્રાપ્ત કરી છે.

**સૂક્ત-૮ દેવતા : ઇન્દ્ર, બૃહસ્પતિ**

વીર, શત્રુસેના મંથક ઈન્દ્ર, અગ્નિ મંથન કરો જેથી શત્રુ-સંહારમાં સમર્થ બની શકે. હે પીપળ, એરંડ અને ખદિર ! રોગના શત્રુઓને ઈન્દ્રદેવે અંતરિક્ષ અને દિશાઓનો દંડ બનાવી તેનાથી દૈત્યસેનાનો નાશ કર્યો. વિશાળ જાળ વડે હે ઈન્દ્ર ! શત્રુઓને ભગાડો, કોઈ બચે નહિ. ઈન્દ્રની આ જાળ વડે હું નિંદ્રા, તંદ્રા, આર્તિ, નિર્ઋતિ બધાને આચ્છાદિત કરું છું, મૃત્યુને આધિન કરું છું. મૃત્યુ-દૂતોની તરફ મોકલું છું. હે મૃત્યુદૂતો ! શત્રુઓને લઈ જજો. રુદ્રાયુધ

તેમને નષ્ટ કરો. વનસ્પતિઓ, લતાઓ, બે પગા-ચોપગા, ગંધર્વો, અપ્સરાઓ, પિતૃઓ, સર્પો, રાક્ષસોને હું મંત્રશક્તિથી પ્રેરિત કરું છું. હે ભવ-શર્વ અને સોમ, તમે શત્રુઓનો નાશ કરો. શત્રુઓ ભૂખ, અલક્ષ્મી અને ભયને પ્રાપ્ત થઈ મૃત્યુ પામો. મંત્રબળથી શત્રુઓનો પરાજય થાવ. બધા શત્રુઓમાંથી કોઈને પણ બૃહસ્પતિ બચવા ન દે. શત્રુઓ હાથમાં શસ્ત્રો પકડવા સમર્થ ન રહે, તેઓ ભયાકૂળ બને. દ્યાવા-પૃથ્વી અને અંતરિક્ષ શત્રુઓને શાપિત કરે. હે શત્રુઓ તમે મંત્રબળથી હાર પામો. અગ્નિદેવનો રથ છે – સંવત્સર. પરિવત્સર રથની ગાદી છે. વિરાટ મુખ અને ચંદ્રમા સારથિ છે. પુરોડાશ અશ્વ છે, દ્યાવાપૃથ્વી અને ૠતુઓ લગામ. અંતરિક્ષ તેનું સ્થાન છે. ચાર દિશાઓ રથને ખેંચે છે. રથમાં અગ્નિની સાથે ઈન્દ્ર બેઠા છે. તેઓ શત્રુઓનો નાશ કરે છે. અમારા યજમાનને બધેથી વિજય પ્રાપ્ત થાવ. મિત્રોના વિજય માટે આ આહુતિ આપીએ છીએ.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૯ દેવતા : મંત્રોક્ત**

આ વિરાટનો ક્યાંથી ઉદ્‌ભવ થયો ? વિરાટ જળમાંથી પ્રગટ થયું, જળમાં શયન કર્યું. તેણે શરીરને પોતાના રહેવાની ગુફા બનાવી. દ્યાવાપૃથ્વીથી બૃહત્, બૃહતથી પાંચ સોમ, તેમાંથી ષષ્ઠાન થયું. દ્યાવાપૃથ્વી જ્યાં સુધી છે ત્યાં સુધી અગ્નિ સાધક છે. અગ્નિ ઉપર દ્યૌ પ્રતિષ્ઠિત છે. ૠષિ કહે છે કે બ્રહ્માના પિતા વિરાટ છે. વિરાટની ઉપસ્થિતિ હોય તો જ યજ્ઞ થાય છે. તેની અનુપસ્થિતિમાં યજ્ઞ થતો નથી. વિરાટ પરમ-વ્યોમમાં સ્થિત છે. પ્રજાપતિ જ વિરાટની જ્ઞાતા છે. તેઓ જ ૠતુ-કલ્પના જ્ઞાતા છે. વિરાટ ઉષારૂપે પ્રથમ ઉદિત થાય છે. ઉષા અંધકારને દૂર કરે છે. સોમ, સૂર્ય, અગ્નિ વિરાટના આશ્રિત છે. એક જ શક્તિ ૠત્વિજોને પ્રાપ્ત થાય છે. તેમનું બળ વધારે છે અને રાષ્ટ્રનું રક્ષણ કરે છે. અગ્નિ, સોમ આદિને પણ તે (વિરાટ) જ ધારણ કરે છે. ગાયત્રી આદિ અને યજ્ઞ પણ તેના ભાગરૂપ છે. પહેલા છ ૠતુઓ થઈ. ૠતુના પ્રથમ આઠ ભૂત થયા. તે જ ૠત્વિજ છે. ૠતુઓ કલ્યાણકારી થઈને ઘૂમે છે. ઈન્દ્રની ૮, યમની ૬ અને ૠષિઓની ૭૭ ઔષધિઓ છે. તેમને જળથી સિંચીએ છીએ. પ્રથમ વાર વિયાયેલી ગાયના અમૃતરૂપ દૂધનું દોહન કર્યું, તેનાથી ઈન્દ્ર આદિ બધા તૃપ્ત થયા.

**સૂક્ત-૧૦ (૧થી ૬ ખંડ) દેવતા : વિરાટ**

(૧) આદિકાળમાં વિરાટ જ હતું. વિરાટ જળ બન્યું. ઉત્ક્રમિત વિરાટ જ ક્રમશઃ ગાર્હપત્યાગ્નિ, આહવાહનીય અગ્નિ, દક્ષિણાગ્નિ, સભા, સમિતિ આમંત્રણ બન્યા. તેના જ્ઞાતાઓ ક્રમશઃ ગૃહપતિ, યજ્ઞપ્રિય, દક્ષિણીય, સદસ્ય, સામિત્ય અને આમંત્રણીય માનવામાં આવે છે.

(૨) વિરાટનું પુનઃ ઉત્ક્રમણ ચાર વેદ-વાણીના રૂપમાં થયું જે અંતરિક્ષસ્થ બની ગયું. મનુષ્યોએ તેને ઊર્જા, સ્વધા, સૂનૃતા અને ઈરાવતીના રૂપમાં આહૂત કર્યું. તે સમયે ઈન્દ્ર આ વાણીના (ગૌ)ના વાછરડા બન્યા, ગાયત્રી રસ્સી બની અને વાદળા દુગ્ધ સ્થળ, બૃહત્સામ અને રથન્તરસામ તેમજ યજ્ઞાયજ્ઞિય અને વામદેવ્ય સામ સ્તનરૂપ બન્યા. દેવશક્તિઓએ રથન્તર સામમાંથી ઔષધિઓનું અને બૃહત્સામમાંથી વ્યાપક આકાશના રસનું દોહન કર્યું.

(૩) વિરાટ શક્તિ ફરી ઉત્થાન કરીને વનસ્પતિઓ પાસે પહોંચી, તેણે વનસ્પતિઓને ભોગવી. તે સંવર્ત્સરમાં તેમની સાથે એકરૂપ થઈ. એથી જ વનસ્પતિઓના કપાયેલા ભાગ એક વર્ષમાં ફરી ઊગી જાય છે. જેઓ એના જ્ઞાતા છે, તેમના દુષ્ટ શત્રુઓનો નાશ થાય છે. પછી વિરાટ શક્તિ પિતૃઓની પાસે પહોંચી. તેને પિતૃઓએ ભોગવી. તેમની પાસેથી તે માસ (મહિનો)માં આત્મસાત થઈ ગઈ. વિરાટ શક્તિ ફરી દેવો પાસે પહોંચી. તે અર્ધા મહિના સુધી તેમની સાથે એકરૂપ થઈ ગઈ. એથી દેવ-શક્તિઓને માટે અર્ધમાસમાં વર્ષ કર્મ કરવાનું વિધાન છે. પછી વિરાટ શક્તિ મનુષ્યો પાસે ગઈ. તે તાત્કાલિક તેમની સાથે જોડાઈ ગઈ, તેથી જ તે મનુષ્યોને માટે દરેક દિવસે અન્ન વગેરે આપે છે.

(૪) પુનઃ વિરાટશક્તિએ ઉત્થાન કર્યું ત્યારે તે અસુરો પાસે પહોંચી. અસુરોએ તેને બોલાવી કે, હે માયા સ્વરૂપા, અહીં આવો. પ્રહ્‌લાદના પુત્ર વિરોચન તેના વત્સ હતા અને તેમનું લોખંડનું પાત્ર હતું. પછી તે પિતૃઓ પાસે પહોંચી.. પિતૃઓએ સ્વાગત કર્યું કે, હે સ્વધા ! આગમન કરો. તેના વત્સ રાજા યમ થયા અને ચાંદીનું પાત્ર હતું. પછી તે મનુષ્યોની પાસે ગઈ. મનુષ્યોએ 'હે ઈરાવતી પધારો. વિવસ્વાનનો પુત્ર મનુ તેના વત્સરૂપ થયો અને પૃથ્વી પાત્રરૂપ થઈ. કૃષિ દ્વારા પૃથ્વીનું દોહન પૃથુ રાજાએ કર્યું અને તેમાંથી

ધાન્ય ઉત્પન્ન થયું. પુનઃ વિરાટ શક્તિ ઉત્ક્રમણ કરી સપ્તર્ષિઓ પાસે પહોંચી. સપ્તર્ષિઓએ બ્રહ્મણ્વતીનું સ્વાગત કર્યું. ત્યારે રાજા સોમ વત્સરૂપ થયા અને છંદ પાત્ર બન્યા.

(૫) તે શક્તિ ફરી દેવતાઓ પાસે પહોંચી. દેવાએ કહ્યું, હે ઊર્જા ! પધારો. ત્યારે ઈન્દ્રદેવ તેના વત્સરૂપ અને સમસ-પાત્ર રૂપ બન્યા. સવિતદેવ તેના દોહનકર્તા બન્યા અને તેનાથી બળપ્રાપ્તિ થઈ. પછી તે વિરાટ શક્તિ ગંધર્વ અને અપ્સરાઓની પાસે ગઈ. તેમને આવકારતા કહ્યું, હે (ગંધવતી) પુણ્યગંધા ! પધારો. સૂર્યવર્ચસના પુત્ર ચિત્રરથ તેના વત્સરૂપ થયા. પુષ્કરપર્ણ (કમળપત્ર) પાત્રરૂપ બન્યા. ફરી વિરાટ ઉત્થાન પામી ઈતરજનો પાસે પહોંચી. તેને ઈતરજનોએ આવકારી, હે તિરોધે ! (અંતર્ધાન શક્તિ) આવો. કુબેર તેના વત્સરૂપ બન્યા અને પાત્રરૂપે માટીનું વાસણ બન્યું. પછી તે સર્પોની પાસે પહોંચી. સર્પોએ તેમને આવકારી કહ્યું, હે વિષવતી આવો. તક્ષક તેના વત્સરૂપ હતા અને અલાબુ તેના પાત્રરૂપ બન્યા.

(૬) આથી આ વિદ્યાને જાણનારાને જો અલાબુ (ભીંડો)થી અભિસિંચિત કરવામાં આવે તો વિષના દુષ્પ્રભાવને નષ્ટ કરે છે. આવા પ્રતિકારક પ્રયોગ કરવામાં આવે ત્યારે તે વિષના પ્રભાવને નષ્ટ કરે છે.

*

# નવમો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : મધુ, અશ્વિનૌ**

સ્વર્ગ, પૃથ્વી, અંતરિક્ષ, સમુદ્ર અને અગ્નિમાંથી મધુકશા (મધુવિદ્યા કે ગૌ) ઉત્પન્ન થઈ છે. સર્વ પ્રજાઓ પ્રસન્નતાપૂર્વક મધુકશાનું પૂજન કરે છે. તેનું દૂધ (કે રસ) જ સમુદ્રનું રેતસ્ પણ છે. તેને મરુદ્‌ગણોની પ્રચંડ તેજસ્વીની પુત્રી, અગ્નિ અને વાયુદેવના સંયોગથી ઉત્પન્ન થયેલી દર્શાવી છે. હજારો ધારાઓવાળા તેના સ્તન નિરંતર બળપ્રદ રસ આપતાં રહે છે. બ્રહ્મા તેના પ્રયોગનું ચિંતન કરનારા છે. હિંકારનો ધ્વનિ કરતી, હવિને ધારણ કરનારી, જે શક્તિ યજ્ઞભૂમિમાં વિચરણ કરે છે તે આ ત્રણેય તેજોને નિયંત્રિત

કરે છે. તેના દ્વારા જ અભિષ્ટકારક જળ-વર્ષા થાય છે. હે પ્રજાપતિ ! તમે પૃથ્વી ઉપર બળનું સિંચન કરો છો. તમે વર્ષા કરનાર છો.

પ્રાતઃસવનમાં બન્ને અશ્વિનીકુમારને, મધ્ય સવનમાં ઈન્દ્રાગ્નિ, ત્રીજા સવનમાં ઋતુઓને સોમ પ્રિય હોય છે. આ બધા દેવો અમને તેજ આપો. અમે હવિ આપીએ છીએ. હે અગ્નિ ! અમને અન્ન-સંતાનથી યુક્ત કરો. જે રીતે મધમાખીઓ મધુકણોને ચૂસીને મધ એકઠું કરે છે તે રીતે અશ્વિનીકુમારો મારામાં તેજસ્વિતા સ્થાપિત કરે. બન્ને અશ્વિનીકુમારો તેમાં વર્ચસ, બળ, ઓજસની સ્થાપના કરો. ગિરિ-પર્વતો, ગૌ અને અશ્વાદિ પશુઓમાં જે મધુરતા છે તેમજ સિંચિત થતા તીવ્ર ઔષધિના રસમાં જે મધુરતા છે તે અમારી અંદર સ્થાપિત થાવ. બ્રાહ્મણ, રાજા, ધેનુ, વૃષભ, ચોખા અને મધ – એ સાત મધુરતાયુક્ત છે. અમારી વાણી પણ એવી મધુર બનો. અંતરિક્ષમાં જે ગર્જના થાય છે તે જાણે કે પ્રજાપતિની વાણી છે. પ્રજાપતિ પૃથ્વી ઉપર અન્ન, બળ, પશુ, ધનનું વર્ષણ કરી તેની વૃદ્ધિ કરે છે.

**સૂક્ત-૨ દેવતા : કામ**

કામરૂપી ઋષભને અમે હવિ અર્પણ કરીએ છીએ. હે ઋષભ ! આપ અમારી પ્રાર્થનાથી પ્રસન્ન થઈ અમારું અનિષ્ટ કરનારા શત્રુઓને પતિત કરો. હે સહુના સ્વામી, પરાક્રમી કામદેવ ! આપ અનિષ્ટકારી સ્વપ્ન, પાપકર્મ, નિઃસંતાનરૂપ દુર્ભાગ્ય, દરિદ્રતા, આપત્તિઓ વગેરે બધા અનિષ્ટોને શત્રુઓ તરફ મોકલો. અગ્નિ તેમને અંધકારમાં ધકેલી ભસ્મીભૂત કરો. ઈન્દ્ર, વરુણરાજાની સાથે વિષ્ણુદેવના બળ, સવિતાદેવની પ્રેરણા અને અગ્નિહોત્રથી શત્રુઓને અમે દૂર કરીએ છીએ. હે કામને જ્યેષ્ઠ માનનારા દેવો ! આપ ઘૃતયુક્ત આજ્યાહુતિનું સેવન કરી પ્રસન્ન થાવ અને અમને શત્રુઓ વિનાના બનાવો. અગ્નિ, ઈન્દ્ર અને સોમદેવ એ બધા દેવગણ, શત્રુઓને ભગાડતાં અમારું રક્ષણ કરો. વિદ્યુત તરંગો પૃથ્વી ઉપર તેમના ટુકડે-ટુકડા કરી નાખે. તેજસ્વિતા રૂપી ઐશ્વર્યથી અમારા અનિષ્ટકારક શત્રુઓનું પતન કરો. જ્યાં સુધી દિશાઓ અને ઉપદિશાઓ સંવ્યાપ્ત છે અને જ્યાં સુધી સ્વર્ગીય પ્રકાશની વિસ્તારકર્તા દિશાઓ છે, હે કામ ! આપ તેમનાથી પણ શ્રેષ્ઠ અને મહાન છો. જ્યાં સુધી ભૃંગ, માખીઓ, નીલગાયો (ભૂચર), કરડનારા કેમુ અને ઝાડ ઉપર રહેનારા તેમજ સરકનારા જીવ હોય છે. હે કામ આપ તેમનાથી પણ શ્રેષ્ઠ છો. હે સંકલ્પશક્તિ રૂપ કામ અને મન્યુ ! આપ બધા

દેવોમાં મહાન, સર્વવ્યાપી છો અને સમુદ્ર કરતાં પણ મહાન અને ઉત્કૃષ્ટ છો, તેથી આપને અમારા પ્રણામ.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૩ દેવતા : શાળા**

સુરચિત, પ્રત્યેક બાજુથી માપેલા, યોગ્ય પ્રમાણથી, સંપૂર્ણ શ્રેષ્ઠતાથી યુક્ત બંધાયેલા આપના દરવાજા ઉપર જે પાશ છે તેને અમે ખોલીએ છીએ. હે શામા ! તું કલ્યાણકારક, સુખદ ઉપયોગ માટેની અને સ્વર્ગીય સુખ આપનારી છે.

હે યજ્ઞશાળા ! આપ હવિષ્યાન્નની જગ્યા (સ્ટોરરૂમ), યજ્ઞશાળા (અગ્નિહોત્ર સ્થળ), સ્ત્રીઓને રહેવાની જગ્યા, સામાન્ય ઓરડા અને દેવશક્તિઓને બેસવાના કે ઉપાસનાની જગ્યાથી યુક્ત છે. તમારું નિર્માણ કરનાર દીર્ઘાયુ પ્રાપ્ત કરો.

હે શાળા ! પરમેષ્ઠી પ્રજાપતિએ કલ્યાણ માટે આપનું નિર્માણ કર્યું છે. શાળાના સ્વામી, દાતા, અગ્નિ, વિચરણકર્તા અમે તમને નમન કરીએ છીએ. તમે પશુઓ અને મનુષ્યોને તમારી અંદર રક્ષણ આપો છો. દ્યાવાપૃથ્વીની જે રચનાશક્તિ તમારા ઉદરસ્થ છે એવી આ શાળાને અમે ગ્રહણ કરીએ છીએ. પૃથ્વી ઉપર નવનિર્મિત આ યજ્ઞશાળા અન્ન ધારણ કરવામાં સમર્થ છે. તૃણથી છવાયેલી, ઘાસની બનેલી ચટાઈથી ઢંકાયેલી, ઉત્તમ પગવાળી હાથણીના જેવા સુદૃઢ (થાંભલા) સ્તંભોથી યુક્ત ઊભી છો. બે ખંડ, ચાર પક્ષ (ખંડ), છ ખંડ, આઠ ખંડ તથા દસ પક્ષોવાળી આ યજ્ઞશાળા બનાવવામાં આવે છે. જેવી રીતે ગર્ભગૃહમાં અગ્નિ રહે છે તેવી રીતે અમે આની અંદર રહીએ છીએ. તેના પ્રથમ દ્વારમાં અમે .અગ્નિ તેમજ જળની સાથે પ્રવેશ કરીએ છીએ. હે શાળા આપની પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ, ઊર્ધ્વ દિશાની મહત્તાને નમન કરીએ છીએ. શ્રેષ્ઠ પ્રસંશનીય દેવો માટે આ આહુતિ આપીએ છીએ.

**સૂક્ત-૪ દેવતા : ઋષભ**

હજારો સામર્થ્યોથી યુક્ત આ તેજસ્વી ઋષભ પયસ્વાન્ (દૂધ ઉત્પાદક) છે. તમે યજમાનની વૃદ્ધિ કરો. જે પહેલાં જળ (મેઘો)ની પ્રતિમા હોય છે, જે પૃથ્વીની જેમ બધાંની ઉપર પ્રભુત્વ સ્થાપિત કરનાર, વાછરડાના પિતા અને

અવધ્ય (ગાય)ના સ્વામી ઋષભ અમને હજારો પ્રકારની પુષ્ટિઓથી સંપન્ન કરો. પોતાની અંદર પૌરુષને ધારણ કરનારા વિશાળ શરીરવાળા પયસ્વાન ઋષભ વસુઓના ઉદરને ભરી દે છે. આપ સોમરસથી ભરેલા કળશને ધારણ કરો છો. આ બળદ ઘીને ધારણ કરનાર રેતસનો સેવનકર્તા છે. હજારો પુષ્ટિઓ આપનાર હોવાથી તેને યજ્ઞ કહેવામાં આવે છે. આ ઋષભ જ ઈન્દ્રનું સ્વરૂપ ધારણ કરે છે. હે દેવગણ ! આ ઋષભ અમારા માટે કલ્યાણકારક બનો. જે બ્રાહ્મણ આ ઋષભનું દાન કરે છે તે એક જ મુખથી હજારોનું દાન કરે છે. જેવી રીતે ઈન્દ્રદેવ દેવોમાં આગમન કરે છે તેવી જ રીતે ગાયોની વચ્ચે અવાજ કરતા આવે છે એવા ઋષભના અંગોની સ્તુતિ બ્રહ્મા મંગલમય વાણીથી કરે છે. અંતરિક્ષિય અન્નને ધારણ કરનારા, ભૂરા રંગવાળા અને અનેક આકૃતિરૂપોથી યુક્ત દેવરાજ ઈન્દ્રનું સામર્થ્ય-બળ પાસે આવી રહ્યું છે. આ બળ આયુષ્ય, સુસંતતિ અને વૈભવ આપીને અમને પોષક તત્ત્વોથી સંપન્ન કરો. આ યુવા ઋષભને આપના માટે અહીં રાખીએ છીએ. આપ ગૌશાળાની ઈચ્છિત જગ્યાએ ફરો.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૫ દેવતા : અજ**

આ અજ (અજન્મા)ને અહીં લાવીને, એવા સત્કર્મપ્રધાન યજ્ઞનો આરંભ કરો, જેથી આ અજ પુણ્યાત્માઓના લોકોને જાણીને ઘોર અંધકારોને વિધિવત પાર કરી તૃતીય સ્વર્ગ ધામને પ્રાપ્ત કરે. હે વિશસ્તઃ (વિશેષ શાસક) ! આ કાળા શસ્ત્રથી એની ત્વચાને આપ એવી રીતે કાપો જેથી સાંધાઓને વેદના ન અનુભવાય. અભિમંત્રિત કરીને આ કુંભીપાત્રને અમે આગ ઉપર મૂકીએ છીએ. હે શમિતાઓ ! જળથી અભિસિંચિત પાત્રને આપ એવી રીતે મૂકો કે આગ દ્વારા તે પરિપક્વ થઈને અજ પુણ્યલોકમાં જ જાય. આ લોકમાં શ્રદ્ધા સાથે સમર્પિત કરવામાં આવેલું આ અજ દૂરના સ્વર્ગધામમાં અંધકારનો નાશ કરે છે. આ અજ બ્રહ્મજ્ઞાતા છે તેને ઘૃત, મધથી યુક્ત ચમકતી સોમધારાઓ પ્રાપ્ત થાવ. તે ત્રિલોકને સ્તંભિત કરે છે. હે અગ્નિ ! જે બળ વડે તમે હવિ દેવા સુધી પહોંચાડો છો તે બળથી અમારા આ યજ્ઞને સ્વર્ગપ્રાપ્તિ માટે દેવો સુધી પહોંચાડો. અમે અજ દ્વારા સૂર્યાદિ લોકને પ્રાપ્ત કરીએ. પ્રારંભમાં જે ઉત્ક્રમણ કર્યું, તેના પેટના ભાગથી દ્યૌ, મધ્યભાગથી અંતરિક્ષ, પાંસળીઓથી

દિશાઓ અને કુક્ષિથી સમૃદ્ધિ ઉત્પન્ન થઈ. નેત્રથી ઋત-સત્ય બન્યું, શિરથી વિરાટ અને પ્રાણથી સત્ય. આથી પંચોદન અજ યજ્ઞસ્વરૂપ જ છે.

જે અજદાન કરે છે તે સ્વર્ગ મેળવે છે. અજદાન જ્યોતિ, શરીરનું કવચ છે. અજદાનથી પતિ-પત્ની ક્યારેય જુદા થતા નથી. પછી અન્ય લોકમાં પણ તેઓ સાથે-સાથે રહે છે. પંચોદન અજનું દાન કરનારના શુભકર્મથી શત્રુના ઐશ્વર્યનું દહન થાય છે.

**સૂક્ત-૬ (૧થી ૬) દેવતા : અતિથિ, વિદ્યા**

(૧) જે ગૃહસ્થ અતિથિઓ તરફ જુએ છે, તેઓ જાણે કે દેવત્વસંવર્ધક યજ્ઞને જ જુએ છે. અતિથિ સાથે ચર્ચા કરવી તે યજ્ઞકાર્યમાં દીક્ષિત થવા જેવું છે. તેના દ્વારા જળની કામના પ્રણયનરૂપ છે. જે પદાર્થો અતિથિ માટે લઈ જઈએ છીએ, તે જ જાણે અગ્નિ અને સોમને માટે પશુરૂપે બાંધવામાં આવ્યા છે. ભોજન માટે અતિથિને બોલાવીએ તે જ જાણે હવિષ્યાન્નનો સ્વીકાર કરવાનું આહ્‌વાન છે. જે ચોખા અને જવ નજરે પડે છે તે જાણે સોમ જ છે. જે મુસળું અને ઉખળ અતિથિ માટે ધાન કૂટવાના કામમાં આવે છે તે જાણે સોમરસ કાઢવાના પથ્થર છે. ભાત કાઢવાની કડછી સ્રુવા સમાન છે. રાંધવા માટેનાં વાસણો દ્રોણ કળશ સમાન, અન્ય પાત્રો વાયવ્ય પાત્ર જેવા અને સ્વાગત માટે બિછાવેલું મૃગચર્મ તે કૃષ્ણાજિન સમાન હોય છે.

(૨) જેઓ અતિથિને આગ્રહપૂર્વક ભોજન કરાવે છે અને આપવા યોગ્ય પદાર્થોનું જેઓ નિરીક્ષણ કરે છે તે પ્રક્રિયા યજ્ઞમાં યજમાન દ્વારા બ્રાહ્મણ પ્રત્યે કરાતા વ્યવહાર જેવી છે. તે પીરસેલા પદાર્થોમાંથી કેટલાક પદાર્થોનું અતિથિ પોતાની અંદર જ હવન કરે છે. હાથરૂપી સ્રુવાથી, પ્રાણરૂપી ચૂપથી અને ભોજન લેતી વખતે વષટકારથી પોતાની અંદર આહુતિ આપે છે. જેઓ અતિથિસત્કાર કરે છે તેઓ પ્રજાપતિના જેવું જ અનુગમન કરે છે. અતિથિનું આહ્‌વાન જ આહવનીય-અગ્નિ અને ઘરમાં રહેલો ગાર્હપત્ય અગ્નિ છે. અનાજ રાંધવાનો અગ્નિ જ દક્ષિણાગ્નિ છે.

(૩) જે અતિથિની પહેલાં ભોજન કરી લે છે તે ગૃહસ્થના બધાં ઈષ્ટકર્મો અને પૂર્તફળોનું ભક્ષણ થઈ જાય છે. તે ગૃહસ્થાના ઘરની સમૃદ્ધિ અને અન્ન-બળનો વિનાશ કરે છે, જેઓ અતિથિ પહેલા ભોજન કરે છે. જે ક્ષોત્રિય છે તે ખરેખર અતિથિ છે આથી તેની પહેલાં ભોજન કરવું યોગ્ય નથી.

(૪) અતિથિ-સત્કારથી અગ્નિષ્ટોમ જેટલું ફળ મળે છે. તેનો જ્ઞાતા ઘી-દૂધ યુક્ત પદાર્થ અતિથિને ભેટ ધરે છે અને પ્રતિષ્ઠા પામે છે. તે સંતાન પ્રાપ્ત કરે છે તેમજ પ્રજામાં પ્રિય બને છે.

(૫) પ્રજા તેને પ્રેમ કરે છે, સૂર્ય તેને યશસ્વી બનાવે છે, બૃહસ્પતિ ઉપગાયન કરે છે, ત્વષ્ટા તેને પુષ્ટિ આપે છે, વિશ્વેદેવા સ્તુતિ કરે છે જે અતિથિને ભોજન આપે છે. વાદળો ગર્જના રૂપે તેની પ્રસંશા કરે છે. ઉદ્ગાન કરે છે. મૃત્યુ ટળે છે. જે અતિથિને જોઈને પ્રસન્ન થાય છે તે ભૂતિ, પ્રજા અને પશુધન પ્રાપ્ત કરે છે.

(૬) અતિથિનું આહ્વાન શ્રુતિ-શ્રણ સમાન છે. પિરસનાર જ સમસ અને અધ્વર્યુ છે. અતિથિને જમાડનાર અવભૃથ સ્નાનનું ફળ મેળવે છે. સદક્ષિણા ખાદ્યપદાર્થ આપવાનું પુણ્ય મેળવે છે. તે સંસારના સુંદર પદાર્થો પામે છે અને સ્વર્ગ જેવા ભોજ્ય પદાર્થો પામે છે. લોક-પરલોકમાં આદર પામી જ્યોર્તિમય લોક પામે છે.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૭ દેવતા : ગૌ**

ગાયના બે શિંગડા પ્રજાપતિ અને પરમેષ્ઠિરૂપ છે. ઈન્દ્રદેવ મસ્તક, અગ્નિ કપાળ અને યમ ગળાની નળી છે. રાજા સોમ શિર, દ્યુલોક ઉપરનું જડબું અને પૃથ્વી નીચેના જડબારૂપ છે. વિદ્યુત જીભ, મરુદ્ગણ દાંત, રેવતી ગર્જન, કૃતિકા ખભા અને ગરમી આપનાર સૂર્ય કકુદના નજીકના ભાગ છે. ક્ષુધાના અધિષ્ઠાતા દેવ તેની કૂખ, ઈશ (અન્ન કે જળ) તેનાં મોટાં આંતરડાં અને પહાડ તેની માનાં આંતરડાં છે. આ રીતે વિશ્વરૂપ પરમાત્માના વિરાટરૂપ એ જ સર્વરૂપ છે અને એ જ ગૌ કે વૃષભનું રૂપ છે. ગાય એ જ સંપૂર્ણ વિશ્વનું રૂપ છે.

**સૂક્ત-૮ દેવતા : શિરોરોગ દૂરીકરણ**

અમે આપના મસ્તક શૂળ, કર્ણશૂળ અને વિહોત (પાંડુરોગ) જેવા મહત્ત્વના રોગથી મુક્ત કરીએ છીએ. અંગભંજક અંગજ્વર, અંગપીડક વિશ્વાંગ્ય તથા માથાના રોગોને અમે આપથી દૂર કરીએ છીએ. શરીરનાં બધાં અંગો અને હાડકાં નિરોગી બનો. અતિસાર, વિદ્રધિ, વિષ આદિને શરીરમાંથી

દૂર કરીએ છીએ. હાથ, પગ, સ્નાયુઓ અને નાડીઓના રોગો અમે દૂર કરીએ છીએ. સૂર્ય તેનાં કિરણો દ્વારા તમારો રોગ દૂર કરે છે. ચંદ્ર મસ્તક અને હૃદયના રોગ દૂર કરે છે.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૯ દેવતા : આદિત્ય**

અંતરિક્ષમાં રહેલ સૂર્ય (અગ્નિ) પાલનકર્તા છે, મધ્ય સ્થાને રહેલો અગ્નિ અને વાયુ ભ્રાતારૂપ છે, પૃથ્વી ઉપર રહેલો અગ્નિ પણ બંધુરૂપ છે. આ બધામાં સૂર્ય મુખ્ય છે. સૂર્ય ઋતુઓ નક્કી કરે છે, સૂર્યનાં કિરણો રસ સંપન્ન બનાવે છે. સૂર્ય પ્રાણદાતા અને જળનો આત્મા છે. વરુણદેવ જળનું વહન કરે છે. રક્ષા સૂર્યમાં નિહિત છે. દ્યાવા-પૃથ્વી અને આકાશની મધ્યમાં સૂર્ય સ્થિત છે. પાંચ આરાવાળી સૂર્યચક્રમાં સંપૂર્ણ જગત રહેલું છે. આ ચક્ર પુરાતન હોવા છતાં તૂટતું નથી. તેના પિતારૂપ બાર મહિનારૂપી બાર આરાવાળું ચક્ર સ્વયં ચાલતું રહે છે અને જીર્ણ થતું નથી. આ ચક્રને જોનાર અક્ષય બની જાય છે. જે વિદ્વાન તેને જાણે છે તે જ પુરુષ છે. સમાન માયાથી યુક્ત અને સમપ્રસિદ્ધિવાળા બે સુંદર આત્મા એક જ વૃક્ષ ઉપર બેઠા છે. તેમાંથી એક સુસ્વાદવાળું ફળ ખાય છે, બીજો તેને જોઈ રહ્યો છે. વૃક્ષના સુંદર સ્વાદવાળા પાકેલા ફળ ઉપર મધ ખાવા માટે જે પક્ષી બેસે છે તે સૃષ્ટિ વિસ્તાર કરે છે, પરંતુ જે તેના કારણને નથી જાણતા તે સંસારનાશને પ્રાપ્ત થાય છે.

**સૂક્ત-૧૦ દેવતા : ગૌ**

ગાયત્રીમાં ગાયત્ર, ત્રિષ્ટુભમાં ત્રિષ્ટુપ્, જગતીમાં જગત નિહિત છે. ગાયત્રથી અર્ક, અર્કથી સામ, સામથી ત્રિષ્ટુપ, ત્રિષ્ટુપથી વાક, વાકથી દ્વિપદ, ચતુષ્પદ છંદ એ પ્રકારે વાણીઓને શબ્દવાન બનાવવામાં આવે છે. શબ્દવાન મેઘે માધ્યમિક વાણીને ઢાંકી દીધી આથી આ વાણી મેઘમાં વ્યાપ્ત થઈ જાય છે, જે મનુષ્યોને ભયભીત કરનાર વિદ્યુત-રૂપે પ્રગટ થાય છે.

તરુણ ચંદ્રને સૂર્ય ગળી જાય છે અને એ જ ચંદ્ર બીજા દિવસે જીવિત થઈ જાય છે. જેણે આ જીવને બનાવ્યો તે પણ એને જાણતો નથી. જેણે એને જોયો છે તેનાથી પણ તે લુપ્ત રહે છે. એ માનાં પ્રજનન અંગોમાં ઘેરાયેલો રહી પુષ્ટ બને છે અને સમય આવે ઉત્પન્ન થાય છે. આમ અનેક વાર

જન્મના ચક્રમાં પડ્યા કરે છે. અમે સંરક્ષક આત્માને સંસારચક્રમાં સત, રજ, તમાત્મક માર્ગમાં ફરતો જોયો છે. ઈન્દ્રિયોમાં વ્યાપ્ત બની બધા લોકમાં ફરે છે. દ્યૌ મારા પિતા, પૃથ્વી માતા છે. પિતારૂપી દ્યૌ વૃષ્ટિરૂપે પૃથ્વીમાં ગર્ભ ધારણ કરાવે છે. પૃથ્વીની શ્રેષ્ઠ વસ્તુ વેદી છે. યજ્ઞ જગતની નાભિ છે. બ્રહ્મવાણીથી પર વ્યોમ છે. આ દ્વૈતા-દ્વૈતની સંદેહ-ગાંઠમાં બંધાઈને આત્મા ઘૂમ્યા કરે છે. આત્મા અમર છે પરંતુ તે મર્ત્ય મન સાથે ગર્ભમાંથી પ્રગટ થાય છે. તે બ્રહ્મમાં ભળી જઈને તદ્રુપ બની જાય એ જ સાચી ગતિ છે.

*

# દસમો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : મંત્રોક્ત**

અનેક રૂપોવાળી, મસ્તકના ભાગવાળી, નાકવાળી તેમજ કાનવાળી બનાવેલી જે કૃત્યાઓ છે, તે અમને નુકસાન પહોંચાડ્યા વિના દૂર ચાલી જાય. એમને નિવારણ-વિધિ દ્વારા અમે દૂર તગેડી મૂકીએ છીએ. ખેતરમાં, ગાયોમાં અથવા પુરુષોની ઉપર કરવામાં આવેલા કૃત્યા-પ્રયોગોને અમે ઔષધિ વડે પહેલેથી જ શક્તિહિન કરી ચૂક્યા છીએ. હિંસક કૃત્યા તેનો પ્રયોગ કરનારની પાસે અને શપથરૂપી શાપનો પ્રયોગ કરનારની પાસે પહોંચે. અમે અભિચારકર્મને એવી રીતે મોકલી છીએ જેથી તે એનો પ્રયોગ કરનારાઓનો જ નાશ કરે. હે મનુષ્યો ! પિતૃજનોને માટે શ્રદ્ધાંજલિ આપતી વખતે જો અમારાથી કોઈ પાપ થઈ ગયું હોય તો તે બધા પાપોમાંથી આ ઔષધિઓ આપને સંરક્ષિત કરે. હે કૃત્યા ! આપ શક્તિશાળી મંત્રથી નિષ્પ્રભાવિત થઈને તમારો પ્રયોગ કરનારને જ એવી રીતે વિનષ્ટ કરો જેવી રીતે બંધનમાંથી છૂટેલી ગધેડીને મારવામાં આવતા તે બૂમો પાડી આળોટે છે. જે અભિચારકૃત્ય ધાન્ય સ્મશાન અને ખેતરમાં ખોદીને કરવામાં આવ્યા છે. આપ નિરપરાધ અને પવિત્ર હોવા છતાં પણ જે અભિચારકો દ્વારા ઘાતક પ્રયોગો કરવામાં આવ્યા છે તેમને અમે પ્રભાવ વગરના કરીએ છીએ. હે કૃત્યા ! અમે તમારા બન્ને પગ અને ગરદનને પણ કાપી નાંખીએ છીએ, તેથી આપ

અહીંથી દૂર ચાલ્યા જાવ. પ્રજાજનોના સંરક્ષક ઈન્દ્ર અને અગ્નિદેવ અમારું રક્ષણ કરો. ભવ અને શર્વ બંને દેવો, દેવોના વિદ્યુતરૂપી શસ્ત્રને ઘાતક દૂરાચારી પાપી ઉપર ફેંકે. હે કૃત્યા ! નિરપરાધ પ્રાણીઓની હિંસા એ ભયંકર કાર્ય છે. એથી અમારી ગાયો, ઘોડાઓ અને મનુષ્યોને ના મારો. આપ જો અંધકારથી જાળની જેમ પથરાયા હોવ તો બધા ઘાતક પ્રયોગોને અહીંથી લુપ્ત કરી અમે આપને પ્રયોગ કરનાર પાસે પાછા મોકલીએ છીએ. જેમ સૂર્યદેવ અંધકારથી નિવૃત્ત થાય છે તથા રાત્રિ અને ઉષાના ધ્વજોનો ત્યાગ કરે છે તે રીતે અમે અભિચાર દ્વારા કરાયેલ દુષ્કૃત્યોનો ત્યાગ કરીએ છીએ. હાથી ધૂળ ઉડાડે તેટલી સહજતાથી શત્રુના અભિચાર પ્રયોગને અમે દૂર કરીએ છીએ.

**સૂક્ત-૨ દેવતા : બ્રહ્મ-પ્રકાશન**

મનુષ્યની એડીઓ અને ઘૂંટણો કોના દ્વારા ભરાઈ છે ? સુંદર આંગળીઓ, ઈન્દ્રિયોના છ છીદ્રો અને તાળવાને કોણે પોષણ આપ્યું ? તથા વચમાં આશ્રય આપનારું કોણ છે ? વાણી, કપાળ આદિ શરીરનાં અંગો કોણે બનાવ્યાં ? દ્વિપદ-ચતુષ્પદ પ્રાણીઓના કારક-મારક કોણ છે ? પુરુષનાં પાપ-સંતાપ, ઋદ્ધિ-સિદ્ધિ, સમૃદ્ધિ ક્યાંથી આવે છે ?

કયા દેવના સામર્થ્યથી મનુષ્ય પર્જન્ય, જ્ઞાનવાન સોમ, યજ્ઞ અને શ્રદ્ધા વગેરેને પ્રાપ્ત કરે છે ? કોના દ્વારા આનું મન સત્કર્મ પ્રતિ પ્રવૃત્ત કરવામાં આવ્યું છે ?

બ્રહ્મ વડે જ શ્રોત્રિય, પરમેષ્ઠી પ્રજાપતિ અને અગ્નિને સારી રીતે વ્યાપ્ત કરી રહ્યા છે. બ્રહ્મ જ સંવત્સરકાળનું માપ કરી રહ્યું છે.

બ્રહ્મ જ દેવોના અનુશાસનમાં મનુષ્યને જીવવાનું શીખવાડે છે. બ્રહ્મ જ દિવ્યતા સંપન્ન પ્રજાઓને અનુકૂળ આવાસ આપે છે. બ્રહ્મ જ ઉત્તમ ક્ષાત્રબળ અને એ જ ક્ષાત્રથી જુદું બીજું બળ છે. મસ્તક દેવતાઓના કોષરૂપ છે. પ્રાણ, અન્ન અને મન આ માથાની રક્ષા કરે છે. જે બ્રહ્મને પુરુષ કહેવાય છે તેની ધરી શરીર જ છે. આ બ્રહ્મ બધી દિશાઓમાં પ્રગટ થાય છે. જે આ બ્રહ્મને જાણે છે, તે બ્રહ્મ અને મંત્રયુક્ત કર્મ, નેત્ર, પ્રાણ અને સંતતિ પ્રદાન કરે છે. પૂરીમાં શયન કરવાને કારણે જ તે પુરુષ કહેવાય છે. એને જે જાણી લે છે તેના નેત્ર આદિ અંગો વૃદ્ધાવસ્થા સુધી કાર્યરત રહે છે. આ શરીર આઠ ચક્ર અને નવ દ્વારવાળા દેવતાઓની અયોધ્યા નગરી છે જેને સ્વર્ગ જેવી હિરણ્મય

જ્યોતિને આચ્છાદિત કરેલું છે. આ હિરણ્મય કોશમાં પૂજનીય આત્માનું સ્થાન છે, તેવું બ્રહ્મજ્ઞાતા સારી રીતે જાણી લે છે. પાપનાશક, યશસ્વી, કાન્તિયુક્ત, અપરાજેય બ્રહ્મ હિરણ્મય પૂરીમાં પ્રવિષ્ટ થાય છે.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૩ દેવતા : વરણમણિ, વનસ્પતિ**

વરણ નામનો આ મણિ શત્રુજન્ય અનિષ્ટોનું નિવારણ કરવામાં સક્ષમ છે અને અભીષ્ટ ફળનો વરસાવનાર છે. મનુષ્યકૃત ભયને દૂર કરીને આ વરણમણિ આપને સમસ્ત પાપકર્મોથી અલગ કરશે. તે અમારા રોગરૂપી શત્રુઓનું નિવારણ કરે. તેઓ ભીષણ અંધકારમાં પડે. હું પુત્ર-પરિવાર સાથે સંપન્ન બનું. આ મણિ સર્વત્ર મારી રક્ષા કરો. અમારા શત્રુઓ માટે તે બાધક બને. અમારામાં બધાં રક્ષા સાધનોની સ્થાપના કરો. અમે શતાયુ બની તેને ધારણ કરીએ છીએ. વાયુ જેવી રીતે વૃક્ષોને તોડે છે તેવી રીતે અમારા બધા શત્રુઓને તોડી નાંખો. જેવી રીતે અગ્નિ સમીપ આવીને વૃક્ષોને ભસ્મ કરી દે છે તેવી રીતે શત્રુઓ આ મણિને ભસ્મ કરે. સૂકું વૃક્ષ જેવી રીતે પડી જાય છે તેવી રીતે શત્રુઓ પડી જાય. જે પશુ અને રાજસ્વનું અપહરણ કરે છે તેઓ નાશ પામો. આ મણિ અમને પૃથ્વી, અગ્નિ, ચંદ્ર-સૂર્ય જેવો યશ આપો. મધુપર્કમાં જેવો યશ છે તેવો યશ આ મણિ અમને આપો. અગ્નિ, હોમ, વષટકાર પ્રજાપતિ, પરમેષ્ઠિ, દેવતાઓ અને અમૃતમાં જે યશ છે તેવો જ યશ મણિ અમને આપે.

**સૂક્ત-૪ દેવતા : સર્પવિષ નિવારણ**

પ્રથમ ઈન્દ્રનો, દેવોનો બીજો, વરુણનો ત્રીજો અને પછી સર્પોનો 'પોતાનો' રથ છે. આથી હે સર્પ તારું વિષ દૂર થાવ. દર્ભ સર્પો માટે શોકપ્રદ છે અને તબુણક, અશ્વ, પુરુષ નામના વિષને રોકનાર છે. હે દર્ભ ! તમે પૂર્વપદ અને અપરપદથી સર્પોનો નાશ કરો. હે દર્ભ ! તમે શ્રેષ્ઠ છો. તમે શ્વેત, કાળા અને અન્ય સર્પોના નાશક છો. અહીં આવ, અને જે માર્ગેથી અમે ગમન કરીએ છીએ તેને સર્પરહિત બનાવ. અમને કરડવા આપનું મોં ખૂલે જ નહિ. આ ક્ષેત્રના નર અને માદા બન્ને પ્રકારના સર્પ નષ્ટ થાવ. નજીકના, દૂરના અને અન્ય બધા જ સર્પ વિષહિન બની જાવ. અમે વિંછીને હથોડાથી

મારીએ છીએ. હે વજ્રધારી ઈન્દ્ર ! આ સર્પોનું વિષ નષ્ટ કરો. ઈન્દ્ર દ્વારા મરાયેલાને અમે મારીએ છીએ. મંત્રશક્તિથી તિર્યક, તિરશ્ચરાજ, સફેદ, કાળા સાપને કુશાઓમાં રાખીને નષ્ટ કરીએ છીએ. આ યુવા વૈદ્ય વિંછી અને સાપના વિષને નષ્ટ કરવામાં સમર્થ છે. તેનામાં મંત્રશક્તિ વ્યાપી છે.

અમે અમારી કલ્યાણકારી પ્રેરણાથી ઔષધિઓને ઉપજાઉ જમીનમાં જેમ ધાન્ય ઉગાડાય તેમ પ્રાપ્ત કરીએ છીએ. હે સર્વ ! તારા ઝેરનું નિવારણ થાય. જે ઝેર અગ્નિ, સૂર્ય, જમીન, કંદમૂળ તથા વનસ્પતિઓમાં રહેલું છે તે બધું જ ઝેર તમારામાં આવી જાવ અને તે ઝેરનું સંપૂર્ણ નિવારણ થઈ જાય. તૌદી અને ઘૃતાચી નામોની એક સુંદર ઔષધિ છે. હે ઔષધે ! નીચેની તરફ પગ રાખીને આપના ઝેરનાશક ભાગને અમે પ્રાપ્ત કરીએ છીએ. હે રોગી મનુષ્ય ! અમે આપના હૃદયના ભાગને સુરક્ષિત કરતા પ્રત્યેક અંગ-અવયવમાંથી ઝેરને કાઢીએ છીએ. ઝેરનું નિવારણ થયું. અગ્નિ વડે બાળીને સાપના વિષને દૂર કર્યું. સોમ-ઔષધિ આપના ઝેરને દૂર કરે છે.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૫ દેવતા : જળ, પ્રજાપતિ**

હે દિવ્ય જળપ્રવાહ ! આપ ઈન્દ્રદેવનાં ઓજ, સંઘર્ષશક્તિ, પરાક્રમ અને ઐશ્વર્ય છો. અમે આપને વિજય પ્રાપ્તિ માટે બ્રહ્મયોગ, ક્ષાત્રયોગ, ઈન્દ્રયોગ, અપયોગ, સોમયોગથી સંપન્ન કરીએ છીએ. હે જળ પ્રવાહો ! આપ અગ્નિના અંશ છો. આપનામાં ઈન્દ્ર, સોમ, વરુણ, મિત્રાવરુણ, યમદેવ, પિતૃગણો, સવિતાદેવના અંશનો એક-એક ભાગ રહેલો છે. જળ ભાગ, ગતિશિલ લહેરો, વૃષભ, વત્સ સ્વરૂપ ભાગ છે. તેને શત્રુઓ ઉપર છોડીએ છીએ. ત્રણ વર્ષ સુધી મેં જે મિથ્યા ભાષણ કર્યું છે તેના ચાપમાંથી હે જળ ! મને છોડાવો. હે જળ ! તમે સમુદ્રમાં લીન થાઓ. તમારી ગતિ સર્વત્ર છે. પાપરહિત જળ અમને પાપમાંથી છોડાવો.

હે જળ ! તમે વિષ્ણુનું પરાક્રમ છે. તમને દ્યાવા-પૃથ્વી, અંતરિક્ષ, દિશા, આશા, ઋક્, યજ્ઞ, ઔષધિ, જળ, વૃષ્ટિ, પ્રાણ ને તીક્ષ્ણ કર્યા છે. તમે આ બધા ઉપર વિક્રમણ કરો. જે શત્રુ અમારો દ્વેષ કરે છે અને અમે જેમનો દ્વેષ કરીએ છીએ, તેઓ જીવન ત્યાગીને મૃત્યુને પામે, પ્રાણ એમનો ત્યાગ કરો. વિષ્ણુદેવની જેમ જ આપનું પરાક્રમી શૌર્ય શત્રુઓનું વિનાશક છે. અંતરિક્ષે

આપને કાર્યશીલ, તીક્ષ્ણ અને વાયુના તેજસથી સંપન્ન બનાવ્યાં છે. આપ વિશેષ પરાક્રમ કરો. અમે અંતરિક્ષમાં રહેલાં અનિષ્ટોને ત્યાંથી દૂર કરીએ. અમે મંત્રશક્તિની સામે જઈને તેમની પાસે ઐશ્વર્ય અને બ્રહ્મતેજની પ્રાર્થના કરીએ છીએ. હે પૃથ્વીના અધિષ્ઠાતા પ્રજાપતિ દેવ ! આપનું જે અન્ન પૃથ્વીનું આશ્રિત છે, તેનું સારતત્ત્વ અમને આપો. અમે મંત્રશક્તિનો પ્રયોગ કરનારા એ શત્રુઓનાં માથાં ફોડવા માટે 'ચતુર્ભૃષ્ટિ' જલવજ્રનો પ્રહાર કરીએ છીએ. આ વજ્રાસ્ત્ર એમના બધાં અંગ-ઉપાંગોને કાપી નાખે. બધા દેવગણ પણ એ અંગે અમને અનુકૂળ પરામર્શ આપે.

**સૂક્ત-૬ દેવતા : વનસ્પતિ-જળ**

હૃદયમાં દુર્ભાવ રાખનાર શત્રુઓનાં માથાં અમે અમારા ઓજથી છિન્ન-ભિન્ન કરીએ છીએ. મંથન દ્વારા રસથી ભરપૂર થઈને, આ મણિ તેજની સાથે અમારી નજીક આવી ગયો છે. આ મણિ કવચની જેમ અમારો સંરક્ષક બનશે. આ મણિ માટે અમે ઘી, તીક્ષ્ણ ઔષધિ રસ, મધ અને અન્ન સમર્પિત કરીએ છીએ. ખેરના ફાલમાંથી ઉત્પન્ન થયેલા જે મણિને બૃહસ્પતિ દેવે બળ-વૃદ્ધિ માટે ધારણ કર્યો હતો, તેને અગ્નિદેવે પોતાના શરીર ઉપર બંધાવ્યો હતો. આ મણિને બાંધીને ચંદ્રદેવે અસુરો અને દાનવોનાં સ્વર્ણિમ નગરો ઉપર પોતાનો કબજો કરી લીધો હતો. બૃહસ્પતિદેવે અસુર સંહારક એવા જે મણિને દેવોને માટે બાંધ્યો હતો તે મણિ જવ, ચોખા અને ઐશ્વર્યની સાથે અમારી નજીક પહોંચી રહ્યો છે. તે મણિ અન્ન, બળ, ધન અને સંપત્તિ તેમજ તેજ, દીપ્તિ, યશ અને કીર્તિની સાથે શત્રુનાશક, ક્ષાત્રતેજને વધારનારો છે. આ કલ્યાણકારી મણિને અમે ધારણ કરીએ છીએ. અમારા શત્રુઓને દુર્દશાગ્રસ્ત કરો. દેવતા, પિતૃ, મનુષ્ય જેના વડે જીવન પામે છે તે મણિ યજ્ઞ, ખાદ્યાન્ન, પ્રજા, પશુની વૃદ્ધિ કરનારો છે. હે મણિ ! તમે આ હવિનું સેવન કરી તૃપ્ત થાવ અને કલ્યાણ કરો.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૭ દેવતા : અધ્યાત્મ**

આ સ્કમ્ભ (સર્વાધાર-સ્તંભ)ના કયા અંગમાં તપઃશક્તિ રહે છે ? કયા અંગમાં ઋત રહે છે ? એની શ્રદ્ધા ક્યાં ટકે છે ? અને વ્રત ક્યાં રહે છે ?

એના કયા અંગમાં સત્યનો વાસ છે ? કયા અંગમાંથી વાયુ વહે છે ? કયા અંગમાં અંતરિક્ષ રહે છે ? કયા અંગમાં સુરક્ષિત દ્યુલોક રહે છે ? ઉપર જતી અગ્નિ ક્યાં જવાની ઈચ્છા કરે છે ? પક્ષ, માસ, ઋતુ, રાત્રિ-દિવસ, જળ ક્યાં જાય છે તે બતાવો. પરમ, અધમ અને મધ્યમ રૂપોમાં તે કેટલા અંશે પ્રવિષ્ટ છે ? કેટલામાં નથી ? જેમાં લોકાદિ નિહિત છે, જેમાં સત-અસત પણ છે તે કયો સ્કંભ છે ? જેમાં તપ, શ્રદ્ધા, વ્રત, અગ્નિ, સૂર્ય, ચંદ્ર, દ્યાવા-પૃથિવી, અંતરિક્ષ, ઋક્, સામ, યજુ, રુદ્ર-ભૂત, ભવ્યલોક સ્થિત છે તે કયો સ્કંભ છે ? જેઓ બ્રહ્મ, પરમેષ્ઠિ, પ્રજાપતિ, બ્રાહ્મણને જાણે છે તેઓ શું સ્કંભને પણ જાણે છે ? જેનું શિર અગ્નિ, નેત્ર અંગિરા, જીભ મધુકશા, મુખ બ્રહ્મા, વિરાટ થાન છે એ સ્કંભ કયો તે બતાવો. ૩૩ દેવતાઓ જેના નિધિરૂપ છે, વૃદ્ધ દેવતા જેના અંગ છે, તે હિરણ્યગર્ભ વર્ણનાતીત છે. હે ઈન્દ્ર ! તમે પણ સ્કંભમાં નિહિત છો. પૃથ્વી જેની પ્રભા, અંતરિક્ષ જેનું ઉદર, દ્યૌ શિર, ચંદ્ર-સૂર્ય નેત્ર અને અગ્નિ મુખ છે એવા બ્રહ્મને નમન. તે દ્યાવા-પૃથ્વી, અંતરિક્ષ, પ્રદિશા, ૬ ઊર્મિઓના ધારક છે અને બધે રમણ કરે છે. જેના વડે વાયુ, મન, જળ પ્રેરિત થાય છે, બધા દેવતાઓ જેના આશ્રિત છે અને સેવા કરે છે જે અસંખ્ય દેહોમાં અસંખ્યરૂપથી વિદ્યમાન છે તે જ સ્કમ્ભ છે.

**સૂક્ત-૮ દેવતા : અધ્યાત્મ**

ભૂત, ભવિષ્યમાં વ્યાપક દિવ્યલોકાધિષ્ઠાતા બ્રહ્મને નમન. પૃથ્વી, આકાશ તેમાં જ સ્થિત છે. ગુફારૂપી દેહમાં આત્મા નિવાસ કરે છે. જેમની અંદર આ સચેષ્ટ, શ્વાસવાન વિશ્વ સમાયેલું છે. તેમના અર્ધા ભાગમાંથી આ વિશ્વ ઉત્પન્ન થયું તો બાકીનો બધો જ ભાગ ક્યાં છે ? તે નજીકની એકદમ નજીક અને દૂરથી પણ અત્યંત દૂર છે. જે સચેષ્ટ છે – અચેષ્ટ છે, પ્રાણક્રિયા કરતો નથી અને કરે પણ છે. જે બધા રૂપોમાં હોવા છતાં એકરૂપ છે, જે અનંત છે, શાંત છે, કર્મ પણ કરે છે, સર્વજ્ઞ છે, ગર્ભમાં અદૃશ્ય રહે છે, પોતાની જાતને પૂર્ણ માનનાર અથવા હિન માનનારથી દૂર રહે છે. જેણે પૃથ્વીને ધારણ કરી છે, જેનાથી સૂર્યનો ઉદય-અસ્ત થાય છે તે બધાથી મોટો છે, અનતિક્રમણીય છે, પુરાતન વિદ્વાનો તેને હંસ કહે છે. તેના વડે જ દિવસ-રાત ઉત્પન્ન થાય છે, તે આત્મા પ્રમુખ હોવા છતાં સૂક્ષ્મતમ હોવાથી દેખાતો નથી. આત્મા કલ્યાણમય અને જરારહિત છે. તે કુમારી, સ્ત્રી અને પુરુષરૂપ છે. તે મનમાં, ગર્ભમાં રહે છે. પૂર્ણ થઈને જ પૂર્ણને સિંચે છે, પૂર્ણમાંથી જ

પૂર્ણ નીકળે છે. તે અજર-અમર છે. વાણી તેમાંથી જ નીકળે છે અને તેમાં જ લીન થાય છે.

નાભિમાં સ્થિત દેવને જેમ અર્પિત કરીએ છીએ તેવી રીતે આ નારાયણ માયા દ્વારા ક્યાં રહે છે ? તે જ બધામાં સ્થિત મહદ બ્રહ્મ છે. નવદ્વારયુક્ત પુંડરિક ત્રિગુણાત્મક છે તેમાં સ્થિત આત્માને બ્રહ્મજ્ઞાની જાણે છે. તે સ્વયંભૂ અને સ્વયંમાં તૃપ્ત છે.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૯ દેવતા : શતૌદના**

આ શત્રુનાશિકા, સ્વર્ગ પ્રદાયિની ગૌ ઈન્દ્રદત્ત છે. તે હિંસક શત્રુઓનું મુખ બંધ કરે. તમારા સોમ કુશા રૂપ અને ચર્મવેદીરૂપ છે. હે અજ ! તમારા વાળ પ્રોક્ષણી છે. શતૌદનાને પ્રસ્તુત કરનાર ઈચ્છાપૂર્તિમાં સમર્થ હોય છે અને દિવ્યલોકને પામે છે. સ્વર્ણાલંકૃત કરીને ગૌ આપનાર દિવ્ય પાર્થિવ લોક પામે છે. હે દેવી ! દક્ષિણમાં વસુ, ઉત્તરમાં મરુત, પાછળ સૂર્ય તથા મનુષ્ય, પિતૃ અને ગંધર્વ રક્ષા કરે. તું ઘૃતપ્રોક્ષણ દ્વારા દેવોને પ્રાપ્ત થાય છે. ત્રિલોકવાસી દેવોને તમે દૂધ, ઘી, મધ આપો છો. તારા બાહ્ય અને આંતરિક અંગ તમારું દાન કરનારને દુગ્ધ, ઘૃત, મધુનું દોહન કરે છે. હે દેવી ! તમારો પુરોડાશ ઘૃતથી યુક્ત હોય છે. માતરિશ્વાએ જે અન્નનું મંથન કર્યું તેને હોતા અગ્નિમાં આહુત કરે.

**સૂક્ત-૧૦ દેવતા : વશા, ગૌ**

હે અહિંસનીય વશાગૌ ! જન્મેલી અને જન્મ લેનારી આપને નમસ્કાર છે. આપનાં વાળ, ખરીઓ અને જુદાં જુદાં રૂપોને નમસ્કાર, દ્યાવાપૃથ્વી અને જળ જેના વડે રક્ષિત છે તે વશાગૌને નમન. યજ્ઞપદી, ઈરા, ક્ષીરા, સ્વધા, પર્જન્ય પત્ની રૂપ વશા દેવોને સંતુષ્ટ કરે છે. હે વશા ! તમારામાં સોમ, અગ્નિએ પ્રવેશ કર્યો છે. પર્જન્ય તારા થાન છે. વિદ્યુત તારા સ્તન છે. તમે જળ-અન્ન-દૂધ આપનારી છો. આદિત્યો દ્વારા બોલાવવાથી ઈન્દ્રે તમને વિપુલ સોમ પીવડાવ્યો. જ્યારે તમે ઈન્દ્ર પાસે હતા ત્યારે ઋષભે તમને બોલાવી અને ઈન્દ્રે ખિજાઈ તમારું દૂધ હરી લીધું. જે સ્વર્ગમાં ત્રણ પાત્રમાં સુરક્ષિત છે. વશા ઋચા અને સામને ધારણ કરે છે. હે વશા ! જ્યારે તમે સ્વર્ણાલંકૃત ઊભી હતી

ત્યારે સમુદ્ર પણ અધિસ્કંદિત બન્યો હતો. જ્યાં દિક્ષિતો અથર્વા કુશાઓ ઉપર બેસે છે ત્યાં વશા મંગળ કહે છે. હે વશા ! તમે બ્રહ્મના કકુદથી ઉત્પન્ન એક બુંદમાંથી ઉત્પન્ન થઈ છો. પછી હોતા ઉત્પન્ન થયા. તમારા મુખથી ગાથાઓ, નાડીઓથી બળ અને બળથી યજ્ઞ ઉત્પન્ન થયો. ઉત્પન્ન થનારા બધાં જ પ્રાણીઓને વશા જ જન્મ આપે છે. યજ્ઞનું પ્રતિગ્રહણ વશા જ કરે છે. વશા અમૃત અને મૃત્યુનું ઉપાસ્ત્ર છે. વરુણની જિહ્‌વાઓની મધ્યમાં ત્રણ જિહ્‌વા વશા જ છે. દ્યાવા પૃથ્વી, વિષ્ણુ અને પ્રજાપતિ પણ વશા જ છે. વશાદાન કરનારા સ્વર્ગમાં જાય છે. વશાદાનીને દેવતા જીવિકા આપે છે. સૂર્યનાં કિરણો જ્યાં જ્યાં સુધી પહોંચે છે તે બધો જ સંસાર વશારૂપ છે.

*

# અગિયારમો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : બ્રહ્મૌદન**

અદિતિ પુત્રકામનાથી બ્રહ્મૌદન કરવા ઈચ્છે છે. હે અગ્નિ ! તમે મંથનથી ઉત્પન્ન થાવ છો. હે સપ્તર્ષિ ! તમે અગ્નિ ધૂમ્રને પુષ્ટ કરો. હે અગ્નિ ! તમે સમિધાઓ માટે આ હવિને પકવો. યજમાનને અભિષ્ટ આપો. હે દેવો ! અગ્નિ, પિતૃ, બ્રાહ્મણના જે ત્રણ ભાગ છે તેમાંથી દેવભાગ અગ્નિમાં જઈને તમને તૃપ્ત કરે. તમે યજમાન પત્નીને અભિષ્ટ ફળ આપો. અગ્નિ શત્રુનાશ કરો. હે યજમાન ! તું સમૃદ્ધ થા, મૃત્યુ પછી સ્વર્ગમાં જાવ. હે ઋત્વિક્ ! તમે ઉલુખલ-મૂસલથી ધાન્યને સુંદર કરો. હે અધ્વર્યુ ! ઉલુખલ-મુસલ ગ્રહણ કરો. અમે યજ્ઞ દ્વારા કર્મ, ફળ અને પરલોકને સમૃદ્ધ કરીએ છીએ. હે સૂપડા ! ધાનને ફોતરાથી અલગ કરો અને આ પત્નીને સંતાન-ધન આપો. હે ચોખા ! તમે છોતરાથી અલગ થાવ. અમે શત્રુઓનું મર્દન કરીએ. હે પત્ની ! તું બ્રાહ્મણની જળ લાવનારી સ્ત્રી પાસેથી યજ્ઞનું જળ મેળવ. ચર્મ પર જળકળશ સ્થાપિત કર. આ યજ્ઞ ફળદાયક બનો. હે અગ્નિ ! ચરુને પકાવો અને દેવતાઓ પોત-પોતાનો ભાગ મેળવે. મંત્ર-શુદ્ધ ઘૃતથી પાકીને નિર્દોષ બનેલા ચોખા યજ્ઞ યોગ્ય છે. હે ઓદન ! તમારા વડે

પિતૃઓ તૃપ્ત થાય છે. તમને રાંધનાર અમે પણ તૃપ્ત થઈએ. હે યજ્ઞ ! યજમાનને સંતાનધનથી મુક્ત કરો. હે ઓદન ! તમે હવિરૂપ બની ગયા છો. તમે દેવો સહિત યજમાનને ત્યાં આવો. તમે સોમ સાથે જોડાયેલા છો, બ્રાહ્મણોને જ્ઞાન આપો, તેમને મોહમાં નાંખશો નહિ. અમે યજ્ઞીય જળને બ્રાહ્મણના હાથ ઉપર નાંખીએ છીએ. તમે ઈન્દ્ર, મરુત સહિત અભિષ્ટપૂરક બનો. બ્રહ્મૌદન અભિષ્ટવર્ધક કામધેનુ છે. હે ઋત્વિક ! તૃણને અગ્નિમાં નાંખો. બ્રહ્મોદન યજ્ઞ યાજ્ઞિકને સ્વર્ગ આપે છે. હે ઋત્વિક ! ઓદનમાં ઘી ભેળવો. એનાથી હું સ્વર્ગમાં જવાનો માર્ગ બતાવું છું. અગ્નિ, મરુદ્દગણ, અર્યમા, બ્રહ્મૌદનની રક્ષા કરો. બ્રહ્મૌદન અભિષ્ટવર્ધક બનો – સ્વર્ગ આપો.

**સૂક્ત-૨ દેવતા : ભવ આદિ મંત્રોક્ત**

હે ભવ ! હે શર્વ ! અમને સુખ આપો, અમારી રક્ષા કરો, પશુઓની રક્ષા કરો. તમને નમન. અમારા દેહને હિંસક હાનિ ન પહોંચાડે. હે ભવ-શર્વ ! તમારા પ્રાણવાયુ, માયામય શરીરો અને તમને નમન. તમારાં અંગો અને તેના નીલાદિ વર્ણોને નમન. અમે ક્યારેય રુદ્ર દ્વારા ઘાયલ ન થઈએ. દ્યાવાપૃથ્વી, અંતરિક્ષ તમારું શરીર છે. તમને ચાર, આઠ, દસ વખત નમન. હે પશુપતિ ! અંડકટાહાત્મક (વિશ્વરૂપ) કોશ તમારો જ છે, જીવ એમાં જ રહે છે. અમને સુખ આપો. હિંસક પશુઓ અમારાથી દૂર રહો, તમને નમન. તમારા સંહારકારી ધનુષને નમન, બાણને નમન. પ્રચંડ-પરાક્રમી ભવ-શર્વને નમન. અમારી સામે આવતા, બેસતા અને પાછા ફરતા તમને નમન. ત્રિકાળમાં તમને નમન. સૂક્ષ્મદર્શી, વ્યાપક, કેશી દૈત્યને રથમાંથી પાડી નાખનારા અમારા રક્ષકો તમને નમન. તમારા દિવ્યાસ્ત્રોને અમારાથી અલગ રાખો. અમે તમારા ક્રોધથી દૂર રહીએ. અમારા પશુ-સંતાનની હિંસાની કામના કરશો નહિ. શસ્ત્રો દેવ વિરોધીઓ ઉપર છોડજો. રુદ્રના પીડાકારી આયુધ જ્વર આદિ છે. તે અપરાધીઓને પ્રાપ્ત થાવ. અયાજ્ઞિકોના સંહાર માટે અંતરિક્ષમાં રહેલા રુદ્રને નમન. ગ્રામ્ય પશુઓને નહિ, હિંસક વન પશુઓને મારો. હિંસક જલચર પણ તમારા નિમિત્તે છે. જ્વર આદિ રોગ, વિષ, વિદ્યુત-અગ્નિને અમારાથી દૂર રાખો. ભવદેવ દ્યાવાપૃથ્વી-અંતરિક્ષના અધિપતિ છે, તેઓ જ્યાં હોય ત્યાં અમારા નમન. તમે પશુપતિ છો, યજમાનને પશુઓનું સુખ આપો. રુદ્રગણોને નમન. રુદ્ર સેનાને નમન. તમારી કૃપાથી કુશળ થઈ અમે ભયરહિત બનીએ.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૩ દેવતા : બાર્હસ્પત્યૌદન**

આ ઓદનનું શિર બૃહસ્પતિ, બ્રહ્મા તેનું મુખ, દ્યાવા-પૃથ્વી કાન, સૂર્ય-ચંદ્ર નેત્ર, સપ્તર્ષિ પ્રાણાપાન છે. તેના ઉપાદાન-મૂશળ નેત્ર, ઉલુખલ કામના, દિતિ સૂપ, અદિત સૂપથી ક્ષરિત વાયુથી ધાન-ચોખા છૂટા પાડનાર, કણ અશ્વ, તાંદુલ ગૌ, ભૂસુ મચ્છર છે. પૃથ્વી ઓદનપાકની કુંભી છે, સંસારનું જળ હાથ ધોવાનું જળ છે, ઋગ્વેદરૂપ અગ્નિ છે, અથર્વવેદ સ્થિરકારક છે, યજુર્વેદરૂપ અંગારા છે, જળમાં ભેળવવાના કાષ્ટ અને કરછલી બન્ને સામ છે. ઋતુઓ ઓદનને રાંધે છે. દિવસ-રાત્રી પ્રજ્વલિત કરે છે, સ્થાલી ચરુ છે. આ ઓદન ઉત્કૃષ્ટ લોકદાતા છે. તેના ઉપર ત્રણ લોક સ્થિર છે. ચારસો એંસી દેવતા તેને ચાહે છે. ગુરુ તેના મહાત્મ્યનું વર્ણન કરે છે. તમે સંતાઈને ઓદન ખાવ તો પ્રાણવાયુ નીકળી જશે, પ્રતિમુખ રાખીને ખાશો તો અપાન નીકળશે. ઓદન તૈયાર કરનારે તેનું પ્રાશન સ્વાત્મરૂપથી કર્યું છે.

(૨) અયોગ્ય રીતે પ્રાશન કરનારના સંતાનનો નાશ થાય છે. અમે બૃહસ્પતિ સાથે જોડાયેલ પદાર્થથી આનું પ્રાશન કર્યું છે. ઓદન ખાવાથી પ્રાશનજ્ઞાતા સ્વર્ગગામી બને છે. અજ્ઞાની પરાશક બહેરો બને છે. લૌકિક નેત્રોથી, લૌકિક મુખ, જિહ્વા, દાંત, પ્રાણ-અપાન, વિધિઓ-પૃષ્ઠથી જો તમે પ્રાશન કરો તો અનર્થ થશે. ઋષિઓએ જે વક્ષઃ, ઉદર, બસ્તિ, ઉરુઓ, અશ્વિયુક્ત જાંઘ, પગ, હાથ, પદાગ્રનું જે બ્રહ્માત્મિકા પ્રતિષ્ઠાથી ઓદન-પ્રાશન કર્યું છે એનાથી ભિન્ન રીતે જો તમે પ્રાશન કર્યું હશે તો વિભિન્ન દોષના સહભાગી બનશો, આથી યથાસ્થાન પહોંચવા ઉચિત રીતે પ્રાશન કરવું જોઈએ. આવું જે જાણે છે તે સર્વાંગ ફળ મેળવી સ્વર્ગાદિ લોકમાં સ્થિત થાય છે.

(૩) ઉક્ત મહિમાથી યુક્ત ઓદન ઈશ્વરીય મંડળરૂપ છે. તેને જાણકાર સૂર્યમંડળને પ્રાપ્ત કરે છે. આ ઓદન વડે જ સૂર્યદેવે ૮ વસુ, ૧૧ રુદ્ર, ૧૨ આદિત્ય પ્રજાપતિ અને વષટકાર મળી ૩૩ દેવતાઓ અને તેમના લોકને બનાવ્યા. એ લોકોના સુખ-જ્ઞાન માટે યજ્ઞ-વિધાન કર્યું. તેનો જ્ઞાતા પ્રાણને રોકી શકે છે. જે નથી જાણતા તે પતિત થઈ જાય છે અને પ્રાણ પણ સમય પૂર્વે જ શરીર છોડી જાય છે.

**સૂક્ત-૪ દેવતા : પ્રાણ**

પ્રાણ શરીરમાંથી નીકળી જવાથી મૃત્યુ થાય છે. પ્રાણ જ્વરા (તાવ) આદિ રોગરૂપ છે, ઇન્દ્રિયો પ્રાણનું આરાધન કરે છે. સત્ય આચરણથી પ્રાણ શ્રેષ્ઠ લોકદાતા છે. વિરાટ પ્રાણની બધા સેવા કરે છે, તે જ સૂર્ય, સોમ, પ્રજાપતિ છે. પ્રાણની વૃત્તિ જ – પ્રાણ-અપાન છે. તેને જ બ્રીહી, જવ અને અનડવાન તરીકે ઓળખાય છે. જગદાધાર, માતરિશ્વા વાયુ પ્રાણ છે, તે ગર્ભસ્થ શિશુને પુષ્ટ કરે છે. વર્ષા દ્વારા પ્રાણ જ ઔષધિ ધાન્ય ઉત્પન્ન કરે છે. તમારા ઉપભોગ્ય અન્ન મનુષ્ય-દેવતા ખાય છે. શરીરમાં વ્યાપ્ત પ્રાણ-હંસ તરીકે ઓળખાય છે. પંચ-ભૂતાત્મક દેહ પ્રાણવૃત્તિ દ્વારા જ ઉપર જાય છે. સંસારને પ્રાણવાન રાખવા માટે પ્રાણ પોતાનો અપાનરૂપ એક પગ ઉપાડતો નથી. પ્રાણ સચરાચર વિશ્વના અધિપતિ છે. પ્રાણ પ્રમાદ અને નિદ્રારહિત છે, તેઓ સૂઈ જતા નથી. હે પ્રાણ, અમારાથી મુખ ફેરવશો નહિ.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત : ૫ દેવતા : બ્રહ્મચારી**

દ્યાવા પૃથ્વીમાં વ્યાપ્ત બ્રહ્મચારી પોતાના તપથી સ્વગુરુ અને આકાશનું પોષણ કરે છે. રક્ષા અને પોષણ અર્થે દેવ, પિતૃ અને ગંધર્વ તેમજ દેવગણ આ બધા બ્રહ્મચારીની પાછળ ચાલે છે. ત્રણ અને ૩૦ એટલે કે તેત્રીસ, ત્રણસો અને છ હજાર દેવતાઓનું બ્રહ્મચારી જ પોતાના તપથી પરિતોષણ કરે છે. બ્રહ્મચારીને પાસે બોલાવી આચાર્ય ઉપનયન સંસ્કાર કરાવી પોતાના જ્ઞાનરૂપી શરીરના ગર્ભમાં એને ધારણ કરે છે. બ્રહ્મચારી સમિધા, મેખલા, શ્રમ અને તપ દ્વારા લોકોનું પોષણ કરે છે. એની પહેલી સમિધા પૃથ્વી છે, બીજી દ્યુલોક અને ત્રીજી અંતરિક્ષ છે. બ્રાહ્મણ પહેલાં સાધક બ્રહ્મચારી હોય છે. એ ઊર્જા ધારણ કરીને પ્રગતિ કરે છે ત્યારે બ્રાહ્મણ રૂપે પ્રગટ થાય છે. અગ્નિ, સૂર્ય, ચંદ્રમા, વાયુ, જળમાં બ્રહ્મચારીઓ સમિધાઓ અર્પણ કરે છે. તેમના તેજસ અલગ-અલગ રૂપે અંતરિક્ષમાં નિવાસ કરે છે. એનાથી જ વર્ષા, જળ, ઘી તેમજ પુરુષ આદિ સમૃદ્ધ બને છે. પ્રજાપતિ પરમેશ્વર દ્વારા ઉત્પન્ન કરાયેલાં બધાં પ્રાણી પોતાની અંદર પ્રાણશક્તિને જુદી જુદી રીતે ધારણ કરે છે. પૃથ્વી પર જન્મ ધારણ કરનાર પ્રાણી, આકાશમાં વિચરતાં પ્રાણી, વન્ય

પશુ, ગ્રામ્ય પશુ, પાંખો વિનાનાં પશુ તથા પાંખોવાળાં પક્ષી બધાં જન્મજાત બ્રહ્મચારી હોય છે. વેદાત્મક બ્રહ્મ બ્રહ્મચારીમાં જ સ્થિત છે. હે બ્રહ્મચારી ! અમને સ્તોતાઓને નેત્ર, કાન, યશ અને કીર્તિ આપો.

**સૂક્ત-૬ દેવતા : અગ્નિ આદિ**

અમે અગ્નિ, મહાવૃક્ષ, બ્રીહિ, યવ, વનૌષધિ, બૃહસ્પતિ, આદિત્ય, ઈન્દ્ર, સૂર્ય, ધાતા, પૂષા, ત્વષ્ટા, ગંધર્વ, અપ્સરા, સૂર્ય, ચંદ્રદેવ, વાયુ, પર્જન્ય, દિશા-વિદિશા, દિવસ-રાત્રી, દ્યાવાપૃથ્વીના પ્રાણી, રુદ્ર, નક્ષત્ર, પર્વત, સમુદ્ર આદિ બધાયની સ્તુતિ કરીએ છીએ. તે બધા અમને પાપોથી બચાવે અને સુખ આપે.

પ્રજાપતિ, પિતૃ, દ્યાવાપૃથ્વી, અંતરિક્ષના દેવતા, ૮ વસુ, ૧૧ રુદ્ર, ૧૨ આદિત્ય, અથર્વા, અંગિરસ ઋષિ, યજ્ઞ, યજમાન, ઋચાઓ, પંચકાંડ યુક્ત સોમલતા, દાન બાધક હિંસક રાક્ષસ-પિશાચ, સર્પ, ઋતુ, ઋતુદેવતા, ઋતુ ઉત્પન્ન પદાર્થ, ચંદ્ર, સૂર્ય, સંવત્સર અને ચૈત્રાદિ માસની અમે સ્તુતિ કરીએ છીએ, તેઓ અમને પાપોથી બચાવે. બધી દિશાઓમાં સ્થિત દેવતાઓ, દેવીઓ, વિશ્વે દેવાઓ, ભૂત, ભૂતેશ્વર, દિશાઓ, બાર મહિના બધાની સ્તુતિ કરીએ છીએ. તે અમને પાપોથી બચાવો. હે જળ ! તમે ઈન્દ્ર-સારથિ માતલિ દ્વારા પ્રાપ્ત અને ઈન્દ્ર દ્વારા તલમાં નાંખવામાં આવેલી ઔષધિ અમને આપો.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૭ દેવતા : ઉચ્છિષ્ટ (હવન પછી વધેલું, પ્રાશનાર્થ રાખેલા ઓદન ઉચ્છિષ્ટ કહેવાય છે.)**

પૃથ્વી આદિ લોક, ઈન્દ્ર, અગ્નિ, ઈશ્વર, અખિલ જગત, દ્યાવાપૃથ્વી, અંતરિક્ષ અને તેના જીવો, જળ, સમુદ્ર, ચંદ્ર, વાયુ, સત્-અસત્, મૃત્યુ, પ્રજાપતિ, વરુણ, બધા જ ઉચ્છિષ્ટ ઓદનના આશ્રિત છે, તેમાં સમાયેલા છે. વિશ્વના કારણરૂપ બ્રહ્મા, ઉચ્છિષ્ટાશ્રિત છે. સ્તુતિમાં ગવાતો ભાગ (ઉદ્‌ગીથ), સ્તુતિ, સ્તુત, ઋક, સામ, પાવમાન અને મહાનામ્ની ઋચાઓ, રાજસૂય, અર્ક, અશ્વમેધાદિ યજ્ઞ, હવન, શ્રદ્ધા, વષટકાર, એક-બે રાત્રીનો સોમયાગ, બધા જ ઉચ્છિષ્ટમાં સમાયેલા છે. ચતુરાત્ર, પંચરાત્ર, ષડરાત્ર તથા તેનાથી બેવડાં દિવસો વાળો યજ્ઞ તથા અન્ય પ્રતિહાર, નિધન, વિશ્વજિત આદિ યજ્ઞ બધા

જ ઉચ્છિષ્ટ બ્રહ્મમાંથી પ્રગટ થયા છે. તે બધા મારામાં સ્થિત થાવ. કામનાયોગ્ય બધા ફળ બ્રહ્માશ્રિત છે. આ બ્રહ્મૌદન જગપોષક પ્રાણના પૌત્રરૂપ છે. બધી જ આહુતિઓ, મહિના, ઋતુઓ આદિ ઉચ્છિષ્ટ બ્રહ્માશ્રિત છે. શર્કરા આદિ પદાર્થ, પ્રાપ્તિ-સમાપ્તિ-વ્યાપ્તિ, પ્રાણી, દેવતા, ઋક્-સામ-છંદ-પુરાણ-યજુ-પ્રાણવાન-ઈન્દ્રિય-આનંદ-મોદ-પ્રમોદ-અગ્નિમોદ, દેવતા-પિતૃ-ગંધર્વાદિ બધા જ ઉચ્છિષ્ટ બ્રહ્મ દ્વારા ઉત્પન્ન થયા છે.

**સૂક્ત-૮ દેવતા : મન્દ્ર, અધ્યાત્મ**

જે સમયે મન્યુએ સંકલ્પ બળના ઘરથી પોતાની સંકલ્પશક્તિરૂપી સ્ત્રીને પ્રાપ્ત કરી તે સમયે કન્યાપક્ષના લોકો કોણ હતા ? વરપક્ષના લોકો કોણ હતા ? એમાં કોને શ્રેષ્ઠ વરની સંજ્ઞાથી વિભૂષિત કરવામાં આવ્યો હતો ? અર્ણવ (મહાસાગરની વચ્ચે) તપ અને કર્મ એ બે પક્ષ હતા. તે જ વરપક્ષ અને કન્યાપક્ષના લોકો હતા તથા બ્રહ્મ જ તે સામે સર્વશ્રેષ્ઠ વર હતા. અધિષ્ઠાતા દેવોથી દસ દેવતા ઉત્પન્ન થયા. ઋતુઓ, ધાતા, બૃહસ્પતિ દેવ દેવરાજ ઈન્દ્ર, અગ્નિદેવ અને અશ્વિનીકુમાર આ બધા દેવ જ્યારે ઉત્પન્ન થયા નહોતા, તેવી સ્થિતિમાં આ દેવોએ કયા શ્રેષ્ઠની ઉપાસના કરી હતી ? સૃષ્ટિના સર્જન સમયે ઈન્દ્ર, અગ્નિ, સોમ, ત્વષ્ટા અને ધાતાદેવ આદિ કોનાથી ઉત્પન્ન થયા ? ઈન્દ્રથી ઈન્દ્ર, સોમથી સોમ, અગ્નિથી અગ્નિ, ત્વષ્ટાથી ત્વષ્ટા અને ધાતાથી ધાતાની ઉત્પત્તિ થઈ. સૃષ્ટિની રચના વખતે સ્રષ્ટાએ જ્યારે વાવ, અસ્થિ, મજ્જા આંખ આદિને એકઠા કર્યા તો તેમાંથી હાથપગ આદિ શારીરિક અંગોની રચના થઈ. ત્યારે કયા ઉપકરણથી વાળ, ક્યાંથી સ્નાયુ ક્યાંથી અસ્થિઓને પરિપૂર્ણ કર્યાં ? તે સંસિચ (સિંચનારા) દેવતાએ દેહને બનાવ્યો અને તેમાં પ્રવિષ્ટ થયા. કયા ઋષિઓએ શરીરનાં અંગોને જોડ્યાં ? મોં, હાથ પગ, માથું, કંઠ, જીભ અને અસ્થિઓ ઉપર ચામડીનું આવરણ ચઢાવી બધા દેવો પોતપોતાના કાર્યમાં જોડાયા. સ્વપ્ન, નિદ્રા, આળસ નિર્ઋતિ આદિ પાપમૂલક દેવોએ વૃદ્ધાવસ્થામાં ક્ષરણ કરનાર ખાલિત્ય, વાળ સફેદ કરનાર પલિતત્ત્વ આદિ સહિત શરીરમાં પ્રવેશ કર્યો. તેની સાથે જ ઐશ્વર્ય, ગરીબી, દાનવૃત્તિ, કંજૂસાઈ, ભૂખ અને બધા પ્રકારની તૃષ્ણા, ચોરી દૂરાચાર, કુટિલતા, સત્ય, યજ્ઞ, મહાન કીર્તિ, ક્ષાત્રતેજ, વિદ્યા, અવિદ્યા તથા ઉપદેશ કરવા યોગ્ય શબ્દ સાથે ઋક્, સામ, યજુર્વેદ આદિ બધા મનુષ્યના શરીરમાં પ્રવેશ્યા. ઈન્દ્ર, વિરાટ, બ્રહ્મતેજવાળા દેવતા અને કારણભૂત બ્રહ્મ

અલક્ષિતરૂપે શરીરમાં પ્રવેશ કર્યો. સૂર્ય નેત્રેન્દ્રિય અને વાયુ ઘ્રાણેન્દ્રિયના દેવતા બન્યા. બધા દેવતા શરીરમાં જ રહેવા લાગ્યા. આથી જ્ઞાની લોકો એવું માને છે કે આ શરીરની અંદર અને બહાર બધે જ બ્રહ્મ છે. દેહાવસાન થવાથી આત્મા પુણ્યવડે સ્વર્ગમાં અને પાપ વડે નર્કમાં જાય છે અને પાપ-પુણ્ય બન્ને હોય તો પૃથ્વીને પ્રાપ્ત કરે છે. જપમાં આ બ્રહ્માંડ સ્થિત છે. અંદર-બહાર બધે જ પરમાત્મા છે. દેહ કરતા વિશેષ હોવાથી તેને સૂત્રાત્મા પણ કહેવાય છે.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૯ દેવતા : અર્બુદિ**

અમારા વીર શસ્ત્રાસ્ત્રધારી એવા હે અર્બુદિ ! તેમને શત્રુઓ દેખાડી ભયભીત કર્યા. અર્બુદિ અને ન્યર્બુદિ (સર્વદેવતા) બન્નેને પોતાના સ્થાનથી ઉપાડી સંગ્રામ કરો. આ બન્નેથી વિજેતા થયેલા શત્રુની ઉપર આક્રમણ કરીએ. આ બન્ને દેવગળો શત્રુઓને ઘેરીને તેમનો નાશ કરે. તેમની પત્નીઓ રુદન કરે છે. વિષનો આવેગ હોવાથી કરુણ નાદ કરતી તે શાંત (સંજ્ઞાશૂન્ય) બની જાય છે. હે અર્બુદી ! તમે જેનો નાશ કરો છો તે શત્રુના મૃત શરીરને માંસભક્ષી કીડા ખાઈ જાય છે. હે અર્બુદી ! ન્યર્બુદિ ! તમારા દંશથી શત્રુની ભુજાઓ નિષ્ક્રિય બની જાય છે. તમે શત્રુઓને માયા બતાવો. શત્રુસેનાઓને ભયભીત અને શોક સંતપ્ત કરો. તમે બન્ને ઈન્દ્રના મિત્ર છો, અમને વિજય અપાવો. શત્રુઓને ગોતી-ગોતીને મારો, કોઈ બાકી રહે નહિ. તેમના દેહથી પ્રાણ અલગ થઈ જાવ. અમારી સેનાના કાયરોને શત્રુઓની હાર બતાવવા તેમની સેના સામે લઈ જાવ. શત્રુઓને અંતરિક્ષમાં ઉત્પાત બતાવી ભયભીત કરો. હે શત્રુઓ ! તમે ઈન્દ્રાગ્નિ, ધાતા, મિત્ર, પ્રજાપતિ આદિ નિયંત્રિત કરે. હે દેવો ! અમે યુદ્ધમાં વિજયી થઈએ અને પછી અમારા સ્થાને પાછા ફરીએ.

**સૂક્ત-૧૦ દેવતા : ત્રિષન્ધિ**

હે સેના નાયકો ! સંગ્રામ માટે કટિબદ્ધ બની આગેકૂચ કરો. હે દેવો ! રાક્ષસો અને શત્રુઓને ભગાડી દો. હે શત્રુઓ ! ત્રિષધિ દેવતા તમારા રાજ્યને દંડનીય માને. હે ત્રિષધિ ! દ્યાવાપૃથ્વી – અંતરિક્ષ ઉપર ખરાબ કામ કરનારા મનુષ્યો ઉપર તમે નજર રાખો. તમારા દળના માંસભક્ષી પક્ષીઓ શત્રુ ઉપર તૂટી પડો. ત્રિષન્ધિ દેવતાની સેના દ્વારા અમે શત્રુ ઉપર વિજય

મેળવીએ. હે અર્બુદિ ! હે કૃત્યા ! આ ચાર પગવાળી ગાય શત્રુ ઉપર બાણરૂપે પડો. તે સાક્ષાત કૃત્યા જ બની જાય. માયારૂપી ધુમાડાથી શત્રુસેનાની આંખોને ઢાંકી દો. નગારાના ધ્વનિથી તેમના કાન બહેરા બની જાય. હે બૃહસ્પતિ ! તમારી પાસેથી ઈન્દ્ર અને બ્રહ્માએ લીધેલી બાણ ફેંકવાની (સંધાન ક્રિયા) શક્તિ વડે અમે દેવ-આહ્‌વાન કરીએ છીએ, તેઓ આવીને અમારી સેનાને વિજયી બનાવે.

હે બૃહસ્પતિ ! અંગિરાપુત્ર બૃહસ્પતિ દ્વારા નિર્મિત વજ્રથી, મંત્રબળથી, અમે શત્રુ સેનાનો સંહાર કરીએ છીએ. હવિ પ્રાપ્ત કરનાર ઈન્દ્રાદિ દેવતા શત્રુ પર વિજય મેળવીને આવી રહ્યા છે. અમારા હવિથી ત્રિષન્ધિ દેવ તૃપ્ત થાવ. ઈન્દ્ર, વાયુ, સૂર્ય, ચંદ્ર શત્રુઓને પરાજિત કરો.

હે ત્રિષન્ધિ ! પૃષદાજ્ય દ્વારા શત્રુઓને ભગાડી મૂકો. હે ન્યર્બુદિ ! માયા વડે શત્રુને કર્તવ્ય-જ્ઞાન-શૂન્ય કરો. શત્રુઓને શોધી-શોધીને મારો. બધા શત્રુઓને મારો. તેમનું કૂતરા-શિયાળ ભક્ષણ કરે. અમારી સેનાની નજીક આવનારી શત્રુ સેના ઘાયલ થાવ. વજ્ર વડે ઈન્દ્ર અમારા શત્રુઓનો સંહાર કરે.

*

## બારમો કાંડ

### • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : ભૂમિ**

બ્રહ્મ, તપ, સત્ય, યશ, દીક્ષા, બૃહત જળ-પૃથ્વીના ધારક છે. હે જીવોનું પાલન કરનારી પૃથ્વી ! અમને પણ સ્થાન આપો. સર્વસાધન-સામર્થ્ય-સંપન્ન પૃથ્વી, અમારી કામના પૂર્ણ કરો. પૃથ્વી અમને ગૌ-અન્ન મુક્ત કરો. તેજ અને ઐશ્વર્ય આપો. સંસારની આશ્રયરૂપ, અગ્નિની ધારયિત્રી પૃથ્વી અમને દ્રવ્ય આપે. દેવરક્ષિત પૃથ્વી અમને રાષ્ટ્રબળ, મધુર-ધન અને વર્ચસ્વ આપે. જ્યાં દિવસ-રાત્રી થાય છે, જેને અશ્વિદ્વયે બનાવી છે, વિષ્ણુએ જેના ઉપર વિક્રમણ કર્યું, ઈન્દ્રે જેને શત્રુહિન બનાવી તે પૃથ્વી મને દૂધ સમાન સારરૂપ તેજ આપો. હે પૃથ્વી તારા પર્વત, જંગલ, હિમ પ્રદેશ અમને સુખ આપો. હું ક્ષયરહિત બનીને પૃથ્વી ઉપર પ્રતિષ્ઠિત બનું. પૃથ્વીની નાભિ ઉપર ઉત્પન્ન થનાર પોષક પદાર્થ અમને પ્રાપ્ત થાવ. માતા-પિતારૂપ ભૂમિ અમને પુષ્ટ ચરિતર કરો. યજ્ઞ

વડે વૃદ્ધિ પામનાર પૃથ્વી અમારી પણ વૃદ્ધિ કરો. પૃથ્વી અમારા શત્રુઓનો નાશ કરે. સૂર્યનાં કિરણો અમને મૃદુલવાણી અને સંતાન આપે. ઈન્દ્ર પૃથ્વીની રક્ષા કરે, અમે પૃથ્વીના પ્રિય બનીએ, કોઈ અમારું દ્વેષી ન બને. જળ, પૃથ્વી, પુરુષ, પશુ, સ્વર્ગ, મનુષ્ય, અંતરિક્ષસ્થ અગ્નિ અમે પ્રદીપ્ત કરીએ છીએ. પૃથ્વી અમને વૃદ્ધાવસ્થા સુધી જીવિત રહેવા લાયક બનાવે. હે ગંધવતી પૃથ્વી ! તમારી ગંધ વડે અમને સુરભિત કરો. જે ગંધ કમળમાં છે, સ્ત્રી-પુરુષો, કન્યામાં, પશુઓમાં છે તેનાથી અમને ગંધવાન બનાવો. મારો કોઈ શત્રુ રહે નહિ. હિરણ્યવક્ષા, ધર્માશ્રિતા, ક્ષમા રૂપિણી, પવિત્ર, પોષક અન્ન-બળ ધારિણી પૃથ્વીને નમન. હે પૃથ્વી! તમારી બધી દિશાઓમાં વિચરણ કરવાની શક્તિ આપો, તમે બધી દિશાઓમાંથી અમારી રક્ષા કરો. મારી વર્ણનશક્તિ આજીવન નષ્ટ ન થાવ. અમે ઊંઘમાં પણ હિંસાનો ભોગ ન બનીએ. બધી ઋતુઓ, રાત્રી-દિવસ, વર્ષ અમને સુખદ રહો. જે પૃથ્વીમાં ઈન્દ્રનું વરણ થયું છે, જે વીર્યવાનને આધિન રહે છે, જેના ઉપર વેદમંત્રોનું ગાન અને સોમપાન થાય છે, યજ્ઞ થાય છે, દેવપૂજન થાય છે, તે અમને અભિષ્ટ ધન આપો. જ્યાં નૃત્ય, સંગ્રામ, રુદન, દુંદુભિવાદન, પંચકૃષિ થાય છે, જે હિંસક પશુની ક્રિડાસ્થલી છે, અનેક ધર્મ-ભાષા બોલનારાની આશ્રય સ્થળી છે તેને અમે નમન કરીએ છીએ. અમને ધન-બળ આપો અને અમારું કલ્યાણ કરો. રાક્ષસ પિશાચાદિ, શત્રુઓ, હિંસાકાર નારાને અમારાથી દૂર રાખો. જે પૃથ્વી ઉપર દ્વિપદ પક્ષી ફરી રહ્યા છે, વાયુ ધૂળ ઉડાડે છે, અગ્નિ પ્રદીપ્ત થાય છે, વર્ષા થાય છે, દિવસ-રાત્રી થાય છે તે અમારી ચિત્તવૃત્તિને સુંદર કરો. હે પૃથ્વી ! ગ્રામ, જંગલ, સભા, યુદ્ધ-મંત્રણા બધાં કાર્યમાં અમે તમારી વંદના કરીએ છીએ. હું વેગવાન, યશસ્વી બનું, પૃથ્વી મારા પક્ષમાં રહે, મારી કામના પૂર્ણ થાવ. હે પૃથ્વી ! અમે તમને હવિ આપતા રહીએ, રોગ રહિત બનીએ, દીર્ઘાયુ બનીએ અને મંગળમાં પ્રતિષ્ઠિત થઈએ.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૨ દેવતા : અગ્નિ અને મંત્રોક્ત**

હે અગ્નિ ! મનુષ્ય-પશુઓની યક્ષ્મા (ક્ષયરોગ) દૂર કરો, પાપ-દુર્ભાવના નષ્ટ કરો. અમે શત્રુ, નિઋતિ અને મૃત્યુને દૂર કરીએ. હે અગ્નિ ! વસુ, બ્રહ્મણસ્પતિ, રુદ્ર, બ્રહ્મા, સૂર્યે સો વર્ષનું જીવન પ્રાપ્ત કરવા તમને પ્રદીપ્ત કર્યા

હતા. ક્વ્યાદ (પ્રેતદાહક) અગ્નિને અમે દૂર કરીએ છીએ. જાતવેદા અગ્નિ અહીં પ્રતિષ્ઠિત થઈને દેવો માટે હવિ વહન કરે. ગાર્હપત્યાગ્નિ પિતૃઓનો ભાગ થઈને તેમના લોકમાં સ્થિત બને. હે ક્વ્યાદ અગ્નિ ! તમે પિતૃયાન માર્ગથી પ્રવૃદ્ધ થાવ. પવિત્રતાપ્રદ અગ્નિદેવ, શુદ્ધ થવા માટે શવાગ્નિને પ્રદીપ્ત કરે છે, ત્યારે તે પોતાના પાપનો ત્યાગ કરે છે. શવ-ભક્ષકાગ્નિમાં અમે અમારાં પાપોને ધોઈએ છીએ. ક્વ્યાદિ જે પશુઓમાં વ્યાપ્ત છે તેને દૂર કરીએ છીએ. હે પુરુષો ! માથાનો રોગ સીસું અને નડ નામના ઘાસથી દૂર કરો. હે મૃત્યુ ! દેવયાનથી જુદો માર્ગ છે ત્યાંથી જાવ, વાણી મૃત્યુ દૂર કરનારી શક્તિથી યુક્ત બનો.

હે મનુષ્યો ! તમે મૃત્યુને પથ્થરથી દબાવો, મંત્ર-કવચ ધારણ કરો અને સો વર્ષ જીવો. ત્વષ્ટા તમને દીર્ઘ જીવન પ્રદાન કરે. આ પાષાણ નદીને પાર કરો, પાપને તેમાં નાંખો. હે અગ્નિ ! દેવસ્તવન કરો. અમે સો હેમંત સુધી સંતાનયુક્ત રહીએ. મૃત્યુના લક્ષ્યને ભ્રમિત કરનારા ઋષિ પૂર્ણાયુ છે. તમે પણ મૃત્યુને ભગાડો. આ સ્ત્રીઓ સુંદર પતિથી યુક્ત રહે, વિદ્વાન બને, અલંકારોને ધારણ કરે, સંતાનોત્પત્તિ માટે મનુષ્ય યોનિમાં જ રહો. અમે આને દીર્ઘાયુ બનાવીએ છીએ. હે પિતૃઓ ! હૃદયમાં વ્યાપ્ત અગ્નિ અમારાથી અને અમે તેમનાથી દ્વેષ ન કરીએ. જે ક્વ્યાદ અગ્નિનો ત્યાગ નથી કરતા તેમને ક્ષય થાય છે. તે યજ્ઞનો અધિકારી રહેતો નથી. તેનું તેજ અને ઐશ્વર્ય નષ્ટ થાય છે. હે અગ્નિ ! ક્વ્યાદને અમારાથી દૂર કરો. અગ્નિદેવ મનુષ્યોના મધ્યસ્થી છે. તે જીવિતોનું આયુષ્ય વધારે છે. આ અગ્નિની સ્તુતિ કરો. તે તમને પાપમુક્ત કરે, કલ્યાણપ્રદ બને, પુત્ર-પૌત્રાદિથી યુક્ત કરે. હે અગ્નિ ! તમારી આરાધના સરળ છે. તમે અમને નિરોગી રાખો છો. ધનેચ્છાથી જે ક્વ્યાદ અગ્નિની સેવા કરે છે તે વિફળ બને છે, અધોગતિને પ્રાપ્ત કરે છે. આ અગ્નિ માટે અડદ હવ્ય છે. જે ગાર્હપત્યઅગ્નિને અર્પિત છે, દેવયાન માર્ગમાં પ્રવિષ્ટ થાય છે તેમને જ હું ચિરાયુ બનાવું છું.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૩ દેવતા : સ્વર્ગ, ઓદન, અગ્નિ**

હે પુરુષાર્થી પુરુષ ! આપ અધિકારપૂર્વક આ ચર્માસન પર બિરાજો. પહેલા જે દંપતિ આ પ્રક્રિયા કરી ચૂક્યા છે તેમના જેવું જ ફળ આપને પ્રાપ્ત

થાવ. આ અન્નના (ઓદન) પ્રભાવથી આપ બન્ને પરસ્પર મળીને રહો. તમે યજ્ઞથી પવિત્ર બન્યા છો. હે દંપતિ ! જે જળ વડે ઓદન રાંધવામાં આવે છે તે જળના અમૃતાંશનું તમે સેવન કરો. દ્યાવા પૃથ્વીમાં યજમાન જે લોક મેળવે છે તેમાંથી મધુમય લોકમાં સંતાનથી સંપન્ન તમે વૃદ્ધાવસ્થા સુધી રહો. તમે જે પરિપક્વ ઓદન અગ્નિમાં રાખ્યા છે તેની રક્ષા કરો. તમે દક્ષિણાવર્ત બનીને આ પાપની પરિક્રમા કરો. યમરાજ તમારું કલ્યાણ કરે. પશ્ચિમ દિશાના સ્વામી સોમ છે. આ દિશામાં ઓદન રાખી શ્રેષ્ઠ ફળ મેળવો. પ્રજાયુક્ત ઉત્તર દિશા અમને શ્રેષ્ઠતા આપો. આ પૃથ્વી અટલ, વિરાટ છે. અમને સુખ આપો, પુત્રોનું મંગળ કરો, રાંધેલા ઓદનની રક્ષા કરો. હે પૃથ્વી ! આ ઓદનને આલિંગન કરો. હે ઓદન ! તમે કલ્યાણપ્રદ બનો. તેત્રીસ દેવતાઓ દ્વારા તે સેવનીય છે. અમને તે સ્વર્ગમાં પહોંચાડે. હે વનસ્પતિ ! પાપથી ઉત્પન્ન શોક તમને દૂર કરનાર મધુર શબ્દ કરો. હે ઓદન ! પરલોકમાં તમે અમારી સાથે પ્રગટ થવા આપજો. હે ધાન્ય ! પથ્થર વડે તમારા છોડા દૂર કરો. હે મૂસળ ! તું પૃથ્વીમાંથી બનેલું છે, પૃથ્વી ઉપર તમને મારીએ છીએ. હે ઓદન ! મુસળથી તને જે પીડા થાય છે તેના કારણે છોડાથી વિમુખ થા. અમે તને અગ્નિમાં અર્પિત કરીએ છીએ. અગ્નિ પાચનકર્મમાં તમારા રક્ષક છે. ઈન્દ્ર, વરુણ, મરુદ્‌ગણ, સોમ બધી દિશાઓમાંથી તમારી રક્ષા કરે.

હે જળ ! દંપતિ દ્વારા લાવવામાં આવેલ ઓદનનું પાચન કરો. જે રંધાઈ ગયા છે તેને લઈ લો. ઓદન માટે નવી કુશા પાથરી દો. દેવતા તેના પર બેસીને ઓદન ગ્રહણ કરે. હે દેવો ! તમે આ ઓદન માટે ધ્વનિ કરો. હે દંપતિ ! તમને આ મહિમાવાન ગમનશીલ ઓદન સ્વર્ગમાં સ્થાન અપાવશે. હે જાયા (પત્ની) ! તું આ ઓદન રાંધે છે. તું જો આ સંસારમાંથી પતિની પહેલા ચાલી જાય તો સ્વર્ગમાં બન્ને મળી જશો. તમે બન્ને એક જ લોકમાં રહો અને ઓદન પણ તમારી સાથે રહે. વાસક ઓદનની મધ દ્વારા મોટી ધાર થાય છે. તેમાં અમૃત રહેલું છે અને સ્વર્ગમાં તે રોકાય છે. નિધિ રક્ષક યજમાન તેની કામના કરે છે અને સ્વર્ગમાં પહોંચવા માટે ત્રણ કાંડ સહિત આ ઓદન સ્વર્ગારોહી બને છે. મારા કર્મફળમાં બાધક રાક્ષસોને હે અગ્નિદેવ તમે વ્યથિત કરો. અંગિરાઓ અને આદિત્યો માટે આ ઘૃતયુક્ત ઓદન રજૂ કરું છું. બ્રાહ્મણના પવિત્ર હાથ તેને સ્વર્ગમાં પહોંચાડે. પ્રજાપતિએ જે ઉત્તમ કાંડ દ્વારા ફળ પ્રાપ્ત કર્યું તે કાંડને મેં મેળવી લીધો છે. તેને ઘી વડે સિંચો.

આ ઘૃતયુક્ત ભાગ અંગિરાનો છે તેને દેવતાઓને સોંપીએ છીએ. અમે પરસ્પર દાન, પ્રદાન કાર્ય અને પણ અલગ ન થઈએ. રાંધનાર હું પણ તેને આ દાનમાં આપી રહ્યો આ કાર્યમાં મારી પત્ની પણ જોડાઈ છે. કુમારાવસ્થાનો પુત્ર પણ જો અમે આ ઉત્તમ યજ્ઞાન્નનો રસાઈ દાનાદિ કર્મો માટે કરીએ છીએ. પૂર્ણપાત્રમાં રાખ્યું છે તે જ રાંધનારને પુનઃ મળી જશે. હે યજમાન ! માટે પ્રિયથી પ્રિય કર્મ તમારા માટે કરીએ છીએ.

તમારો દ્વેષ કરનાર નર્ક ગવાદિ ધન, આયુ, પુરુષાર્થ અમારી પાસે આવો, મૃત્યુ દૂર થાવ. ઔષક અગ્નિ અને જળ સેવન કરનાર અગ્નિ બન્નેને એકબીજા બના તાઓનો તાપ, સુવર્ણ અને અન્ય પદાર્થ રસોઈ કરનારને મળે છે. ! તમે તમારામાં ક્ષમાશક્તિ ધારણ કરો. આ ઓદનની ઉપર વસ્ત્ર તમે જુગારમાં, યુદ્ધમાં, ધનકામનાથી જે ખોટું બોલવું પડ્યું હોય તે માન તંતુઓવાળા વસ્ત્રથી ઢાંકેલા પાત્રમાં નાખી દો. હે ઓદન ! વડે પુષ્ટ થાવ છો, આ યજમાનને સ્વર્ગમાં પ્રાપ્ત થજો. અમે તમને , અગ્નિ, અસ્તિ સર્પ, તિરશ્ચી સર્પ અને યજમાનને આપીએ છીએ. મારે ત્યાંથી જાવ ત્યાં સુધી આની રક્ષા કરો અને વૃદ્ધાવસ્થા સુધી પ્રાપ્ત કરાવો. મૃત્યુ પછી તે અમને સ્વર્ગમાં પ્રાપ્ત થાય. અમે તેને , સોમ, સ્વજનામક સર્પ, અશનિ, ધ્રુવ, વિષ્ણુ, કલ્યાણી સર્પ, ઔષધિઓ, ઊર્ધ્વ દિશા, બૃહસ્પતિ, શિબિર સર્પને આપીએ છીએ. સ્થા સુધી સૌભાગ્યરૂપે અમને પ્રાપ્ત કરાવો. મૃત્યુ પછી તે અમને પ્રાપ્ત થાવ અને ત્યાં અમે આનંદ ભોગવીએ.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૪ દેવતા : વશા**

જે પુરુષ ઋષિ કે બ્રાહ્મણો માંગવા છતાં દેવતાઓ નિમિત્તે ગોદાન આપતો નથી તે પોતાના સંતાનો કરે છે અને પશુ-રહિત બની જાય છે. જે બ્રાહ્મણના માંગવાથી દાન દે છે તે સંતાનાદિથી સંપન્ન થાય છે. વશા દેવતાઓ બ્રાહ્મણો માટે જ છે. આપણા રક્ષણ માટે બ્રાહ્મણોને

દાન આપવું જોઈએ. જે દાન નથી આપતા તે અદાનીના અંગ-પ્રત્યંગના પદાર્થો અને સંતાનોનો વિનાશ થાય છે, અને તેની ઉપર આપત્તિ આવે છે. તે કુરૂપ અને રોગી બને છે તેમજ તેનો અનર્થ થાય છે. જે વશાને પરમપ્રિય સમજે છે, તેમના માટે આ દેવતાઓની ગાય વશા, બ્રહ્મજય્ય બને છે. જે તેનું દાન બ્રાહ્મણોને નથી કરતા, તેમનો દેવતાઓ દ્વારા નાશ થાય છે. હે શરદ! ત્રણ વર્ષ સુધી વશાને ધરોહર રૂપે રાખીને તેનું દાન કરવા બ્રાહ્મણની શોધ કરવી જોઈએ. જે માંગવા છતાં વશાનું દાન નથી કરતો તેને દુર્દમન દશા જકડી લે છે. વશાનું દાન કરનારને અઢળક ફળ મળે છે. જે દેવ ધરોહર સમાન વશાને પોતાના ભાગ્યથી ઉત્પન્ન માની લઈ દાન કરતો નથી તે પશુઓના ક્રોધનો ભોગ બને છે. વશા વિદ્વાન બ્રાહ્મણો માટે જ છે જે વિદ્વાન સિવાયના અન્યને આપી દે છે તેના માટે પૃથ્વી દુર્ગમ બની જાય છે. જે દાન નથી કરતો તેને વશા સંતાનહિત અને અલ્પાયુ બનાવી દે છે. પિતૃઓ માટે સ્વધા, દેવો માટે યજ્ઞ અને વશાનું દાન કરનાર ક્ષત્રિય વશાના ક્રોધને પાત્ર બનતો નથી.

રાજન્યની માતા વશા છે. વશા યજમાન પાસે રહીને દાતાને ભીષ્ટ આપે છે. યાચના કરવા છતાં વશા ન આપનાર નર્કમાં જાય છે. ક્રુદ્ધ વશા વ્યક્તિને ખાઈ જાય છે. વશાને જે પોતાની માની લે છે તેના પુત્ર-પૌત્રાદિને લઈ લેવાની બૃહસ્પતિ ઈચ્છા કરે છે. વશા તેના માટે વિષનું દોહન કરે છે. દેવતાઓને હવિ રૂપે વશા આપવામાં આવે છે. દેવતાઓએ યજ્ઞથી વશાને બનાવી. દેવોએ નારદને કહ્યું કે – આ વશા, અવશા છે, પરંતુ નારદે તેને પરમવશા ગણવી. હે બૃહસ્પતિ ! જે અબ્રાહ્મણ ઐશ્વર્ય ઈચ્છે તેણે વશાનું પ્રાશન કરવું જોઈએ નહિ. વશાઓના ત્રણ પ્રકાર છે – વિલીપ્પી, સૂત વશા અને વશા. તેને બ્રાહ્મણને આપવામાં ન આવે તો પ્રજાપતિ ક્ષુબ્ધ થાય છે. ઈન્દ્ર માંગે તોપણ જે વશાનું દાન નથી કરતો તેને દેવતા અહંકારમાં લપેટી મિટાવી દે છે. જેઓ ગોસ્વામીને આપવાની ના પાડે છે તેઓ રુદ્રાયુધના લક્ષ્ય બને છે. હુત કે આહુત વશાનું ભક્ષણ કરનાર આ લોકમાં દુર્ગતિ પામે છે.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૫ દેવતા : બ્રહ્મ ગવી**

તપ રચિત ગૌને બ્રાહ્મણ શ્રમપૂર્વક પ્રાપ્ત કરે છે. તે સત્યાશ્રય અને યશ-સંપત્તિથી પૂર્ણ કરે છે. તે શ્રદ્ધા-દિક્ષા-રક્ષિત અને યજ્ઞ-પ્રતિષ્ઠિત છે.

ક્ષત્રિયે તેની તરફ દૃષ્ટિ નાખવી મૃત્યુસમાન ગણાય છે. તેના દ્વારા બ્રહ્મપ મળે છે. આવા બ્રહ્મગવી સાથે અપહાર કરનાર ક્ષત્રિયના વીર્ય, લક્ષ્મી અ ઐશ્વર્ય ભાગી જાય છે.

(૨) બ્રહ્મગવીના અપહારક ક્ષત્રિયના ઓજ, તેજ, બળ, વાણી ઇન્દ્રિયો, ધર્મ, લક્ષ્મી, આયુ, રૂપ, યશ, જ્ઞાન, શક્તિ, દીપ્તિ, વીર્ય, દૂધ, રસ અન્ન, અગ્નિ ઋત-સત્ય અને પ્રજા બધું જ છીનવાઈ જાય છે.

(૩) આ બ્રહ્મગવી વિકરાળ હોય છે અને હિંસાત્મક પાપના વિષથ તે કૃત્યારૂપ બની જાય છે. તેના બધા મૃત્યુદાયક કારણ અને વિકરાળ કમ વ્યાપક બને છે. બ્રાહ્મણ પાસેથી ગાય છીનવી લેવાથી મૃત્યુ-બંધનમાં બાંધ લે છે. સેંકડો પ્રકારના સંહારક શસ્ત્રો હોય છે. તે અગ્નિની ઉપર ઊઠે છે અને વજ્રની જેમ દોટ મૂકે છે. મહાદેવનું આયુધ બની જાય છે. તે 'હિં' શબ્દ કરે છે, પૂંછડું ઘુમાવે છે, કાન હલાવે છે અને મૃત્યુ-સદૃશ્ય ઉગ્ર રૂપ અને ક્ષયોત્પાદિકા બની જાય છે. તેને મારવાથી દુર્ગતિપ્રદ અને મૃત્યુદાયક વ્યાધિકારક બને છે. અનુપકારક બનીને તે પ્રાણનો નાશ કરી દે છે.

(૪) બ્રાહ્મણની અપહૃત ગાય પુત્ર-પૌત્રાદિનું વિભાજન અને છેદન કરે છે. હરણ કરતી વખતે અસ્ત્રરૂપ અને હરણ કર્યા પછી ક્ષીણ કરનારી હોય છે. પાપરૂપ બનનારી ગાય કઠોરતા ઉત્પન્ન કરનાર બની જાય છે. ઝેરની જેમ જીવનમાં સંકટ ઊભું કરી દે છે. પ્રાશન કરવાથી તે દરિદ્રતા ઉત્પન્ન કરે છે. પ્રાશન કરી લીધા પછી દુર્ગતિ આપનારી અને પાપદેવી નિૠતિ બની જાય છે. બ્રાહ્મણને નુકસાન કરવાથી બ્રાહ્મણની ગાય ઈહલોક અને પરલોક બન્નેમાં હાનિકારક બને છે.

(૫) ગાયને પીડિત કરવી તે કૃત્યારૂપ છે. તેને છાણ મિશ્રિત, અર્ધ કાચું ખાવાનું આવવું તે પ્રતિજ્ઞા અધૂરી રાખવા સમાન ઘાતક બને છે. અપહરણ કરાયા પછી તે વશા નથી રહેતી, પરંતુ ક્રવ્યાદ અગ્નિ બનીને અપહરકર્તાને ખાઈ જાય છે. તેના બધા જોડકાઓને છિન્નભિન્ન કરી નાખે છે. તેના પિતા-બાંધવોનું છેદન અને માતા-બાંધવોને અપમાનિત કરે છે. અપહૃત વશાને જો પાછી આપવામાં ન આવે તો તેવા ક્ષત્રિયના ઘરમાં બધા વિવાહિત ભાઈઓનો નાશ કરે છે અને સંતાનહિન બનાવે છે.

(૬) અપહરણ કરનાર ક્ષત્રિયને ગાય ભસ્મ કરી દે છે. તેની ચિતા પાસે તેની સ્ત્રી છાતી કૂટે છે અને રુદન કરે છે. તેના ઘરમાં શિયાળ ઘૂમે

છે. હે આંગિરસ ! તમે અપહરણકર્તાનો નાશ કરો. હે ગૌ ! તું કૃત્યારૂપ, મૃત્યુરૂપ બનીને દોડ અને અપહરણકર્તાના તેજ, કામાદિનું હરણ કર.

બ્રાહ્મણને નુકસાન કરનારના આયુષ્યને છીનવી લો અને તેને પરલોકમાં મોકલી દો. બ્રાહ્મણના શાપથી તું અપહર્તાના પગની બેડી બની જાય છે. તેનું શિર કાપી નાખો. અગ્નિ તેને ભસ્મ કરી દે.

(૭) હે અઘ્ન્યે ! તું અપહરણકર્તાને કરડ, ભસ્મ કર, સમૂળ નાશ કર. તેના મસ્તક-ખભાને વજ્રથી કાપો, તેને પાપલોકમાં મોકલી દો. તેના સોમને કાપો, ચામડી ઉછેડી નાખો, માંસ કાપો, નખ ઉખાડી દો, હાડકાને સળગાવી દો, મજ્જાને ક્ષય થાવ, સાંધાઓને ઢીલા કરો, વાયુ તેને દ્યાવાપૃથ્વીમાં ફંગોળે, ક્રવ્યાદ અગ્નિ તેને ભસ્મ કરે. સૂર્ય તેને સ્વર્ગમાંથી કાઢી મૂકે અને ભસ્મ કરી દે.

*

# તેરમો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : અધ્યાત્મ, આદિત્ય, મરુત, અગ્નિ આદિ**

અંતરિક્ષમાં છુપાયેલ હે સૂર્ય ! તમે ઉદિત થાવ, પ્રિય-સત્યવાણી યુક્ત બનો, આ રાષ્ટ્રમાં આવો. સંસાર પ્રકાશક-ભરણકર્તા સૂર્ય રાષ્ટ્રને પુષ્ટ કરે છે. જળમાં રહેનાર બળપ્રદ અન્ન પાસે તમે જાવ અને એને તથા રાષ્ટ્રના બેપગા-ચોપગા જીવો, જળ-ઔષધિને પુષ્ટ કરો. મરુદ્‌ગણો ! સુસ્વાદુ પદાર્થોથી તુષ્ટ થનારા તમે વર્ષક છો, શત્રુ-નાશકર્તા છો. સૂર્ય ઉદય થવા પછી ઊંચે જઈ રહ્યો છે, તે છ ઉર્વિઓને રશ્મિથી સ્પર્શ કરે છે. રાષ્ટ્ર પર સૂર્ય ઊગ્યો છે, યુદ્ધનો ભય કરીશ નહિ. દ્યાવાપૃથ્વીને સૂર્યે પ્રગટ કર્યા છે અને દૃઢ કર્યા છે. પ્રજાપતિએ તેમાં તંતુઓને નાંખી બળયુક્ત બનાવ્યા. અંતરિક્ષાદિ લોકને સૂર્યે જ બનાવ્યા છે. દેવોએ તેમને પુષ્ટ કર્યા. આરોહી અને પ્રરોહી, લતાઓ વગેરેને ઉત્પન્ન કર્યા, બધા શરીરોને પુષ્ટ કર્યા, સૂર્ય દ્વારા તમે પ્રાણીઓનું ભરણપોષણ કરો છો, કર્મો દ્વારા સંવૃદ્ધ થાવ છો, આથી સૂર્યના રાજ્યમાં સચેત રહો. સૂર્ય તમારી પાસે આવે છે. ઊંચે જઈ બધા રૂપોને પ્રગટ કરે છે. તેના તેજથી અગ્નિ જ્યોતિર્માન બને છે. તે ફળોને પ્રગટ કરે છે. ઘૃતથી

આહુત, ઈષ્ટાપૂરક, સોમ પુષ્ટા જાતવેદા અગ્નિ અમારો ત્યાગ કરશો નહિ. અમને સંતાન-ગવાદિ ધનથી પુષ્ટ કરો. યજ્ઞ પ્રગટ કર્તા, યજ્ઞ મુખ સૂર્ય નિમિત્તે આહુતિ આપું છું. પ્રસન્ન દેવતા સૂર્યની સમીપ જાય છે. અમને સંગ્રામ-નિમિત્તે ઊંચે લઈ જાવ. યજ્ઞપોષક સૂર્યનું તેજ યજ્ઞ દ્વારા અમે પ્રાપ્ત કરીએ છીએ. હે અગ્નિ ! બૃહતી-પંક્તિ આદિ છંદ અને વષટકાર તથા સૂર્ય સમાન તેજ તમારામાં પ્રવિષ્ટ થઈ ગયું. સૂર્યતેજ દ્યાવાપૃથ્વી અને સ્વર્ગને સ્પર્શ કરે છે. હે વાચસ્પતિ ! હે પ્રજાપતિ અગ્નિ ! પૃથ્વી અમારા માટે સુખદાયિની બનો. પ્રાણ અમારી સાથે મિત્રતા કરે, ઋતુઓમાં મિત્રભાવથી સ્થિર રહે.

સૂર્ય સ્વતેજથી આયુષ્ય ધારણ કરાવે. અમારું મન પ્રસન્નતામય રહે. અમારી ગૌશાળામાં ગાયો અને ગૃહમાં સંતાન ઉત્પન્ન થાઓ. હે રાજા ! અગ્નિ, મિત્રાવરુણ તમને પુષ્ટ કરે, શત્રુઓ તમારા વશમાં થાઓ. હે સૂર્ય ! પૃષતી તમને ધારણ કરે છે. તમે જળમાં કલ્યાણ માટે ગમન કરો છો. સૂર્યના રથના અશ્વ વેગવાન અને જ્ઞાનવાન છે. તેઓ સૂર્યરથને સરળતાથી ખેંચીને પૃષતીને સ્વર્ગમાં લાવે છે. અગ્નિદેવ દ્યાવાપૃથ્વીને સ્થિર રાખે છે, તમારા બળથી જ દેવતા સૃષ્ટિ રચે છે, સૂર્ય સમૂહમાંથી ઉદય પામી આકાશમાં ઉપર જાય છે. અગ્નિ પ્રદિપ્ત થાઓ, ઘી વડે વૃદ્ધિ પામે છે, તે શત્રુઓના સંહારક છે. અમે ક્રવ્યાદ અગ્નિથી શત્રુઓને બાળીએ છીએ. હે ઈન્દ્ર ! હે અગ્નિ ! અમારા શત્રુઓને મારો, ભસ્મ કરો. અગ્નિ, બૃહસ્પતિ, સૂર્ય, મિત્રા, વરુણ તમે અમારા શત્રુઓને નષ્ટ કરો, તે ઘોર અંધકારને પ્રાપ્ત થાઓ. વિરાટના વત્સ સૂર્ય અંતરિક્ષમાં ઉપર જાય છે. હે રાજા ! તમે પૃથ્વી ઉપર અધિષ્ઠિત છો, અમૃત ઉપર અધિષ્ઠિત રહીને પ્રજાનું પાલન કરો. સૂર્ય અને રોહિતદેવ તમારા રાષ્ટ્રને સમૃદ્ધ કરે. હે સૂર્ય ! તમે દિશા, પ્રદિશાઓમાં ગમન કરો છો, મનુષ્યો અને પશુઓમાં ઘૂમતા રહો છો. અમે પણ તમારા જેવા યશથી સમૃદ્ધ બનીએ. તમે લોકપરલોકમાં ઘૂમો છો, સર્વજ્ઞ છો. બધા પ્રાણીઓ તમને અને તમે બધાને જુઓ છો. અગ્નિને પ્રજ્વલિત કરો છો. ગૌ (ઉષા) શુભ્રવર્ણા છે; તે અંતરિક્ષમાં એકપદી છે, આદિત્યને મળી દ્વિપદી દિશાઓને મળી ચતુષ્પદી અને દિશા-વિદિશા-સૂર્યને મળી નવપદી બનો છો. સૂર્ય દ્યાવાપૃથ્વી અને જળના સાક્ષી છે. પ્રાણીઓના સૃષ્ટિ યજ્ઞનો પ્રારંભ થયો, પૃથ્વી વેદી બની, સૂર્ય અગ્નિ બન્યો, પુરુષે પ્રકાશનું આધાન કર્યું, પર્વતને યૂપ બનાવ્યા,

રોહિતના મંત્રથી અગ્નિ પ્રદિપ્ત કર્યો અને યજ્ઞનો આરંભ થયો. સૂર્યાત્મક સ્વર્ગની કામનાવાળા મંત્રો વડે આહુતિ આપી, અગ્નિને પ્રજ્વલિત કરે છે અને અગ્નિનું પૂજન કરે છે. અન્ન, જળ અને સૂર્યમાં ભિન્ન-ભિન્ન અગ્નિ રહેલા છે. પુરુષે મંત્રોથી બધાનું પૂજન કર્યું. ઈન્દ્ર અને બ્રહ્મણસ્પતિના કૃપાપાત્ર પુરુષ જ મંત્રથી પ્રગટ થયેલા અગ્નિનું પૂજન કરે છે. પૃથ્વીની વેદી, આકાશની દક્ષિણા, દિવસમાંથી અગ્નિ અને વર્ષા જળમાંથી ઘી બનાવી રોહિતદેવ દ્વારા સૃષ્ટિયજ્ઞ કર્યો. સ્તુતિઓથી સમા બનેલા અગ્નિએ પર્વતોને ઉન્નત કર્યા. રોહિતે પૃથ્વીને કહ્યું – ભવિષ્યમાં જે કાંઈ ઉત્પન્ન થશે તે તમારામાં જ પ્રાદુર્ભૂત થશે.

જે સૂર્યની તરફ મોં રાખીને મૂત્ર-ત્યાગ કરે છે, ગાયને પગ વડે સ્પર્શ કરે છે, અગ્નિની વચમાંથી નીકળે છે તેના મૂળને હું કાપું છું. તેના ઉપર છાયા કરતો નથી. હે સૂર્ય ! જે આપણી વચ્ચે બાધક છે તે પાપ, દુઃસ્વપ્ન ! અને દુષ્કર્મમાં સ્થાપિત થાવ. હે ઈન્દ્ર ! જે યજ્ઞમાં સોમ પ્રયુક્ત થાય છે તેનાથી અમે દૂર ન જઈએ. અમે યજ્ઞની વૃદ્ધિ કરનારા બનીએ, અમારા દેશમાં કોઈ શત્રુ ન રહે.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૨ દેવતા : અધ્યાત્મ, રોહિત આદિ**

મહત્કર્મા, સેચન સમર્થ, સાક્ષીરૂપ સૂર્યની રશ્મિઓ ઉન્નત હોય છે. અમે રશ્મિઓ દ્વારા દિશાઓને પ્રકાશ આપનાર લોકરક્ષક સૂર્યની સ્તુતિ કરીએ છીએ. હે સૂર્ય ! હવિ અપાયેલા તમે પૂર્વથી પશ્ચિમ દિશામાં ગમન કરો છો, દિવસ-રાત્રીને અલગ રૂપ આપો છો. તમારો યશ બધે ફેલાયો છે. તેજસ્વી સૂર્યનાં કિરણો વહન કરે છે, કિરણો તેને બ્રહ્મ સમુદ્રથી ઉપર લાવે છે, દિવસ-રાત્રીનું માપ નક્કી કરી સૂર્ય વિચરણ કરે છે. સૂર્ય તમે ઝડપથી દુર્ગમ સ્થાનમાં પણ પહોંચી જાવ છો. 'આજિ'માં પ્રવેશ કરતા પણ કોઈ તમને રોકી શકતું નથી. પૂર્વથી પશ્ચિમ સુધી પહોંચવામાં તમારો રથ અને તેને વહન કરતા સાતસો અથવા અનેક રશ્મિરૂપ અશ્વોનું મંગળ થાવ. અગ્નિસમાન તેજસ્વી તમારા સુંદર સાત ઘોડાને વિચરણ કર્યા પછી, છોડી નાંખીને તમે સૂર્યલોકમાં ચાલ્યા જાવ છો. અદિતિપુત્ર સૂર્ય બધા લોકમાં વિખ્યાત છે. તે

ઉદય થતા જ રૂપવાન બધા પદાર્થો કે પ્રકાશિત કરે છે. હે સૂર્ય ! ત્રિ-તાપથી મુક્ત અત્રિએ તમને માસ-સમૂહ માટે લોકમાં પ્રતિષ્ઠિત કર્યા. તમે જાતે તપ્ત બનીને બધાને પ્રકાશ આપો છો. જેવી રીતે બાળક માતા-પિતા પાસે પહોંચે છે તેવી રીતે તમે પણ પૂર્વ અને પશ્ચિમ સમુદ્ર પાસે પહોંચી જાવ છો. તમે તમારો રસ્તો દ્રુતવેગી અશ્વોથી કાપો છો અને દેવતાઓના અમૃત સેવનને રોકતા નથી. બધાં દર્શન કરી શકે તે માટે કિરણો તમને ઉપર લઈ જાય છે અને રાત્રી પૂરી થતાં નક્ષત્રો પણ ચોરની જેમ ભાગી જાય છે. હે સૂર્ય ! તમે અંધકારમાંથી પાર કરાવનાર નૌકા જેવા છો. બધાને અંધકારમાંથી પ્રકાશમાં લાળ, પ્રકાશિત કરો છો. સર્વદ્દષ્ટા તમે બધાને જોવા માટે પ્રગટ થાવ છો. હે પાપનાશક સૂર્ય ! તમે પુણ્યકર્મીઓને કૃપાપૂર્ણ દૃષ્ટિથી જુઓ છો અને જીવો ઉપર કૃપા કરો છો તથા દિવસ-રાત્રીનું નિર્માણ કરી ભ્રમણ કરો છો. હે સૂર્ય ! તમે તેજસ્વી રશ્મિઓવાળા રથમાં સાત હર્મશ્વોને રથમાં જોડી યુક્તિથી બધે જ ગમન કરો છો. સૂર્યદેવ બધાના સ્વામી છે. તેઓ પોતાના તેજથી પ્રગટ થાય છે અને ઉપર જાય છે.

અનેક મુખવાળા, સર્વદ્દષ્ટા, અનેક ભુજાઓવાળા, અસાધારણ દેવતા પોતાનાં કિરણોથી દ્યાવાપૃથ્વીને પ્રકાશિત કરી તેમનું ભરણ-પોષણ કરે છે. તંદ્રારહિત ગમન કરતાં સૂર્ય જ્યારે વિશ્રામ લે છે ત્યારે તેમના બે રૂપ થાય છે. એક રૂપથી તેઓ સંસારથી ઓઝલ થઈ જાય છે જ્યારે બીજા રૂપથી પ્રગટ થઈ બધા લોકને પ્રકાશિત કરે છે. તમે મહાનથી પણ મહાન છો. દ્યાવાપૃથ્વી, અંતરિક્ષ, જળ બધામાં ચમકો છો. દક્ષિણાવર્ત બનતા સૂર્ય ઝડપથી પોતાનો માર્ગ કાપે છે. તમે શક્તિ અને જ્ઞાનબળથી બધાને વશમાં કરી લો છો. મહિમામય, જ્ઞાનવાન, પૂજ્ય સૂર્ય શોભનમાર્ગથી ગમન કરી દ્યાવાપૃથ્વી, અંતરિક્ષને પ્રકાશિત કરી દિવસ-રાત ભ્રમણ કરે છે અને બધાને પાર કરે છે, તેઓ ચમકે છે, તપાવે છે, સુંદર ગમન કરનાર, જ્યોર્તિમાન, અન્નપોષક અને દિશા પ્રકાશક છે. દેવતાઓના ધ્વજારૂપ, દર્શનીય, અંધકાર-પાપનાશક, દિનકર, સર્વપ્રાણી-આત્મારૂપ, દ્યાવાપૃથ્વી, અંતરિક્ષ અને બધા પ્રાણીઓમાં વ્યાપ્ત છે. અમે ઊર્ધ્વગામી, અરુણ, શોભિત સૂર્યના સદૈવ દર્શન કરીએ. સૂર્યને અત્રિએ મેળવ્યા હતા. હે સૂર્ય ! કૃપા કરો, અમારો વધ કરશો નહિ, અમે દીર્ઘજીવી બનીએ. સૂર્યના બન્ને અયન નિયમપૂર્વક વર્તે છે અને દેવતાઓને પોતાનામાં લીન કરે છે. તેઓ પ્રજાપતિ, યજ્ઞોનું મુખ, રોહિત અને

સ્વર્ગ પોષક છે, સ્વર્ગાધિપતિ છે, દિશાઓમાં ઘૂમે છે, બધા જીવો અને પૃથ્વીના રક્ષક છે. તેઓ પોતાના બે રૂપ ધરાવે છે. અમે સૂર્યનું આહ્વાન કરીએ છીએ. જેમની દૃષ્ટિ ક્યારેય ક્ષીણ થતી નથી તે મહિમાવાન, પાલનકર્તા સૂર્ય બધી બાજુએ વ્યાપ્ત છે. તેઓ જ્ઞાની, પૂજ્ય, સર્વદ્રષ્ટા છે, અમારા વચનો સાંભળો. સૂર્ય તમે ત્રિલોકના બધાં કર્મોના દૃષ્ટા છો. અમે આ સૂર્યનો આશ્રય ગ્રહણ કરીએ છીએ.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૩ દેવતા : અધ્યાત્મ, રોહિત, આદિત્ય**

ઘાવા પૃથ્વીના પ્રગટકર્તા, સર્વલોકના આચ્છાદક, સર્વદિશા પ્રકાશક, ઋતુ અનુસાર વાયુ ચલાવનાર, સમુદ્રોને પ્રભાવિત કરનાર સૂર્યનું જે અપમાન કરે છે અથવા બ્રાહ્મણનું જે અપમાન કરે છે તેને હે રોહિત દેવ ! તમે ધ્રુજાવી દો, તેને ક્ષીણ કરી બંધનમાં નાંખો. જીવોમાં જે પ્રાણ ભરે છે અથવા તેમના પ્રાણ હરી લે છે, જેમના કારણે શ્વાસ-પ્રશ્વાસ ચાલે છે, જે પ્રાણને ઘાવાપૃથ્વીને તૃપ્ત કરે છે, સમુદ્રનું પોષણ કરે છે, જેની અંદર વિરાટ, પરમેષ્ઠી, વૈશ્વાનર, પ્રજા-અગ્નિ નિવાસ કરે છે અને જે પ્રાણના તેજ ધારક છે, દિશાઓ, રશ્મિઓ, જળ અને અગ્નિ જેના આશ્રિત છે, જે ઘાવાપૃથ્વીના દૃષ્ટા છે, એ બ્રહ્મણષ્પતિ છે, જે ભૂત-ભવિષ્ય-વર્તમાનના સ્વામી અને ત્રિલોકના સ્વામી છે. જેમણે ત્રીસ દિવસના રશ્મિઓનો સમૂહ અને અધિક માસ બનાવ્યો છે, જેમની રશ્મિઓ જળને સૂકવે છે અને જળને પાછું આપે છે, એવા ક્રોધવંત સૂર્યનું જે અપમાન કરે છે અથવા જે વિદ્વાન બ્રાહ્મણનો અપરાધ કરે છે તેમને હે રોહિતદેવ ! તમે કંપિત કરો, ક્ષીણ કરો અને બંધનમાં નાંખો. જેમના અનુકૂળ રહીને બૃહત તેમજ રથંતર સામ આચ્છાદન અને ધારણ કરે છે, જે સૂર્ય, વરુણ, અગ્નિ, મિત્ર તથા સવિતારૂપે અંતરિક્ષમાં રહે છે અને ઈન્દ્રરૂપે સ્વર્ગમાં રહે છે, જે પાપનાશક છે, જેમનું અયન સર્વદા નિયમબદ્ધ છે, જેમાં દેવતા લીન છે, જે સર્વ લોકના પ્રકાશક છે, જળમાં વાસ કરે છે, બધાના મૂળ અને ત્રિતાપ રહિત છે, જેમના દ્રુતગામી રશ્મિઓ સ્વર્ગમાં પ્રકાશિત છે, જેના પ્રભાવથી રશ્મિ – અશ્વરથનું વહન કરે છે, પુરુષ યજ્ઞાદિ કર્મોને પ્રાપ્ત કરે છે, જે એક જ્યોતિરૂપ છતાં અનેકનો પ્રકાશક છે, જે સપ્તર્ષિઓ દ્વારા નમસ્કાર્ય છે, જેના દ્વારા ઋતુ, કાલચક્ર, પ્રવર્તિત છે, જે અષ્ટ વહિનરૂપ છે,

દેવપાલક, બુદ્ધિદાતા છે, જળવાયુ શુદ્ધિકર્તા છે, તે ક્રોધવંત સૂર્યદેવના અપરાધી અથવા બ્રાહ્મણના અપરાધી 'બ્રહ્મજ્ય'ને હે રોહિતદેવ ! તમે વ્યથિ કરો અને ક્ષીણ કરી બંધનમાં બાંધો.

હે અગ્નિ ! તમારી ત્રણ ઉત્પત્તિઓ-ગતિઓ, ત્રણે લોકો તથા સ્વર્ગના ત્રણ ભેદોને અમે જાણીએ છીએ. આવા આ ક્રોધવંત દેવતાના અપરાધી અને બ્રાહ્મણના અપરાધીને હે રોહિત દેવ ! ક્ષીણ-કંપિત કરી પાશબદ્ધ કરો. જે ઉત્પન્ન થઈને ભૂમિને આચ્છાદિત કરે છે, જળને અંતરિક્ષસ્થ કરે છે, બળપ્રદાતા, આત્મબળ પ્રેરક, દેવતાઓના આરાધ્ય, સર્વેશ્વર, એકપાદ બ્રહ્મ જે દ્વિપાદ, ષટપાદોમાં વિક્રમણ કરે છે, તે બ્રહ્મને અમે પૂજીએ છીએ, એવા ક્રોધવંત દેવના અપરાધી અને વિદ્વાન બ્રાહ્મણની વધ કરનારને હે રોહિત ! તમે કંપિત કરો – ક્ષીણ કરો અને પાશ વડે બાંધી દો.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૪ દેવતા : અધ્યાત્મ**

(૧) આ સૂર્યદેવ આકાશપૃષ્ઠ ઉપર ચમકતા આવે છે, આકાશને ઢાંકી દે છે. તે ધાતા-વિધાતા, વાયુ, આકાશ, અર્યમા, વરુણ, રુદ્ર, મહાદેવ, અગ્નિ અને યમ છે. તે ઉદિત થતાં જ ચમકવા લાગે છે. કિરણો ચારે તરફ ફેલાઈ જાય છે, તેમના ગણ મરુત છે. ઈન્દ્ર જેમનાં કિરણોથી આવૃત છે, જેમના વિષ્ટભ ૯ ગણ છે, તે સર્વદષ્ટા-સર્વસાક્ષી છે અને એકને બધા વરણ કરે છે.

(૨) જે આ એક વૃત્ત સૂર્યના જ્ઞાતા છે, તેમને કીર્તિ, જળ, આકાશ, યશ, બ્રહ્મચર્ય, અન્ન અને અન્નપાચનક્રિયા પ્રાપ્ત થાય છે. તેમને દ્વિતીય, તૃતીય, ચતુર્થ, પંચમ, ષષ્ઠ, સપ્તમ, અષ્ટમ કે નવમ નથી કહેવાતા, તેઓ સર્વદ્રષ્ટા હોય છે. આ એક વૃત્ત બધા જ દેવોથી વ્યાપ્ત છે.

(૩) એકવૃત્તના જ્ઞાતાને બ્રહ્મ, તપ, ભૂત, ભવિષ્ય, વર્તમાન, શ્રદ્ધા, રુચિ, સ્વધા, સ્વાહા બધું જ પ્રાપ્ત થાય છે. આ એકવૃત્ત જ મૃત્યુ, અમૃત, રાક્ષસ, રુદ્ર, વસુ, વષટ્કાર છે. ચંદ્ર સહિત બધા નક્ષત્ર તેના જ વશીભૂત હોય છે.

(૪) દિન, રાત્રી, વાયુ, આકાશ, દિશાઓ, પૃથ્વી, અગ્નિ, જળ, ઋચાઓ, યજ્ઞ આ એકવૃત્તમાંથી જ પ્રગટ થયા છે અને પ્રગટ થશે. આ એકવૃત્ત યજ્ઞના શીર્ષરૂપ છે. તે દમકે છે, ગડગડાટ કરે છે, ઉપલ ફેંકે છે, પાપીઓ, કલ્યાણકર્તા, પુરુષ, અસુર, ઔષધિઓ અને વર્ષાને ઉત્પન્ન કરે છે.

(૫) તે ઈન્દ્ર અને મૃત્યુથી પણ શ્રેષ્ઠ છે. દાન-પ્રતિબંધિકા શક્તિથી શ્રેષ્ઠ છે, વૈભવવંત અને આરાધ્ય છે. તેમને નમન, જળ-પૌરુષ-મહત્તા અને સંપન્નતાના રૂપમાં અમે તમારી આરાધના કરીએ છીએ. તમે અન્નવાન અમને જુઓ.

(૬) અરૂ, બૃથુ, સુભૂ, ભવ-પ્રથ, વર, વચ્ય, લોક, ભવદ્-ઈદ્-સંયદ્-આપદ્-વસુના રૂપમાં તમારી આરાધના કરે છે. તમારા માટે નમન. તમે અન્ન-વશ-તેજ-બ્રહ્મવર્ચસ્વાન થઈને અમને જુઓ.

*

# ચૌદમો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : આત્મા, સોમ, વિવાહ આદિ મંત્રોક્ત**

સત્યથી પૃથ્વી-આકાશ, સૂર્ય-ચંદ્રમા સ્થિત છે. સૂર્યથી આકાશ સ્થિત છે. સોમથી પૃથ્વી પૂજીત અને સૂર્ય બલયુક્ત છે. સોમ નક્ષત્રોની પાસે રહે છે. સોમ-ઔષધિને પીસીને પી લેવાથી પોતાને કોઈ ભલે સોમપાયી (સોમપાન કરનાર) સમજી લે પરંતુ આ સોમભાગ જ સોમ નથી. જેને જ્ઞાન સોમ કહે છે, ખરો સોમ તો જુદો જ હોય છે. તેને માત્ર પીસીને પી લેવાનો નથી. હે સોમ ! તમારું પાન કરવાથી તમે બુદ્ધિરૂપે પ્રાપ્ત થાવ છો, વાયુ સોમની સુરક્ષા કરે છે. બૃહતી છંદાત્મક કર્મ તમે સુરક્ષિત છો. પાર્થિવ જીવ તમારી રક્ષા કરી શકતા નથી.

જે વખતે સૂર્યપુત્રીએ પતિગૃહે જવા પ્રસ્થાન કર્યું, તે વખતે જ્ઞાન જ તેનું ઉપબર્હણ (ઓશીકું) હતું, નેત્રો શ્રેષ્ઠ અંજન હતું, દ્યુલોક અને પૃથ્વી જ તેના કોષાગાર હતા. સૂર્યાની વિદાય વખતે નારાશંસી અને રૈભી નામની ઋચાઓ તેમની સખીઓ બની. સૂર્યાનું પરિધાન અતિ શોભાયમાન હતું, જેને લઈને બંને સખીઓ સાથે ગઈ. સ્તવન જ સૂર્યા માટે અન્ન હતું, કુરીર નામનો છંદ મસ્તકનું આભૂષણ હતો. સૂર્યાના વર અશ્વિનીકુમાર હતા તથા અગ્નિ અગ્રગામી દૂત હતા. જે વખતે સૂર્યા તેના પતિગૃહે ગઈ તે વખતે મન જ તેમનો રથ (હવાન) હતો અને આકાશ રથ ઉપરની છત્રી, બે શુક્ર (સૂર્ય-ચંદ્ર)

તેના રથ વાહક હતા. સવિતાએ સૂર્યાને દહેજ આપ્યું. બન્ને અશ્વિનીકુમારો તે સમયે ત્રણ ચક્રોથી યુક્ત રથમાં ત્યાં આવ્યા. તમારા ત્રણ ચક્રોને બ્રહ્મનિષ્ઠ વ્યક્તિ જ જાણે છે. પતિની પ્રાપ્તિ કરાવનાર અર્યમાદેવનું અમે યજન કરીએ છીએ. જેવી રીતે કાકડી પાકી જતાં આપોઆપ વેલા પરથી છૂટી પડે છે તેવી રીતે પિતૃકુળથી કન્યાને અલગ કરીએ છીએ, પરંતુ પતિકુળથી અલગ કરતા નથી. હે કામનાઓની વર્ષા કરનાર ઈન્દ્રદેવ ! આ કન્યા સૌભાગ્યવતી અને સુસંજ્ઞતિવાળી થાવ. હે કન્યા ! તું મધુરભાષિણી અને શ્રેષ્ઠ કર્મોવાળી થઈને આ લોકમાં સુખી થા. સૌભાગ્યના દેવતા ભગ તને સૌભાગ્ય આપે. અશ્વિનીકુમાર તારું વરણ કરે. ત્યાં તું ગૃહ સ્વામિની બન અને બધાને પોતાના અનુશાસનમાં રાખનારી થા. ત્યાં વિવેકપૂર્ણ વાણીનો ઉપયોગ કર. સુસંતતિવાળી થઈને તારા સ્નેહમાં વૃદ્ધિ થાઓ. તમે બન્ને સાથે જ રહો. અને પૂર્ણાયુ સુધી પુત્ર-પૌત્રાદિની સાથે આનંદપૂર્વક જીવન વ્યતીત કરો.

સૂર્ય અને ચંદ્ર બન્ને શિશુ સમાન છે. જે પૂર્વ-પશ્ચિમમાં વિચરે છે. તેમના દ્વારા જ ઋતુઓ બને છે. ચંદ્રમાંનું રૂપ રોજ વધઘટ થયા કરે છે. ઉષાકાળમાં બધા સૂર્યની સામે આવી દેવતાઓને હવિ આપે છે. હે વર ! બ્રાહ્મણોને તમે ધન આપો. નીલલોહિત આ કૃત્યા છે તે શાંત થાવ. એનું વસ્ત્ર ક્યાંક ફાટેલું છે. બ્રહ્મ મંગળકારી અને સુકારી વસ્ત્ર ધારણ કરે છે તેથી પ્રાયશ્ચિત્ત વિધાન થાય છે. સ્ત્રી-પુરુષ બન્ને સદ્વ્યવહારમાં સ્થિર રહીને સમૃદ્ધિ અને સૌભાગ્ય પ્રાપ્ત કરો. હે બ્રહ્મણસ્પતે ! આ બન્નેને પતિ-પત્ની તરીકે સ્વીકારો. તેમના મનને ઉજ્જ્વળ બનાવો. આ ગાયો તેમને પ્રાપ્ત થાવ. પૃષા, મરુદ્‌ગણ, ધાતા, સવિતા તેમનો માર્ગ સુગમ બનાવે. ધાતા તેજસ્વી-સૌભાગ્યવાન બનાવે. ગાયો, પાશ અને સૂરામાં જે તેજ છે તેના વડે અશ્વિદ્વય તમે વધૂની રક્ષા કરો છો. હે અશ્વિદ્વય ! તમે એ તેજ વડે અમારી પણ રક્ષા કરો. તમે પ્રજ્વલિત થયા વગર પણ જળમાં હિંસક કર્મ સંપન્ન કરો છો. યજ્ઞમાં બ્રાહ્મણ તમારી સ્તુતિ કરે છે. તમે જળના પોષક છો. તમે મધુર જળ પ્રદાન કરો. તેના દ્વારા જ ઈન્દ્ર પ્રવૃદ્ધ થાય છે. શરીરને દુષિત કરનાર મળને પૃથક કરીએ છીએ. શોભન પદાર્થોને ધારણ કરીએ છીએ. આ વધૂને સ્નાન માટે બ્રાહ્મણ જળ આપે. પૂષા અર્યમાંથી આ અગ્નિ પ્રાપ્ત કરે. શ્વસુર-દેવર તેની પ્રતીક્ષા કરે છે. હે વધૂ ! તમારા માટે જળ કલ્યાણકારી બનો, આકાશ સુખદાયી બનો, સુવર્ણ સુખદ થાવ, તું કલ્યાણને

પ્રાપ્ત કર અને પતિનો સ્પર્શ કર.

હે સતકર્મા ઈન્દ્ર ! અમે આ હવિને પવિત્ર બનાવી સૂર્યની જેમ ચમકતા અગ્નિને અર્પણ કરીએ છીએ. હે વધૂ ! સંતાન, ધન, સૌભાગ્ય, પ્રસન્નતાની ક્ષમતાથી તું પતિને અનુકૂળ બની અમૃતમય સુખ પ્રાપ્ત કર. તું પતિગૃહ પ્રાપ્ત કરીને સામ્રાજ્ઞી બનીને રહે. તું શ્વસુર, દેવર, નણંદ અને સાસુ વચ્ચે સામ્રાજ્ઞી બનીને રહે. જે સ્ત્રીઓએ આ વસ્ત્રોને કાંતી-વણીને તૈયાર કર્યા છે તેઓ આ વસ્ત્રો તને શતાયુ અને તેવા આશીર્વાદ આપે છે આથી તેને ધારણ કર. યજ્ઞરૂપ કન્યાને જ્યારે વર લઈ જાય છે ત્યારે પિતા શોક કરે છે અને કન્યાપક્ષના અન્ય લોકો રુદન કરે છે. આથી માતૃપક્ષવાળા અને વરપક્ષવાળા તેમને આશ્વાસન આપે. આ પાષાણ તારા બેસવા માટે રાખ્યો છે. શોભનરૂપવાળી અને બધાને પ્રસન્નતા આપનારી તું આના ઉપર બેસ. હે વધૂ ! જેવી રીતે અગ્નિએ પૃથ્વીનો જમણો હાથ ગ્રહણ કર્યો તેવી રીતે હું તારું પાણીગ્રહણ કરું છું. તું દુઃખી થઈશ નહિ. ધન-સંતાન સહિત માટે સાથે વાસ કર. સવિતાની તું પ્રિય છે, સોપ તને સંતાનવતી અને વૃદ્ધાવસ્થા સુધી પતિની સાથે રહેનારી બનાવે.

તને ભગ, અર્યમાએ, અને મને સવિતા-લક્ષ્મીએ ગૃહસ્થ-ધર્મ પ્રદાન કર્યો છે. તું વૃદ્ધાવસ્થા સુધી મારી સાથે સૌભાગ્યવતી તરીકે રહે. ભગ અને સૂર્યે તારો હાથ સોંપ્યો છે, તું મારી ધર્મપત્ની અને હું તારો ધર્મ પતિ છું. બૃહસ્પતિએ તને મારા માટે આપી છે. આથી તું મારી સાથે રહીને સંતાનવતી અને શતાયુ થઈને મારી પોષક બન. ત્વષ્ટાએ બૃહસ્પતિની આજ્ઞાથી આ કલ્યાણકારી વસ્ત્ર બનાવ્યું છે. આ વસ્ત્ર દ્વારા સવિતા અને ભગ દેવતા તને સંતાનાદિથી સંપન્ન કરે. અશ્વિદ્વય, ઈન્દ્રાગ્નિ, મિત્રાવરણ, દ્યાવાપૃથ્વી, મરુદ્ગણ, સોમ, બ્રહ્મ તારી સંતાનાદિથી વૃદ્ધિ કરે. હે અશ્વિદ્વય ! જેવી રીતે બૃહસ્પતિએ સૂર્યાના કેશ વિન્યાસ સજાવ્યા હતા તેવી રીતે અમે પણ પતિ નિમિત્તે બાને સજાવીએ છીએ. હું આના મન-હૃદયને જાણું છું. તેના રૂપને જોવું છું અને તેને મારી સાથે આબદ્ધ કરું છું. હું ચોરી કર્મ નથી કરતો પરંતુ સ્વયં તેના કેશ ગૂંથું છું અને સવિતા દ્વારા વરુણપાશમાં બંધાયેલ આને પાશમુક્ત કરું છું. અમે તારા આ લોકના વિસ્તૃત માર્ગને સુગમ બનાવીએ છીએ. આ સ્ત્રીને જળ પ્રદાન કરો અને પુણ્યમાં પ્રતિષ્ઠિત કરો. ધાતાએ તેને પતિ આપ્યા છે, ભગદેવ તેને અનુકૂળ બનો. ભગદેવે તેના પગ બનાવ્યા,

મધ્ય ભાગ ત્વષ્ટાએ બનાવ્યો, આ ગાય કલ્યાણકારિણી બનો. હે વધૂ ! તું વરણીય, દીપ્તિમાન દહેજને વરપક્ષવાળા માટે કલ્યાણકારી બનાવ. હે બૃહસ્પતિ ! હે ઈન્દ્ર ! હે સવિતાદેવ ! આ વધૂના ભ્રાતા, પતિ અને પશુઓને ક્ષય લાગુ ન પડે અને ધનાદિ સંપન્નકર્ત્રી બનાવી અમને પ્રાપ્ત કરાવો. તેના યજ્ઞશાળા સુધી જવાના માર્ગને કલ્યાણકારી બનાવો. તેની શાળાની બધી બાજુએ બ્રાહ્મણો વાસ કરો. હે વધૂ ! તું દેવતાઓના નિવાસવાળી, રોગ-રહિત, સ્વાસ્થ્યપ્રદ યજ્ઞશાળા પ્રાપ્ત કર અને પતિગૃહમાં મંગળમયી બનીને પ્રસન્નતાથી રહે.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૨ દેવતા : આત્મા, યક્ષ્મા તથા દંપતિ**

હે અગ્નિ ! પહેલા દહેજ સાથે તમારા માટે સૂર્યાને લાવ્યા હતા, તમે અમને સંતાનવતી પત્ની આપો. અગ્નિએ આયુષ્ય અને તેજ સહિત પત્ની અમને આપી. તેના પતિ સાથે તે શતાયુ બનો. હે પત્ની ! તું પહેલા સોમની, પછી ગંધર્વની અને પછી અગ્નિની પત્ની બની. મનુષ્યના વંશજ આપના ચોથા પતિ છે. સોમે ગંધર્વને આપી, ગંધર્વે અગ્નિને આપી, ત્યારબાદ અગ્નિએ ઐશ્વર્ય અને નારીથી ઉત્પન્ન સંતાન સાથે મનુષ્યને આપી.

હે અશ્વિનીકુમારો ! અમારી તરફ કૃપાદૃષ્ટિ રાખો. આપ આ તીર્થને ફળીભૂત કરતા રસ્તામાં આવનારી દુર્મતિનું નિવારણ કરો. હે વધૂ ! ઔષધિ, નદી, ખેતર, વન તારી અને તારા પતિની રક્ષા કરે, તને સંતાનવાળી બનાવે. તેના માર્ગમાં પ્રાપ્ત થનારી દુર્ગતિ વગેરેને દૂર કરો. અમે એવા સુખમય માર્ગ પર ચાલીએ જે વીરોને હાનિ ન કરે અને ધન આપનાર બને. ગંધર્વ, અપ્સરાઓ તેના માટે સુખદ બનો અને દહેજ-ધનને નષ્ટ કરો. આ આશીર્વાદાત્મક વાણીથી આ બન્ને સુખોપભોગ કરે. રોગરૂપી શત્રુઓ માર્ગમાં આવે તેનો નાશ કરો અને સુગમતાથી માર્ગ પાર કરો. સવિતાદેવ કન્યાધનના પદાર્થોને સુખદાયી બનાવે. વિધાતા દ્વારા નિર્મિત પતિગ્રહ આ સ્ત્રી પ્રાપ્ત કરે. બંને અશ્વિનીકુમારો, અર્યમાદેવ, ભગ અને પ્રજાપતિ બ્રહ્મા બધા દેવોની કૃપાથી સુખ-સંતાન પ્રાપ્ત કરે. હે પૌરુષયુક્ત મનુષ્ય ! આ સ્ત્રીમાં વીર્યરૂપી વંશાનુક્રમ બીજને વાવો, ત્યારપછી તે સંતાન ઉત્પન્ન કરે. હે સરસ્વતી ! તું

વિરાટ છે. પ્રતિષ્ઠિત છે. હે સિનીવાલી ! તું ભગદેવતાને અનુકૂળ સંતાનોત્પત્તિ કર.

હે વધૂ ! તું સ્નિગ્ધ દૃષ્ટિ રાખી પતિને અક્ષીણ કરનારી છે. તું વીર પુત્રોને ઉત્પન્ન કરી પ્રસન્ન થઈ બધાને સુખી કર. તું પતિ-દિયર માટે અહાનિકારક, પશુ-હિત સાધિકા, પ્રજાવતી, સુંદર કાંતિવાળી, અને સુખી થઈ અગ્નિનું પૂજન કર. હે નિૠતિ ! તું અહીં વિહાર કરીશ નહિ, અન્યત્ર જા. આ સ્ત્રી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ પૂર્વે અગ્નિપૂજન કરી રહી છે.

આ સ્ત્રીનું મૃગચર્મનું આસન મંગળકારી અને રક્ષાથી વ્યાપ્ત છે. સિનીવાલી, ભગદેવતા પ્રસન્ન થઈ તેને સંતાનોત્પત્તિ કરનારી બનાવે. મૃગચર્મ ઉપર કુશા પાથરી આ પ્રજાપતિને બેસાડી અગ્નિ પૂજન કરાવો. હે સ્ત્રી ! આ મૃગચર્મ ઉપર અગ્નિદેવતાની સમીપ બેસ. આ ગૃહમાં તું પ્રથમ સંતાન ઉત્પન્ન કર. આ માતાની ગોદમાં અનેક પુત્રો ઉત્પન્ન થાવ. પતિ માટે સુખદાય, સાસુ-શ્વસુર માટે સુખમયી, ગૃહખર્ચ ચલાવનારી, કલ્યાણમયી તું આ ગૃહમાં પ્રવેશ કર. સંતાનોને સુખ આપી તેનું પોષણ કર. હે દેવી ! આને સૌભાગ્ય આપો. આ વધૂ કલ્યાણમયી બનો. દુષિત હૃદયવાળી સ્ત્રીઓ અને વૃદ્ધાઓ આનાથી દૂર રહો. સૂર્યા મનભાવન પર્યંક ઉપર ચઢી હતી, તું પણ પ્રસન્નતાપૂર્વક આ પલંગ ઉપર ચઢ અને પતિની સાથે સંતાનોત્પત્તિ કર. સમાન ચિત્તથી રહે અને નિત્ય ઉષાકાળમાં જાગી જા. દેવતાઓએ પણ પલંગમાં પોતાની પત્નીઓ સાથે પરસ્પર અંગો મેળવ્યા હતા. વિશ્વાવસુ તમે અહીંથી જાવ. તમને ગંધર્વો સાથે ગમન કરવા અમે પ્રેરિત કરીએ છીએ. ગંધર્વના ક્રોધને નમન. વિશ્વાવસુ તમે અપ્સરાઓના ક્રોધથી આ સ્ત્રીને દૂર રાખો. પતિ-પત્ની તમે બન્ને માતા-પિતા બનવા ૠતુકાળમાં ભેગા થાવ. વીર્ય દ્વારા માતા-પિતા બનો. હે પૂષા ! જેમાં બીજ વપન થાય છે તે સ્ત્રીને પ્રેરિત કરો. હે પતિ ! તું જગ્યાનો સ્પર્શ કર. પ્રસન્નતાથી તમે બંને પ્રજોત્પત્તિ-કર્મ કરો. સવિતા તમારી આયુ-વૃદ્ધિ કરો. દિવસ-રાત્રી જેમ મળે છે તેવી રીતે અર્યમા તમને મેળવે. અમંગળ દૂર થાવ અને આ ગૃહમાં સુખપૂર્વક પ્રવેશ કરો. બેપગા અને ચોપગા બધા સુખી થાવ.

અમે બન્ને હાસ્ય-પ્રસન્નતા, સુખ-બોધ પ્રાપ્ત કરી પુત્રાદિથી સંપન્ન બનીએ. અનેક ઉષાઓને પાર કરીએ. ઈંડામાંથી જેમ પક્ષી મુક્ત બને તેવી રીતે અમે પાપમુક્ત બનીએ. દ્યાવાપૃથ્વી ઉપર ચેતન-અચેતન બધા વાસ કરે

છે. દ્યાવાપૃથ્વી ઉપર પ્રવાહિત સાત પ્રકારના જળ અમને પાપથી છોડાવે. સૂર્યા, મિત્રાવરુણ, દેવો બધાને નમન. લીલો, પીળો, લાલ બધા ધુમાડા અમારાથી દૂર રહો. ભસ્મ કરનારી 'પૃષાતકી' અને કૃત્યાઓ, વરુણપાશ અને અસમૃદ્ધિઓ સ્થાણુમાં જાવ. હે વનસ્પતિ ! મારો વસ્ત્ર સજ્જિત દેહ ચમકતો રાખો.

તાંતણાથી વણેલા કિનારાવાળું વસ્ત્ર અમને સુખપ્રદ બનો. કોમળસ્પર્શવાળું બનો. પિતૃગૃહથી પતિગૃહ જતી કન્યાઓ અનેક કામનાઓ લઈને જાય છે. બૃહસ્પતિ દ્વારા રચિત આ ઔષધિ વિશ્વેદેવા દ્વારા પુષ્ટ કરવામાં આવી છે. તેમાં અમે ગૌ-વર્ચસ, ગૌ-તેજ, ગૌનું સૌભાગ્ય, ગૌનો વર્તમાન યશ, દૂધ અને ગોરસ મેળવીએ છીએ. કન્યાના જવાથી દુઃખી આ ઘરમાં તમને અગ્નિદેવ પાપથી છોડાવે. તારી પુત્રી કેશ ફેલાવીને રોઈ છે, સવિતા અને અગ્નિ એના પાપમાંથી તને છોડાવે.

ધાન્ય અને ધાણીની આહુતિ આપી આ નારી ઈશ્વરને પ્રાર્થના કરે છે કે મારો પતિ દીર્ઘાયુ બનીને સો વર્ષ સુધી જીવે. હે દેવરાજ ઇન્દ્ર ! આ દંપતિને ચકવા-ચકવીના જોડાની જેમ સ્નેહભાવ જાળવી રાખવાની પ્રેરણા આપો. બન્ને શ્રેષ્ઠ ઘર અને સંતાનવાળા થઈ આજીવન વિવિધ ભોગો મેળવો. અમે યાજ્ઞિકી મળ (દુર્ગુણ)ને રાંભલથી અને પાપોને કંબળ (કામળા)થી શુદ્ધ કરીને દોષરહિત થઈએ. યજ્ઞદેવ અમારા આયુષ્ટને વધારો. સેંકડો દાંતવાળો આ જે કાંસકો છે તે આ વધૂના માથાની મલિનતાને દૂર કરી તેને સ્વચ્છ બનાવે. તેના અંગ-પ્રત્યંગમાં જે સંહારક દોષ છે તેને દૂર કરું છું. આ દોષ અમને અંતરિક્ષ, આકાશ, પૃથ્વી, દેવગણ, પિતૃઓ અને યમને ન લાગે. હે જાયા ! તું ઋક્ – હું સામ, તું પૃથ્વી – હું આકાશ, હું વિષ્ણુ – તું લક્ષ્મી છે, આપણે બન્ને સાથે રહીને સંતાનોત્પત્તિ કરીએ. આપણે મંગળમય દાન આપનાર પુત્રને મેળવીએ. આપણે પુષ્કળ અન્ન પ્રાપ્તિ માટે સંયુક્ત રહીએ અને પ્રાણ આપણો વધ ન કરે. વહુનું મોં જોવાની ઈચ્છાથી નજીક આવનારા પિતૃઓ શીલવતી વહુને સંતાનયુક્ત કલ્યાણના આશીર્વાદ આપે છે. હે સુબુદ્ધિ ! તને જગાડ્યા પછી તું સો વર્ષ સુધી જાગતી રહે. સવિતાદેવ અમને દીર્ઘજીવન આપે. તું ગૃહપતિ બનીને આ ઘર ચલાવ.

*

## પંદરમો કાંડ

### • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

ચાલી રહેલા વ્રાત્યે પ્રજાપતિને પ્રેરણા આપી. પ્રજાપતિએ આત્માનું દર્શન કર્યું અને પછી બધાને ઉત્પન્ન કર્યા. પ્રજાપતિથી જ્યેષ્ઠ-મહત-લલભ, બ્રહ્મા-તપ-સત્ય બન્યા. તે વૃદ્ધિ પામીને મહાન બન્યા અને મહાદેવ થયા. તે જ દેવોના સ્વામી – ઈશાન અથવા ઈશ્વરત્વ પામ્યા. તે વ્રાત્યસમૂહના એકમાત્ર અધિપતિ છે. તેમણે જે ધનુષ્યને સ્પર્શ કર્યો તે જ ઈન્દ્રધનુષ્ય કહેવાયું. તેની પીઠ લાલ રંગની અને ઉદર વાદળી રંગથી સુશોભિત છે. વાદળી રંગના ભાગથી તેઓ દુષ્ટ શત્રુઓને ઘેરે છે અને લાલ રંગના પીઠના ભાગથી શત્રુઓને ચીરી નાંખે છે.

**સૂક્ત-૨ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

તેઓ પૂર્વદિશા તરફ ચાલી નીકળ્યા. તેની પાછળ બૃહત્સામ, રથન્તરસામ, આદિત્યગણ તેમજ બધી દૈવી શક્તિઓ ચાલી નીકળી. બ્રાહ્મણોની નિંદા કરનારા બંને સામો-સૂર્ય અને બધા દેવોની હિંસા કરે છે ત્યારે બ્રાહ્મણોનો સત્કાર કરનારા બંને સામો-સૂર્ય તથા બધા દેવોના પ્રિય બની જાય છે અને પૂર્વદિશામાં તેમનું ધામ હોય છે. શ્રદ્ધા, વિજ્ઞાન, દિવસ-રાત અને સૂર્યકિરણો મણિ મુક્તા સમાન હોય છે. ભૂત-ભવિષ્ય અને મન તેના રથ છે અને માતરિશ્વા-પવમાન આદિ તેના સારથિ બને છે. તેને કીર્તિ-યશ મળે છે અને તેઓ વિસ્તૃત બને છે.

તેઓ ઊઠીને દક્ષિણ દિશા તરફ ગયા. યજ્ઞાયજ્ઞિય-સામ-યજ્ઞ-યજમાન-પશુ-વામદેવ તેમની પાછળ ગયા. વ્રાત્યની નિંદા કરનાર ઉક્ત આ બધાનો અપરાધી બને છે અને વ્રાત્યનો આદર કરનાર પૂર્વોક્ત બધાનો પ્રિય બને છે. તેનું ધામ દક્ષિણ દિશા હોય છે. પૂર્વસૂક્તમાં કહેવાયેલ તેના મણિ અને અમાવાસ્યા-પૂર્ણિમા તેના પરિસ્કંદ હોય છે.

તેઓ ઊઠ્યા અને પશ્ચિમ દિશા તરફ ગયા. વરુણ, જળ, વૈરૂપ, વૈરાજ તેની પાછળ ગયા. વ્રાત્યની નિંદા કરનારા વરુણ આદિના અપરાધી અને વ્રાત્યનો સત્કાર કરનારા વરુણાદિના પ્રિય બને છે. પશ્ચિમ દિશામાં તેમનું

ધામ હોય છે. પૂર્વ સૂક્તોક્ત તેના મણિ અને રાત્રિ-દિવસ પરિસ્કંદ થાય છે.

તેઓ ઊઠ્યા અને ઉત્તર દિશા તરફ ગયા, સપ્તર્ષિ, સોમ તેની પાછળ ગયા. આવા વ્રાત્યની નિંદા કરનારા ઉક્ત સપ્તર્ષિ આદિના અપરાધી અને વ્રાત્યનો સત્કાર કરનારા સપ્તર્ષિ આદિના પ્રિય બને છે. ઉત્તર દિશા તેમનું ધામ અને શ્રુતિ-વિશ્રુતિ તેમના પરિસ્કંદ (રક્ષક) બને છે. તેઓ કીર્તિ-યશ પ્રાપ્ત કરે છે.

**સૂક્ત-૩ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

તેઓ એક વર્ષ સુધી ઊભા રહ્યા પછી દેવોએ પૂછ્યું – વ્રાત્ય કેમ ઊભા છો ? વ્રાત્યે કહ્યું – મારા માટે આસંદી (બાજોઠ) આપો. ત્યારે દેવ શક્તિઓએ બેસવા માટે આસન બનાવ્યું. તે બાજોઠના બે પાયા ગ્રીષ્મ અને વસંત થયા અને બીજા બે પાયા શરદ-વર્ષા થયા. ચાર પટ્ટીઓ ચાર સામ બન્યા. ઋચાઓ (વેદમંત્રો) તંતુ અને યજુષ આડા તંતુ (બાણા) થયા. વેદ આસન અને બ્રહ્મ તકિયો થયા. વ્રાત્ય આ બાજોઠ ઉપર બેઠા ત્યારે દેવતા પરિસ્કંદ (રક્ષક) બન્યા.

**સૂક્ત-૪ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

દેવોએ ચૈત્ર અને વૈશાખ (વસંતના બે મહિના)ને પૂર્વ દિશાના રક્ષક બનાવ્યા અને બૃહત્-રથન્તર સામ અનુષ્ઠાતા બન્યા. જેઓ આ જાણકારી રાખે છે તેમને વસંતના બે મહિના સંરક્ષણ કરનાર બને છે. અનુકૂળ બને છે.

દેવોએ ગ્રીષ્મઋતુના બે મહિના (જેઠ-અષાઢ)ને દક્ષિણ દિશાના રક્ષક અને અન્ય બે સામને અનુષ્ઠાતા બનાવ્યા. આ જાણનારા ગ્રીષ્મ અને બંને સામને અનુકૂળ બનાવે છે.

દેવોએ પશ્ચિમ દિશાના રક્ષક વર્ષા ઋતુના (શ્રાવણ-ભાદરવો) બે મહિના અને વૈરૂપ-વૈરાજને અનુષ્ઠાતા બનાવ્યા. તેના જ્ઞાતા માટે વર્ષા અને વૈરૂપ-વૈરાજ અનુકૂળ બની જાય છે.

દેવોએ ઉત્તર-દિશાના રક્ષક શરદ ઋતુના (આસો-કાર્તિક) બે મહિનાને અને નૌધસ-શ્વેતને અનુષ્ઠાતા બનાવ્યા. તેના જ્ઞાતા શરદ ઋતુ તથા નૌધસ-શ્વેતની અનુકૂળતા પામે છે.

દેવોએ ધ્રુવ દિશાના રક્ષક હેમંતના અગહન (માગશર-પોષ) બે મહિનાને અને પૃથ્વી-અગ્નિને અનુષ્ઠાતા બનાવ્યા. તેને જાણનારા હેમંત અને

પૃથ્વી-અગ્નિની અનુકૂળતા મેળવે છે.

દેવોએ ઊર્ધ્વ દિશા-રક્ષક શિશિરના માઘ-ફાલ્ગુન બે મહિનાને તથા આકાશ-સૂર્યને અનુષ્ઠાતા બનાવ્યા. તેને જાણનારા શિશિર અને આકાશ-સૂર્યની અનુકૂળતા મેળવે છે.

**સૂક્ત-૫ દેવતા : રુદ્ર**

દેવોએ પૂર્વ દિશાના ખૂણામાંથી બાણનું સંધાન કરનારા ધનુર્ધારી 'ભવ'ને પોતાના અનુષ્ઠાતા બનાવ્યા. તેની જાણકારી મેળવી લેનારને ભવ-શર્વ-ઈશાન અનુકૂળ બને છે. તેમનાં પશુઓ પણ હણતા નથી.

આ વ્રાત્ય માટે દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર, ધ્રુવ અને ઊર્ધ્વ દિશાઓ અને બધી જ દિશાઓમાંથી બાણ પ્રક્ષેપ કરનારાઓને (આ દિશાઓના ક્રમાનુસાર) શર્વ, પશુપતિ, ઉગ્રદેવ, રુદ્ર, મહાદેવ, ઈશાનને અનુષ્ઠાતા બનાવ્યા. જેઓ તેની જાણકારી મેળવી લે છે તેમને ઉક્ત દેવતાઓ કૃપાપાત્ર બને છે. આ દેવો તેમનો વધ કરતા નથી.

**સૂક્ત-૬ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

આ વ્રાત્ય ધ્રુવ દિશામાં ગયા તો પૃથ્વી-અગ્નિ-ઔષધિએ તેમનું અનુગમન કર્યું. ત્યાંથી ઊર્ધ્વ દિશામાં ગયા તો, સૂર્ય-નક્ષત્ર-ચંદ્ર-સત્યએ ઉત્તર દિશામાં ગયા તો સામ-યજુ ઋચાઓ અને બ્રહ્મને પરમદિશામાં આહવનીય, ગાર્હપત્ય, દક્ષિણાગ્નિએ, બ્રહતી દિશામાં ગયા તો પુરાણ-ઈતિહાસની પ્રશંસાત્મક ગાથાઓ અને અનાદિષ્ટ દિશામાં ઋતુ, પદાર્થ, માસ-પક્ષ-દિવસ-દિન-રાત્રિએ, અનાવૃત્ત દિશામાં ગયા, તો ઈન્દ્ર-ઈન્દ્રાણી, દિતિ-અદિતિએ, સર્વ દિશાઓમાં ગયા તો વિરાટ આદિ દેવોએ, અંતર્દિશાઓમાં ગયા, તો પ્રજાપતિ, પરમેષ્ઠી પિતા-પિતામહે તેમનું અનુગમન કર્યું. જે આ બધાને જાણે છે, તે ઉક્ત દેવતાઓના કૃપાપાત્ર બને છે, તેમનો તેઓ વધ કરતા નથી.

**સૂક્ત-૭ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

આ વ્રાત્ય પૃથ્વીના અંતસમાં ગયા અને સમુદ્ર બની ગયો. પ્રજાપતિ પરમેષ્ઠી, પિતા-પિતામહ-જળ-શ્રદ્ધા એ બધા વર્ષા બનીને અનુકૂળ થયા. લોક-અન્ન-યજ્ઞ-શ્રદ્ધા અન્નાદ્ય પોતાની સત્તામાં પ્રાદુર્ભૂત થઈને તેમની ચારે તરફ અવસ્થિત થાય છે. આ જાણનારાને જળ-શ્રદ્ધા-વર્ષા પ્રાપ્ત થાય છે અને લોક-અન્ન-અન્નાદ્ય-શ્રદ્ધા-યજ્ઞ પ્રાપ્ત થાય છે.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૮ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

રંજન કરતા આ વ્રાત્ય રાજા બન્યા અને પ્રજાઓના અન્ન-અન્નાદ્યના અનુકૂળ બનવા લાગ્યા. તેને જાણનાર પ્રજાઓ, અન્ન-અન્નાદ્યના પ્રિય બને છે.

**સૂક્ત-૯ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

તેમણે પ્રજાઅનુકૂળ વ્યવહાર કર્યો. સભા-સમિતિ-સેના-સુરા તેમને અનુકૂળ બન્યા. આવું જાણનારા સભાદિમાં પ્રિય બની જાય છે.

**સૂક્ત-૧૦ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

આવા વિજ્ઞ વ્રાત્ય જેમના અતિથિ બને તે તેમનું સન્માન કરે છે. આમ કરવાથી તે રાષ્ટ્ર અને ક્ષાત્રશક્તિ નષ્ટ થતી નથી. બ્રહ્મબળ બૃહસ્પતિમાં અને ક્ષાત્રબળ ઈન્દ્રમાં પ્રવિષ્ટ થયું. પૃથ્વી જ બૃહસ્પતિ છે – આકાશ જ ઈન્દ્ર છે, અગ્નિ બ્રહ્મબળ છે – આદિત્ય ક્ષાત્રબળ છે. જે પૃથ્વીને બૃહસ્પતિ અગ્નિને બ્રહ્મ જાણે છે, તે બ્રહ્મબળ અને બ્રહ્મચર્યને પ્રાપ્ત કરે છે અને જે આદિત્યને ક્ષત્ર તથા દ્યૌને ઈન્દ્ર જાણે છે તેને ઈન્દ્રિયો પ્રાપ્ત થાય છે.

**સૂક્ત-૧૧ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

આવા વિજ્ઞ વ્રાત્ય જેને ત્યાં અતિથિ બને તેમણે એવું કહેવું કે – હે વ્રાત્ય ! તમે ક્યાં રહેશો ? (આવું કહેનાર માટે દેવયાન ખૂલી જાય છે). હે વ્રાત્ય ! આ જળ છે (આવું કહેનાર માટે જ જળ ખૂલી જાય છે). હે વ્રાત્ય ! અમારા માણસો તમને તૃપ્ત કરે (આવું કહેનારના જ પ્રાણ સિંચાય છે) હે વ્રાત્ય ! જે તમને પ્રિય હોય તેવું જ થશે. (આવું કહેનારના પ્રિય કાર્યો પૂર્ણ થઈ જાય છે) હે વ્રાત્ય ! તમારા વશ બધું છે. તે પ્રમાણે જ થાવ. (આવું કહેનારના વશમાં બધા થઈ જાય છે.) હે વ્રાત્ય ! જેવી તમારી કામના હશે, તે પ્રમાણે જ થશે. (આવું કહેનારની કામનાપૂર્તિ થઈ જાય છે.)

**સૂક્ત-૧૨ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

અગ્નિહોમ સમયે વ્રાત્ય અતિથિ તરીકે ઘરે આવે તો એવું કહો કે – મને હોમ કરવાની આજ્ઞા આપો. જો તે આજ્ઞા આપે તો જ આહુતિ આપો, અન્યથા ન આપવી. આમ કરવાથી માનવું કે તમારો પિતૃયાન-દેવયાન માર્ગ

ખૂલી ગયો. તેમની આજ્ઞા પછી આપવામાં આવતી આહુતિ સીધી દેવતાઓ પાસે પહોંચે છે. આજ્ઞા ન હોય તો આપેલી આહુતિ પિતૃયાન-દેવયાન માર્ગ બંધ કરી દે છે અને આહુતિ નષ્ટ જાય છે, તથા દેવતાઓ દ્વારા નષ્ટ કરી દેવામાં આવે છે.

**સૂક્ત-૧૩ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

એવા વ્રાત્ય જેમના ઘરે અતિથિ બને તો, પ્રથમરાત્રીના ફળ રૂપે તેઓ પુણ્ય લોકોને જીતે છે. દ્વિતીય રાત્રીના ફળથી અંતરિક્ષના પુણ્યલોકોને, તૃતીય રાત્રીના ફળથી આકાશસ્થ પુણ્ય લોકોને, ચતુર્થ રાત્રીના ફલથી પુણ્યાત્માઓને પુણ્ય લોકોને, અનેક રાત્રીઓના ફળોને અસંખ્ય પુણ્યલોકોથી પોતાના માટે ખોલી દે છે. જો અવ્રાત્ય પણ અતિથિ બને તો, પાણી આપવું અને પીરસતી વખતે મનમાં એવું વિચારવું કે દેવતાને જળ આપું છું. અવ્રાત્યને પણ ઘરેથી ભગાડવા નહિ, તેમનું સ્વાગત કરો, પરંતુ દેવતા માનીને.

**સૂક્ત-૧૪ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

જ્યારે આ વ્રાત્ય પૂર્વ દિશામાં ગયા તો, વાયુ અનુકૂળ બનીને ચાલવા લાગ્યા અને પોતાના મનને અન્નનું ભક્ષણ કરનારું બનાવ્યું. જે આ બાબતનો મર્મજ્ઞ છે, તે અન્નભક્ષણ કરવાની મનોવૃત્તિથી અન્નનું સેવન કરે છે. દક્ષિણ દિશા તરફ ગયા તો તેમણે પોતાના બળને અન્નનું ભક્ષણ કરનારું બનાવ્યું અને ઈન્દ્ર બનીને ચાલ્યા. તેને જાણવાવાળો અન્નાદબળથી અન્ન સેવન કરે છે. પશ્ચિમ દિશાની તરફ ગયા તો જળને અન્નાદ બનાવી વરુણ બનીને ચાલ્યા. તેને જાણનાર જળથી અન્ન ખાય છે. ઉત્તર દિશાની તરફ જતા તેમણે આહુતિને અન્નાદ બનાવી અને સોમ બનીને ચાલ્યા. તેને જાણનાર અન્નાદ આહુતિથી અન્ન ભક્ષણ કરે છે. ધ્રુવ દિશાની તરફ જવાથી તેમણે વિરાટને અન્નાદ બનાવ્યું અને જાતે વિષ્ણુ બન્યા. તેને જાણનાર અન્નાદ વિરાટ અન્ન ખાય છે. પશુઓની તરફ જતા તેમણે ઔષધિને અન્નાદ બનાવી અને રુદ્ર બનીને ચાલ્યા, પિતૃઓની તરફ તેઓ 'સ્વધા'ને અન્નાદ બનાવી યમ થઈને ચાલ્યા, મનુષ્યોની તરફ 'સ્વાહા'ને અન્નાદ બનાવી અગ્નિ થઈને ચાલ્યા, ઊર્ધ્વ દિશામાં 'વષટ્કાર'ને અન્નાદ બનાવી બૃહસ્પતિ બન્યા, દેવતાઓની તરફ યજ્ઞને અન્નાદ અને સ્વયંને ઈશાન, પ્રજાઓની તરફ પ્રાણને અન્નાદ સ્વયંને પ્રજાપતિ, અંતર્દિશાઓની તરફ બ્રહ્મને અન્નાદ અને જાતે પ્રજાપતિ

બનીને ચાલ્યા. આ બધાને જાણનાર ક્રમશઃ અન્નાદ યજ્ઞ દ્વારા, અન્નાદ પ્રાણી દ્વારા, અન્નાદ બ્રહ્મ દ્વારા અન્નનું ભોજન કરાવે છે.

**સૂક્ત-૧૫ દેવતા : અધ્યાત્મ, વ્રાત્ય**

આ વ્રાત્યના ૭ પ્રાણ, ૭ અપાન અને ૭ વ્યાન છે. પ્રથમ ઊર્ધ્વ પ્રાણ – અગ્નિ, દ્વિતીય પ્રૌઢ પ્રાણ – આદિત્ય, તૃતીય અભ્યૂઢ પ્રાણ – ચંદ્રમા, ચતુર્થ વિભુપ્રાણ – પવમાન, પંચમ યોનિપ્રાણ – જળ, ષષ્ઠ પ્રિયપ્રાણ – પશુ અને સપ્તમ અપરિમિત પ્રાણ-પ્રજા છે.

**સૂક્ત-૧૬ દેવતા : વ્રાત્ય**

આ વ્રાત્યના પ્રથમ અપાન પૌર્ણમાસી, દ્વિતીય અષ્ટકા, તૃતીય અમાવાસ્ય, ચતુર્થ શ્રદ્ધા, પંચમ દીક્ષા, છઠ્ઠા યજ્ઞ અને સાતમા અપાન દક્ષિણા છે.

**સૂક્ત-૧૭ દેવતા : વ્રાત્ય**

આ વ્રાત્યના પ્રથમ વ્યાન ભૂમિ, દ્વિતીય અંતરિક્ષ, તૃતીય દ્યૌ, ચતુર્થ નક્ષત્ર, પાંચમા ઋતુ, છઠ્ઠા આર્તવ અને સાતમા વ્યાન સંવત્સર છે. દેવતા-સંવત્સર-ઋતુઓ તેનું અનુગમન કરે છે. અમાવાસ્યા, પૂર્ણિમા તેમાં પ્રવેશ કરે છે. તેને આપવામાં આવતી આહુતિ પણ અવિનાશી છે.

**સૂક્ત-૧૮ દેવતા : વ્રાત્ય**

આ વ્રાત્યના આદિત્ય – જમણી આંખ અને ચંદ્રમા – ડાબી આંખ છે. અગ્નિ-પવમાન-દક્ષિણ-વામ શ્રોત્ર છે. દિવસ-રાત તેના નાકના ફણા છે. શીર્ષ-કપાળ-દિતિ-અદિતિ છે. શિર સંવત્સર છે. આ દિવસ-રાત્રિના પતિ સમય પૂજનીય છે. એવા વ્રાત્ય (પરમાત્મા-બ્રાહ્મણ)ને નમન.

*

## સોળમો કાંડ

### • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : પ્રજાપતિ, જળ**

જળમાં દિવ્યજળ અતિસૃષ્ટા અને અગ્નિ અતિસૃષ્ટ બન્યા. નાશક, ખનન દ્વારા પ્રાપ્ત, પલાયનશીલ, આત્મદેહ આ જળનો હું ત્યાગ કરું છું.

જળના શ્રેષ્ઠ ભાગને સમુદ્ર પ્રતિ પ્રેરિત કરું છું. જળના ભીષણ અગ્નિયુક્ત અંશનો હું ત્યાગ કરું છું. જળના ઐશ્વર્યયુક્ત અંગને અમે ઈન્દ્રિયોથી ખેંચીએ. જળ અમારા પાપ-સ્વપ્નને દૂર કરે. હે જળ ! તમારા કલ્યાણકારી અંશથી અમારી ત્વચાને સ્પર્શ કરો. મંગળકારી અગ્નિને અમે જળની આહુતિ આપીએ છીએ. તે અમારામાં બળ સંચાર કરે.

**સૂક્ત-૨ દેવતા : વાક્**

અમે ચર્મરોગથી મુક્ત બનીએ. અમારી વાણી બળવતી-મધુમતી રહો. હે ઔષધિઓ ! અમારી વાણી મધુર કરો. અમે ઈન્દ્રિયપાલક મનનું આહ્‌વાન કરીએ છીએ. મારા કાન કલ્યાણકારી વાતો સાંભળે. મારા નેત્ર ગરુડનાં દર્શન શક્તિ મેળવે.

**સૂક્ત-૩ દેવતા : મંત્રોક્ત**

અમે ઘરમાં, અમારા સમાન વ્યક્તિઓમાં મોખરે રહીએ. રજ, યજ્ઞ, મૂર્ધા, વિધર્મા મારો ત્યાગ ન કરે. ઉર્વ-ચમસ-મૂર્ધા-વરુણ, વિમોક, આર્દ્રપવિ, આર્દ્રદાનુ, માતરિશ્વા અમારો ત્યાગ ન કરે. હર્ષદ, અજગ્રહપ્રદ મનને લગાવનારા બૃહસ્પતિ મારો આત્મા છે. બે કોસ સુધીની ભૂમિ મારી છે. મારું હૃદય સંતપ્ત ન બનો અને સમુદ્ર જેમ ગંભીર બનો.

**સૂક્ત-૪ દેવતા : ચંત્રોક્ત**

અમે ધનના નાભિરૂપ બનીએ, અમારા સમાન વ્યક્તિઓમાં નાભિસમાન બનીએ. અમૃતત્વવાળી ઉષા મરણધર્મા મનુષ્યોમાં સુપ્રતિષ્ઠિત થાવ. પ્રાણાપાન અમને છોડે નહિ. સૂર્ય દિવસ દ્વારા, અગ્નિ પૃથ્વીથી, વાયુ અંતરિક્ષથી, યમ મનુષ્યોથી અને સરસ્વતી પાર્થિવ પદાર્થોથી અમારી રક્ષા કરે. ઉષાકાળથી રાત્રી સુધી અમારું મંગળ થાવ. અમે બધા ગુણો અને જળનો ઉપભોગ કરીએ. વરુણ પ્રાણવાન અને અગ્નિ બળનું પોષણ કરો.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૫ દેવતા : દુઃસ્વપ્નનાશન**

ગ્રાહ્ય-પિશાચીથી (વ્યાધિ)ના પુત્ર એવા હે સ્વપ્ન ! તું યમદેવનું સાધન છે. તું દેવજાતિઓનો પુત્ર, પરાભૂતિનો પુત્ર અને યમનું કારણ છે. અમે તારી ઉત્પત્તિને જાણીએ છીએ. તું મૃત્યુ છે. તું નિર્ઋતિનો પુત્ર છે, યમને પ્રાપ્ત

કરાવનાર છે. હે દુઃસ્વપ્ન દેવતા ! અમને દુઃસ્વપ્નથી બચાવો. અમે તારી ઉત્પત્તિ જાણીએ છીએ, તું ભવતિની પુત્રી અને યમના કારણરૂપ છે. હે સ્વપ્ન ! અમે તને સારી રીતે ઓળખીએ છીએ.

**સૂક્ત-૬ દેવતા : દુઃસ્વપ્નશાન**

અમે વિજય અને ભૂમિ પ્રાપ્ત કરીએ, પાપરહિત બનીએ, દુઃસ્વપ્નથી ભયભીત અમારો ભય દૂર થાઓ. હે મંત્રશક્તિ ! આ ભય અમારા દ્વેષી, તિરસ્કાર કરનારા, શત્રુઓ પાસે પહોંચો. ઉષાદેવી વાણી સમાન અને વાગ્દેવી ઉષાની સાથે સંમતિ દર્શાવતી મળે. ઉષાના પતિ વાચસ્પતિની સાથે અને વાચસ્પતિ ઉષાના પતિ સાથે સહમત થઈ પરસ્પર મળે. કુંભની જેમ વધનારા પેટના રોગો સહિત દુષિત દુઃખો શત્રુઓ તરફ પ્રેરિત થાવ. ખરાબ સ્વપ્નના ફળો અને જાગૃત અવસ્થામાં સ્વપ્નથી (દિવાસ્વપ્ન) મળનારાં ફળો, ભૂતકાલિન વિચારો, મુક્ત ન થવા યોગ્ય દ્રોહજન્ય બંધનોથી અમે આપને મુક્ત કરીએ છીએ. દેવગણ તે બધા પ્રકારની આપત્તિઓ શત્રુ તરફ લઈ જાય.

**સૂક્ત-૭ દેવતા : દુઃસ્વપ્નનાશન**

અમે આની (દુઃસ્વપ્નની) માતાઓ અભૂતિ (દુર્ગતિ), નિર્ભૂતિ (દારિદ્રય)અને પરાભૂતિ (પરાભવ)થી ગ્રાહ્ય રોગથી અને અજ્ઞાનથી વીંધીએ છીએ. અમે એને દેવશક્તિઓની સમક્ષ ઉપસ્થિત કરીએ છીએ. વૈશ્વાનર અગ્નિની દાઢોમાં મૂકીએ છીએ. જે અમારો દ્વેષ કરે છે તેમનો આત્મચેતના દ્વેષ કરે. અમે ઈર્ષા-દ્વેષ રાખનારાને દ્યુલોક, પૃથ્વી અને અંતરિક્ષમાંથી ફેંકી દઈ દૂર કરીએ છીએ. દુઃસ્વપ્નના ફળને અમુકની પાસે મોકલીએ છીએ. પૂર્વરાત્રીમાં અમુક કર્મોને અમે કરી ચૂક્યા છીએ, જે જાગૃત અવસ્થામાં, સુષુપ્તાવસ્થામાં, દિવસે-રાત્રે પાપજન્ય દોષો થયા હોય તે બધા દોષોથી અમે શત્રુનો નાશ કરીએ છીએ. હે દેવ ! આપ શત્રુનો નાશ કરો, તે પ્રાણનો ત્યાગ કરે, તે જીવતો ના રહે.

**સૂક્ત-૮ દેવતા : દુઃસ્વપ્નનાશન**

શત્રુ ઉપર વિજય મેળવીને – તેનો નાશ કરીને લાવવામાં આવેલા પદાર્થો અમારા છે. સત્ય, તેજસ્વિતા, સદ્જ્ઞાન, સ્વર્ગીય સુખ, યજ્ઞીય કર્મ, ગાય વગેરે દુધાળાં પશુઓ, પ્રજારૂપ સંતતિ અને શૂરવીર અમારું ગૌરવ વધારો. અમુક શત્રુને અમે આ લોકમાંથી ભગાડી છીએ. તે શત્રુ ગ્રાહ્ય

(રોગ)ના પાશમાંથી મુક્ત ન થઈ શકે. અમે તેની તેજસ્વિતા, વર્ચસ્વ, પ્રાણઊર્જા, આયુષ્યને ઘેરી તેને ઊંધા માથે પાડીએ છીએ. તે નિૠતિના બંધનમાંથી મુક્ત ન બને, શત્રુઓને જીતીને લવાયેલા પદાર્થો અમારા છે. બધું તેજ, બ્રહ્મ, સ્વર્ગ, પશુ, પ્રજા અને બધા વીરો અમારા છે. અમુક ગોત્રીય, અમુકોના પુત્રને અમે આ લોકથી જુદો પાડી દઈએ છીએ. અમે તેના તેજ, વર્ચસ, પ્રાણ અને આયુષ્યને ઊંધા માથે પછાડીએ છીએ. તે પ્રજાપતિ, ૠષિઓ, આર્ષેઓ, અંગિરાઓ, અંગિરસો, અથર્વાઓ, આથર્વણો, વનસ્પતિઓ, બાર્હસ્પત્યો, ૠતુઓ, ૠતુપદાર્થો, મહિના, પખવાડિયા, દિવસ-રાત્રી, દિવસ-રાત્રીના સંયત ભાગોના પાશોથી મુક્ત ન થાવ. અમે તેના તેજ, વર્ચસ, પ્રાણ, આયુને બાંધી ઊંધા માથે નીચે પાડીએ છીએ. શત્રુઓને વેર-વિખેર કરીને લાવવામાં આવેલા – જિતાયેલા પદાર્થો અમારા છે. સત્ય, તેજ, બ્રહ્મ, સ્વર્ગ, પશુ અને બધા વીરો અમારા છે. અમુક ગોત્રીય, અમુકના પુત્રને અમે આ લોકથી દૂર કરીએ છીએ. અમે તેના વર્ચસ, તેજ, પ્રાણ અને આયુને બાંધી તેને ઊંધા માથે નીચે પટકીએ છીએ.

**સૂક્ત-૯ દેવતા : પ્રજાપતિ**

શત્રુઓને જીતીને લવાયેલા પદાર્થો અમારા છે, અમે શત્રુ ઉપર અધિષ્ઠિત બનીએ. અગ્નિ, સોમ પણ આવું જ કહે છે. પૂષા અમને પુણ્યલોકમાં પ્રતિષ્ઠિત કરે. સ્વર્ગની ખ્યાતિથી ઉત્તમ પ્રકારે અમે સ્વર્ગને પ્રાપ્ત કરીએ. અમે ધનવાન અને સત્કરણીય બનીએ, પરમધનવાન બનીએ. હે દેવ ! અમને ધનથી પુષ્ટ કરો.

*

# સત્તરમો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : આદિત્ય**

અમે શત્રુઓ માટે વિનાશકારી, અન્યોના તેજને હણનારા, શત્રુના પશુઓને છીનવી લેનારા, જળને જીતનારા ઈન્દ્રનું આહ્વાન કરીએ છીએ. તેમની કૃપાથી અમારી આવકમાં વૃદ્ધિ થાવ. અતિ સહનશીલ, સહિષ્ણુ,

શત્રુહનના સહજ સ્વભાવવાળા, નિત્ય વિજેતા, મહાબલી, સ્વર્ગને જીતનાર, ગાયોના વિજેતા, ઈન્દ્રરૂપ સૂર્યદેવને અમે આવાહિત કરીએ છીએ. તેમની કૃપાથી અમે આયુ સંપન્ન, દેવ પ્રિય, સંતાનાદિના પ્રિય, પશુઓના પ્રિય બનીએ. ઉદિત થતાની સાથે બધાં પ્રાણીઓને પોત-પોતાના કાર્યમાં લગાવનાર હે સૂર્ય ! ઉદિત થાવ. અમારો દ્વેષ રાખનારા અમને વશ થાઓ. અમે શત્રુઓને વશ ન થઈએ. હે વિષ્ણુરૂપ સૂર્ય ! તમારાંકિરણોથી તમે વિશ્વને વ્યાપ્ત કરો છો, અમને અનેક પશુઓથી પૂર્ણ કરો. મૃત્યુ પછી પરમવ્યોમ (સ્વર્ગ)માં પ્રતિષ્ઠિત કરો. હે વિષ્ણુરૂપ સૂર્યદેવ ! તમે ઉદય પામીને તમારી તેજસ્વિતાથી અમને સંપન્ન કરો. જે પ્રાણીઓને અમે જોઈએ છીએ અને જેમને જોવામાં સક્ષમ નથી તે બંને વિશે અમને શ્રેષ્ઠ વિચારોથી પ્રેરો.

તમારો પ્રભાવ અદ્વિતીય છે. જીવનમાં આને અનેક પ્રકારના પશુઓથી યુક્ત કરો અને મૃત્યુ પછી પરમ વ્યોમમાં સ્થાપિત કરો. જળના પાશધારી રાક્ષસ તમને અંતરિક્ષમાં જળોમાં રોકી ન રાખે. તમે તમારા તેજથી, અંતરિક્ષમાં આગળ વધો છો, કૃપા કરી મને સુખ આપો. અનેક પ્રકારનાં પશુઓથી યુક્ત કરો અને દેહાંતે પરમ વ્યોમમાં અને સુધામાં સ્થાપિત કરો. હે ઐશ્વર્યવાન સૂર્ય ! તમે સંસાર વિજેતા પુરહૂત છો, અપરિમિત પ્રભાવવાળા છો, કૃપા કરો, તમે સુખદ બનો, અમારા સ્તોત્રનો સ્વીકાર કરો અને અમને અનેક પ્રકારના પશુઓથી યુક્ત કરી દેહાંત પછી પરમવ્યોમમાં સ્થાપિત કરો. તમે દ્યાવાપૃથ્વીમાં અધ્યર્ષ છો કેમકે ગાયત્રીમંત્ર દ્વારા પ્રવૃદ્ધ છો. અમિત પરાક્રમી છો, અમને અનેક પ્રકારના પશુઓથી યુક્ત બનાવો અને મૃત્યુ પછી પરમ વ્યોમમાં સ્થાપિત કરો. અપરિમિત પ્રભાવશાળી તમને અભીષ્ટફળકામી પ્રાચીન ઋષિઓ સ્તોત્ર દ્વારા પ્રવૃદ્ધ કરે છે. આ મેઘ, ઔષધિ વગેરેના વધારનાર અને યજ્ઞના સાધનરૂપ છો – યજ્ઞ જ છો. હે સૂર્ય ! તમે બધી દિશાના રક્ષક છો, તમારા પ્રકાશથી દ્યાવા-પૃથ્વી અંતરિક્ષમાં વ્યાપ્ત છો. તમે જળના ભાગમાં વ્યાપ્ત છો, પાંચ રશ્મિઓથી ઊર્ધ્વમુખી થાવ અને ઊર્ધ્વલોકોને પ્રકાશિત કરનારા છો. પૃથ્વીને કિરણોથી પ્રકાશિત નથી કરતા એવી નિંદા પણ થઈ શકે તેમ નથી. પુણ્યાત્માઓને મળનાર પુણ્યલોક તમે જ છો. અમિતપ્રભાવી તમે અમને અનેક પ્રકારના પશુઓથી સંપન્ન કરો, મૃત્યુ પછી અમને પરમ-વ્યોમામૃતમાં સ્થાપિત કરો. બ્રહ્મમાં સર્વભૂત સ્થિત

છે. હે સૂર્ય ! તમે જ શુક્ર છો, તમે બધા લોકને પ્રકાશિત કરનારા તેજથી જ્યોતિર્માન છો.

અમે તમારા આવા રૂપની ઉપાસના કરીએ છીએ. અમે પણ આવા તેજથી તેજસ્વી બનીએ. હે સૂર્ય ! તમે પ્રકાશરૂપ છો. તમે સંસારની પ્રકાશિકા જેવી દીપ્તિથી ચમકો છો, અમે પણ આવી બ્રહ્મવર્ચસ્વ રૂપ જ્યોતિથી ચમકીએ અને પશુઓથી યુક્ત બનીએ. ઉદયાચલને પ્રાપ્ત કરનાર હે સૂર્ય ! તમને નમન. તમે અર્ધોદિત, પૂર્ણોદિત છો અને તમને નમન. બધા લોકને સંપૂર્ણપણે તૃપ્ત કરનાર આદિત્ય પોતાની રશ્મિઓ સહિત ઉદિત થાવ. હે સૂર્ય ! તમારી કૃપાથી અમે અમારો દ્વેષ કરનારાઓને વશ ન થઈએ. અમે અનેક પ્રકારે પશુઓથી સંપન્ન બનીએ અને મૃત્યુ પછી પરમવ્યોમ અને અમૃતમાં સ્થાપિત થઈએ. હે આદિત્ય ! સંસારના કલ્યાણ અર્થે વ્યોમ સમુદ્રને પાર કરવા માટે તમે સ્વસ્થ રૂપી નૌકા પર વાયુનું સઢ બનાવીને દઢ કવચથી ઢંકાયેલા છો, તમે અમને દિવસે તો રક્ષા સહિત પાર લઈ જાવ છો. હવે રાત્રે પણ સલામત પહોંચાડી દો. હું પ્રજાપતિ સૂર્યના તેજરૂપ દઢ કવચથી ઢંકાયેલો છું. હું વૃદ્ધ થવા છતાં દઢ અંગોવાળો રહું અને અનેક ભોગોને ભોગવું. અમે દીર્ઘાયુ પ્રાપ્ત કરીએ અને લૌકિક-વૈદિક કર્મ કરતાં રહી સૂર્યના કૃપાપાત્ર બનીએ અને કશ્યપ રૂપ સૂર્યના મંત્રકવચથી આચ્છાદિત છીએ. અમે તેમની રશ્મિઓના રક્ષાત્મક તેજથી રક્ષિત છીએ. આથી દેવતાઓ અને મનુષ્યોના કોઈ આયુધ અમારી હિંસા કરી શકતા નથી. અમે સત્ય, સૂર્યાત્મક બ્રહ્મ, ઋતુઓ અને બધા પુરાણા રક્ષાત્મક પદાર્થોથી રક્ષિત છીએ. આથી નરકના કારણરૂપ પાપ અમારી પાસે ન આવો. અભિમંત્રિત જળથી અદશ્ય રૂપે અમારું રક્ષણ થાય છે. જેવી રીતે જળચર પ્રાણીઓ જળમાં રક્ષિત રહે છે. હે રક્ષક અગ્નિદેવ ! તમારા આશ્રિતોની બધા પ્રકારના ભયથી રક્ષા કરો. ઉષા મૃત્યુનાં બંધનો દૂર કરે છે. આયુષ્યકામી અમારી અંદર પ્રાણ સચેષ્ટ રહે. અમારી ઈન્દ્રિયો પણ સચેત રહે.

*

# અઢારમો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : યમ-યમી તથા મંત્રોક્ત**

**યમ-યમી સંવાદ**

યમી : સમાન પ્રસિદ્ધિવાળા યમને હું સખ્યભાવથી આમંત્રું છું. સમુદ્રતટવતી દ્વીપમાં હે યમ ! મારામાં પુત્ર સ્થાપિત કરો. હે યમ ! તમારી કીર્તિ બધા લોકમાં હંમેશા ચમકતી રહેશે.

યમ : હે યમી ! આપણે બન્ને સહોદર છીએ. હું તારો મિત્ર ખરો પરંતુ આપણે ભાઈ-બહેન સમાન છીએ. તું સહોદરા હોવા છતાં પત્નીત્વની ઈચ્છા કરે છે, આથી આ ભાવ મને સ્વીકાર્ય નથી. મહાબલી રુદ્રપુત્ર મરુદ્‌ગણ પણ આ સંબંધની નિંદા કરશે.

યમી : મરુદ્‌ગણ પણ મારા ઈચ્છિત માર્ગનો સ્વીકાર કરશે. આથી મારામાં મન જોડો અને ભ્રાતૃભાવ છોડી પતિ બનીને સંતાનોત્પત્તિ માટે મારામાં પ્રવિષ્ટ થાવ.

યમ : સત્યભાષી અમે અસતના માર્ગે કેવી રીતે જઈએ ? જળધારક સૂર્ય સ્વભાર્યાસહિત અંતરિક્ષમાં રહેલા છે. તેમની સમક્ષ સહોદર એવો હું તારી ઈચ્છા કેવી રીતે પૂર્ણ કરી શકું ?

યમી : હે યમ ! સંતાનોત્પાદક ત્વષ્ટાદેવે માતાના ઉદરમાં જ આપણને બંનેને દાંપત્ય-બંધનમાં બાંધી દીધા છે. એ દેવના કાર્યફળને કોણ નિષ્ફળ બનાવી શકે ? માતાના ઉદરમાં ત્વષ્ટાએ દાંપત્યના આ ક્રમને ધાવાપૃથ્વી પણ જાણે છે, આથી તે અસત નથી.

યમ : હે યમી ! સત્યના ભારવહન અર્થે વાણીને કોણ નિયુક્ત કરે ? ક્રોધ લજ્જાથી હીન, પોતાની વાણીથી શ્રોતાઓના હૃદયમાં સ્થાન બનાવી લેનાર, કર્મવાન, તેજસ્વી પુરુષ સત્યની રક્ષા કરે છે પરિણામે તે દીર્ઘજીવી બને છે.

યમી : હે યમ ! આપણા પ્રથમ દિનને (સમાગમના દિવસને) કોણ જોઈ રહ્યું છે ? કોને ખબર છે ? આથી આ બાબતે અન્યને કોણ કહેવાનું છે ? આથી મારી ઈચ્છાને પ્રતિકૂળ, તમે મને ક્લેશ આપીને અનેક

કર્મોવાળા અન્ય મનુષ્યો વિશે કેમ વાત કરો છો ?

આથી મારી ઈચ્છા છે કે પત્નીરૂપમાં હું આપને દેહ અર્પિત કરું છું. આપણે બન્ને ગાઢ સંશ્લિષ્ટ બની જઈએ, જેવી રીતે બે પૈડાં જોડાઈ જાય છે તેવી રીતે એક બની જઈએ.

યમ : હે યમી ! સતર્ક દેવદૂતો નિરંતર ભ્રમણ કરતા જ હોય છે. આથી મારી ધર્મ-બુદ્ધિને ભ્રષ્ટ કરવાની ઈચ્છા છોડી દે અને અન્ય કોઈની પત્ની બની તેની સાથે જોડાઈ જા.

યમી : (સ્વગત) યમ નિમિત્તે યજમાન દિવસ-રાત આહુતિ આપે છે. સૂર્ય તેજ તેમના માટે નિત્ય ઉદિત થાય છે, સંશ્લિષ્ટ દ્યાવાપૃથ્વીની સમાન હું પણ સહોદરત્વ છોડી આપની સાથે જોડાઈ જાઉં.

યમ : ભવિષ્યમાં ભલે એવા દિવસો આવે કે ભાઈ-બહેન અબંધુત્વભાવથી ભાઈ-બહેન મટી ભાર્યાત્વ સ્વીકારે, પરંતુ અત્યારે એ શક્ય નથી. આથી હે યમી ! તું સેવન સમર્થ અન્ય પુરુષને પતિરૂપમાં મેળવવા તેની તરફ તારો હાથ લંબાવ, મને છોડી દે.

યમી : એ ભાઈ કેવો, જેના રહેતા બહેનની ઈચ્છા અતૃપ્ત રહે ? આથી તું મારી ઈચ્છાનુસાર આચરણ કર.

યમ : એ બહેન કેવી, જેની સમક્ષ પોતાનો ભાઈ દુઃખી બને ? હું તારી આ ઈચ્છા પૂર્ણ કરી શકું તેમ નથી. તારા દેહને સ્પર્શ કરી શકું તેમ નથી. ધર્મના જ્ઞાતા, ભાઈ-બહેનના આવા સંબંધને પાશ કહે છે. હું આવું કરું તો આ કર્મ મારા મન, પ્રાણનો નાશ કરશે.

યમી : હે યમ ! તારી દુર્બળતા જોઈ મને દુઃખ થાય છે. તારુ મન મારી તરફ આકર્ષિત કેમ નથી થતું ? લાગે છે તારું મન કોઈ અન્ય સ્ત્રીમાં આસક્ત બન્યું છે.

યમ : હે યમી ! તું અન્ય પુરુષને મળીને તેની સાથે એવી રીતે એકરૂપ બની જા, જેવી રીતે લતા વૃક્ષ સાથે અને રસ્સી અશ્વ સાથે એકરૂપ થઈ જાય છે. તમે બન્ને અનુકૂળ મનવાળા બની સુખી થાવ.

પૃથ્વીનું ભરણપોષણ કરવા માટે દેવોએ જળ, વાયુ અને ઔષધિ આ ત્રણ તત્ત્વોને પ્રતિષ્ઠિત કર્યા. આ ત્રણેય સુંદર અને વિશ્વદ્રષ્ટા છે. અગ્નિ યજ્ઞ દ્વારા આકાશથી જળવૃષ્ટિ કરે છે. યજ્ઞમાં પૂજનીય દેવતાઓને તેમનો ભાગ-આહુતિ તેમના સુધી પહોંચાડે છે અને તેઓ સર્વજ્ઞ છે. હે જળધારક સૂર્ય !

સ્તોત્રરૂપ નાદથી અમારા મનની રક્ષા કરો. અગ્નિ અમને ઉત્કૃષ્ટ યજમાન બનાવે. અધ્વર્યુઓએ અગ્નિને દેવતાઓ સુધી હવિ પહોંચાડવા પ્રગટ કર્યો છે. સોમને જ્યારે લાવવામાં આવે છે ત્યારે તે અગ્નિનું વરણ કરવામાં આવે છે અને અગ્નિષ્ટોમ આદિ કર્મ સિદ્ધ થાય છે. તમે યજ્ઞને સુંદરતાથી સંપન્ન કરો છો અને અગ્નિ ઘૃતાદિથી પુષ્ટ બની યજમાન માટે દર્શનીય બને છે. હે અગ્નિ ! સ્તુત્ય એવા તમે હવિને દેવતાઓ સુધી પહોંચાડો છો. હે અગ્નિ ! દ્યાવાપૃથ્વી રૂપ માતા-પિતાને યજ્ઞ માટે પ્રેરિત કરો. જેવી રીતે સૂર્ય પોતાના તેજને પ્રેરિત કરે છે તેવી રીતે તમે પણ પોતાનું તેજ પ્રેરિત કરો.

દેવતા અગ્નિ દ્વારા પ્રેરિત થઈને યજ્ઞભાગ લેવા યજ્ઞમાં આવે છે. યજમાન અગ્નિની કૃપાથી જ અન્ન-અશ્વ આદિ ધન પ્રાપ્ત કરે છે. હે અગ્નિ ! અમારા આહ્‌વાનને સાંભળો, અને બધા દેવોને યજ્ઞમાં લાવો. હવિ સાથે દેવતાઓની સંગત કરાવો અને યજમાનને ધન આપો. અગ્નિ જ સૂર્ય બનીને ઉષાને અને તેનાં કિરણોને પ્રકાશિત કરે છે. તે ઉષાકાળમાં પ્રકાશિત થઈને દિવસભર પ્રકાશિત રહે છે અને ધ્યાવા-પૃથ્વીને પ્રકાશથી ભરી દે છે. આકાશ-પૃથ્વી અમારી સ્તુતિને સાંભળો. હે અગ્નિ ! તમે સમિધાઓથી દીપ્ત થનારા છો. અમારી હવિ તમારા સુધી પહોંચે. હે દ્યાવાપૃથ્વી ! જળકર્મની વૃદ્ધિ માટે અમે તમારી સ્તુતિ કરીએ છીએ. તમે જળ પ્રદાન કરી અમારી વૃદ્ધિ કરો. જ્યારે ઉપકારી, દીપ્તિમાન જળ સ્વકિરણો સહિત પ્રગટ થાય છે, ત્યારે અગ્નિ તેનું દોહન કરે છે. દેવતાઓમાં ક્ષાત્રબળધારી યમ અમારા હવ્યને ગ્રહણ કરે. અમારાથી જો યમનો અપરાધ થઈ ગયો હોય તો અગ્નિ અમને મુક્ત કરાવે. જોકે યમની બહેન યમીએ તેની ભાર્યા બનવા પ્રસ્તાવ કર્યો હતો. આથી યમનું નામ લેવું અપરાધ છે. આમ છતાં યમની જે સ્તુતિ કરે તેના અપરાધ ભૂલી જઈને હે અગ્નિ ! તમે એની રક્ષા કરો. અગ્નિ યજ્ઞ નિષ્પાદક છે. અગ્નિના કારણે જ મનુષ્ય સૂર્યલોકમાં નિવાસ કરે છે. જેમણે દેવ-તેજને ત્રણે લોકમાં સ્થાપિત કર્યું છે એવા તેજસ્વી અગ્નિની સૂર્ય અને ચંદ્રમા પણ પૂજા કરે છે. અગ્નિની કૃપાથી સવિતા, આકાશ, અદિતિ અને મિત્ર દેવતા અમને નિર્દોષ કરે. ઈન્દ્રનું અમે સ્તવન કરીએ છીએ. બળ વડે પ્રખ્યાત હે ઈન્દ્ર ! અમને સુખ અને ધન આપો. વાયુ અમને સુખી કરે. મિત્ર અને વરુણ અમને શોકમુક્ત કરે. હે અગ્નિ ! સ્મશાનવાસી, પ્રચંડ પરાક્રમી રુદ્ર દેવતાની સ્તુતિ કરો.

મૃત્યુ-સંસ્કાર કરનારા અગ્નિની ઈચ્છાથી સરસ્વતીનું આહ્‌વાન કરીએ છીએ અને જ્યોતિષ્ટોમ યજ્ઞ કરનારા તથા પિતૃઓ પણ સરસ્વતીને આહૂત કરે છે. આવી સરસ્વતી હવિદાતા યજમાનને ઈચ્છિત પદાર્થ આપે છે. હે પિતૃઓ ! તમે આ યજ્ઞમાં આવો. એક જ રથમાં પિતૃઓ સાથે આવતી સરસ્વતિદેવી અમને ધન-બળ આપો. જે પિતૃઓ સ્વધાની સાથે સોમપાન કરે છે તેમને હે અગ્નિ ! અમારી સમિપ લાવો. જે પિતૃલોકમાં ચાલ્યા ગયા છે અથવા વિભિન્ન દિશાઓમાં ગયા છે તથા જે પૃથ્વીલોકમાં છે તે બધા જ પિતૃઓને અમારા નમસ્કાર. માલતી નામક પિતૃ હવિ દ્વારા કવ્ય નામના પિતૃની સાથે અને યમ નામના પિતૃ-નેતા હવિ દ્વારા અંગિરા નામના પિતૃઓ સાથે વૃદ્ધિ પામે છે. આ બધા જ પિતૃઓ અમારા આહ્‌વાનથી યજ્ઞમાં આવે અને અમારા રક્ષક બને. આ સુપ્રસિદ્ધ સોમ, આસ્વાદનીય, મદવાન અને રસવાન છે. તેનું પાન કરનારા ઈન્દ્ર અસુર-સંગ્રામમાં અજેય બને છે. પૃથ્વીને ઓળંગી દૂર દેશમાં ગમન કરનારા, પિતૃઓના માર્ગે ચાલનારા, વિવસ્થાનના પુત્ર યમરાજની અમે પૂજા કરીએ છીએ. આત્મસાક્ષાત્કારથી રહિત પુરુષોના કર્મફળરૂપે પિતૃલોક અવશ્ય પ્રાપ્ત થાવ. પોતાનાં કર્મો અનુસાર જે માર્ગેથી પુરુષો પૃથ્વી ઉપર આવે છે તે બધા માર્ગોને યમરાજ જાણે છે.

યજ્ઞમાં આવેલા હે બહિર્ષદ પિતૃઓ તમારા માટે આ હવિ છે તેનું સેવન કરો. અમારી રક્ષા કરો અને રોગ શમનાત્મક બળ અમને આપો. અમારા અપરાધોની ક્ષમા કરો. વીર્યને પુરુષ આદિ આકૃતિઓમાં બદલનારા ત્વષ્ટાએ પોતાની પુત્રીનો વિવાહ સૂર્ય સાથે કરાવ્યો ત્યારે સૂર્યપત્ની તેમની પાસેથી અદશ્ય બની ગઈ. હે પ્રેત ! આ મનુષ્યોએ જેમની અર્થી ઉઠાવી છે તેમને યમ માર્ગેથી યમલોક ગમન કરાવો. યમલોકમાં યમ અને અમારા હવિથી પ્રસન્ન થયેલા વરુણ પણ તમને જોવા મળશે. હે રાક્ષસો ! તમે પહેલેથી અહીં રહેતા હોવ કે અહીં નવા આવ્યા હોવ, તમે આ સ્થાનથી દૂર જતા રહો, અહીં પ્રેત રહેશે. યમે આ સ્થાન તેને આપ્યું છે. હે અગ્નિ ! અમારા આ પિતૃયજ્ઞમાં પ્રદીપ્ત થાવ, સ્વધાની કામનાવાળા પિતૃઓ માટે હવિ ભક્ષણ કરવા આવો. અમે તમારું આહ્‌વાન કરીએ છીએ. પછી પિતૃઓને અહીં હવિ-ભક્ષણ માટે લઈ આવો. ઋષિ અંગિરા અમારા પિતૃ છે. તેઓ સોમપાયી છે. અમારા ઉપર તેમની કૃપા રહો. હે યમ ! અંગિરા નામના યજ્ઞીય પિતૃઓ સહિત અહીં આવો અને અમને મળો. અમે તમને અને

તમારા પિતા સૂર્યને બોલાવીએ છીએ. તેઓ કુશના આસન ઉપર બેસી હવિ-ગ્રહણ કરે. હે યમ ! તમે પણ અંગિરાની સાથે કુશાસન ઉપર બેસો. મંત્રો તમને બોલાવવા સમર્થ છે. અમારા હવિ વડે તમે પ્રસન્ન થાવ.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૨ દેવતા : યમ-જાતવેદ-પિતૃ**

સોમ ભાગમાં યમ માટે સોમ પ્રસ્તુત કર્યો છે. ઘૃતાદિ હવિ યમને આપવામાં આવે છે. અગ્નિ દૂતની જેમ હવિ લઈ જાય છે. હે યજમાનો ! યમ માટે ઘૃતાદિની આહુતિ આપો. પૂર્વજ, મંત્રદષ્ટા અંગિરાદિ ઋષિઓને નમસ્કાર. ઘૃત સંપન્ન ક્ષીરરૂપી હવિ યમ રૂપે હે યજમાનો તમે અર્પિત કરો. તેઓ અમને જીવિત રાખે અને શતાયુ બનાવે. હે અગ્નિ ! આ પ્રેતને ભસ્મ કરશો નહિ. તેની ત્વચાને અન્યત્ર ફેંકશો નહિ. જ્યારે તમે તેના શરીરને પકાવી દો ત્યારે તેને પિતૃઓ પાસે મોકલી દો. ત્યારે તે અસુનિત દેવતાને પ્રાપ્ત થશે. ત્રિકદ્રુક યજ્ઞ કરતી વખતે યમના માટે સોમ તૈયાર કરે છે. દ્યાવા-પૃથ્વી દિવસરાત્રી, જળ-ઔષધિ આ છ ઊર્વિઓ અને બધા છંદ યમ માટે જ પ્રવૃત્ત છે. હે મૃતક ! તું નેત્રદ્વારથી સૂર્યને, સૂત્રાત્મારૂપે વાયુને, અન્ય ઈન્દ્રિયોથી દ્યાવાપૃથ્વી અને અંતરિક્ષ તથા જલને પ્રાપ્ત થા. જો આ સ્થાનમાં જવાની ઈચ્છા ન હોય તો ઔષધિ આદિમાં પ્રવિષ્ટ થાવ. હે અગ્નિ ! આ અજન્માને તમારા તેજ વડે પ્રકાશિત કરો. અને જે વિરાટ-સ્વરાટ આદિ શરીર છે તેનાથી આ પ્રેતામાને પુણ્યાત્માઓનો લોક પ્રાપ્ત કરાવો. હે અગ્નિ ! તમારી જે જ્વાળાઓ દ્યાવાપૃથ્વી, અંતરિક્ષમાં વ્યાપી છે તે આ 'અજ'ને પ્રાપ્ત થાવ. તમારી જ્વાળાઓથી પ્રેતના શરીરરૂપી હવિને પકાવો. હે અગ્નિ ! આહવિ રૂપ જે પ્રેત શરીર તમને આપ્યું છે અને જે 'સ્વધા' સંપન્ન થઈ તારી અંદર ઘૂમી રહ્યું છે તેને પિતૃલોકમાં છોડીને તું પુત્ર-આયુ સંપન્ન થઈ ઘરે પાછો જતો રહે.

હે પ્રેત ! તું પિતૃલોકમાં જઈ રહ્યો છે. 'સરમા' નામની કૂતરીના શ્યામ-શવલ નામના બે પુત્રો સાથે તું પ્રસન્નચિત્તે રહેનારા પિતૃઓની પાસે પહોંચી જા. હે પિતૃઓ ! તમારા લોકમાં આવતા આ પ્રેતને અડચણ વિનાનું સ્થાન આપો. મોટા નાકવાળા, પ્રાણાપહારી, પ્રાણીઓના અપહૃત પ્રાણોથી તૃપ્ત થતા યમદૂત અમારાં સૂર્યદર્શન નિમિત્તે પંચેન્દ્રિય યુક્ત પ્રાણને અમારા શરીરમાં

પુનઃ સ્થાપિત કરે. કેટલાક પિતૃઓને પ્રવાહિત સોમ પ્રાપ્ત થયો છે, કેટલાક વ્રતોપભોગી છે, કેટલાક માટે મધુ-સરિતા પ્રવાહિત છે. હે પ્રેત ! તું આ બધાને પ્રાપ્ત કર. તપથી, યજ્ઞાદિ સાધનોથી, કષ્ટસાધ્ય કર્મો અને ઉપાસનાથી જે પુણ્યલોક પ્રાપ્ત થયું છે તે પુણ્યલોક હે પ્રેત ! તને પ્રાપ્ત થાવ. યુદ્ધ ક્ષેત્રમાં લડતા-લડતા શરીર ત્યાગની વાત, દક્ષિણા-યજ્ઞ-સંપન્ન કરનારાને જે સુફળ મળે છે હે પ્રેત ! તું આ બધા ફળ પ્રાપ્ત કર અને તપસ્વી ઋષિઓ દ્વારા જે પ્રાપ્ય ફળ છે તે પણ તને જ મળે. હે વેદીરૂપિણી પૃથ્વી ! તું આ પ્રેતને બાધાહિન બળ બને તથા સુખ આપ. હે પ્રેત ! તેં પહેલા જે હવિદાનરૂપ સુકર્મ કર્યાં છે તેના સુફળ હવે તને મધુ-રસ-પ્રવાહ રૂપે પ્રાપ્ત થાવ.

હે પ્રેત ! મારા મનથી તારા મનને આ લોકમાં આહૂત કરું છું. તું અમારા ઘરોમાં આવ. અહીં તારા માટે ઊર્ધ્વ દૈહિક કર્મ કરવામાં આવે છે અને આવીને પિતા, પિતામહ, પ્રપિતામહ વગેરે સાથે સપિન્ડિકરણમાં મળ. પ્રાપ્ત લોકમાં યમની પાસે જઈને માર્ગ શ્રમાપહારી સુખકર વાયુને પ્રાપ્ત કર. હે પ્રેત ! તને મરુદ્‌ગણ ધારણ કરે, ઊર્ધ્વલોકમાં પહોંચાડે અને જળ તને સિંચે. તું ફરીથી આયુ, મન-પ્રાણ પ્રાપ્ત કર. હે પ્રેત ! તારું મન-ઈન્દ્રિય તને છોડે નહિ, પ્રાણનો ક્ષય ન થાય, દેહાંગમાં વિકૃતિ ન આવે. રૂધિર-રસપૂર્ણ રહે અને કોઈ અંગ તારાથી અલગ થાય નહિ.

હે પ્રેત ! તે વૃક્ષ નીચે બેસે, જે ભૂમિ ઉપર આશ્રય લે, તે તને પીડિત ન કરે. તું પિતૃલોકમાં આગળ જા. હે પ્રેત ! તારા જે અંગ શરીરથી પૃથક થઈ ગયા છે, જે પ્રાણ શરીરમાંથી નીકળી ગયા છે તે બધાને એક જગ્યાએ એકત્ર કરી પિતૃઓ તને બીજા શરીરમાં પ્રવેશ કરાવે. હે મૃત પુરુષના જીવિત બંધુઓ ! આ પ્રેતને ઘરમાંથી ઉઠાવીને લઈ જાવ. યમે તેને પિતૃલોક માટે લઈ લીધું છે. જે રાક્ષસ પિતા-પિતામહો સાથે મળીને પિતૃયાગનાં હવિનું માયાથી ભક્ષણ કરી લે છે તે રાક્ષસોને અગ્નિદેવ પિતૃયાગથી દૂર કરે. અમારા ગોત્રના પિતૃ આ પિતૃયજ્ઞમાં આવો, સુખી થાવ અને અમને સુખી કરો. અમારા આયુષ્યની વૃદ્ધિ કરો. હે આયુષ્માન ! અમે પિતૃઓને હવિદાન આપી પૂજન કરીએ અને ચિરાયુ જીવન જીવીએ. હે પ્રેત ! તારા નિમિત્તે અમે ગૌદાન કરીએ છીએ. તેનાથી યમલોકમાં તને પુષ્ટિ મળો.

હે પ્રેત ! વનમાં અમે હિંસક પશુઓથી રક્ષણ મેળવીએ. અમને અશ્વાવતી નદી પાર કરાવો, જેમણે તારો વધ કર્યો તે વધયોગ્ય બને.

ઉપભોગ્ય પદાર્થો પામી શકે નહિ. અમારો આ યજ્ઞ સર્વોત્કૃષ્ટ યમ માટે છે. જે પિતૃઓને ભૂમિમાં દાટવામાં આવ્યા છે, જે ઊર્ધ્વલોક-પિતૃલોકમાં ગયા છે, પિંડદાન-પિતૃયાગાદિથી તૃપ્ત થઈ આકાશની મધ્યમાં રહે છે તે બધા અહીં આવે અને આ યજ્ઞમાં હવિભાગ મેળવી તૃપ્ત થાય. હે અગ્નિ ! આ પ્રેતના શરીરને હવે વધારે બાળશો નહિ. આને સુખ મળે એવું કરો. યમ પ્રેતને જોઈને કહે છે – આ પુરુષ જો મારો થાય તો હું તેને સ્થાન આપી શકું. અહીં રહીને જો મારું સ્તવન કરતો રહે તો અહીં રહી શકે છે અને આ સ્મશાનને એટલા માટે માપીએ છીએ કે અમને બ્રહ્માએ સો વર્ષનું આયુષ્ય આપ્યું છે. આથી સો વર્ષ પહેલા અમે મૃતક કાર્યને પ્રાપ્ત બનીએ નહિ અને અમે સો વર્ષ પહેલા આ સ્મશાનમાં આવીએ નહિ. અમે સ્મશાનભૂમિને માપી લીધી. તે માપ દ્વારા જ આ પ્રેતને સ્વર્ગમાં મોકલીએ છીએ. આ કર્મથી અમને સો વર્ષની આયુ પ્રાપ્ત થાવ. મારે સો વર્ષ પહેલા અહીં આવવું નથી. હે પ્રેત પુરુષ ! તું યમરાજના માર્ગ દ્વારા પિતૃઓને પ્રાપ્ત કર. જે પ્રેત સંસાર-રહિત થયા પછી પાપોને છોડાવી પરલોકમાં ગયા છે, જે અંતરિક્ષને ઓળંગી સ્વર્ગમાં ગયા છે અને ઊર્ધ્વલોકમાં પુણ્યફળ પ્રાપ્ત કરે છે. નીચેની તરફ દ્યુલોક છે. આ દ્યુલોકમાં ત્રીજા ભાગમાં પિતૃઓ નિવાસ કરે છે. અમારા પિતા-પિતામહ, પ્રપિતામહના પિતૃઓ અને અન્ય પિતૃઓ જે અંતરિક્ષમાં, સ્વર્ગમાં કે પૃથ્વી પર રહે છે તે બધાને મારા નમસ્કાર. હે પિતૃઓ ! અમે શ્રાદ્ધ આદિમાં જે આપીએ છીએ તે જ તમારું જીવન છે.

હે પૃથ્વી ! જેવી રીતે માતા પોતાના પુત્રને ઢાંકે છે તેવી રીતે તું આ મૃતકને પોતાના તેજથી ઢાંકી દે. આ મૃતક જીવિતાવસ્થામાં જે ભોજન કરી ચૂક્યો છે તે સિવાય તેની પાસે કોઈ ભોજન નથી કે સ્મશાન સિવાય બીજું કોઈ સ્થાન નથી. આથી હે પૃથ્વી ! તું આ મૃતકને એવી રીતે આચ્છાદિત કર જેવી રીતે પત્ની પતિને વસ્ત્ર આચ્છાદિત કરે છે. હે મૃતક ! આ મંગળમયી માતા પૃથ્વીના વસ્ત્રથી તને ઢાંકું છું. જીવિત અવસ્થામાં જે વસ્તુઓનું દાન કરવામાં આવે છે તે બધી વસ્તુઓ તમને મળે છે અને જે સ્વધાયુક્ત અન્ન પિતૃઓને મળે છે તે તને મળો. હે અગ્નિ ! હે સોમ ! તમે આ પુણ્યલોકના મર્માળુ બનાવનારા છો, તમે સ્વર્ગની રચના કરી છે. હે પ્રેત! પૂષા ! તને આ સ્થાનમાંથી લઈ જાય અને પિતૃઓને અર્પણ કરે. અગ્નિ તને ઐશ્વર્યવાન દેવતાઓને સોંપે. આયુ તારી રક્ષા કરે. પૂષા તારા પૂર્વની તરફ

જનારા માર્ગની રક્ષા કરે. તને સવિતા નાકપૃષ્ઠમાં પ્રતિષ્ઠિત કરે. પોતાના પહેરેલા વસ્ત્રો છોડી દો. જે ઈચ્છાપૂર્તિઓ માટે તેં બાંધવોને ધન આપ્યું હતું તે ઈષ્ટ-કર્મના ફળ પ્રાપ્ત કર અને દાહ-નિવારક કવચ પહેરી લે જેથી ઈન્દ્રિયાદિને અગ્નિમાં સળગાવવાથી તને સંતાપ થાય નહિ.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૩ દેવતા : મંત્રોક્ત-અગ્નિ-ભૂમિ-ઇન્દ્ર-જળ**

આ સ્ત્રી ધર્મપાલનાર્થ તારા દાન આદિ ફળની ઈચ્છાથી તારી પાસે આવી છે. આ સ્ત્રીને તું બીજા જન્મમાં પણ પ્રજાપતિ કરજે. હે નારી ! તું આ પ્રાણહિન પતિ પાસે બેઠી છે. તેની પાસેથી ઊઠ. તું તારા પતિની ઉત્પત્તિ રૂપે પુત્ર-પૌત્રાદિને પ્રાપ્ત કરી ચૂકી છે. તરુણ ગાયને દાન માટે લાવવામાં આવી છે. તેને શબ પાસેથી દૂર લઈ જઈ આપની પાસે લાવું છું. હે ગાય ! તું આ મૃતક ગોપતિને સ્વર્ગ પ્રાપ્ત કરાવ. શબને ભસ્મ કરનાર હે અગ્નિ ! તમે જળના પિત્ત રૂપે છો. આ શબ ભસ્મ થઈ ગયું છે. આથી હવે તેને વેત નદીની શાખામાં શાંત કરું છું. હવે આ સ્થળે બૃહદ દુર્વા આદિ ઔષધિ ઊગશે. હે અગ્નિ ! તમે જેને ભસ્મ કર્યા તેને સુખી કરો. હે પ્રેત ! આ ગાર્હપત્ય અગ્નિ તને પરલોકમાં પહોંચાડનાર જ્યોતિ છે. તું બાહવનીય અગ્નિથી જોડાઈ જા અને અગ્નિ સંવેદાનથી નવું દેવ શરીર પ્રાપ્ત કર અને ઈન્દ્ર આદિનો પ્રિય પાત્ર બન. હે પ્રેત ! તું આ સ્થાન પરથી ઊઠીને આગળ જા. ઝડપથી ચાલી અંતરિક્ષમાં જા. પિતૃઓને મળીને સોમપાન કરી આનંદિત થા. હે પ્રેત ! તારાં બધાં અંગોને એકત્ર કર અને એ સ્થાનમાં પ્રવેશ કર તથા એ ભૂમિ પ્રાપ્ત કર જ્યાં તારું મન હોય.

હે પિતૃ ! અગ્નિદેવ ! અમને તેજસ્વી કરો. વિષ્ણુ મેધામય કરો. વિશ્વેદેવા અમને સુખદાયક ધન આપો, જળ તમારા શુદ્ધિ સાધન વાયુના અંશેથી અમને પવિત્ર કરો. મિત્ર-વરુણ અમને વસ્ત્રાદિથી યુક્ત રાખે, આદિત્ય અમારી વૃદ્ધિ કરે અને શત્રુઓને સંતપ્ત કરે. ઈન્દ્ર અમને ભૂજબળ આપે અને સવિતા દીર્ઘાયુ કરે. યમે પહેલા મૃત્યુને પ્રાપ્ત કર્યું અને તેને લઈને લોકાન્તરોમાં ગયા. હે ઋત્વિજો ! પાપ-પુણ્યાનુસાર ફળ આપનારા યમનું પૂજન કરો. હે પિતૃઓ ! અમારા પિતૃયાગથી સંતુષ્ટ થઈ તમે બધા પોતપોતાના લોકમાં જાઓ. પછી જ્યારે અમે તમને બોલાવીએ ત્યારે આવજો.

અમે તમને મધુ-ઘી યુક્ત હવ્ય આપ્યું છે. તેનો સ્વીકાર કરી અમને સંતાન, પશુ તથા મંગળમય ઐશ્વર્ય આપો. કણ્વ, કક્ષીવાન, પુરૂમીઢ, અગસ્ત્ય, સૌભરિ, વિશ્વામિત્ર, જમદગ્નિ, અત્રિ, કશ્યપ, વામદેવ આદિ પૂજ્ય ઋષિ અમારા રક્ષક છે. હે પૂજ્ય પિતૃઓ ! તમે પણ અમને સુખ આપો. બાંધવો મૃત્યુના દુઃખને સ્મશાનમાં જ છોડી દે છે તથા શબ-સ્પર્શના પાપથી મુક્ત બની હવે ઘરે જઈ રહ્યા છે. અમે સંતાન, પશુ, ધન-ધાન્ય, સુગંધ, આયુષ્યથી સંપન્ન બનીએ. હે પિતૃઓ ! તમે તમારા સોમ-ધન સહિત અમને મળો. તમે તમારા યશથી યશસ્વી છો. અમને અભીષ્ટ પ્રદાન કરો અને અમે બોલાવીએ ત્યારે પધારો. તમે અત્રી-અંગિરા ગોત્રીય છો. નવ મહિના સુધી સત્ર-ત્યાગ કરવાને કારણે સ્વર્ગારોહી બન્યા છો. સદક્ષિણા દશમાસિક યાગ પૂર્ણ કરીને પુણ્યાત્મા બન્યા છો. આથી અમે આપેલા કુશના આસન ઉપર બેસો અને અમારા હવિથી તૃપ્ત થાવ.

હે અગ્નિદેવ ! જે અમારા પિતૃઓ સ્વર્ગમાં ગયા છે, ઉકથનું ગાન કરનાર જે પિતૃઓ અંધકારને દૂર કરનારી ઉષાને પ્રકાશિત કરે છે, દેવ કામ્ય તપથી જે પિતૃઓ દેવત્વ પ્રાપ્ત કરે છે અને ગાર્હપત્યાગ્નિને પ્રદીપ્ત કરી જેમણે સ્તુતિઓથી ઈન્દ્રને પ્રવૃદ્ધ કર્યા છે તે બધા જ અમારા પિતૃઓને અહીં ગાયો સાથો સદા નિવાસ કરાવો. હે અગ્નિ ! અમે તમારા સેવક છીએ અને તમે અમારા સ્વામી છો. અમને સુંદર કર્મ કરનારા બનાવો. ઉષાકાળમાં અમારાં કર્મોના ફળને સત્ય બનાવો. અમારા દેવરક્ષિત કર્મ અમારા માટે કલ્યાણકારી બનો. અમે પુત્રાદિથી સંપન્ન રહીએ અને યજ્ઞમાં સ્તોત્રોનું ઉચ્ચારણ કરીએ. હે અગ્નિ ! મરણધર્મા મનુષ્યો તમારી કૃપાથી જ ભોગ પ્રાપ્ત કરે છે, દેવત્વ પ્રાપ્ત કરે છે, પ્રવૃદ્ધ થાય છે. પુણ્યના ફળરૂપ સ્વર્ગદાતા દેવોને અમે હવિ વડે પૂજીએ છીએ. હે દેવો ! યજ્ઞનો ભાગ પ્રાપ્ત કરો. મરુદ્‌ગણ સહિત ઈન્દ્ર પૂર્વ દિશામાં ભયથી અમારી રક્ષા કરો. દક્ષિણ દિશાના દેવ ધાતા પાપ દેવી નિઋતિના ભયથી અમારી રક્ષા કરો. ઉત્તર દિશાના ભયોથી દેવો સહિત સોમ અમારી રક્ષા કરો. દાતાઓને આપવામાં આવેલી પૃથ્વી જેવી રીતે દાતા-ગૃહીતાને સ્વર્ગ આપે છે તેવી રીતે અમારી રક્ષા કરો. જે સ્વર્ગાદિનું દાન આપનારા દેવતાઓને હવિ આપી દેવામાં આવે છે તે દેવતાઓનું અમે પૂજન કરીએ છીએ. હે પ્રેત ! સંસારના ધારણકર્તા વરુણદેવ ઊર્ધ્વ દિશામાં જનારા તમને ધારણ કરે. જે સ્વર્ગાદિ આપનારા દેવતાઓનો

અમે ભાગ લઈ ચૂક્યા છીએ તે દેવતાઓનું અમે પૂજન કરીએ છીએ.

હે પ્રેત ! પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ધ્રુવ, ઊર્ધ્વ દિશામાં સ્થિત કામળાથી આચ્છાદિત પિતૃઓની તૃપ્તિ માટે સ્વધાને પ્રતિષ્ઠિત કરીએ છીએ. જેવી રીતે દાનમાં અપાયેલી પૃથ્વી દાતા-ગૃહિતાને સ્વર્ગ અપાવે છે તેવી રીતે તમારી રક્ષા કરો. જે સ્વર્ગાદિને પ્રાપ્ત કરાવનારા દેવતાને અમે હવિભાગ આપી ચૂક્યા છીએ તેમની પૂજા કરીએ છીએ. હે અગ્નિ ! તમે ધારણકર્તા, ધરુણ, વરણીય ગતિ અને સુવર્ણપૂરક તથા પ્રાણાત્મક વાયુના પણ પૂરક છો. દ્યાવાપૃથ્વી, ભૂલોક અને સ્વર્ગલોકના ભયોથી અમારી રક્ષા કરો. હે દ્યાવાપૃથ્વી ! તમે સંસારનું પોષણ કરનારા છો. જ્યારે તમને હવિ આપવામાં આવે છે ત્યારે તમે ગ્રહણ કરો છો. હે હવિર્ધાના ! અમે તમને નમસ્કાર કરીએ છીએ. તમે સોમ-હવિ માટે પ્રસ્તુત થાવ. અવિનાશી દેવતા અમારા આ સ્તોત્રને સાંભળો.

હે અગ્નિ ! તમે પ્રાણીઓના જ્ઞાતા છો, અમારી સ્તુતિઓ સાંભળો, દેવો માટે હવિ વહન કરો. તમે પિતૃઓને સ્વધા સહિત કવ્ય આપ્યું જેને પિતૃઓએ ગ્રહણ કર્યું. હવે તમે અમારા હવિનું સેવન કરો. હે પિતૃઓ ! તમે ઉષા માતાની ગોદમાં બેસો છો. તમે યજમાનને ધન આપો. અમને પુન્નામના નર્કથી બચાવનાર પુત્રો માટે સંપત્તિ પ્રદાન કરો. હે પિતૃઓ ! તમે સ્તોત્રો અને હવિઓથી સંતુષ્ટ થઈને ઈહલૌકિક મને પારલૌકિક ફળ આપી રક્ષા કરો. જે પિતૃઓ તરસ્યા થયા હોય છતાં દેવતાઓની સ્તુતિ કરી રહ્યા છે તેમને હે અગ્નિ ! આ સોમયાગમાં લઈ આવો. સત્યભાષી, હવ્યાદિના ભક્ષક, સોમપાયી પિતૃઓ સહિત હે અગ્નિ ! અમારી સામે આવો.

હે પ્રેત ! માતા સમાન સુખદાયિની પૃથ્વી ઉપર આવો. હે ભૂમિ ! તમે કર્કશ બનશો નહિ. જેમ માતા પુત્રને ઓઢાડે છે તેવી રીતે તમે આને આચ્છાદિત કરો.

હે પુરુષ ! તારાં જે અંગોને કાળા પક્ષી કે ઝેરી દાઢવાળી પિપીલિકાએ ખાધું છે તેને અગ્નિ દેવતા અને સોમ નીરોગી બનાવે. ઔષધિઓ તમારા માટે સારવાળી બનો. વરુણ તમને નીરોગી રાખે.

હે પૃથ્વી ! તું આ અગ્નિથી દગ્ધ પુરુષને મંડૂકપર્ણી વનૌષધિ દ્વારા શીતળતા આપ. તેના અંગની જલન શાંત કર. સૂર્ય અમને અમરત્વ આપે. હે બ્રાહ્મણો ! યમની હવ્યાદિથી પૂજા કરો. યમ તમારા જીવનને પુષ્ટ કરે. આ

અગ્નિ ધૂમ્રરૂપ ધ્વજાથી ચમકે છે. આ કામનાવર્ષક છે. હે ઈન્દ્ર ! અમને અભિષ્ટ આપો. જેનાથી અમે દીર્ઘજીવી બનીને સુખ ભોગવીએ. હે અગ્નિ ! તમે સળગીને આ મૃતકના શરીરને ભસ્મ કરી આ પુણ્યાત્માને લોકમાં પહોંચાડો. હે મૃતક ! આ શરીરમાંથી નીકળી વ્યોમમાં ઊંચેની અને તારાઓના લોકમાં પહોંચી જાવ.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૪ દેવતા : મંત્રોક્ત**

હે અગ્નિ ! તમે તમારી ઉત્પાદક અરણીઓમાં પ્રવિષ્ટ થાઓ. અમે તમને અરણિઓમાં સ્થાપિત કરીએ છીએ. જે યજમાને તમારા નિમિત્તે યજ્ઞ કર્યો હતો, તે વિદેશમાં મૃત્યુ પામેલા યજમાનને તમે પુણ્યલોકમાં પ્રવેશ કરાવો. હે પ્રેત ! તું દુઃખરહિત સ્વર્ગમાં નિવાસ કર. આ સ્વર્ગ તને ઈચ્છિત અન્ન અને રસ આપનારું બનો. તીર્થ, યજ્ઞાદિ કર્મથી વિપત્તિઓ દૂર થાય છે. એવો વિચાર કરીને યજ્ઞાદિ શુભ કર્મ કરનારા આ યજમાન માટે સ્વર્ગાદિના શુભ માર્ગ ખૂલી જાવ. હે અગ્નિ ! બધી દિશાઓના ક્રૂર અને હિંસકોથી આ પ્રેતની રક્ષા કરો. હે અગ્નિ ! આ મૃતને ચો-તરફથી સારી રીતે સળગાવી દો. તે પોતે એક હોવા છતાં તમારી ત્રણ સ્વરૂપમાં (ગાર્હપત્ય-આહવનીય-દક્ષિણ) સ્થાપના કરી હતી. આવા યાજ્ઞિકને સ્વર્ગમાં પહોંચાડો. અગ્નિ આ મેધ્યનું ભક્ષણ કરે, આમતેમ ન ફેંકે, અર્ધદગ્ધ ન રાખે. સ્વર્ગમાં ઉપર જતાં આ પુણ્યાત્મા પ્રેત માટે દેવયાન માર્ગ પ્રકાશયુક્ત બનો. હે પ્રેત ! તારા પિતૃમેધ યજ્ઞમાં અગ્નિ, બૃહસ્પતિ, અધ્વર્યુ અને ઈન્દ્ર બ્રહ્મા પણ આવો. દળેલા ઘઉં અને દહીં, ગાયનું ઘી, પ્રાણીજ દ્રવ્ય, મિશ્રિત ઓદનરૂપ આ ચરુ, આ કર્મમાં અસ્થિઓની પાસે પશ્ચિમમાં રાખવામાં આવે. આ સંસ્કારને પ્રાપ્ત થતા પ્રેત માટે સ્વર્ગ-નિર્માતા ઈન્દ્રાદિ દેવતાઓમાંથી આ હવિના અધિકારી એવા અત્યારે હાજર દેવતાઓને અમે પ્રસન્ન કરીએ છીએ. દળેલા ઘઉંના પૂડલાથી યુક્ત અન્નથી છ પ્રકારના રસ, અન્ય પ્રકારના પૂડલા (માલપુવા)થી મિશ્રિત કુંભીમાં પાકેલા ઓદનરૂપ ચરુ આ કર્મમાં અસ્થિઓની પશ્ચિમ દિશામાં રાખવામાં આવે. હે પ્રેત ! હવિભાગના અધિકારીએ પોતાના ભાગનો ચરુ સ્વીકારી લીધો છે. આ ચરુ તને પરલોકમાં સ્વધાથી યુક્ત રાખશે. હે પ્રેત !

તારા માટે આ કાળા તલથી યુક્ત જવ વેર્યા છે, તે તને પરલોકમાં પ્રચુર માત્રામાં મળશે અને તેને ખાવાની તને યમરાજ આજ્ઞા આપશે. સોમરસમાં સ્થિત જળાંશને પૃથ્વી, દ્યાવાપૃથ્વી, દ્યુલોક અને સાત વષટ્કર્તા હોતાઓને ધ્યાનમાં રાખીને અગ્નિમાં હોમું છું. આ બધું અમે દેવતાઓની પ્રસન્નતા માટે કરીએ છીએ. ઘડામાંથી વેગપૂર્વક ટપકતું આ પાણી સ્વર્ગમાં લઈ જનારા (પહોંચાડનારા) દેવતા તારું ધન માને છે અને ચાર છિદ્રવાળા આ કુંભને ગાયને દોહવા સમાન માને છે.

હે પ્રેત ! સવિતા તને ઢાંકવા માટે આ વસ્ત્ર આપે છે. તેને ઓઢીને તું યમના રાજ્યમાં સ્વેચ્છાપૂર્વક ફરી શકે છે. શેકેલા જવના ખીરામાંથી ગાય અને તલમાંથી વાછડો બનાવ્યો છે. આ ધેનુ તને પિતૃલોકમાં કામધેનુ સમાન્ મળશે અને ઈચ્છિત ફળ આપશે. લાલ, શ્વેત, લીલી અને કાળી તથા પીળા રંગની રમકડાની ગાય બનાવી છે. આ રમકડાની ગાય તને યમલોકમાં બળદાયક અન્ન આપશે. વૈશ્વાનર અગ્નિને અમે હવિમાં નાંખીએ છીએ. આ હવિ પિતૃઓને તૃપ્તિ આપનારી બને છે. તેનાથી પ્રદીપ્ત અગ્નિ અમારા પૂર્વપુરુષોને તૃપ્ત કરે. ભૂત-પ્રેત, પિતૃઓ છિદ્રવાળા ઘડામાંથી ટપકતા જળની કામના કરે છે. હે સમાન કુળ-ગોત્રવાળા મૃતક બાંધવો ! આ અસ્થિઓને સાવધાનીથી એકત્ર કરો. આ પ્રેત અમરત્વને પામી ગયો છે. આચમન યોગ્ય આ જળ પુત્ર-પૌત્રાને તૃપ્તિ કર અને આ પિંડથી ઉપજીવન પ્રાપ્ત કરનાર પિતૃઓને સ્વધા પ્રદાન કરીએ છીએ. જે પિતૃઓ પિંડરૂપ અન્નનું સેવન કરવા આવ્યા છે તેઓ અમને કુશળતા અને પુત્ર-પૌત્રાદિ ધન આપો.

અવિનાશી અગ્નિને કર્મવાન પ્રગટ કરે છે. આ અગ્નિ દૂર દેશમાં વાસ કરતા પિતૃઓને ઓળખે છે આથી પ્રદીપ્ત કરીએ છીએ. હે પ્રેત ! તારા માટે જે મન્થ આપી રહ્યો છું તે તને સ્વધારૂપે પ્રાપ્ત થાવ. હે પ્રેત ! આ કાળા તલ અને ખીલો સ્વધારૂપે તને યમલોકમાં પ્રાપ્ત થાવ. મૃતકના સંસ્કાર કરનાર અગ્નિને પ્રદીપ્ત કરતી વખતે અને સરસ્વતીનું આહ્વાન કરીએ છીએ અને જ્યોતિષ્ટોમ યજ્ઞ કરતી વખતે પણ સરસ્વતીનું આહ્વાન કરીએ છીએ. આ સરસ્વતી યજમાનને વરણીય પદાર્થ આપે. હે પિતૃઓ ! સરસ્વતીને તૃપ્ત કરનાર હવિથી તમે પણ તૃપ્ત થાવ. પિતૃઓ દ્વારા આહૂત થઈને હે સરસ્વતી દેવી ! અમને ઈચ્છિત અન્ન આપો. હે સરસ્વતી ! તમે ઉક્થ અને સ્વધારૂપ

અન્નથી તૃપ્ત બનીને પિતૃઓની સાથે એક જ રથમાં આગમન કરો છો. તમે યજમાનને અન્ન આપો. યજ્ઞનું અનુષ્ઠાન કરનારા અમારા આયુષ્યની ધાતાદેવ વૃદ્ધિ કરે. હે પિતૃઓ ! આ તૈયાર કરેલ ચરુ-કુંભી તમને અન્ન પ્રાપ્ત કરાવશે.

આ સંસ્કાર કરાવનાર અને પિતૃઓ અને દેવતાઓની જીવનકામના કરીએ છીએ અને મૃતક પ્રેતને બેસવા માટે કુશનું આસન પાથરીએ છીએ. હે મૃતક પુરુષના પ્રેત ! તું આની ઉપર બેસ, જેથી પૂર્વ પિતૃઓને પણ ખબર પડે કે તું પ્રેત બન્યો છે. હવે તું પિતૃમેધ માટે યોગ્ય બન્યો હોવાથી બધા પિતરો પણ તને પ્રેત તરીકે જાણે. તારા અસ્થિઓ જેવી રીતે જીવિત અવસ્થામાં હતા તેવી રીતે જ રહે. કૂળમાં મોટા એવા તારા અસ્થિઓને મંત્ર વડે હું એકત્ર કરું છું. અસ્થિ ભેગા કરવા લાવવામાં આવેલ આ પલાશપત્ર અમને અન્ન, રસ, બળ અને શક્તિ તથા શતાપુષ્પ પ્રદાન કરે. હે બાંધવો ! અમને હવિઓથી સંતુષ્ટ કરો. એમ કરવાથી તમારી વૃદ્ધિ થશે.

સ્તોતાઓને અભીષ્ટ આપનારા સોમને ગરણીથી ગાળીએ છીએ. દિવસ-રાત્રિનું કારણ સોમ જ છે. ઉષા અને આકાશને પણ તે જ વધારે છે. તે જનસમૂહોના જળનું માધ્યમ છે. આ જળ કલશોમાં જતી વખતે ધ્વનિ કરે છે અને ત્રણેય યજ્ઞ-સ્તવનોમાં ઈન્દ્રના ઉદરમાં પહોંચી જાય છે. આ સોમ યષ્ટાનો મિત્ર છે અને તેમની કામનાઓને પૂર્ણ કરે છે. જેવી રીતે પુરુષ સ્ત્રીને મળે છે તેવી જ રીતે સોમ દ્રોણકળશમાં જઈને તેમને મળે છે.

પિંડ ભક્ષણ કરીને પિતૃઓ તૃપ્ત થઈ ગયા. તેઓ પોતાના શરીરને કંપાયમાન કરી રહ્યા છે. અમારી પ્રશંસા કરે છે. આ તૃપ્ત બનેલા પિતૃઓ પાસે અમે અભીષ્ટ ફળ માંગીએ છીએ. હે સોમના પાત્ર પિતૃઓ ! તમે પિતૃયાનથી આગમન કરો, તમારા માટે આ પિંડ અને કુશના આસન પાથર્યા છે અને તમને તલ આપીએ છીએ. તમે અમને આયુ, સંતાન અને ધનથી પુષ્ટ કરો.

હે પિતૃઓ ! તમે પિતૃયાનથી તમારા લોકમાં જાવ. અમાવાસ્યાના દિવસે ફરીથી અમારા ઘરે હવિ ભક્ષણ કરવા આવજો, અને હવિ-ગ્રહણ કરી અમને સુંદર સંતાન-ધન આપો. હે પ્રેત ! તમારા જે અંગને અગ્નિએ ઉછાળીને દૂર કર્યું છે, ભસ્મ કર્યું નથી તેને અમે પુનઃ અગ્નિમાં નાખી તમને પ્રબુદ્ધ કરીએ છીએ. તમે પૂર્ણાંગ બનીને પ્રસન્નતાથી સ્વર્ગમાં જાવ. વંદના

યોગ્ય અગ્નિને પ્રાતઃસાયં અમે દૂત બનાવી પિતૃઓ પાસે મોકલીએ છીએ. હે અગ્નિ ! અમારા હવિને તમે તેમની પાસે પહોંચાડો. તેઓ તેનું સેવન કરે. તમે પણ આ હવિનું સેવન કરો. જેવી રીતે સ્ત્રીઓ પોતાના ખભાને ઢાંકી રાખે છે તેવી રીતે હે અગ્નિ ! તમે આ પ્રેતને ઢાંકી રાખો. હે પ્રેત ! અમે તમને પિતૃલોકમાં પ્રતિષ્ઠિત કરીએ છીએ. હે બર્હી ! અમારા પિતૃઓને બેસવાનું સ્થાન બનાવો. હે વરુણ ! તમે તમારા ઉત્તમ, મધ્યમ અને અધમ પાશ અમારાથી દૂર લઈ જાવ. તેનાથી બચીને અમે તમારી આરાધના કરીએ અને અમારો વધ ન થાય અને તમારાથી રક્ષિત અમે સો વર્ષ જીવીએ.

કવ્ય-વાહન અગ્નિને સ્વધાયુક્ત હવિ પ્રાપ્ત થાવ. અમે તેમને નમન કરીએ છીએ. સોમને સ્વધાયુક્ત અને નમસ્કારયુક્ત આ હવિ પ્રાપ્ત થાવ. સોમ સાથેના પિતૃઓ, પિતૃયોગ અધિપતિ યમ, પ્રપિતામહ અને પત્ની, પુત્ર આદિ પિતૃ, પિતારૂપ પિતૃ, પૃથ્વીવાસી પિતૃ, અંતરિક્ષવાસી પિતૃ, સ્વર્ગવાસી પિતૃને સ્વધાયુક્ત હવિ પ્રાપ્ત થાવ.

હે પિતૃઓ ! તમારા અન્ન-રસને, તમારા ક્રોધને, તમારા માનસિક ક્રોધને, તમારા ભયંકર રૂપને, તમારા હિંસક રૂપને, તમારા મંગળકારી રૂપને અને સુખ આપનારા રૂપને અમારા નમસ્કાર. આ તમારા માટે આપવામાં આવેલ હવિ તમને સમર્પિત થાવ. હે પિતરો ! આ પિંડ પિતૃયજ્ઞમાં તમે દેવતારૂપે બેઠા છો. તમારા આશ્રિત પિતરોથી તમે શ્રેષ્ઠ છો. જે તમારા ઉપજીવી છે તે તમારા અનુગ્રહથી આ પિંડનો ભાગ મેળવે. અમે પિંડદાન કરનારા પણ આયુ સંપન્ન બનીએ અને અમારા સમાન વ્યક્તિઓમાં અમે શ્રેષ્ઠ બનીએ. હે અગ્નિ ! અમે તમને સમિધાઓ દ્વારા પ્રવૃદ્ધ કરીએ છીએ. તમારું પ્રશંસનીય તેજ આકાશમાં ચમકે છે. અમને સ્તાતાઓને પણ અભીષ્ટ અન્ન પ્રદાન કરો. જળમય આલોકમાં સ્થિત સુષુમ્ના નામક કિરણથી યુક્ત ચંદ્રમા ઝડપથી ગમન કરી રહ્યા છે. હે ચંદ્ર કિરણો ! કૂવામાં બંધ હોવાથી અમારા નેત્ર તમારું રૂપ જોવા સમર્થ નથી. હે દ્યાવાપૃથ્વી ! તમે અમારા સ્તોત્રને જાણો છો આથી અમારા ઉપર દયા કરો.

*

# ઓગણીસમો કાંડ

## • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : યજ્ઞ**

નદીઓ સુખદાયક બનો, વાયુ અનુકૂળ બનો, પક્ષીઓ અનુકૂળ બનો. હે દેવો ! અમે ઘૃતાદિની આહુતિ આપીએ છીએ. આ યજ્ઞ બધા પ્રકારની સંવૃદ્ધિ કરનાર બનો. આ યજ્ઞ સફળ થાવ. ઘૃતાદિની આહુતિથી સંવૃદ્ધ આ યજ્ઞ ચારે દિશાઓને પુષ્ટ કરે અને અમારા ધન-ધાન્ય, પશુ, સંતાન આદિ વૃદ્ધિકારક બનો.

**સૂક્ત-૨ દેવતા : જળ**

હે યજમાન ! હિમાલયમાંથી લવાયેલું આ જળ, ઝરણાનું જળ, પ્રવાહિત જળ, વર્ષાનું જળ, મરુ ભૂમિનું જળ, જળયુક્ત પ્રદેશનું જળ, કૂવા-વાવનું જળ તમારા માટે કલ્યાણકારક બનો. આ પ્રાકૃતિક જળ બન્ને કિનારાઓને તોડીને આગળ વધે છે. તે મોટા ચિકિત્સકો કરતાં પણ વધુ હિતકારી છે તેની અમે સ્તુતિ કરીએ છીએ. આકાશમાંથી વહેતું, અશ્વ જેમ ગતિશિલ વરસાદનું જળ કલ્યાણકારી, રોગનાશક ઔષધિરૂપ છે તેનાથી અમારા સુખોની વૃદ્ધિ થાય.

**સૂક્ત-૩ દેવતા : અગ્નિ**

હે અગ્નિ ! અમારા સ્તોત્રો સાંભળી તમે જ્યાં પણ હોવ ત્યાંથી અહીં આવો. હે ઔષધિઓથી યુક્ત દ્યાવાપૃથ્વી-અંતરિક્ષ, અમારી પ્રસન્નતા માટે તમે અહીં આવો. હે અગ્નિ ! તમારું જે રૂપ જળમાં, કાષ્ટમાં, ઔષધિઓમાં, અંતરિક્ષમાં છે તે બધાને એકત્ર કરી અમને ધન આપવા તમે અહીં આવો. હે અગ્નિ ! જે મહિમા સાથે તમે સ્વર્ગમાં જાવ છો, પિતૃઓની પાસે જાવ છો, મનુષ્યોમાં વિદ્યમાન રહો છો, તે બધા મહિમા સાથે અમને ધન આપવા અહીં યજ્ઞમાં આવો. હે અગ્નિ ! તમે અમારા સ્તોત્રો સાંભળવા સમર્થ, અભીષ્ટ પ્રદાતા, બધાને જાણવા યોગ્ય સર્વદર્શી છો, અમે તમારી સ્તુતિ કરીએ છીએ. અમને અભય આપો, દેવ-ક્રોધને શાંત કરો.

**સૂક્ત-૪ દેવતા : અગ્નિ**

હે અગ્નિ ! અથર્વા રૂપ ઈશ્વરને જે પ્રથમ આહુતિ આપી હતી, તેને તમે દેવતાઓ પાસે પહોંચાડી હતી. તે પ્રકારની જ આ આહુતિ અમે તમારા

મુખમાં હોમીએ છીએ. તેને તમે દેવતાઓ સુધી પહોંચાડો. અમે સૌભાગ્યદાત્રી આકૂતિ દેવીનું પૂજન કરીએ છીએ. માતા સમાન અગ્રપૂજ્ય તેઓ અમારા અનુકૂળ બનો. અમારું અભીષ્ટ અમને પ્રાપ્ત થાવ. અમે સદાય અભીષ્ટ મેળવતા રહીએ. હે દેવપાલક બૃહસ્પતિ ! વાણીને અમારા અનુકૂળ કરવા માટે સરસ્વતી સહિત યજ્ઞમાં આવો અને અમને સૌભાગ્યશાળી બનાવો. હે અંગિરાઓ ! બૃહસ્પતિ, સરસ્વતિનું સ્મરણ કરો. ઈચ્છિત ફળ આપવા તેઓ અમારી સમક્ષ યજ્ઞમાં આવો.

**સૂક્ત-૫ દેવતા : ઇન્દ્ર**

હે ત્રિલોકવાસી, બધાના સ્વામી, મહાન ધનપતિ ઈન્દ્ર ! પૃથ્વીના વિપુલ ધનને સ્તુતિ કરનારા અમને આપો.

**સૂક્ત-૬ દેવતા : પુરુષ**

સહસ્રબાહુ, સહસ્રનેત્ર, સહસ્રચરણોવાળા પુરુષ (બ્રહ્મ) પૃથ્વીને ચોતરફથી વ્યાપ્ત કરીને તેનાથી દસ આંગળ મોટા રહે છે. તેના ત્રણ પગ સ્વર્ગમાં અને ચતુર્થપાદ આ લોકમાં વારંવાર પ્રગટ થાય છે. આ પાદ ભોજનજીવી મનુષ્ય, પશુ-પક્ષી વગેરેમાં વ્યાપ્ત છે. સમગ્ર વિશ્વ આ પુરુષનું જ કર્મ છે. તેમનો જે મહિમા છે તેના કરતાં પણ તેઓ મોટા છે. તેમના એક પગલામાં સંપૂર્ણ વિશ્વ અને બીજાં ત્રણ પગલાં અમૃત સ્વર્ગમાં છે. જે બની ગયું છે, જે વર્તમાન છે, જે થવાનું છે તે બધું આ પુરુષ જ છે. પુરુષ જ અમૃતત્વના સ્વામી અને ભૂતેશ્વર છે. જ્યારે દેવોએ યજ્ઞપુરુષની કલ્પના કરી ત્યારે આ પુરુષના અનેક પ્રકારોની કલ્પના કરી હતી. તેમનું મુખ બ્રાહ્મણ, ભૂજા ક્ષત્રિય, ઉરુ વૈશ્ય અને પગ શૂદ્ર કહેવાયા. તેમના મનમાંથી ચંદ્ર, મુખમાંથી ઈન્દ્રાગ્નિ, પ્રાણ, વાયુ પ્રગટ થયા. મસ્તકથી સ્વર્ગ, નાભિથી અંતરિક્ષ, પગમાંથી પૃથ્વી, શ્રોત્રમાંથી દિશાઓ અને એ પ્રકારે દેવતાઓ અને લોકો તથા વર્ણોની યોજના બનાવી. પ્રારંભમાં વિરાટ પછી વિરાટમાંથી યજ્ઞ પુરુષ ઉત્પન્ન થયા. તેમની વૃદ્ધિ થઈ અને સર્વલોકમાં વ્યાપ્ત થઈ ગયા તથા જીવોની રચના કરી. દેવોએ હવિરૂપ અશ્વથી અશ્વમેધ યજ્ઞ કર્યો. તેમાં વસંતઋતુ ઘી, ગ્રીષ્મ સમિધા અને શરદ પુરોડાશ બની. આ પૂજાયોગ્ય વસ્તુઓનું વર્ષા ઋતુએ પ્રક્ષાલન કર્યું અને વસુ દેવતાએ યજ્ઞ કર્યો. આ યજ્ઞમાંથી અશ્વ, ખચ્ચર, ગર્દભ અને ઉપર-નીચે દાંતવાળા પશુ, ગાય, બકરી, ઘેટા ઉત્પન્ન કર્યાં. તેમાંથી ઋક્, સામ, યજુ મંત્રો ઉત્પન્ન થયા. દેવોએ યજ્ઞનો

વિસ્તાર કર્યો. તેમાંથી પશુ ઉત્પન્ન થયાં. તે યજ્ઞપુરુષને જ બાંધવામાં આવ્યા અને ગાયત્રી આદિ સાત છંદો તથા એકવીસ સમિધાઓની રચના કરી. તેમના મસ્તકમાંથી સામેનાં ચારસો નેવું દીપ્ત (૭×૭૦) કિરણો પ્રગટ થયાં.

**સૂક્ત-૭ દેવતા : નક્ષત્ર**

આકાશમાં દીપ્ત ગતિશિલ નક્ષત્રોની અમે સ્તુતિ કરીએ છીએ. હે અગ્નિ ! હે પ્રજાપતિ ! હે રુદ્ર ! કૃતિકા, રોહિણી, મૃગશિરા, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વા-ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, જ્યેષ્ઠા, મૃગશિરા, શ્રવણ, ઘનિષ્ઠા, શતમિષા-રેવતી, અશ્વિની-ભરણી આ બધા આહ્‌વાનીય નક્ષત્રો કલ્યાણ કરો, સત્યવાણી આપો, અભીષ્ટ પૂર્ણ કરો તથા સૌભાગ્યશાળી બનાવો.

**સૂક્ત-૮ દેવતા : નક્ષત્ર**

દ્યૌ, અંતરિક્ષમાં ઉદિત નક્ષત્ર અને ચંદ્ર અમારા માટે કલ્યાણકારક બનો. ૨૮ નક્ષત્રો દ્વારા અમે કલ્યાણ પામીએ. તે દ્વારા અમે યોગ-ક્ષેમ પ્રાપ્ત કરીએ. દિવસ-રાત્રીને મારા નમન.

સુંદર પ્રાતઃકાળ, સાયંકાળ, દિવસ-રાત્રી અમને સુખ આપો. નક્ષત્ર અમારા માટે શુભ ફળ આપનાર બનો. હે અગ્નિ ! અમારા હવિને નક્ષત્રો સુધી પહોંચાડો. હે સવિતાદેવ ! બધા નક્ષત્રો સહિત તમે સ્પર્ધા (અનુહવ), સંઘર્ષ (પરિહવ), નિન્દા, ઘૃણા, છીંક, વર્જિત સ્થળ પ્રવેશ, ખાલી વાસણ આદિ અપશુકનો અને દુર્નિમિત્તોને દૂર કરો. તે પાપશામક બનો. હે ઈન્દ્ર ! અંધકારથી ઢંકાયેલી દિશાઓ અમારી અનુકૂળ બનો. અમે અભય બનીએ, અમારું મંગળ થાવ, દિવસ-રાત્રિને નમન.

**સૂક્ત-૯ દેવતા : મંત્રોક્ત**

દ્યુલોક, અંતરિક્ષ, પૃથ્વી, જળ, ઔષધિઓ અમારા માટે શાંતિપ્રદ બનો. પૂર્વે કરાયેલા કૃત-અકૃત પાપ, ભૂત-ભવિષ્યના બધા પાપ શાંત થાવ. પરમેષ્ઠીની વાણીરૂપ સરસ્વતી તથા શાપવાણી પણ અમારા માટે શાંતિદાયક બનો. પરમેષ્ઠી દ્વારા વિરચિત સંસ્કારોનું મૂળ કારણ જે ઘોર કર્મકારી મન છે તે શાંતિદાયક થાવ. ઘોર કર્મમાં નિયુક્ત પંચેન્દ્રિયો અને છઠ્ઠું મન શાંત થાવ. મિત્ર, વરુણ, વિષ્ણુ, પ્રજાતિ, ઈન્દ્ર, અર્યમા, બૃહસ્પતિ, સૂર્ય, યમ, દ્યાવાપૃથ્વી, ઉત્પાત અને નક્ષત્રો અમને શાંતિ આપો. હાલતી ડોલતી પૃથ્વી, લોહિત દૂધ આપનારી ગાયો, મંગળ, ચંદ્ર, રાહુ, કેતુ, રુદ્ર, આદિત્ય, વસુ,

ધાતા, પ્રજાપતિ, ઈન્દ્ર, બ્રહ્મા, સપ્તર્ષિ બધા શાંત થાવ. બધી બાજુએથી અમે અભયની પ્રાપ્તિ કરીએ. વિપરિત ફળ, ક્રૂર-પાપમય ફળ જે અમને મળવાનું હોય તે પણ કલ્યાણકારી થઈ જાવ.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૧૦ દેવતા : મંત્રોક્ત**

હે ઈન્દ્રાગ્નિ મારી રક્ષા કરો. ઈન્દ્ર, વરુણ તમે હવિ પ્રાપ્ત કરો અને અમારું મંગળ કરો. ઈન્દ્ર-પૂષા યુદ્ધમાં કલ્યાણ કરો. ભગદેવ-નારશંસ બુદ્ધિ-મન-વાણી દ્વારા અમને સુખી બનાવો. અર્યમા મંગળ કરો. દેવસ્તુતિ અમારું કલ્યાણ કરો. ધાતા, વરુણ, પૃથ્વી, પર્વત કલ્યાણ કરો. અગ્નિ, મિત્ર, વરુણ, અશ્વિનીકુમાર, પુણ્યાત્માઓના કર્મ, વાયુ, અંતરિક્ષ અમારું કલ્યાણ કરો. ઔષધિ, વૃક્ષ, લોકવાલ, વિદ્યુત, ઈન્દ્ર, વસુ, આદિત્ય, ત્વષ્ટા, સોમ, મન્યુ, સોમ-પાષાણ, સોમયજ્ઞ, હવિઓ અમારું કલ્યાણ કરો. ચારે દિશાઓ, નદીઓ, પર્વત, અદિતિ, વિષ્ણુ, પૂષા, સવિતા, ઉષા, વર્ષા, પર્જન્ય, શંભુ અમારું કલ્યાણ કરો.

**સૂક્ત-૧૧ દેવતા : મંત્રોક્ત**

સત્યપાલક દેવતાઓ, ગાયો, અશ્વ, ઋભુ, પિતર, સ્તોત્ર, સરસ્વતી, વિશ્વેદેવા, દ્યાવાપૃથ્વી, જળ અમારું કલ્યાણ કરો. અર્જક પાદ, અહિર્બધ્ન્ય, અપાનપાત, સમુદ્ર, આદિત્ય, રુદ્ર, વસુ, પૃશ્નિ અમારું કલ્યાણ કરો. દેવતાઓના ઋત્વિજ, અમૃતત્વ પ્રાપ્ત યજ્ઞનિષ્ઠ દેવતા અમને વિસ્તૃત યશ આપો. દેવતાઓ કલ્યાણ સાધનોથી અમારું પાલન કરો. મિત્ર-વરુણ રોગોની શાંતિ કરો – ભય દૂર કરો. અમે ખેતરો-પ્રતિષ્ઠા-ધન મેળવીએ. આકાશ અને બધાની આશ્રયદાતા ભૂમિ (પૃથ્વી)ને અમારા નમન.

**સૂક્ત-૧૩ દેવતા : ઇન્દ્ર**

અમે દેવશત્રુ રાક્ષસોને જીતનારા ઈન્દ્રની આયુધ-વર્ષક ભુજાઓના કલ્યાણ માટે પૂજન કરીએ છીએ. દ્રુતકર્મા, બુદ્ધિતિક્ષણકર્તા, ભયંકર વિદ્યુત્પ્રેરક, શત્રુનાશક, સ્વયંસમર્થ શત્રુઘર્ષક ઈન્દ્રની અભિષ્ટ પ્રાપ્તિ માટે આધાર મેળવવો જોઈએ. વિજયસીલ, રણાસક્ત, ધનુર્ધર ઈન્દ્રની સહાયતાથી વિજય પ્રાપ્ત કરો. હે વીરો ! ઈન્દ્રના અનુગ્રહથી શત્રુને વશમાં કરો. અસ્ત્રધારી ઈન્દ્ર

પોતાના અનુચરોને શત્રુ સમક્ષ મોકલે છે અને શત્રુને જીતી લે છે. સોમપાયી ઈન્દ્ર શત્રુ સંહારક છે. ઈન્દ્ર શત્રુવશકર્તા વીરોથી યુક્ત છે. તેઓ શત્રુઓને જીતી લે છે અને તેના ધનનું અપહરણ કરે છે. હે ગુણયુક્ત ઈન્દ્ર ! વિજય રથ ઉપર ચઢો. હે વીરો ! ઈન્દ્રને આગળ મોકલી તમે શત્રુનાશ કરો. તેમની ભુજાઓ વજ્ર સમાન છે. તેઓ શત્રુઓને વિદીર્ણ કરી તેમની વચ્ચે ઘૂસી જઈ શત્રુસેનાઓને વશમાં કરી લે છે. એવા હે ઈન્દ્ર ! અમારી સેનાના સહાયક બનો. હે ઈન્દ્ર ! શત્રુનો નાશ કરવા રથ સહિત આગળ વધો અને અહીં આવો. અમારી રક્ષા કરવા પ્રવૃત્ત થાઓ. ઈન્દ્ર અમારી સેનાના નેતા બનો. બૃહસ્પતિ સેનાના પૂર્વભાગમાં અને સોમ તથા યજ્ઞ સેનાના મધ્ય ભાગમાં અને મરુદ્ગણ સેનાની વચમાં રક્ષા માટે રહો. શસ્ત્રાસ્ત્રવર્ષક ઈન્દ્ર તથા વરુણ, મરુદ્ગણ, આદિત્ય શક્તિ સહિત પ્રગટ થાવ. અમારા આયુધ અમને વિજય પ્રાપ્ત કરાવો. હે દેવો ! સંગ્રામમાં તમે અમારી રક્ષા કરો.

**સૂક્ત-૧૪ દેવતા : દ્યાવાપૃથ્વી**

શ્રેષ્ઠ ફળયુક્ત લક્ષ્ય અમને મળી ગયું છે. દ્યાવાપૃથ્વી બધી દિશાઓથી અમારું મંગળ કરો. હે શત્રુ ! અમે તમારા દ્વેષી નથી, અમને અભય આપો.

**સૂક્ત-૧૫ દેવતા : ઇન્દ્ર તથા મંત્રોક્ત**

હે ઈન્દ્ર ! અમને અભય આપો. અમારી રક્ષા કરો. કામનાપૂર્તિ માટે અમે ઈન્દ્રને આહુતિ આપીએ છીએ. પશુધન-પ્રાપ્તિરૂપ કામના પૂર્તિમાં બાધક શત્રુઓને હે ઈન્દ્ર ! તમે નષ્ટ કરો. વૃત્રહન્તા, વરણીય ઈન્દ્ર અમારી રક્ષા કરો. આગળ-પાછળ-મધ્ય-અંત સર્વત્ર ઈન્દ્ર અમારી રક્ષા કરો. હે સર્વજ્ઞ ઈન્દ્ર ! અમને ઈહલોક અને પરલોક બન્ને લોક પ્રાપ્ત કરાવો. સૂર્ય અમારું કલ્યાણ કરો. હે ઈન્દ્ર ! અમે તમારી મહાબળયુક્ત ભુજાઓથી રક્ષિત છીએ. અમે દ્યાવાપૃથ્વી, બધી દિશાઓ, મિત્રો, પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ શત્રુઓ, દિવસ, રાત્રિ બધાથી અભય પ્રાપ્ત કરીએ.

**સૂક્ત-૧૬ દેવતા : સવિતા-ઇન્દ્રાગ્નિ**

હે સવિતા તથા પત્ની સહિત દેવતાઓ ! અમારા માટે પૂર્વ-પશ્ચિમ દિશાઓ શત્રુ રહિત થઈ જાવ. ઉત્તર દિશામાં ઈન્દ્ર અને દક્ષિણમાં સૂર્ય અમારા રક્ષક રહો. સૂર્યમંડળમાં આદિત્ય, પૃથ્વી ઉપર અગ્નિ, પૂર્વ દિશામાં ઈન્દ્રાગ્નિ અને બધી દિશાઓમાં અગ્નિ કવચરૂપ બની અમારી રક્ષા કરો.

**સૂક્ત-૧૭ દેવતા : મંત્રોક્ત**

પૃથ્વી ઉપર અગ્નિ અને પૂર્વમાં વસુદેવતા અમારી રક્ષા કરો. જ્યાં પગ મૂકું ત્યાં નગર કે ઘરમાં પ્રવેશ કરીએ ત્યાં વસુમાન અગ્નિ અમારી રક્ષા કરે. અંતરિક્ષમાં અને પૂર્વ દિશામાં, પાદપ્રક્ષેપમાં વાયુ અમારા રક્ષક બનો. સોમસહિત અને આદિત્ય સહિત વરુણ દક્ષિણ દિશામાં તથા પાદપ્રક્ષેપ અને પથારીમાં અમારી રક્ષા કરો. અમે તેમના શરણમાં જઈએ છીએ. દ્યાવાપૃથ્વી સહિત સૂર્ય અને ઔષધિયુક્ત જળ પશ્ચિમ દિશામાં તથા શય્યા પર પાદપ્રક્ષેપ અને પાદપ્રક્ષેપ સ્થાનમાં અમારી રક્ષા કરો. અમે તેમના શરણમાં જઈએ છીએ. વિશ્વકર્મા પરમેશ્વર સપ્તર્ષિઓ સહિત અને મરુદ્‌ગણ સહિત ઈન્દ્ર ઉત્તર દિશામાં અને પાદપ્રક્ષેપ તથા પાદપ્રક્ષેપ સ્થાનમાં અમારી રક્ષા કરો. અમે તેમના શરણમાં છીએ. પ્રજાપતિ ધ્રુવદિશામાં, બૃહસ્પતિ ઊર્ધ્વ દિશા સહિત સર્વ દિશાઓમાં, શય્યા પર પાદપ્રક્ષેપ અને પાદપ્રક્ષેપ સ્થાનમાં અમારી રક્ષા કરો. અમે તેમના શરણે જઈએ છીએ.

**સૂક્ત-૧૮ દેવતા : મંત્રોક્ત**

અન્યની હિંસા કરનારા શત્રુ, રાત્રીમાં અનુષ્ઠાન કરીએ ત્યારે પૂર્વ દિશામાંથી આવીને રાત્રે અમે અનુષ્ઠાન કરતા હોઈએ ત્યારે હિંસા કરવા ઈચ્છે છે; તેઓ રુદ્રવન્ત અને આદિત્યવાન વરુણ દ્વારા નાશ પ્રાપ્ત કરો. જે અમને પશ્ચિમ દિશામાં નષ્ટ કરવા ઈચ્છે છે તેઓ દ્યાવાપૃથ્વીના પ્રકાશક સૂર્ય અને ઔષધિય જળથી નાશ પામો. જેઓ ઉત્તર દિશામાં આવીને અમારો નાશ કરવા ઈચ્છે છે તેઓ સપ્તર્ષિમય વિશ્વકર્મા અને મરુદ્વાન ઈન્દ્ર દ્વારા તથા ધ્રુવ અને ઊર્ધ્વ દિશામાંથી આવીને અમારી હિંસા કરવા ઈચ્છનારનો પ્રજાપતિ, ઈન્દ્ર અને બૃહસ્પતિ અહીંથી નાશ થાવ.

**સૂક્ત-૧૯ દેવતા : મંત્રોક્ત**

અગ્નિદેવ પૃથ્વી દ્વારા, વાયુ અંતરિક્ષમાંથી, આદિત્ય સ્વર્ગથી નક્ષત્રવાન ચંદ્ર આકાશ દ્વારા, સોમ ઔષધિરૂપે, યજ્ઞ દક્ષિણાયુક્ત વેદીથી, નદીઓથી યુક્ત સમુદ્ર સ્વસ્થાનેથી, બ્રહ્મચારીઓથી યુક્ત બ્રહ્મ સર્વત્ર, ભૂજબળયુક્ત ઈન્દ્ર સ્વર્ગથી અને અમૃતયુક્ત દેવતા સ્વર્ગમાંથી જે પુરની (નગર) રક્ષા કરવા ઉદ્યત છે, તે બધા દેવતાઓની રક્ષાથી યુક્ત આ નગર બધી બાજુથી સુરક્ષિત છે. એ શય્યાયુક્ત નગરમાં તમને પ્રજાવાન, પત્નીવાન રાજાને હું પ્રવિષ્ટ કરાવું છું. આ નગર ઉપર જણાવ્યા મુજબ તમામ પ્રકારે સુરક્ષિત છે. તમને અભેદ્યકવચ સમાન સુખ આપનાર બનો.

**સૂક્ત-૨૦ દેવતા : મંત્રોક્ત**

શત્રુઓએ ગુપ્ત રીતે કરેલા મારણ પ્રયોગો સામે ઈન્દ્ર, અગ્નિ, ધાતા, સવિતા, બૃહસ્પતિ, સોમ, વરુણ, બન્ને અશ્વિનીકુમારો, યમ અને પૂષા વગેરે દેવશક્તિઓ અમારું રક્ષણ કરો. પ્રજાપતિએ પ્રજાઓના સંરક્ષણ માટે જે કવચની રચના કરી છે, માતરિશ્વા-વાયુ પ્રજાપતિ, દિશાઓ અને પ્રદિશાઓ જે કવચોને ધારણ કરે છે તે સુરક્ષા કવચ અમને પુષ્કળમાત્રામાં પ્રાપ્ત થાઓ. દેવશક્તિઓ અને ઈન્દ્રદેવે જે કવચને પોતાના દેહ ઉપર ધારણ કર્યું હતું તે રક્ષા કવચ બધી બાજુએથી અમારું સંરક્ષણ કરનારું બનો. દ્યાવાપૃથ્વી, અગ્નિ, સૂર્યાગ્નિ રાજાને યુદ્ધમાં રક્ષા અર્થે કવચ પ્રદાન કરો.

**સૂક્ત-૨૧ દેવતા : છન્દ**

ગાયત્રી, ઉષ્ણિક, અનુષ્ટુપ, પંક્તિ, ત્રિષ્ટુપ, જગતી, બૃહતી છંદો માટે આપવામાં આવેલી આહુતિ તેમને પહોંચો.

**સૂક્ત-૨૨ દેવતા : મંત્રોક્ત**

આદિકાળમાં આંગિરસ દ્વારા પાંચ અનુવાકો માટે આપવામાં આવેલી આ આહુતિ સમર્પિત છે. છઠ્ઠા, સાતમા, આઠમા માટે, નીલનખો, હરિતનખો, ક્ષુદ્રો, પર્યાયિકો, પ્રથમ, દ્વિતીય તૃતીય શંખો, ઉપોત્તમો, ઉત્તમોને માટે, ઉત્તરોને માટે, ઋષિઓ, શિખિઓ માટે, મહાગણો, અંગિરાઓ, વિદ્ગણે, અલગ-અલગ હજારોને માટે અને વેદજ્ઞ બ્રહ્મા માટે આ આહુતિ સમર્પિત છે. ઉક્ત બધા જ સંપન્ન થયેલા વીર કર્મ છે. સૃષ્ટિના આદિકાળમાં સૌ પ્રથમ બ્રહ્મ તત્ત્વનો પ્રાદુર્ભાવ થયો અને પૂર્વકાળમાં તેમણે આકાશ (દ્યુલોક)ને ઉત્પન્ન કર્યું.

**સૂક્ત-૨૩ દેવતા : મંત્રોક્ત**

અથર્વવેદની ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, અગિયાર, બાર, તેર, ચૌદ, પંદર, સોળ, સત્તર, અઢાર, ઓગણીસ, વીસ ઋચાઓ માટે મહત્ કાંડ, તૃચો, એકર્ચો, એકાનેકર્ચો, રોહિતો-સૂર્યાઓ, વ્રત્તો-પ્રજાપત્યો, વિષાસહિ, માંગલિકો અને બ્રહ્મ માટે આ આહુતિ સમર્પિત છે. સૃષ્ટિના આરંભમાં બ્રહ્મ ઉત્પન્ન થયું. તેમને જ્યેષ્ઠ છે તેમની સરખામણી બીજું કોણ કરી શકે ?

**સૂક્ત-૨૪ દેવતા : મંત્રોક્તિ**

હે બ્રહ્મણસ્પતે ! આ મહાન શાંતિવાળા કર્મમાં યજમાનને રાષ્ટ્ર-રક્ષા નિમિત્તે પ્રતિષ્ઠિત કરો. હે ઈન્દ્ર ! આમને આયુષ્ય પ્રાપ્ત કરાવો અને પરોપકાર-પરાયણ બનાવો, આત્મબળયુક્ત કરો. તે વૃદ્ધાવસ્થા સુધી જીવિત

રહે. હે સોમ ! આ યજમાનને દીર્ઘાયુષ્ય, સબળતા અને યશ માટે પુષ્ટ કરો. હે દેવો ! આમને તેજથી આચ્છાદિત કરો. આ તેજરૂપ વસ્ત્રને બૃહસ્પતિએ સોમને આપ્યું હતું. આને પહેરીને તમે પશુ-સંતાન-ધનથી મુક્ત બની સો વર્ષ સુધી જીવિત રહો. કલ્યાણ અર્થે તમે આને પહેરો છો. તમે રક્ષિત બની સો વર્ષ જીવો. અમારા સ્તોતાઓના મિત્રરૂપ તમે ઐશ્વર્ય-સંતાનથી પહેલેથી જ પુષ્ટ છો.

**સૂક્ત-૨૫ દેવતા : વાજી**

હે અશ્વ ! શત્રુ સાથે સંઘર્ષ ઈચ્છતા તને આ અશ્વસવારને ઉત્સાહિત કરીને શત્રુ ઉપર આક્રમણ કરવા નિયુક્ત કરું છું. તને સમર્થમનવાળો બનાવું છું. તું શક્તિયુક્ત બનીને શત્રુસેના ઉપર ચઢાઈ કરી તેને પરેશાન કરી દે. તું ઝડપથી વિજયપ્રાપ્તિના સ્થાને ગમન કર.

**સૂક્ત-૨૬ દેવતા : અગ્નિ**

અગ્નિથી ઉત્પન્ન સુવર્ણ અને અમૃતરૂપથી મનુષ્યોમાં વ્યાપ્ત સુવર્ણના રૂપોના જ્ઞાતા જ તેને ધારણ કરવા માટેના અધિકારી છે. જે આ સુવર્ણને આભુષણરૂપે ધારણ કરે છે તે દીર્ઘાયુ બને છે. જે સુવર્ણને મનુએ ધારણ કર્યું હતું તે અમારા શરીરને કાંતિયુક્ત કરે. જેને વરુણ અને બૃહસ્પતિ જાણે છે તથા ઈન્દ્ર પણ જાણે છે, તે મૃત્યુનાશક સુવર્ણ તમને આયુ, વર્ચસ અને સંતાનયુક્ત બનાવે તેમજ તમે મનુષ્યોમાં તેજસ્વી બનો.

**સૂક્ત-૨૭ દેવતા : ત્રિવૃત્ત**

હે પુરુષ ! તમે ત્રિવૃત્ત મણિ ધારણ કરી રહ્યા છો. દળપતિ વૃષભ, પ્રજનનમાં સમર્થ વેગવાન અશ્વ, વાયુ અને ઈન્દ્ર તમારા રક્ષક બનો. ઔષધિઓ સહિત સોમ, નક્ષત્રો સહિત સૂર્ય, મહિનાઓ સહિત વૃત્રહન્તા, પ્રાણવાયુ સહિત વાયુ, ત્રણ સ્વર્ગ, ત્રણ અંતરિક્ષ, ત્રણ પૃથ્વી, ચાર સમુદ્ર, ત્રણ સ્તોત્ર અને ત્રણ જળ – આ ત્રિવૃત્ત મણિ દ્વારા તમારું રક્ષણ કરો.

હે પુરુષ ! તમે સુવર્ણ, રજત, લોખંડથી બનેલ ત્રિવૃત્ત મણિધારક છો. ત્રિવૃત્ત સ્વર્ગને તારા રક્ષક બનાવીએ છીએ. અગ્નિને અમે ઘી વડે સિંચીએ છીએ. આ અગ્નિ, ચંદ્રમા અને સૂર્યની કૃપાથી રાક્ષસો તમારો વધ ન કરે, તમારા પ્રાણાવાન તથા તેજને નષ્ટ ન કરે. દેવો ! તમે આ પુરુષની રક્ષા કરો. હે પુરુષ ! તમે પ્રાણવાન બનીને સ્થિર પ્રાણો વડે સો વર્ષ જીવિત રહો. ઈન્દ્ર, જળ તથા ચંદ્રમા દેવતાઓની શક્તિથી આ મણિધારણકર્તાને યુક્ત કરો.

અગિયાર આદિત્ય, અગિયાર રુદ્ર, પૃથ્વીના અગિયાર દેવતા, અમારા દ્વારા આપવામાં આવેલ હવિ ધારણ કરે. સવિતા દક્ષિણ દિશાથી, ઈન્દ્ર ઉત્તરમાં, સૂર્ય સ્વર્ગલોકથી, અગ્નિ પૃથ્વી પરથી અને બધી દિશાઓથી તમારી રક્ષા કરે.

**સૂક્ત-૨૮ દેવતા : દર્ભમણિ**

શત્રુક્ષયકારિ, શત્રુહૃદય સંતાપક આ દર્ભમણિને હે પુરુષ ! તને બાંધીએ છીએ. તે તમને દીર્ઘાયુ આપે. હે મણિ ! તું શત્રુમનને સંતાપ આપ અને શત્રુના ગૃહ-પ્રજા-ખેતર-પશુઓનો નાશ કર, દ્વેષિઓને હેરાન કર. તું ઈન્દ્રની જેમ શત્રુબળનો નાશ કરે, શત્રુ હૃદય વિદીર્ણ કર, શત્રુઓના શિરને ઉખાડી દે, તેને ચીરી નાખ, મલિન હૃદયમાં અસદ્‌ભાવ રાખનારાને નષ્ટ કર, તેમનું મસ્તક ઉડાડી દે અને ચૂર્ણ કરી દે, આ શત્રુઓનું તાડન કર.

**સૂક્ત-૨૯ દેવતા : દર્ભમણિ**

હે દર્ભમણિ ! અમારા વિરુદ્ધ સેના બનાવનાર, અમારો દ્વેષ કરનાર, મારા પ્રત્યે મનમાં મલિન ભાવ રાખનારા શત્રુઓને તું ચૂસી લે, નષ્ટ કર, રોકી દે અને માર. તું તેમનું મંથન કર, તેમને ચૂષિત કર, બાળી નાખ અને તેમને મારી નાખ.

**સૂક્ત-૩૦ દેવતા : દર્ભમણિ**

હે દર્ભમણિ ! તમારી ગાંઠોમાં અસીમ જરા-મૃત્યુ છે. તેને શત્રુઓ ઉપર નાખી, શત્રુઓનો નાશ કરો. તમારામાં બીજાને પીડા આપનારી અને પીડાનાશક પરાક્રમ બન્ને છે. કવચરૂપે તમને દેવતાઓએ રાજાઓનું વૃધત્વ દૂર કરવા બનાવ્યા છે. આથી તમે રાજાની વૃદ્ધાવસ્થા દૂર કરી તેમને પુષ્ટ કરો. હે દર્ભમણિ ! તમે ઈન્દ્ર, બ્રહ્મણસ્પતિ તથા દેવોનું રક્ષા કવચ છો. આથી રાજાની રક્ષા કરો. હે મણિ ! શત્રુનાશક, દ્વેષી, હૃદયસંતાપી, જલવર્ધન કરનાર તરીકે તમને ધારણ કરીએ છીએ. ઉદ્દ્રવિત મેઘજળની બુંદ અને વિદ્યુતના ગડગડાટથી ઉત્પન્ન થયેલા દર્ભમાંથી આ મણિ બનાવ્યો છે.

**સૂક્ત-૩૧ દેવતા : ગૂલરમણિ**

પ્રાચીનકાળમાં બ્રહ્માએ ગૂલર વૃક્ષના મણિ દ્વારા પશુ, પુત્ર, ધન, શરીરપોષણ પ્રાપ્તિનો પ્રયોગ કર્યો હતો. અમે પોષકમણિને તમારી પુષ્ટિ ઈચ્છનારાના હાથમાં બાંધીએ છીએ. હે સવિતાદેવ ! અમારા ઘરમાં બે પગા અને ચો પગાની વૃદ્ધિ કરો. અગ્નિ ગાય આદિ પશુઓની રક્ષા કરે. ગૂલરમણિ અભીષ્ટ આપે – અમારા શરીર અને પશુઓની પુષ્ટિ કરો. હે ધાતાદેવ !

આ ગૂલરમણિ શરીર પુષ્ટ કરે. અમારા ઘરમાં અન્ન અને ગાયના લીંપણ-વાળી ભૂમિ થાવ. પશુ, અન્ન, દહીં, ગોળ અને મધને અમે મણિધારક પ્રચુરમાત્રામાં મેળવતા રહીએ.

**સૂક્ત-૩૨-૩૩ દેવતા : દર્ભ**

હે મનુષ્ય ! અસંખ્ય ગાંઠોવાળી, હજારો પર્ણવાળી, પ્રચંડ શક્તિસંપન્ન દર્ભરૂપ ઔષધિને અમે આપના દીર્ઘાયુ માટે બાંધીએ છીએ. અખંડિત પાંદડી-વાળો દર્ભ સુખ આપે છે. આ દર્ભમણિ જેને બાંધ્યો હોય તેને યમદૂતો ન તો વાળ ખેંચી શકે છે કે ન તેને મારી શકે છે. હે મણિ ! તમે પૃથ્વી ઉપર સ્થિત છો અને તમારો અર્ધો ભાગ અંતરિક્ષ (સ્વર્ગ)માં છે. દ્યાવાપૃથ્વીમાં સ્થિત આપના દ્વારા અમે આ પુરુષના આયુષ્યને સ્થિર કરીએ છીએ. તમે આકાશ અને પૃથ્વી પર વ્યાપ્ત છો.

દર્ભમણિ જળમાં અગ્નિરૂપ છે, અનેક કાંડવાળા છે, બળસંપન્ન છે અને પ્રશસ્ત છે. તે અમને આયુષ્યમાન બનાવે અને અમારી રક્ષા કરે. હોમ કર્યા પછી અવશિષ્ટ (વધેલા) ઘી વડે સિંચિત, મધુર, અવિનાશી અને પોતાના મૂળ વડે પૃથ્વીને દઢ કરનાર હે દર્ભમણિ ! અમારા શત્રુઓને પાછા પાડી અમારી ભુજામાં બંધાવ.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૩૪-૩૫ દેવતા : જંગિડ વનસ્પતિ**

હે જંગિડ ઔષધિમાંથી બનેલા મણિ ! તમે કૃત્યાઓ અને કૃત્યાકર્મોના ભક્ષક અને બધા ભયોને દૂર કરનારા છો. આ મણિ મનુષ્યો અને અમારા પશુઓના રક્ષક છે. આ મણિ કૃત્યાઓને શક્તિહિન બનાવે છે. અભિચાર-કર્મથી ઉત્પન્ન ધ્વનિ જે અમારા કાનને પીડા આપે છે તે આ મણિ આગળ પ્રભાવહિન બની જાય છે. અમારી નાસિકા, નેત્ર, મુખ, કાન આદિ બધાં અંગો અભિચાર-કર્મના પ્રભાવથી મુક્ત બનો. હે મણિ ! તમને ધારણ કરનારની દુર્બુદ્ધિ અને દરિદ્રતાને નષ્ટ કરો. આ મણિ શત્રુપતન કારક છે.

અંગિરા આદિ મહર્ષિઓએ ઈન્દ્રનું નામ લઈને ઋષિઓને આ જંગિડ-મણિ આપ્યો હતો. વિષ્કંધ રોગની તે અમોઘ ઔષધિ છે. તે અમારી રક્ષા કરો. હે મણિ ! દુષ્ટ શત્રુના ક્રૂર નેત્રને નષ્ટ કરો. આ મણિ દ્યાવાપૃથ્વી અંતરિક્ષમાંથી આવી શકનારા ભયોથી અમારી રક્ષા કરો.

**સૂક્ત-૩૬ દેવતા : શતાવરી ઔષધ**

આ શતાવરી ઔષધિમાંથી બનેલો મણિ દુર્નામા નામક ચામડીના રોગ અને અન્ય અનેક રોગો તેમજ અસુરોનો નાશક છે. તેને ધારણ કરવાથી તેના ગુણોનો લાભ મળે છે. તે પોતાના અગ્રભાગથી અંતરિક્ષમાં રહેલા રાક્ષસોનો, મધ્યભાગથી બધા રોગોનો અને મૂળ દ્વારા પિશાચોનો નાશ કરે છે. પાપી તેને ધારણ કરવાનો અધિકારી નથી. આ મણિ ક્ષય આદિ અને દુર્નામ કુષ્ઠ, ખરજવું, દાદર જેવા ચામડીના રોગો અને અપસ્માર આદિ રોગોને દૂર કરે છે. આ મણિ દ્વારા અમે ચામડીના બધા રોગો દૂર કરીએ છીએ.

**સૂક્ત-૩૭ દેવતા : અગ્નિ**

અગ્નિ પ્રદત્ત વર્ચસ, તેજ, ઓજ, કીર્તિ, બળ, યુવાવસ્થા અને તેત્રીસ શક્તિઓ અમને પ્રાપ્ત થાવ. હે અગ્નિ ! શત્રુનો નાશ કરનાર બળ અને યુવાવસ્થાનું બળ અમને આપો. હે વરણીય અગ્નિ ! યજ્ઞ કર્મ સિદ્ધિ માટે અને શતાયુષ્યતા પ્રાપ્ત કરવા તથા ઈન્દ્રિયોની દઢતા માટે તમને ધારણ કરીએ છીએ.

**સૂક્ત-૩૮ દેવતા : ગુગળ**

ગુગળનો નાસ લેવાથી વ્યાધિઓ દૂર થઈ જાય છે અને અન્ય દ્વારા પ્રેરિત પાપ પણ લાગતું નથી. હે ગુગળ ! તમે સમુદ્રમાંથી ઉત્પન્ન થયા છો અથવા સિંધુ દેશમાં પ્રગટ થયા છો. અમે તમારા નામને જાણીએ છીએ.

**સૂક્ત-૩૯ દેવતા : કુષ્ઠ**

હે હિમાલય વિસ્તારમાંથી પ્રાપ્ત થતી દિવ્ય ઔષધિ ! તમે કષ્ટકારક રોગોનો નાશ કરો અને અમારી રક્ષા કરો. હે ઔષધિ ! આપ નદ્ય, નદ્ય માર અને નદ્યારિષ તરીકે પણ ઓળખાવ છો. તમારા નામોનું ધ્યાન કરવાથી મરણાત્મક વ્યાધિ રહેતો નથી. અમે પ્રાતઃ સાયં અને મધ્યાહ્ન ત્રણેય કાળમાં જે રોગીનું નામ લઈએ છીએ તે મૃત્યુને પ્રાપ્ત થતો નથી.

**સૂક્ત-૪૦ દેવતા : વિશ્વેદેવા**

અમારા મન અને વાણીમાં જે દોષો છે તેને હે સરસ્વતી અને અન્ય દેવો સહિત બૃહસ્પતિ દેવ તમે દૂર કરો. હે જવ ! વેદાધ્યયનથી યુક્ત મારી બુદ્ધિ ભ્રષ્ટ ન થાય તેનું ધ્યાન રાખજો. અમારાં શુષ્ક કર્મોને આર્દ્ર બનાવો. અમે સુંદર બુદ્ધિ-બ્રહ્મચર્યથી મુક્ત રહીએ. હે દ્યાવાપૃથ્વી અમારી બુદ્ધિને ભ્રષ્ટ કરશો નહિ.

**સૂક્ત-૪૧ દેવતા : તપ**

ઋષિઓએ આદિકાળમાં કલ્યાણની કામનાથી આપની તપશ્ચર્યાની શક્તિથી સ્વર્ગનો રસ્તો અને સાધ્ય સ્વર્ગના સાધન વ્રત, દંડધારણ આદિ દીક્ષાને જાણ્યા હતા. આ શક્તિથી રાષ્ટ્રબળને પણ જાણો.

**સૂક્ત-૪૨ દેવતા : બ્રહ્મ**

બ્રહ્મા જ હોતા, યજ્ઞ, હવિઓ, અધ્વર્યુ, ઘૃતથી ભરેલ સ્રુચ, વેદી, ઋત્વિજ અને સ્વરયુક્ત મંત્ર છે. કલ્યાણકારી, પાપનાશક ઈન્દ્ર નિમિત્તે અમે સ્તોત્રમયી સ્તુતિઓ કરીએ છીએ. હે ઈન્દ્ર ! અમારા હવિને ગ્રહણ કરો.

**સૂક્ત-૪૩ દેવતા : અગ્નિ આદિ**

જે સ્થાન (સ્વર્ગ)માં દીક્ષા અને તપ દ્વારા પહોંચી શકાય છે. ત્યાં હે અગ્નિદેવ ! અમને લઈ જાવ. જે સ્થાનમાં બ્રહ્મજ્ઞાની કર્મો દ્વારા પહોંચે છે ત્યાં હે વાયુ અમને લઈ જાવ, અને અમારામાં પાંચ પ્રાણ સ્થાપિત કરો. તપ અને કર્મથી જ્યાં બ્રહ્મજ્ઞાની પહોંચે છે ત્યાં અમને સૂર્ય લઈ જાવ અને ચક્ષુ (દૃષ્ટિ) પ્રદાન કરો. તપોધન-કર્મજ્ઞાનીઓના સ્થાને અમને ચંદ્રમા લઈ જાવ અને મન પ્રદાન કરો.

**સૂક્ત-૪૪-૪૫ દેવતા : આંજણ (અંજન)**

હે અંજન ! તમે બ્રાહ્મણ સમાન શુદ્ધ અને મંગળ રૂપ છો અને શતાયુ બનાવનાર છો. તમે જળદેવ સાથે અમને સુખ આપો છો. શરીરને પીળું બનાવી દેતો પાંડુરોગ, વાતાદિજન્ય રોગ, વિસર્પાદિ વ્રણ તથા અન્ય બધા રોગ અંજનમણિ ધારણ કરવાથી દૂર થાય છે. આ અંજનમણિ મારા માટે કલ્યાણમય, જીવનદાતા, મૃત્યુ-અપકારક અને પાપનાશક છે.

ઋણ લેનાર જેવી રીતે ઋણદાતાને કરજ પાછું વાળી દે છે, તેવી રીતે હે અંજનરૂપ સૂર્ય ! તમે શત્રુપ્રેરિત કૃત્યાને તેની પાસે પાછી મોકલી દો. અમારા દુઃસ્વપ્નના ભયને શત્રુ પાસે મોકલી દો. આ આંજન ઓજ વધારનાર, જળના રસરૂપ છે. તે અમારા માટે દિશા-વિદિશાઓને સુખમય બનાવે. આ અંજનમણિ તમને બાંધીએ છીએ. તે શક્તિરૂપ છે.

**સૂક્ત-૪૬ દેવતા : અમૃતમણિ**

હે અમૃતમણિ ! તમને સૃષ્ટિના આદિકાળમાં વિધાતાએ ધારણ કર્યો હતો. તમે આ પુરુષની રક્ષા કરો. અમે તમને આ મણિ બાંધીએ છીએ. એ તમારી રક્ષા કરે અને આયુ, વર્ચસ, ઓજ, તેજ આપે. હે ઈન્દ્ર ! જેવી રીત

તમારા શત્રુઓ પડી જાય છે એવી રીતે અમારા શત્રુઓને પણ દૂર કરો. ઈન્દ્રએ આ મણિમાં ચક્ષુ, પ્રાણ, બળને પ્રતિષ્ઠિત કર્યાં છે.

**સૂક્ત-૪૭-૫૦ દેવતા : રાત્રિ**

હે રાત્રિ ! તમારો પીળો-લીલો રંગનો અંધકાર દ્યાવાપૃથ્વી, અંતરિક્ષમાં વ્યાપ્ત છે. સંપૂર્ણ વિશ્વ એક જેવું દેખાય છે, બધાની પ્રવૃત્તિઓ અટકી ગઈ છે અને જેમના તેમ સ્થિર છે. આ સમયે અમે અ-વધ રહીને તમારી પાર જઈએ.

હે રાત્રિ ! ઘરની, ગોચરની બધી વસ્તુઓ તમને સોંપીએ છીએ. તમે માતા સમાન અમારી રક્ષિકા છો. તમારા પછી ઉષાકાળને અને ઉષાકાળ પછી દિવસ અમને સુખપૂર્વક પ્રદાન કરો, અને દિવસ ફરી અમને રાત્રિ (આપને) આપે. પૃથ્વી ઉપર પેટે ચાલનારા, આકાશમાં ઊડનારા, પર્વત, જંગલમાં ઘૂમનારા હિંસક જીવોથી હે રાત્રિ ! અમારી રક્ષા કરો. અમારા સ્થાનની ચારેબાજુ (દિશાઓથી) રક્ષા કરો. અમે તમારી સ્તુતિ કરીએ છીએ. રાત્રિ-અનુષ્ઠાનકર્તા સાવધાન ! પુરુષો ચોરી વગેરે માટે જાગતા રહે છે. હે રાત્રિ ! તમે ઘૃતાચિ છો. તમે અમારી રક્ષા પ્રત્યે સાવધાની રાખજો.

એક જ અવસ્થાવાળી, બધાના ચક્ષુઓનો તિરસ્કાર કરનારી, આહવનીય વિશ્વવ્યાપી રાત્રિના મહિમાથી દ્યાવાપૃથ્વી વ્યાપ્ત છે. વન-પર્વત-સમુદ્ર બધાને આચ્છાદિત કરે છે. સૂર્ય જેવી રીતે જગત ઉપર છવાઈ જાય છે તેવી રીતે રાત્રી પણ જગત ઉપર છવાઈ જાય છે. હે સૌભાગ્ય અને સુજન્મવાળી, તમને મેળવીને અમે સુંદર મનવાળા બનીએ, અમારા પુત્રાદિ અને પદાર્થોની તમે રક્ષા કરો. આ રાત્રિ સિંહ-હાથી વગેરેને તેજ, પ્રાણીઓને શબ્દ અને અશ્વના વેગને ખેંચી લો છો. હે રાત્રિ ! તમે દીપ્તિમય બનીને અનેક રૂપ પ્રગટ કરો છો. હે રાત્રિ ! તમે મંગળદાયી છો આથી તમારી અને તમારા ભરણકર્તા સૂર્યની અમે સ્તુતિ કરીએ છીએ.

**સૂક્ત-૫૧ દેવતા : આત્મા-સવિતા**

કર્માનુષ્ઠાનના ઈચ્છુક અમે પૂર્ણ છીએ. અમારા પ્રાણ-અપાન-વ્યાન-નેત્ર-શ્રોત્ર-નાસિકા પૂર્ણ છે – તમામ ઈન્દ્રિયો પૂર્ણ છે. હે કર્મ ! સવિતાદેવની પ્રેરણા, અશ્વિનીકુમારોની શક્તિ અને પૂષાના હાથો વડે કર્મનો આરંભ કરીએ છીએ.

**સૂક્ત-૫૩-૫૪ દેવતા : કાળ**

કાળ અશ્વરૂપ છે. તે બધી વસ્તુઓમાં વ્યાપ્ત છે. તે સહસ્ર ક્ષેત્ર, સપ્તરશ્મિ છે. કાળરૂપ અશ્વ ઉપર બુદ્ધિમાન જ આરૂઢ થઈ શકે છે. તે કાળચક્ર પણ છે. કાળચક્ર સમસ્ત લોકમાં ઘૂમે છે. કાલાત્મક સંવત્સરચક્રની ઋતુઓ નાભિ છે, તે અમૃત અક્ષ છે. કાળરૂપ બ્રહ્મ જગત રચયિતા અને નાશયંતા છે. ભૂત-ભવિષ્ય-વર્તમાન બધું કાળને આશ્રિત છે. કાળ પ્રેરિત સૂર્ય પ્રકાશિત થાય છે. કાળ ઈન્દ્રિઓનો અધિષ્ઠાતા છે. કાળમાં જ અંતર્યામી રૂપથી પ્રાણ રહે છે. કાળ જ તપ છે, કાળ જ જ્યેષ્ઠ છે, કાળમાં જ બ્રહ્મ પ્રતિષ્ઠિત છે. કાળ સર્વેશ્વર, સર્વ પિતા, પ્રજાપતિ છે. કાળ દ્વારા જ જગત ઉત્પન્ન થયું છે અને તેમનામાં જ પ્રતિષ્ઠિત છે. કાળ દ્વારા જ પ્રથમ પ્રજાપતિ ઉત્પન્ન કરાયા, પછી પ્રજાઓની રચના કરી કાળ જ કશ્યપ અને સ્વયંભૂ મનુ છે.

કાળમાંથી જ જળ, બ્રહ્મ, તપ, દિશાઓ અને સૂર્ય ઉત્પન્ન થયો છે. કાળથી સૂર્યાસ્ત થાય છે અને વાયુ વહે છે. કાળના મહિમાને જ પૃથ્વી આશ્રિત છે, દ્યુલોક પણ કાળને આશ્રિત છે. ભૂત-ભવિષ્ય-વર્તમાન કાળના જ પુત્ર છે. કાળથી જ ઋક, યજુ ઉત્પન્ન થયા છે. યજ્ઞને પણ કાળે જ ઉત્પન્ન કર્યો છે.

**સૂક્ત-૫૫ દેવતા : અગ્નિ**

હે પૂજનીય અગ્નિ ! અમે તમને હવિ આપીએ છીએ તમારી સમીપતા અને અન્ન-ધનથી અમે સંપન્ન થઈએ અને અમારો નાશ થાય નહિ. હે અગ્નિ ! તમે તમારી અન્નદાયિની કૃપામયી બુદ્ધિથી અમને સુખ પ્રદાન કરો. ગાર્હપત્ય અગ્નિ પ્રાતઃ અને સાયં બન્ને સમયે અમને સુખ આપે છે. હે અગ્નિ ! તમે અમારા દ્વારા પ્રવૃદ્ધ થાવ. તમે વૃદ્ધિને પ્રાપ્ત કરી અમને બધાનું ધન આપો.

**સૂક્ત-૫૬-૫૭ દેવતા : દુઃસ્વપ્નનાશન**

હે દુઃસ્વપ્નરૂપ ! પિશાચ નિર્ભય થઈને સ્ત્રી-પુરુષો પાસે પહોંચી જાય છે અને નિંદ્રામાં રહેલી વ્યક્તિના રથમાં બેસી જાય છે. પ્રજાપતિ વગેરેએ તને રાત્રિની રચના પૂર્વે અને વિધાતાએ સૃષ્ટિના આરંભમાં જોયા હતા ત્યારથી સંસાર ઉપર તમારી છાયા છે. તમે ચિકિત્સકોની સામે છુપાઈ જાવ છો.

અમે દુઃસ્વપ્નજનિત અનિષ્ટોને શત્રુ ઉપર ઊતરીએ છીએ. વિનાશ પળે

શત્રુઓ એવી રીતે એકત્ર થાય છે જેવી રીતે વકરી ગયેલા કુષ્ઠ વગેરે રોગ એકત્ર થાય છે. દુઃસ્વપ્ન દ્વારા એકત્ર થયેલા અનિષ્ટને અમે શત્રુ ઉપર ફેંકીએ છીએ.

**સૂક્ત-૫૮ દેવતા : મંત્રોક્ત**

આસ્તિક બુદ્ધિ ઈશ્વરને હવિથી પુષ્ટ કરે છે અને સાધક ઇન્દ્રિયોનો સંયમ કરે છે. અમારા સંયમિત શ્રોત્ર-ચક્ષુ-પ્રાણ-આયુ બધા જ વર્ચક્ષથી યુક્ત બનો. અમારા શરીરોના સાધક પ્રાણ અમને દીર્ઘજીવી બનાવે. દ્યાવાપૃથ્વી, સોમ, બ્રહસ્પતિ, સૂર્ય એ યમને પ્રદાન કરવા વર્ચસ્વ ધારણ કર્યું છે. હે દ્યાવાપૃથ્વી ! અમને તેજ આપો. તમારા તેજથી અમે સર્વત્ર ગતિશિલ છીએ. અમને અન્ન-ગૌ અને બન્ને લોકમાં ગતિશિલ યશ પ્રાપ્ત થાવ. હે ઇન્દ્રિઓ ! તમે સારી રીતે કર્મ કરો અને શરીરની રક્ષા કરો. શરીર જ તમારો રક્ષક છે. વિષયોને ઉચિત માત્રામાં ગ્રહણ કરવા તમે સમર્થ બનો.

**સૂક્ત-૫૯ દેવતા : અગ્નિ**

હે અગ્નિ ! તમે જઠરાગ્નિરૂપ છો. કર્મરક્ષક છો. યજ્ઞોમાં સ્તુતિઓ વડે તમારું પૂજન થાય છે. હે દેવો ! વિદ્વાનોના જે કર્મોને અમે નથી જાણતા તેને અગ્નિ જ સંપન્ન કરાવે છે. સોમપૂજક બ્રાહ્મણોની જેમ આ અગ્નિ પ્રતિષ્ઠિત છે. અમે જે અનુષ્ઠાન કરવા ઈચ્છીએ છીએ તેને યથાસ્થાન પહોંચાડનાર દેવયાન માર્ગના જ્ઞાતા અગ્નિદેવની અમે પૂજા કરીએ છીએ. આ અગ્નિદેવ જ દેવતાઓના જ્ઞાતા અને આહ્‌વાનકર્તા છે.

**સૂક્ત-૬૦ દેવતા : વાક્ આદિ**

અમારા મુખમાં વાણી, નાસિકામાં પ્રાણ, નેત્રોમાં દર્શનશક્તિ, દાંતમાં પુષ્ટિ, કેશ કાળા અને બાહુ બળયુક્ત રહો. અમારી ઉરૂઓમાં ઓજ, પિંડીઓમાં ગતિશીલતા, પગમાં સ્થિર રહેવાની શક્તિ રહે. આત્મા અવધ્ય અને અંગો પાપરહિત બનો.

**સૂક્ત-૬૧, ૬૨, ૬૩ દેવતા : અગ્નિ, બ્રહ્મણસ્પતિ**

હે અગ્નિ ! અમારે ત્યાં સુપ્રતિષ્ઠિત બનો. અમને સ્વર્ગ-સુખ પ્રાપ્ત થાવ, અમારા દાંત મજબૂત બને, અમે શત્રુઓ ઉપર વર્ચસ્વ મેળવીએ.

હે અગ્નિ ! અમે રાજા, દેવતાઓ, આર્યો, શૂદ્રો અને બધાના પ્રિય બનીએ. હે બ્રહ્મણસ્પતિ ! જાગો, દેવતાઓને યજ્ઞ પ્રત્યે બોધિત કરો. યજમાનના આયુષ્ય, કીર્તિ, પ્રાણ, પ્રજા અને પશુઓની વૃદ્ધિ થાવ.

**સૂક્ત-૬૪ દેવતા : અગ્નિ**

અમે સમિધાઓથી અગ્નિને પ્રદીપ્ત કરીએ છીએ. હે અગ્નિદેવ ! અમને શ્રદ્ધા અને બુદ્ધિ આપો. સંતાન, આયુષ્ય અને ધનથી સમૃદ્ધ કરો. હે અગ્નિ ! યજ્ઞીય અયજ્ઞીય સમિધાઓનું ભક્ષણ કરો. આ સમિધાઓ અમારા માટે મંગળમય બનો.

**સૂક્ત-૬૫-૬૭ દેવતા : સૂર્ય**

અંધકારનાશક હે સૂર્ય ! તમે જે સ્વતેજથી આકાશમાં સ્થિર થયા છો તેના વડે જ સ્વર્ગમાં પણ પ્રતિષ્ઠિત થાવ. તમારા એ તેજ વડે અમારા હિંસક શત્રુઓને ભસ્મ કરો.

દેવ-શત્રુ-સક્ષમ લોહ-પાશથી પુણ્યાત્માઓને બાંધવા ફર્યા કરે છે. હે વજ્રધારી સહસ્રરશ્મિ સૂર્ય ! આ રાક્ષસોને તમે તેજ વડે તમારા આધિન કરો છો. તેમનો નાશ કરી અમારી રક્ષા કરો.

હે સૂર્ય ! અમે તમને સો વર્ષ સુધી જોઈ શકીએ. અમે સો વર્ષ જીવીએ અને બુદ્ધિસંપન્ન રહીએ, સો વર્ષ સુધી સમૃદ્ધ રહીએ – પુષ્ટ રહીએ. સંતાન પરંપરામુક્ત રહીએ અને સો વર્ષથી વધુ જીવીએ.

**સૂક્ત-૬૮ દેવતા : મંત્રોક્ત કર્મ**

અમે વ્યાપક અને અવ્યાપક પ્રાણતત્ત્વના મર્મસ્થાન (મૂળાધાર)માં કુશળતાપૂર્વક પ્રવેશ કરીએ છીએ. આ પ્રાણ-વ્યાનના અક્ષરાત્મક વેદને વૈખરી વાણીના ક્રમથી પૃથક કરીએ છીએ.

**સૂક્ત-૬૯ દેવતા : જળ**

હે દેવો ! તમે આયુષ્યમાન છો. તમારી કૃપાથી અમે પણ આયુષ્યમાન બનીએ. પૂર્ણ બનીએ, મારું આયુષ્ય સત્કર્મોમાં પસાર થાય.

**સૂક્ત-૭૦ દેવતા : ઇન્દ્ર-સૂર્ય**

હે ઈન્દ્ર ! હે સૂર્ય ! હે દેવતાઓ ! તમે જીવિત રહો. તમારી કૃપાથી અમે પણ જીવિત રહીએ.

**સૂક્ત-૭૧ દેવતા : ગાયત્રી**

અમારા દ્વારા સ્તુતિ કરાયેલ વેદમાતા ગાયત્રી અમને દીર્ઘજીવન પ્રાણશક્તિ સુસંતતિ, શ્રેષ્ઠ પશુ (ધન), કીર્તિ, ધનવૈભવ અને બ્રહ્મતેજ આપીને બ્રહ્મલોકમાં જાઓ.

**સૂક્ત-૭૨ દેવતા : પરમાત્મા-દેવગણ**

જે કોશમાંથી અમે વેદને કાઢ્યો છે, તે જ સ્થાને તેને (વેદને) ફરી પ્રતિષ્ઠિત કરીએ છીએ. જ્ઞાનની શક્તિ (વીર્ય)થી જે યોગ્ય કાર્ય કરવામાં આવ્યું છે તે તપ દ્વારા દેવશક્તિઓ અમારું સંરક્ષણ કરે.

*

## વીસમો કાંડ

### • પહેલો અધ્યાય •

**સૂક્ત-૧ દેવતા : ઇન્દ્ર, મરુત, અગ્નિ**

ઐશ્વર્યવાન, અભિષ્ટવર્ધક હે ઈન્દ્ર ! નિષ્પન્ન-સોમનું પાન કરવા માટે યજ્ઞમાં આવો. ઉત્કૃષ્ટ તેજધારી, યાજ્ઞિકના રક્ષક હે મરુત ! સોમપાન કરવા આવો. વૃષભ, ગૌ અને સોમ જેનો ભાગ છે તે અગ્નિની અમે સ્તુતિ કરીએ છીએ.

**સૂક્ત-૨ દેવતા : ઇન્દ્ર, મરુત**

સોમરસને પવિત્ર કરનાર ઋત્વિક દ્વારા ઋતને અનુરૂપ શ્રેષ્ઠ સ્તુતિઓની સાથે સમર્પિત સોમરસનું વીર મરુદ્‌ગણ પાન કરે. સોમરસનું ધન આપનાર દ્રવિણોદા દેવતા અમને ધન આપો અને શ્રેષ્ઠ સ્તુતિઓની સાથે સમર્પિત સોમનું પાન કરો.

**સૂક્ત-૩-૧૨ દેવતા : ઇન્દ્ર**

હે ઈન્દ્ર ! આવો, આ કુશના આસન ઉપર બેસો અને તૈયાર કરેલ સોમનું પાન કરો. હે ઈન્દ્ર ! સ્તુતિ સાંભળો, હર્યશ્વ તમને અહીંયા લઈ આવે. હે ઈન્દ્ર ! સુસ્તુતિયુક્ત તૈયાર કરેલ સોમનું આ યજ્ઞમાં પાન કરવા તમે આવો.

સુંદર ગ્રીવાવાળા હે ઈન્દ્ર ! આ સોમયજ્ઞમાં પધારો અને સોમરસનું પાન કરો. તમને સોમ વડે તૃપ્ત કરવાની અમારી ઈચ્છા છે. આ મધુરરસનું પાન કરો. ધનદાન માટે પ્રસિદ્ધ ઈન્દ્રદેવ ! તમને ભેટ ધરેલો આ સુસ્વાદુ સોમ તમને શક્તિ-પ્રસન્નતા આપે.

સ્વસંતાનોથી ઘેરાયેલી સ્ત્રીઓની જેમ, ઋત્વિજોથી ઘેરાયેલો આ સોમ

તમારા માટે જ છે. સોમપાનથી પુષ્ટ ઈન્દ્ર શત્રુ-સંહાર કરે છે. આથી જ જગત્સ્વામી, વૃત્રહન્તા ઈન્દ્ર અમારા સેનાપતિ બન્યા અને શત્રુઓનો સંહાર કર્યો. હે ઈન્દ્ર ! દાન માટે ઝૂકેલા તમારા હાથથી યજમાનને ધન આપો. તમારા માટે જ અભિષુત-સંસ્કારીત કરેલો આ સોમ પ્રસ્તુત છે તેનું પાન કરો. હે ઈન્દ્ર ! તમે સૂર્યનું પતન થવા દેતા નથી. આવો, સોમસંપન્ન આ કુંડપાયી યજ્ઞમાં ઉપસ્થિત થાવ.

હે ઈન્દ્ર ! તૈયાર કરાયેલ આ સોમરસની યજમાન આપને આહુતિ આપે છે, સ્તુતિ કરાયેલ આપ સોમપાનથી તૃપ્ત થાવ. દેવ-સહિત હવિ ગ્રહણ કરો અને યજમાનની વૃદ્ધિ કરો. આ સોમ તમારો વિશિષ્ટ ભાગ છે. આપ નજીક અથવા દૂર, જ્યાં પણ હોવ ત્યાંથી અહીં આવી જાવ અને અમારી સ્તુતિઓનું શ્રવણ કરો.

હે સૂર્ય ! ઈન્દ્ર યાજ્ઞિકોના પ્રસિદ્ધ ધનદાતા છે, અભીષ્ટવર્ષક છે અને શત્રુદલન કર્તા છે. આ ઈન્દ્રનું ધ્યાન રાખીને તમે ઉદિત થાવ છો. શંબરમાયારચિત ૯૯ નગરોને તોડનાર અને વૃત્રહંતા ઈન્દ્ર અમારા સુખદ મિત્ર છો. અમને ગાયો, અશ્વ, ધનથી સમૃદ્ધ કરો. જ્યોતિષ્ટોમ આદિ યજ્ઞોને સંપન્ન કરનાર હે સ્તુત ઈન્દ્ર ! તમે સોમપાન કરો.

હે ઈન્દ્ર ! મહર્ષિઓના સોમયાગમાં તમે સોમપાન કર્યું હતું. અમે પણ આ યંત્રો વડે તૈયાર કરેલા સોમરસનું તમે પાન કરો અને અમને આનંદિત કરો. અમારા સ્તોત્રોથી તમે સમૃદ્ધ થાવ અને સૂર્યને પ્રકાશિત કરો. પાણીઓએ હરિ લીધેલી અમારી ગાયો પાછી લાવો, શત્રુઓનો નાશ કરો અને અન્ન વૃદ્ધિ કરો. અમે (તમારા) પુત્રો છીએ, અમારા સ્તોત્ર સાંભળો. અધ્વર્યુઓએ દ્રોણ કળશમાં તમારા માટે સોમ તૈયાર રાખ્યો છે. સોમપાન કરી હર્ષિત થાવ.

હે યજમાનો ! અભીષ્ટફળ માટે દર્શનીય અને દુઃખનાશક, સુદાની, પ્રજાપોષક ઈન્દ્ર તરફ અમારી સ્તુતિની વાણી એવી રીતે જાય છે જેમ ભાંભરતી ગાય વાછરડા તરફ અને અકાલગ્રસ્ત પર્વત તરફ જાય છે. હે ઈન્દ્ર ! અમને શક્તિપ્રદ અન્ન આપો અને બળ આપો.

જેવી રીતે રથમાં સ્વગમનથી રથારોહી સંતુષ્ટ થાય છે તેવી રીતે ગેય-અગેય મંત્રોવાળી સ્તુતિ ઈન્દ્રને સંતુષ્ટ કરે છે અને અન્ન-બળ આપે છે. જેવી રીતે કણ્વ, સૂર્ય, ભાર્ગવ સ્તુતિઓ વડે ઈન્દ્રને પ્રાપ્ત કરે છે તેવી રીતે મનુષ્ય પણ ઈન્દ્રને સ્તુતિઓથી પ્રાપ્ત કરે છે.

શત્રુનાશક અને શત્રુધન પ્રાપક ઈન્દ્ર મંત્રો વડે સમૃદ્ધ થાય છે અને દ્યાવાપૃથ્વીમાં વ્યાપ્ત છે. અગ્રગણ્ય ઈન્દ્રની અમે સ્તુતિ કરીએ છીએ. ઈન્દ્રએ વૃત્રને માર્યો અને પણીઓએ હરણ કરેલી ગાયોને છોડાવી. લૌકિક કર્મ નિર્વાહ માટે તેમણે સૂર્યને પ્રગટ કર્યો. તે શત્રુ વિજેતા છે, તે ઉષાનો ઉદય કરાવનાર, શત્રુધન લઈ લેનાર, અભીષ્ટપૂરક અને જળસિંચન દ્વારા દ્યાવાપૃથ્વીના પોષક છે તેમને યજમાન હવિ આપીને પ્રસન્ન કરે છે. ઈન્દ્ર જ સૂર્યપ્રકાશક અને મનુષ્યના ઉપભોગ અર્થે તેને પશુ-આભૂષણ આપનારા તેમજ બધા વર્ણોના પાલક છે. ઔષધિઓ, વનસ્પતિઓ, દિવસોના રચયિતા, રાક્ષસ-સંહારક, સર્વોપકારક ઈન્દ્રને અમે આહુતિ સમર્પિત કરીએ છીએ.

હે ઋત્વિજો ! યજ્ઞમાં જીવોની વૃદ્ધિ કરનારા ઈન્દ્રની સ્તોત્રો દ્વારા સ્તુતિ કરો. હે ઈન્દ્ર ! દેવોના પ્રિય સોમવર્ધક જીવોના આયુવર્ધક સ્તોત્રો સાંભળો. વૃત્રહન્તા, દ્યાવાપૃથ્વીના સ્વામી ઈન્દ્રની અમે સ્તોત્રો દ્વારા સેવા કરીએ છીએ. ઋત્વિજ અભિષુત સોમ માટે અને સ્તોત્રપાઠ કરવા યજ્ઞમાં ઉપસ્થિત છે. તમે (ઈન્દ્ર) પધારો અને અમને અન્નદાન આપો. અભીષ્ટવર્ધક ઈન્દ્ર અમને પશુધન, પુત્રાદિ આપો. ઈન્દ્ર મધ્ય સ્તવનમાં હર્યશ્વો સહિત આવીને સોમપાન કરો.

**સૂક્ત-૧૩ દેવતા : ઇન્દ્ર, બૃહસ્પતિ, મરુતાદિ**

હે બૃહસ્પતિ ! ઈન્દ્ર સહિત સોમ પીવો અને અમને પુત્રાદિનું ધન આપો. હે મરુત ! યજ્ઞમાં શીઘ્ર પધારો, કુશાસન ઉપર બેસો અને સોમપાનથી તૃપ્ત થાવ. હે અગ્નિ ! દેવતાઓ સહિત આ યજ્ઞમાં આવો. અમે સ્તોત્રનું ગાન કરીએ છીએ. તમારું બંધુત્વ પામીને અમે હિંસારહિત બનીએ. તમે અમારી આહુતિ દેવો સુધી પહોંચાડો.

## • બીજો અધ્યાય •

**સૂક્ત-૧૪-૧૫ દેવતા : ઇન્દ્ર**

હે સદા નવીન, પૂજનીય અને પોષક ઈન્દ્ર ! અમે તમારું આહ્વાન કરીએ છીએ. હે સખા ! અમારી સહાયતા માટે આવો. હે યજમાનો ! તમારી રક્ષા અર્થે અમે ઈન્દ્રની આ સ્તુતિ ગાઈએ છીએ. ઈન્દ્ર અમને સ્તોતાઓને સો ગાયો અને સો અશ્વો પ્રદાન કરો.

સર્વપાલક, દાતા, સર્વ સામર્થ્યવાન ઈન્દ્રનું અમે સ્તવન કરીએ છીએ. હે શત્રુવર્ષક ઈન્દ્ર ! તમારું વજ્ર અપ્રતિરુદ્ધ (સામનો ન કરી શકાય તેવું) છે. આથી બધા તેને અનુકૂળ રહે છે. હે ઉષા ! શત્રુઓને ભયદાયક ઈન્દ્રને અન્ન માટે અહીં લાવો. હે ઈન્દ્ર ! તમે મહિમામય છો, અમારી સ્તુતિઓ અલ્પ છે, જેમ રાજા પ્રજાની વાત સાંભળે છે તેમ તમે અમારી સ્તુતિ સાંભળો. અમે તમારા વૃહહનન આદિ કાર્યો સાંભળીને તમારા ઉપાસક બન્યા છીએ, અમારી કામના પૂર્ણ કરો. દ્યાવાપૃથ્વી તમારું માન રાખે છે. હે વજ્રધારી ! તમે વિશાળ પર્વતોના પણ ટુકડા-ટુકડા કર્યા હતા અને મેઘને તમે નદીરૂપે પ્રવાહિત કરી દો છો. તમારો મહિમા અપાર છે.

**સૂક્ત-૧૬ દેવતા : બૃહસ્પતિ**

જેવી રીતે વાદળમાંથી ધારારૂપે પડતું પાણી ઊર્મિઓરૂપી શબ્દ કરે છે તેવી રીતે બૃહસ્પતિ માટેની સ્તુતિના મંત્રો ઝૂકી જાય છે. મહર્ષિ આંગિરસે ભગના વિવાહકાળમાં અર્યમાદેવીના શરણે જઈ પતિ-પત્નીની જોડી બનાવી હતી તેવી રીતે આ દંપતિને પણ આશીર્વાદ આપો. હે બૃહસ્પતિ ! આ વર-વધૂને એક કરો. બૃહસ્પતિ સ્તોતા અને અતિથિઓને સુવર્ણ આપે છે. મેઘોને વર્ષા માટે અધોમુખી કરે છે, ગાયોને આમ-તેમ લઈ જાય છે. તેમણે બલ નામના અસુરે સંતાડેલી પયસ્વિની ગાયોને જોઈ અને ગુફાની બહાર લાવ્યા હતા. ગાયોને જોવા માટે તેમણે ઉષા, સૂર્ય અને અગ્નિને પ્રાપ્ત કર્યા. બૃહસ્પતિ, સૂર્ય, ચંદ્રમા, રાત્રિ અને દિવસ પ્રગટ કરે છે. બૃહસ્પતિ માટે અમે હવિ આપીએ છીએ. તેઓ અમને પશુ, ધન, સંતાન આપે.

**સૂક્ત-૧૭ દેવતા : ઇન્દ્ર, બૃહસ્પતિ**

અમારા સ્તોત્ર અને સ્તુતિઓ ઈન્દ્ર માટે જ હોય છે. હે ઈન્દ્ર ! અમારું મન તમારી કામના કરે છે. શત્રુનાશક તમે આ યજ્ઞમાં આવો, કુશના આસન પર બેસો અને સોમનું પાન કરો. ધનસ્વામી ઈન્દ્ર અમારી ધનકામના પૂર્ણ કરે. સોમ ઈન્દ્રનો જ આશ્રય લે છે. ઈન્દ્રના બળ સમાન કોઈનું બળ નથી. તેઓ એક સાથે અનેક લોકોની કામના પૂરી કરે છે. વજ્ર અને સોમ પણ તેમની જ કામના કરે છે. સ્તોતા સ્તુતિઓથી તેમને જ સંવૃદ્ધ કરે છે. તેઓ મેઘને છિન્ન-ભિન્ન કરે છે. હે ઈન્દ્ર ! અમે તમારી કૃપાથી દરિદ્રતા દૂર કરીએ. તમે આપેલા અન્નથી અમારી ક્ષુધા શાંત કરીએ. તમારી કૃપાથી અમે શ્રેષ્ઠ બનીએ અને શત્રુઓને જીતીએ. બધી દિશાઓમાં બૃહસ્પતિ અને ઈન્દ્ર

અમારી રક્ષા કરો. હે બૃહસ્પતિ, હે ઈન્દ્ર ! અમને ધન-બળ આપો અને અમારી રક્ષા કરો.

## • ત્રીજો અધ્યાય •

**સૂક્ત-૧૮-૧૯ દેવતા : ઇન્દ્ર**

હે વજ્રધારી ઈન્દ્રદેવ ! અમે બધા કણ્વવંશીય સાધકો સ્તોત્રો દ્વારા આપની સ્તુતિ કરીએ છીએ. ઈન્દ્ર આદિ દેવ અને સોમ તૈયાર કરનાર યજમાન સોમથી પ્રસન્ન રહે છે. હે ઈન્દ્ર ! અમને ક્રૂર, નિંદક, અદાનશીલ શત્રુઓને આધિન કરશો નહિ. તમે અમારા રક્ષક છો. આથી જ અમે શત્રુઓને લલકારીએ છીએ.

હે ઈન્દ્ર ! વૃત્રહનન જેવું બળ પ્રદર્શન અને શત્રુહનન માટે અમે તમને પોકાર કરીએ છીએ. હે બહુકર્મા ઈન્દ્ર ! યજ્ઞ માટે અને અમારા ઉપર કૃપા કરવા ઋત્વિજ તમને યજ્ઞમાં આમંત્રણ આપે છે. હે શતક્રતુ ઈન્દ્ર ! અમે તમારા અનેક નામોથી યજ્ઞમાં બોલાવીએ છીએ. તેજસ્વી રક્ષક એવા આપ, પાપનાશાર્થ, બળપ્રાપ્તિ તેમજ અન્ન-ધન-પ્રાપ્તિ માટે અમારા રક્ષક બનો.

**સૂક્ત-૨૦-૨૩ દેવતા : ઇન્દ્ર**

હે ઈન્દ્ર ! બળપ્રદ, દુઃસ્વપ્નનાશક, તેજયુક્ત સોમનું પાન કરો. અમે બળ પ્રાપ્ત કરીએ. નજીકથી અથવા દૂરથી આપ અમારી પાસે આવો. સર્વદૃષ્ટા, સદા-પ્રતિષ્ઠિત ઈન્દ્ર અમને સુખી કરે, ભય દૂર કરે.

અસુરનું ધન હરિ લેનારા ઈન્દ્રની અમે સ્તુતિ કરીએ છીએ. હે અતિ પ્રાચીન, બહુકર્મા, મેધાવી, બળવાન ઈન્દ્ર ! તમે પશુ-ધનના દાતા અને કામના પૂરક છો, અમે તમારી સ્તુતિ કરીએ છીએ. ઈન્દ્ર અમને બળ, ધન, પશુ, અન્ન આપે, અમારી કામના પૂર્ણ કરે. તમારી કૃપા અમને પ્રાપ્ત થાવ. તમે યજમાનની રક્ષા કરો અને યજમાન તમારી સ્તુતિથી તમને સંવૃદ્ધ કરે. તમે નમુચિનો સંહાર કર્યો હતો. શક્તિ વડે તમે કરજાસુર, પર્ણયાસુર, વઙ્ગદાસુરનો નાશ કર્યો હતો. સાંઈઠ હજાર નવ્વાણુ શત્રુઓથી ઘેરાયેલા શૂશ્રુવાની તમે રક્ષા કરી તેને આયુ-આયુધ પ્રાપ્ત કરાવ્યા હતા. હે ઈન્દ્ર ! યજ્ઞ પૂર્ણ થાય એટલે અમે તમારી રક્ષા પ્રાપ્ત કરીએ. અમને મંગળ અને દીર્ઘજીવન પ્રાપ્ત થાવ.

હે ઈન્દ્ર ! સંસ્કારિત સોમ પ્રસ્તુત છે તેનું પાન કરો. બ્રાહ્મણદ્વેષી

અને તમારા પ્રત્યે વ્યંગ કરનારાને તમે બતાવી દો. હે સ્તોતાઓ ! જે પ્રકારે ઈન્દ્ર પ્રસન્ન થાય તે પ્રકારે તેમની સ્તુતિ કરો. ઈન્દ્રના અશ્વ તેમને અમારા યજ્ઞમાં લાવે. જ્યારે ઈન્દ્ર સોમપાન કરે છે ત્યારે તેમના માટે ગાયો મધુર દૂધ આપે છે.

હે વજ્રધારી ! આ યજ્ઞમાં તમને બોલાવ્યા છે. તમે અશ્વો દ્વારા આ યજ્ઞમાં અહીં લાવવામાં આવ્યા છો. યજ્ઞમાં તમારા માટે વેદી ઉપર કુશનું આસન પાથર્યું છે, હોતા અને સોમ વાટવા માટેનો પથ્થર પણ આવી ગયો છે. અમે તમારી સ્તુતિ કરીએ છીએ. ત્રણે સ્તવનમાં તમે સ્તોત્રોને પ્રાપ્ત કરો. તમે અમને અભીષ્ટ ફળ આપો. તમારા અશ્વ તમને અમારા આ યજ્ઞમાં લાવે.

હે ઈન્દ્ર ! તમારા અશ્વો દ્વારા અમારા પાષાણ ઉપર વાટીને તૈયાર કરેલા ગવ્યમય સોમની નજીક આવો અને તેનું પાન કરો. તેનું પાન કરી તૃપ્ત બનો. અમારી સ્તુતિઓ તમારી પાસે આવે છે. તમે અનેક વાર યજ્ઞમાં આવો. આ અમારો સોમ તમારા પેટમાં ગયા પછી હૃદયને આનંદિત કરશે.

હે ઈન્દ્ર ! તમારાથી રક્ષાયેલ પુરુષ યુદ્ધમાં પ્રમુખ રહે છે તેને તમે પશુ-ધનથી પામી જાવ છો. હે ઈન્દ્ર ! અમારી સ્તુતિઓ તમને જ પ્રાપ્ત થાય છે. તમારા તેજનો કોઈ સામનો કરી શકતું નથી. સ્તોતા અને ઋત્વિજ તમારી સેવા કરે છે. હે ઈન્દ્ર ! આ યજ્ઞના યજમાનને સંતાન-પશુ-ધન અને કલ્યાણ પ્રાપ્ત થાવ, પણિઓ દ્વારા ગૌ-હરણ કરાયું ત્યારે અંગિરાઓએ તમને પ્રથમ હવિ આપ્યું હતું. ઈન્દ્રએ જ અંગિરાવંશિઓનો ભય દૂર કર્યો અને દાનઆદિ પ્રાપ્ત કરાવ્યું હતું. તેમણે ઈન્દ્રની સહાયતાથી જ ગાયો પાછી મેળવી હતી. જે યજ્ઞમાં સંતાન પ્રાપ્તિ માટે કુશાઓ ફેલાવવામાં આવે છે, જ્યાં સોમાભિષવ કરનાર પથ્થરનો ધ્વનિ સંભળાતો હોય છે અને વાણી દ્વારા સ્તોત્ર-પાઠ થાય છે ત્યાં ઈન્દ્ર આવે છે. હે અભીષ્ટવર્ધક ઈન્દ્ર ! સોમપાન કરવા આ યજ્ઞમાં આવો.

યજ્ઞમાં, યુદ્ધમાં તથા અન્ન પ્રાપ્તિ અર્થે અમે ઈન્દ્રને બોલાવીએ છીએ, ઈન્દ્ર અહીં આવો. હે ઈન્દ્ર ! તમે સ્વર્ગના સ્વામી, વીર પ્રતિનિધિ છો, મારો પોકાર સાંભળી અહીં આવો. ઈન્દ્રના અશ્વરથ અને સારથિ પણ સુંદર છે. હે મનુષ્યો ! અજ્ઞાન અને અંધકારને દૂર કરનાર સૂર્ય ભગવાન ઊગી રહ્યા છે, તેમનાં દર્શન કરો.

હે ઐશ્વર્યવાન, ધનના સ્વામી ઈન્દ્ર ! અમે પણ ધનવાન બનીએ. હે

ઈન્દ્ર ! તમારા સ્તોતા ગાયો મેળવે છે, અમે પણ ગાયો પ્રાપ્ત કરીએ અને સ્તોતાને ધન આપવા સમર્થ બનીએ. હે ઈન્દ્ર ! અમારી વાણી તમે પ્રાપ્ત કરો અને સોમ તૈયાર કરનાર યજમાનની વૃદ્ધિ કરો. તમે અટક્યા વગર ધનદાન કરો છો. અમને પણ અટક્યા વગર ધન આપો. ઈન્દ્ર મેઘો વડે વર્ષા કરાવે છે અને પૃથ્વીને ધાન્યથી પુષ્ટ કરે છે. અમારા હવિઓ અને સ્તુતિઓ ઈન્દ્રને સંવૃદ્ધ કરો. અમે શત્રુઓ ઉપર વિજય માટે અને પોતાની રક્ષા કરવાની શક્તિ મેળવીએ.

સોમપાનથી શક્તિ મેળવીને ઈન્દ્રે મેઘોને વિદિર્ણ કરી અંતરિક્ષને વર્ષા જળથી સમૃદ્ધ કર્યું. અંગિરાઓની અપહૃત ગાયોનું અપહરણ કરનાર રાક્ષસોને ઈન્દ્રે માર્યા, નક્ષત્રોને આકાશમાં સ્થિત કર્યા. હે ઈન્દ્ર ! તમારા સ્તોત્ર અમારી વાણીથી પ્રગટ થાય છે. સોમપાનથી તમારી શક્તિ વધે છે.

હે ઈન્દ્ર ! સ્તોત્રો અને ઉક્થોથી તમે વધો છો, સ્તોતાઓનું કલ્યાણ કરો. હર્યશ્વ ઈન્દ્રને સોમપાન અર્થે અહીં લાવો. હે ઈન્દ્ર ! તમે નમુચિનું મસ્તક કાપ્યું અને માયાવી રાક્ષસોને તમે અધોમુખી કર્યા હતા. તમે સોમ પીને બળવાન થાવ છો અને જે સમાજમાં સોમાભિષય થતો નથી તેને નષ્ટ કરો છો.

હે ઈન્દ્ર ! શીઘ્રગામી તમારા અશ્વોની અમે યજ્ઞમાં પ્રશંસા કરીએ છીએ. સોમપાનથી શક્તિશાળી તમારી પાસે અભીષ્ટની માંગણી કરીએ છીએ. હે ઈન્દ્ર ! હર્યશ્વો સહિત આવીને તમે ધન-વૃષ્ટિ કરો છો. હે ઋત્વિજો ! સોમ દ્વારા બળવાન, શત્રુનાશક ઈન્દ્રનું પૂજન કરો. ઈન્દ્રનો દેહ વજ્ર, બાણ, કેશ અને બધા સાજ લીલા રંગના જ છે. ઈન્દ્રનું વજ્ર વાયુ-વેગથી ગંતવ્ય સ્થળે પહોંચી જાય છે. ઈન્દ્રે વજ્ર વડે વૃત્રનો નાશ કર્યો. હે ઈન્દ્ર ! જ્યાં સોમ હોય ત્યાં તમે હોવ છો. યજ્ઞમાં આ સોમ, ઉક્થ અને અન્ન તમારા માટે જ છે.

સોમથી ઉત્પન્ન શક્તિ અર્થે ઈન્દ્રાશ્વ ઈન્દ્રને યજ્ઞમાં લાવી રહ્યા છે. યજ્ઞના ત્રણે સ્તવનમાં લીલા રંગનો સોમ જ ઈન્દ્ર ગ્રહણ કરે છે. સોમ જ ઈન્દ્રાશ્વોને પ્રેરિત કરે છે. ઈન્દ્રના કેશ, દાઢી, મૂછ બધું લીલા રંગનું છે. તેઓ સોમનું પાન કરવા અશ્વો દ્વારા યજ્ઞમાં આવે છે. હવિ તેમનું ધન છે. યજ્ઞમાં સોમપાન કરતા ઈન્દ્રની લીલી ચાબુક સુવાની જેમ ચાલે છે. ઈન્દ્રનું નિવાસ દ્યાવાપૃથ્વીમાં છે. હે ઈન્દ્ર ! અમારા સ્તોત્ર તમારી કામના કરે છે. તમે

યજમાનની કામના કરો અને તેને ધન આપો.

હે ઈન્દ્ર ! સદા નવીન તમે દ્યાવાપૃથ્વીમાં વ્યાપ્ત રહો. અમારા પ્રિય સ્તોત્ર સાંભળતા જ, પણિઓ દ્વારા અપહૃત ગાયોનું સ્થાન સૂર્યને આપી દે છે. કૃપા કરો કે સૂર્ય સ્તોતાઓને ગૌશાળા પ્રદાન કરે. હે ઈન્દ્ર ! તમે સોમપાયી છો, તમારા અશ્વ સોમપાન કરવા તમને અહીં લઈ આવે છે. હે ઈન્દ્ર ! તમે ત્રણેય સ્તવનમાં સોમ ગ્રહણ કરો છો, આ સોમને પેટમાં પધરાવો.

હે ઈન્દ્ર ! અધ્વર્યુઓ દ્વારા પાષાણ-નિષ્પન્ન, સંસ્કારિત સોમ તમે પીવો. તમે અભીષ્ટવર્ષક છો. યજ્ઞમાં હવિ અને સ્તુતિઓથી પ્રસન્ન થાવ છો અને સોમ પીને શક્તિ પ્રાપ્ત કરો છો. હે ઈન્દ્ર ! પુત્રાદિ ધન-સંપન્ન ઋત્વિજ અને યજમાન તમારી સ્તુતિ કરતા બેઠા છે.

## • ચોથો અધ્યાય •

**સૂક્ત-૩૪-૩૭ દેવતા : ઇન્દ્ર**

હે મનુષ્યો ! પોતાના પ્રભાવથી ખ્યાતિ પામેલા તે મનસ્વી ઈન્દ્રદેવે ઉત્પન્ન થતાં જ પોતાનાં શ્રેષ્ઠ કાર્યોથી દેવતાઓને અલંકૃત કરી દીધા, જેમની શક્તિથી આકાશ અને પૃથ્વી બન્ને લોક ભયભીત થઈ ગયા. તમે પર્વતોને અચલ કર્યા, આકાશમાં રહેલા મેઘને ચીરી વર્ષા કરી, બળથી હરી લેવાયેલ ગાયોને પ્રગટ કરી, વિદ્યુત ઉત્પન્ન કરી, અસુરોને ગુફામાં નાખ્યા. તમે શત્રુનું ધન લઈ લેનારા છો. હે મનુષ્યો ! ઈન્દ્ર પર વિશ્વાસ કરો. તેઓ શત્રુનાશક છે, નિર્ધનોને ધન આપે છે. યજમાનોના ધનદાતા અને રક્ષક છો. તમે પ્રકાશ માટે ઉષા અને સૂર્યને ઉદિત કર્યા. વર્ષા જળના તમે પ્રેરક છો. જેની સહાયતા વિના શત્રુઓને હરાવી શકાતા નથી, જે પાપ-પુણ્યના દૃષ્ટા છે. તે ઈન્દ્ર છે. પાપીઓ અને પ્રતિકૂલોનો ઈન્દ્ર વધ કરે છે તે ઈન્દ્ર છે. શંબર અને અસુરના સંહારક ઈન્દ્ર છે. જેમની હિંસા માટે અસુરોએ અધ્વર્યુને ઘેરી લીધા હતા, જેમણે શમ્બરાસુર, રોહિણાસુર અને શુષ્ણને માર્યા, જે સોમયાયી છે, જે જળ અને કામનાઓના વર્ષક છે, સાત નદીઓના ઉત્પન્ન કર્તા છે, દ્યાવાપૃથ્વી જેમના માટે રોકાય છે, પર્વત જેમનાથી કાંપે છે, જે વજ્રધારી છે, સોમપાયી – હવિદાતા યજમાનના રક્ષક છે, અસાધારણ વીર છે, હે મનુષ્યો ! તે ઈન્દ્ર છે. હે ઈન્દ્ર ! તમે સત્ય છો. અમે તમારી સ્તુતિ કરીએ છીએ.

મહાન બળવાન, અબાધ ગતિવાળા, ઋચાઓને અનુરૂપ રૂપવાળ
ઈન્દ્રની સ્તુતિ કરતા અમે તેમને હવિ આપીએ છીએ. ધનપ્રેરક ઈન્દ્રની વૃ
અર્થે સ્તોત્ર ગાવ. રથશિલ્પી જેવી રીતે રથનું નિર્માણ કરે છે, તેવી રીતે અ
ધનપ્રેરક ઈન્દ્રની વૃદ્ધિ અર્થે સ્તોત્ર વાંચું છુ. યજ્ઞમાં પ્રાપણીય ઈન્દ્ર માટે હ
અને સ્તુતિ પ્રદાન કરીએ છીએ. અન્નની કામનાવાળા અમે હવિને ઘૃત
મેળવીએ છીએ અને અસુર-નગરનાશક. શત્રુ-પલાયનકારક ઈન્દ્રને બોલા
છું. બ્રહ્માએ ઈન્દ્ર માટે વજ્ર બનાવ્યું, એ સ્તુતિ કરવા યોગ્ય છે. શત્રુ
નિગ્રહ કરનાર એ વજ્રથી ઈન્દ્રએ વૃત્રાસુરને માર્યો. આવા ઈન્દ્રદે
સોમપાનથી મેળવેલ બળથી શત્રુઓને વશ કરી તેમનું ધન લઈ લે છે અ
મેઘના ટુકડે ટુકડા કરનાર છે. ઈન્દ્રનું તેજ દ્યાવાપૃથિવીમાં વ્યાપ્ત છે
દ્યાવાપૃથિવી ઈન્દ્રનો મહિમા ઓછો કરવામાં સમર્થ ન થયા. ઈન્દ્ર શત્રુઓ
દમન કરનારા, વાદળોથી વૃષ્ટિ કરાવનારા છે. વૃત્રાસુરને ઈન્દ્રએ માર્યં
પણિઓ પાસેથી ગાયો છોડાવી, વૃષ્ટિ કરાવી અને યજમાનને અન્ન આપ્

નદીઓ ઈન્દ્રના વજ્રથી પ્રગટ થાય છે. ઈન્દ્રદેવ ઈચ્છિત ફળ અ
પ્રતિષ્ઠા આપનાર છે. હે ઈન્દ્રદેવ ! આપ જળને પૃથિવી પર પ્રવાહિત કરવ
માટે વાદળો પર વજ્રપ્રહાર કરીને તેના ટુકડે-ટુકડા કરી નાંખો. સ્તોતા ઈન્દ્ર
સ્તુતિનું ગાન કરે. ઈન્દ્રએ પર્વતોને સ્થિર કર્યા, દ્યાવાપૃથિવી તેમનાથ
ભયભીત છે. ઈન્દ્રએ ઋષિઓની રક્ષા કરી. હે ઈન્દ્ર ! સ્તોતાઓને ધન આપ
અને જેવી રીતે આ યજ્ઞમાં પધાર્યા તેવી રીતે ભવિષ્યમાં પણ આવજો.

હું કામ્યવર્ષક, બળપ્રદ, બાહુકર્મા ઈન્દ્રના સ્તોત્રોથી સ્તુતિ કરું છું
અમારા પૂર્વજ ઈન્દ્ર સ્તુતિ કરતા કરતા પિતૃલોક ગયા. ઈન્દ્રદેવ અમ
વીરપુત્રો અને સેવકો સહિત અસીમધન આપો. અમને એ સુખ આપો,
પૂર્વકાળમાં સ્તોતાઓએ મેળવ્યું હતું. ઈન્દ્ર શત્રુવશકર્તા, શત્રુનગરનો નાશ
કરનાર છે. હે ઈન્દ્ર ! આપ વૃત્રને હણનાર છો, અમને કઠીન માર્ગોથી પા
ઊતરાવો, રાક્ષસોને ભસ્મ કરો, રાક્ષસી માયા દૂર કરો. અમને સંપત્તિ આપો
આપ પોતાના અશ્વો સહિત યજ્ઞમાં આવો.

હે ઈન્દ્ર ! આપ શત્રુભયદાતા છો અને તેમનું ધન હવિદાતાને આપ
છો. તમે કુત્સની રક્ષા માટે શુષ્ણને દંડ કર્યો. વીતહવ્ય, ત્રસદસ્યુ, પુરુની રક્ષ
કરી તથા ચુમુરિ, ધુનિ, નમુચિનો નાશ કર્યો, શત્રુઓનાં ૬૬ નગરો ધ્વસ
કર્યાં, આપ યજ્ઞમાં આવો, અમારા સ્તોત્ર આપને પ્રાપ્ત થાઓ. અમારું રક્ષ

કરો, તુર્વશ અને યાદવરાજાઓને પરાસ્ત કરો. અતિથિ સત્કારમાં નિપુણ એવા સુદાસને સુખ આપો. ઋત્વિજ આપના માટે ઉક્થોનું ઉચ્ચારણ કરે. આપ અમારા રક્ષક બનો, પાપનું શમન કરો. હે ઈન્દ્ર ! આપ સ્તુતિ અને હવિ દ્વારા વૃદ્ધિ પામો. અમને પુત્ર-ધન આપો. હે અગ્નિ તથા દેવતાઓ ! અમારી રક્ષા અને કલ્યાણ કરો.

## • પાંચમો અધ્યાય •

**સૂક્ત-૩૮-૬૬ દેવતા : ઇન્દ્ર**

હે ઈન્દ્ર ! આપ અમારી પ્રાર્થનાઓ સાંભળો. અશ્વો સહિત અહીં આવો અને તૈયાર કરેલ સોમરસનું કુશના આસન પર બેસીને પાન કરો. અમે સોમયાગ કરી ચૂક્યા છીએ. અમારી વાણી આપની સ્તુતિ કરે છે. ઈન્દ્ર ઉપાસકોના હિતૈષી છે. મંત્ર સાંભળતા જ અશ્વો રથમાં જોડાઈ જાય છે. ઈન્દ્રએ સૂર્યને દ્યુલોકમાં સ્થિર કર્યો છે. મેઘોને ચીરી નાખ્યા છે.

હે ઈન્દ્ર ! તમે મરુતોના સાથી છો. તેજસ્વી-પાપરહિત ઈન્દ્રથી આ યજ્ઞ સુશોભિત છે. તે હવિથી વૃદ્ધિ પામો.

ઈન્દ્રએ વૃત્રના ૬૬ નગરોનો નાશ કર્યો છે. પર્વતોના મસ્તિષ્ક છેદી કાઢ્યા છે. ઈન્દ્ર જ ચંદ્રમંડળમાં પ્રકાશરૂપે બિરાજમાન છે.

હું ઈન્દ્ર સ્તુતિની અષ્ટપદી વાણીનું ઉચ્ચારણ કરું છું. જ્યારે ઈન્દ્રએ અસુરોનો નાશ કર્યો ત્યારે દ્યાવાપૃથિવીએ તેમના પર કૃપા કરી. હે ઈન્દ્ર ! આપ સુસંસ્કારિત સોમનું પાન કરો.

હે ઈન્દ્ર ! શત્રુઓનો નાશ કરી, યુદ્ધબાધાને દૂર કરો. અમે સ્થિર (ધન) અને ઉપાસકોને મેળવેલ ધન આપો.

અગ્રગણ્ય, નિત્યનવીન, પૂજનીય, મનુષ્યોના તેજસ્વી સ્વામી, સ્તોતાઓને અન્ન-યશ આપનાર ઈન્દ્રની હું સ્તુતિ કરું છું. અમારા ઉક્થ યજ્ઞ અને હવિ ઈન્દ્રને જ પ્રાપ્ત થાઓ.

જેવી રીતે ગર્ભધારણ કરવા યોગ્ય કબૂતરી પાસે કબૂતર આવે છે, તેવી રીતે હે ઈન્દ્ર ! આપ અમારી તરફ આવો. હે શતકર્મા ! સ્તુતિઓ જ આપને પ્રાપ્ત કરવા સમર્થ છે. અમારી રક્ષા કરો. અમે આપનું સ્તવન કરીએ.

નેતા, યુદ્ધભૂમિમાં શત્રુવશકર્તા, યજ્ઞમાં જ્યોતિકર્તા એવા ઈન્દ્ર ! અમને

પાર ઉતારો, પશુધનથી અમારી વૃદ્ધિ કરો. હે ઈન્દ્ર ! આપ વિપુલ ધન આપનાર છો.

અભિષ્ટ આપનાર ઈન્દ્ર આપ ઉત્કૃષ્ટ છો. વૃત્રના નાશ માટે અમે આપને પોષીએ છીએ. ઈન્દ્ર પ્રશંસનીય, તેજસ્વી, બળવાન છો. ગાય, વાણી, પૂજામંત્ર બધા તેમની સ્તુતિ જ કરે છે. સૂર્યને પણ ઈન્દ્રએ જ આકાશમાં સ્થિર કર્યા છે. સૂર્યરૂપથી તેઓ વાદળાંઓને ચીરે છે. હે ઈન્દ્ર ! આપના અશ્વ તમને અહીં લાવે. અમે સોમપાન માટે તમને બોલાવીએ છીએ. તમારો રથ પ્રાણીઓને ઓળંગતો ચાલે છે અને અશ્વ ચમકે છે. મનુષ્ય સૂર્યરૂપી ઈન્દ્ર અંધકાર અને અજ્ઞાન હટાવવા માટે ઊગ્યા છે, દર્શન કરો. અગ્નિની જેમ કિરણો તેમને ઉપર લઈ જાય છે. નક્ષત્રો તેમના આગમનથી ભાગી ગયા છે. હે ઈન્દ્ર ! તમે ભવનોના રૂપ, સર્વદષ્ટા, સર્વપ્રકાશક છો. જે પુણ્ય માર્ગ પર ચાલે છે, તેમના પર તમે કૃપા કરો. તમે ત્રૈલોકવહારી છો. તમારા રશ્મિરૂપ (કિરણરૂપ) સાત અશ્વ તમારું વહન કરે છે.

ગાય જેવી રીતે વાછરડા પાસે અને માતા પુત્ર પાસે આવે છે તેવી જ રીતે અમારી સ્તુતિ ઈન્દ્ર પાસે આવે છે. વજ્રધારણ કરનાર તેઓ અમને આયુ, ઘી અને દૂધ આપે. વર્ષા, જળ, અમૃત આપવાથી તે પણ ગાય કહેવાય છે. સૂર્ય સર્વપ્રકાશક અને પ્રાણાપાનરૂપમાં શરીરમાં સ્થિત છે. સૂર્ય વડે જ દિવસ-રાત થાય છે. વેદવાણી તેમનો જ આશ્રય પામે છે.

દેવતા સ્તુતિવાણીથી પ્રસન્ન થાય છે. હે શક્ર ! આપ કુશાઓના આસન ઉપર આવીને વિરાજમાન થાઓ. હે યજમાનો ! દુઃખનાશક, દર્શનીય સોમપ્રિય ઈન્દ્રની અમે આપની યજ્ઞપુષ્ટિ માટે સ્તુતિ કરીએ છીએ. અમે પોતાની સ્તુતિઓ વડે ઈન્દ્ર તરફ જઈએ છીએ. બધા જીવો સંકટ સમયે પર્વતની સ્તુતિ કરે છે, તેમ અમે સ્તુતિ કરવા યોગ્ય, પોષક, દાની, તેજસ્વી ઈન્દ્રદેવની સ્તુતિ કરીએ છીએ. હે ઈન્દ્ર ! જે અન્ન-ધનથી ભૃગુ, પ્રકણ્વની તમે રક્ષા કરી એ અમને આપો.

નિત્યનવીન, બળવાન એવા ઈન્દ્રની સ્તુતિ કરો. તેમની અલ્પસ્તુતિથી પણ સ્વર્ગ મળે છે. હે ઈન્દ્ર ! કયા ઋષિ આપના અંગે તર્ક કરે છે ? કયા કારણથી તમે સ્તોત્રાઓના આહ્‌વાનથી આવો છો ?

ધનદાતા ઈન્દ્રને સ્તુતિથી બોલાવો. હવિદાતા યજમાનને માટે સ્વર્ગથી ઈન્દ્રનું ધન વરસે છે. સંસ્કારીત સોમની ભેટ આપવાથી ઈન્દ્ર અન્ન-ધન આપે છે.

હે ઈન્દ્ર ! સંસ્કારિત સોમ માટે ઋત્વિજ તમારી સ્તુતિ કરતા તમને બોલાવે છે. સોમપાન માટે અહીં આવો. અમે તમારા પાસેથી ધન માગીએ છીએ.

હવિથી પ્રસન્ન ઈન્દ્રદેવ શત્રુ-નગરનો નાશ કરે છે. હે ઈન્દ્ર ! આપનો રથ અને આપની ગતિ અરોક છે, બળ મહાન છે, સંસ્કારિત સોમપાન માટે અહીં આવો. ઈન્દ્રદેવ અમારું આહ્વાન સાંભળી અહીં આવે.

બળવાન, ઉગ્ર, શત્રુનાશક એવા ઈન્દ્રને સર્વદેવોએ વરણ કર્યા છે. સોમપાન માટે સ્તોતા ઈન્દ્રસ્તુતિ કરે છે.

ધનવાન, વજ્રધારે, ઉગ્ર, બળવાન, સ્તુતિ કરવા યોગ્ય એવા ઈન્દ્રને અમે બોલાવીએ છીએ. તે સ્તોતાના માર્ગને સુંદર કરે, તેમની વૃદ્ધિ કરે. સોમ-હવિદાતા, યજમાનને તે ગાય વગેરેનું ધન આપે.

વૃત્રનાશક ઈન્દ્રને અમે બોલાવીએ છીએ. તે નાના-મોટા યુદ્ધમાં અમને બળ અને હર્ષ આપે. હે વીરેન્દ્ર ! તમે દુષ્ટ-શત્રુ-દંડદાતા અને સોમાભિષવ કરનારનો ઐશ્વર્યદાતા છો. અમને બળ-ધન આપો. આપના માટે સંપન્ન કરેલ યજ્ઞના ફળસ્વરૂપ અમને ગાય વગેરેનું દાન આપો. સંસ્કારીત સોમપીવો, બળ-હર્ષ પ્રાપ્ત કરો, અમારી રક્ષા કરો. હવિના અદાતા નિંદકોનું ધન અમને આપો.

દરેક રક્ષા અવસરો પર અમે ઈન્દ્રને બોલાવીએ છીએ. સદા હર્ષિત, ધનવાન એવા સોમ સ્તવનમાં આવી સોમ પીવે. અમને નિંદિત ન કરે, અમારે ત્યાં આવે. પોતાનું અપરિમિત ધન-બળ અમને આપે, શત્રુઓથી પાર લઈ જાય. હે ઈન્દ્ર ! તમે દૂર કે નજીક જ્યાં પણ છો ત્યાંથી સોમપાન માટે અહીં આવો. હે ઋત્વિજ ! ઈન્દ્ર ભયહારી, સર્વદ્રષ્ટા, અરોક ગતિવાળા, રક્ષક, દુઃખનાશક, મંગલકારી છે. તેઓ અમારા દરેક દુઃખનો નાશ કરે. હવિથી તુષ્ટ ઈન્દ્ર શત્રુનગરોને તોડે છે. હે ઈન્દ્ર ! તમે સ્વબળથી મહાન છો. સોમસંપન્ન થવા પર તમે અહીં આવો. બોલાવવાથી ઈન્દ્ર સ્તોતાની પાસે આવે છે. સંપન્ન સોમ માટે ઉક્થ વડે ઋત્વિજ તમને બોલાવે છે. તમે અહીં ક્યારે આવશો ?

જેવી રીતે કિરણો સૂર્ય સાથે રહે છે, તેવી રીતે જ ઈન્દ્ર સાથે રહે છે. ઈન્દ્ર ત્રણેય કાળનાં જળ-ધન આપે છે. મંગલમય, દાનદાતા, ઉપાસક-કામનાપૂરક એવા ઈન્દ્રની સ્તોતાઓ સ્તુતિ કરો. હે સૂર્યરૂપ ઈન્દ્ર ! આદિત્ય

તમે જ મહિમાવાન છો. તમે હવિ અન્નથી મહાન છો. હિંસા વિનાના વ્યાપક છો. રાક્ષસોથી સંઘર્ષ કરો છો.

સ્તોતા-વાણી ઈન્દ્રને સંતુષ્ટ કરવા પ્રવાહિત થાય છે. જેવી રીતે ધાતા, અર્યમા ઈન્દ્રને મળે છે, ભૃગુવંશી ઋષિ ઈન્દ્રનો આશ્રય લે છે, કાણ્વોની સ્તુતિઓ ઈન્દ્રને પ્રાપ્ત થાય છે, એવી જ રીતે બુદ્ધિમાનોની સ્તુતિ ઈન્દ્રને પહોંચે છે. હરિ અશ્વવાળા ઈન્દ્ર સોમપ્રદાતા, યજમાનને બળ આપનાર છે. હે ઋત્વિજો ! સુંદર મંત્રોના ઉચ્ચારણ કરો. ઈન્દ્રનો સેવક મુક્ત થઈ જાય છે.

હે ઈન્દ્ર ! તમે વીર ! સ્થિર, અસીમ ધનવાળા, અન્નેશ્વર અને દુષ્ટનાશક છો. સંસ્કારીત સોમ પીને આનંદ પામો. યજમાનને ભૂમિ, પરિપક્વ અન્ન અને ગૌદાન આપનાર છો. તમારા રક્ષાસાધન તેની રક્ષા કરે. સોમપાન કરતા સ્તોત્ર, ઉકથ, સ્તુતિઓ ઈન્દ્રને સુંદર લાગે છે.

અભિષ્ટદાતા, શત્રુનાશક હે ઈન્દ્ર ! તમારા હર્ષની અમે પૂજા કરીએ છીએ. સોમથી પુષ્ટ એવા તમે યજમાનના કુશાઓના આસન પર બિરાજો. ઉકથ ગાયક તમારું મહિમાગાન કરે છે, તમે વિજય પ્રાપ્ત કરો. બહુ સ્તુત અને બહુ આહુત એવા ઈન્દ્રની હે સ્તોતાઓ તમે સ્તુતિ કરો. ઈન્દ્રના મહાન બળપૌરુષ અને વજ્રને દ્યાવાપૃથિવી ધારણ કરે છે, તેવા ઈન્દ્રની તમે પૂજા કરો. હે ઈન્દ્ર ! તમે એકલા જ શત્રુનાશ કરવા સમર્થ છો.

હે ઈન્દ્ર ! તમે સદા નવીન છો. અમે તમને બોલાવીએ છીએ. અમારી રક્ષા માટે આવો. કર્માવસર પર આપનો જ આશ્રય લઈએ છીએ. અમારી રક્ષા માટે સખારૂપ તમે આવો. પહેલા જે અમને ગાય વગેરે અભિષ્ટ ધન આપી ચૂક્યા છે, એવા ઈન્દ્રની અમે સ્તુતિ કરીએ છીએ. જનરક્ષક, હરિત અશ્વવાળા સર્વનિયામક ઈન્દ્રની હું સ્તુતિ કરું છું. તે અમને ધન આપે. સ્તોતાઓ ! સામગાનથી ઈન્દ્રદેવની સ્તુતિ કરો. હે ઈન્દ્ર ! તમે સૂર્યના પ્રકાશક, શત્રુતિરસ્કારક, વિશ્વકર્મા છો. દેવતા આપના મિત્ર છે. હે સ્તોતાઓ ! બહુ સ્તુતિ કરાનાર ઈન્દ્રની સ્તુતિ કરો. જેમના મહિમાથી દ્યાવાપૃથિવી, જળ, પર્વત, વજ્ર, બળ, સ્વર્ગને ધારણ કરે છે, એ ઈન્દ્રની અમે સ્તુતિ કરીએ છીએ.

ઈન્દ્ર, વિશ્વેદેવા, આદિત્ય સરિત (દિવ) અમને સર્વસામર્થ્ય આપે. આદિત્યવાન અને રુત્વાન ઈન્દ્ર અમારા દેહની રક્ષા કરે. સ્વશક્તિથી સૂર્યના

પ્રત્યક્ષકર્તા પૃથિવીને અન્નવતી કરનાર ઈન્દ્રથી અને દેવહિતકારી અન્ન અને શતાયુષ્ય પામીએ. હવિદાતા યજમાનના અનન્ય ધનદાતા ઈન્દ્ર છે. હે ઈન્દ્ર! સોમવાન સ્તોતા બળ, ઐશ્વર્ય સંપન્ન બને છે, પોતાનું અસુરનાશક બળ અમને આપો. તમારા એ બળને અમે માગીએ છીએ. જેનાથી તમે સ્વર્ગની રક્ષા કરી સમુદ્ર અને જળને ગમનશીલ બનાવ્યા.

અમારા પ્રિય, વિસ્તૃત સ્વર્ગાધિપતિ એવા હે ઈન્દ્ર ! તમે અમને પોતાના પ્રિય માનો. તમે સોમપાન કરનારા, દ્યાવાપૃથિવીમાં પ્રગટ, સોમ સંપન્નકર્તા તથા મનુષ્યોને વધારનાર, અસુરોને મારનાર છો. અધ્વર્યુઓ ! મધુરતમ અન્નથી ઈન્દ્રને તુષ્ટ કરો. હરિત અશ્વો પર આરૂઢ થનાર હે ઈન્દ્ર! તમારા દ્વારા કરાયેલ કલ્યાણની અન્ય કોઈ સમાનતા નથી કરી શકતું. અન્નકામી અમો અન્ન માટે ઈન્દ્રનું આહ્વાન કરીએ છીએ.

સ્તુતિ કરવા યોગ્ય ઈન્દ્રને અમે સ્તુતિ દ્વારા બોલાવીએ છીએ. તે બધા કર્મ ફળના પ્રેરક છે. હે સ્તોતાઓ ! ઈન્દ્રના નિમિત્ત મધુરતમ વાણી ઉચ્ચારો. આ વાણી કાર્યસાધના માટે અપરિમિત બળવાન અને દીપ્તિવાન દક્ષિણાવાળી છે.

જે ઈન્દ્ર યજમાનના મંગલાર્થ યજ્ઞમાં ઉપસ્થિત છે, એ નવીન, મેધાવી ઈન્દ્રની સ્તુતિ હે ઋત્વિજો (આપ) કરો. તેઓ સશક્ત અસુરોને જાણે છે.

## • છઠ્ઠો અધ્યાય •

**સૂક્ત-૬૭-૭૦ દેવતા : ઇન્દ્ર**

સોમાભિષવકર્તા, ઈન્દ્રકૃપાથી પોતાના અને દેવોના શત્રુઓના પરાભવકર્તા, અન્નવાન, ધનવાન બને છે. હે મરુતો ! તમારું તે જ અમને જીર્ણ ન કરે. અમને અવિનાશી બળ આપો. ધનપ્રદાતા, દેવહોતા, બળવાન અગ્નિ, યજ્ઞને સુસજ્જિત કરે છે. હે સ્વર્ગનેતા મરુત ! પોતાની પૃષતી અગ્નિ દેવને સાથે આવો. દ્યાવાપૃથિવી અન્તરિક્ષમાં હવિ પહોંચાડો, સ્વયં હવિગ્રહણ કરો અને અહીં કુશવાળા આસન પર બેસી સોમપાન કરો. હે ઈન્દ્ર! આવો અને અભિષુત સોમને અતૃપ્તિથી પીવો.

અમે રક્ષા માટે હંમેશા ઐશ્વર્યવાન, હર્ષિત, ગાય વગેરે ધનદાતા ઈન્દ્રને બોલાવીએ છીએ. હે ઈન્દ્ર ! આ સોમ-સ્તવનમાં આવીને સોમ પીવો. અમારી

નિંદાને અટકાવો, અમે યશસ્વી બનીએ. ઈન્દ્રનો વધ થઈ શકે તેમ નથ
તેઓ મિત્ર અને મંગળકર્તા છે, તેમનું શરણ લો. ઈન્દ્ર મનુષ્યો-મિત્રો
આનંદિત કરે છે, યજ્ઞની શોભા વધારે છે, તેમની તૃપ્તિ કરાવો. હે ઈન્દ્ર
સોમપાન કરીને અમારા રક્ષક બનો. અમે યશસ્વી બનીએ. સુંદર ખેતીસ
સંપન્ન બનીએ. શતકર્મા ઈન્દ્રને અમે ધનપ્રાપ્તિ માટે બોલાવીએ છીએ. ઈ
ધનના પાલક અને રક્ષક છે. સોમકર્તાના મિત્ર છે. હે સ્તોતાઓ ! ઈન્દ્ર
યજ્ઞમાં બોલાવો.

ચિંતાના પ્રસંગે ઈન્દ્ર અમારી સમક્ષ આવે છે, તેઓ અન્નસહિત પધારે
હે સ્તોતાઓ ઈન્દ્રની સ્તુતિ કરો. દધિયુક્ત પવિત્ર સોમ ઈન્દ્ર માટે લાવીએ
છીએ. હે ઈન્દ્ર ! સોમપાન માટે અહીં આવો, સોમ તમને તૃપ્ત કરે. સો
અને ઉક્થિરૂપ સ્તુતિઓથી તમે વૃદ્ધિ પામો. પરાક્રમી, યજ્ઞરક્ષક ઈન્દ્રની અ
સેવા કરીએ છીએ. હે ઈન્દ્ર ! શત્રુ અમારી હિંસા ન કરી શકે. ઈન્દ્રના રથન
અશ્વો ચમકે છે, કમનીય છે, બધાને વશ કરનારા છે. હે મનુષ્યો ! સૂ
ઈન્દ્રરૂપમાં ઉદિત થાય છે તેમનું દર્શન કરો.

હે ઈન્દ્ર ! તમે ઉષાના ઉદય સમયે પોતાની જ્યોતિષ્મતી શક્તિઓથ
ગુફામાં છુપાયેલ ધન મેળવ્યું. અમારી સ્તુતિઓ મહાન ઈન્દ્રને પ્રાપ્ત થાવ
ઈન્દ્ર મરુતનું તેજ એક સમાન છે. તેઓ સાથે-સાથે જ રહે છે. ભૂ આદિ કોઈ
પણ લોકમાં આપણે ઈન્દ્રને બોલાવીએ છીએ. હે ઈન્દ્ર ! તમે ધન આપનાર
છો, અમારા ચરુનું ભક્ષણ કરો. તમે ઈશાન છો, અતિરસ્કરણીય છો
ઋષિઓના સંપન્નકર્તા છો, તમે અમારા જ છો, અમે તમારું ધ્યાન કરીએ
છીએ. તમે પંચક્ષિતીશ્વર (પાંચ શ્રેણીના મનુષ્યોના સ્વામી) છો. તમે હંમેશ
સહપ્રીતિકર છો, અમને ધનરૂપ-બળ આપો. તમારાથી રક્ષિત અમે શત્રુને
ઓળખીએ, અમારા અવધ પર શત્રુઓને વશમાં કરે.

## • સાતમો અધ્યાય •

**સૂક્ત-૭૧-૯૦ દેવતા : ઇન્દ્ર**

મહાન ઈન્દ્રના પરાક્રમો આકાશની જેમ વિશાળ છે. ઈન્દ્રનાં રક્ષા-
સાધનો હંમેશા હાથવગાં હોય છે. સોમપાન સમયે જે ઉક્થ અને સ્તોત્ર
ગાવામાં આવે છે તેનાથી તેઓ પ્રસન્ન રહે છે. હે ઈન્દ્ર ! અહીં સોમ-

સ્તવનમાં પધારો, સુંદર દેખાવવાળા ઈન્દ્રને આ સોમ પ્રસન્ન કરે. જેમ કામનાયુક્ત સ્ત્રીઓ સમર્થ પતિની પાસે પહોંચે છે તેમ આપની સ્તુતિઓ તમારી પાસે પહોંચો. તમે અમને ધન, ઐશ્વર્ય, યશ, આયુ અને રથ આપો.

સ્વર્ગફળની ઈચ્છાવાળા અમે બધા જ સ્તવનોમાં તમારી પાસે યાચના કરીએ છીએ. હે ઈન્દ્ર ! અન્નની ઈચ્છાવાળા દંપતિ ગાયોનું દાન કરતી વખતે તમારું ધ્યાન કરે છે. તમારી પાસે ફળની ઈચ્છા રાખે છે. ઉષાકાળમાં તમને હવિ આપે છે. હે વર્ષણશીલ ! તમે અમારી રક્ષા અર્થે વજ્રધારણ કરો છો, અમારા સ્તોત્ર સાંભળો.

હે વીરેન્દ્ર ! યજ્ઞ સ્તવનોના મંત્ર, સર્વપોષક તમારા માટે જ છે. ઉગ્ર, સુંદર દર્શનવાળા ઈન્દ્રનો મહિમા, બળ અને ધન અદ્વિતીય છે. હે યાજ્ઞિકો ! ઈન્દ્રને જ હવિ આપો. તેઓ હવિનું સેવન કરે. રથમાં વજ્રધારી ઈન્દ્ર બેઠા છે. સોમાભિષવ થયા પછી ઈન્દ્ર અહીં આવે છે અને સોમનું પાન કરે છે. કડવી વાણી બોલનારની વાણીને મધુર કરનારા, દુષ્ટોના નાશક, પરાક્રમી ઈન્દ્રની અમે સ્તુતિ કરીએ છીએ.

હે સોમપાયી ઈન્દ્ર ! તમે અમારા ગાય આદિ પશુઓને અક્ષય કરો, તમારું શત્રુઓનું દમન કરવાનું સામર્થ્ય અમારા ગાય આદિ પશુઓમાં ભરો, અમને અને અમારા પશુઓને નિદ્રા પ્રદાન કરો, ગાય આદિ હજારો ધન અમને આપો. અમારા પાપરૂપ રાક્ષસોને તમે મારો.

હે ઈન્દ્ર ! ગૌદાનના અવસરે સ્વર્ગમાં જવા ઈચ્છુક દંપતિ તમારું ધ્યાન કરે છે. ઈન્દ્રના બળને મનુષ્યો જાણે છે કે તેઓ શત્રુઓને વ્યથિત કરનારા છે. હે ઈન્દ્ર ! પૃથ્વીને જળથી સમૃદ્ધ બનાવો.

દેવપોષક અશ્વિનીકુમારો ! ઈન્દ્રના પ્રિય આ સ્તોત્ર, સોમપાયી શ્રેષ્ઠ ઈન્દ્રને પ્રાપ્ત થાવ. અમે સત્યમાં ઈન્દ્રની સાથે રહીએ. હે ઈન્દ્ર ! તમે ઉપમેય છો. તમને અમે હવિ અને સુંદર સ્તોત્રથી પ્રસન્ન કરીએ છીએ. હે ઈન્દ્ર તમારી કીર્તિ મહાન છે. અમારા જેવા મિત્રો-આશ્રિતોને અન્નવાન બનાવો. ઘૃત ભેળવેલો સોમ તમારા માટે સુસ્વાદુ બનો.

ઈન્દ્રના અશ્વ આ તરફ ગતિમાન થાવ, ધનસ્વામી, સત્યનિષ્ઠ, સોમપાયી ઈન્દ્ર અહીં આવો ! સ્તોતાઓ સ્તુતિ કરી ગાન કરે છે, વર્ષક, ફળવર્ષક ઈન્દ્ર પૃથ્વીને સંપન્ન કરતા અહીં આવે, ઋત્વિજ યજ્ઞરત છે, સાત

સ્તોતા સ્તુતિ કરી રહ્યા છે, મેઘો દ્વારા ઈન્દ્રે જળની વૃદ્ધિ કરી છે. તે જળ ગોચરો ઉપર છવાઈ ગયા છે.

હે સ્તોતા ! સોમ તૈયાર થઈ જાય એટલે ઈન્દ્રની સ્તુતિ કરો, આપણાં સોમવાનો માટે આ કલ્યાણકારી છે. હે ઈન્દ્ર ! તમે અપરિમિત અન્નવાન છો, સ્તુતિઓ સાંભળીને તમે આવો અને અમને બળથી પૂર્ણ કરો. હે ઈન્દ્ર ! અમને અભીષ્ટ વસ્તુ આપો, અમે દીર્ઘજીવી થઈને સુખ પ્રાપ્ત કરીએ. અમારા ઉપર આધિ-વ્યાધિ, પાપ, અનલભય વાણી આક્રમણ ન કરે, અમે મનુષ્યોથી યુક્ત રહીએ, સફળ કર્મ કરીએ. તમારા આ તેજસ્વી ધનથી હે ઈન્દ્ર અમને પૂર્ણ કરો, જે તમે દ્યાવાપૃથ્વીને આપ્યું હતું.

હે ઈન્દ્ર ! સેંકડો દ્યાવાપૃથ્વીથી તમે મહાન છો. અમારી વૃદ્ધિ કરો, રક્ષા-સાધનોથી રક્ષા કરો. હે ઈન્દ્ર ! અમે તમને પ્રાપ્ત કરીએ. સ્તોતાઓને ધન આપીએ. પાપના કારણે પીડિત ન થઈએ. બધા પ્રકારે ધન મેળવવું. અમને શક્તિ આપનારા તમે અદ્વિતીય છો. હે ઈન્દ્ર ! અમને મંગળકારી ઘર અને શત્રુસંતાપી બળ આપી અમારી રક્ષા કરો. હે ઈન્દ્ર ! નિષ્પન્ન સોમ તમારા માટે જ છે. મંત્ર સંપન્ન ઋત્વિજો અને સ્તોતાઓની પાસે આ તૈયાર કરેલા સોમરસના પાન માટે તમે અશ્વો સહિત આવો.

અશ્વ સંયુક્ત રથ વડે હે ઈન્દ્ર ! અમારા સોમની નજીક આવો. હે અધ્વર્યુ ! જળવર્ષક ઈન્દ્રને સોમના દૂધરૂપ અંશ વડે આવાહિત કરો, ઈન્દ્ર સોમપાન માટે આવી રહ્યા છે. આકાશમાં સુંદર પન્ન ધારણ કરનાર હે સોમપાયી ઈન્દ્ર ! સોમકામના કરતા યજમાનની રક્ષા કરો. પૃથ્વીને સ્તંભિત કરનાર ઘોષ કરવાવાળા, પ્રસન્ન બૃહસ્પતિનું ઋષિઓ પ્રથમ ધ્યાન કરે છે. હે બૃહસ્પતિ ! જે ઋત્વિજો તમને અમારી તરફ આકૃષ્ટ કરે છે તેમની રક્ષા કરો. હે બૃહસ્પતિ ! ઋત્વિજ તમારા ઉપર મધુવર્ષા કરે છે તેમની રક્ષા કરો. પરમવ્યોમમાં પ્રગટ થઈને સપ્તરશ્મિ બૃહસ્પતિ અંધકારને દૂર કરે છે.

અમારા દ્વારા સ્તુતિ કરાયેલા ઈન્દ્રને સમસ્ત પ્રાણીઓ પ્રણામ કરે છે, તેમનાથી શત્રુ ભયભીત થાય છે. હે ઈન્દ્ર ! અમારા નજીકના અને દૂરના બધા શત્રુઓને ભયભીત કરો. અમને અન્ન-ધનથી પ્રતિષ્ઠિત કરો. ઈન્દ્ર સોમ તૈયાર કરનારા સ્તોતાઓને અસીમ ધન આપે છે. અમારી દરિદ્રતા, દુર્બુદ્ધિ દૂર થાવ, અમે ઉત્કૃષ્ટ ધન મેળવીએ.

## • આઠમો અધ્યાય •

**સૂક્ત-૯૧-૯૪ દેવતા : બૃહસ્પતિ, ઇન્દ્ર**

બૃહસ્પતિએ સત્યઆવિર્ભૂત બુદ્ધિ પ્રાપ્ત કરી. ઈન્દ્રને કહીને તુરીયને ઉત્પન્ન કરાવ્યા. તેઓ સત્ય કહેતા હોવાથી યજ્ઞમાં તેમને પ્રથમ સ્થાન આપ્યું છે. વર્ષક મેઘોને ઉદ્‌ઘાટિત કરીને તેઓ વિદ્વાન સ્તોતાઓને મળે છે. હૃદયસ્થિત વાણીને તેઓ જ પ્રગટ કરે છે. આકાશમાં ચમકતા બૃહસ્પતિ ઉષા, સૂર્ય, મંત્રને મેળવે છે. ઈન્દ્ર મેઘને છિન્ન-ભિન્ન કરી નાખે છે. દહીંની ઈચ્છાથી તેમણે પણિ દ્વારા લઈ જવાયેલ ગાયોને પાછી મેળવી હતી. યુદ્ધના અવસરે અમે બૃહસ્પતિને પ્રસન્ન કરીએ છીએ. ઉપાસકોના રક્ષક ગાયોના સ્વામી ઈન્દ્રને અમે પ્રાપ્ત થઈએ. હે સ્તોતાઓ ! એવી સ્તુતિ કરો, અમારી કુશાઓ ઉપર ઈન્દ્ર આવીને બેસે. ગૌ દૂધ મિશ્રિત સોમ ઈન્દ્રને પ્રાપ્ત થાવ. અમે એકવીસવાર સોમ પીને ઈન્દ્રના મિત્ર બન્યા છીએ.

હે ઈન્દ્ર ! આ સ્તુતિ તમને પ્રસન્ન કરે. તમે બ્રહ્મદ્વેષીઓને નંષ્ટ કરો અને અમને ધન આપો. તમે મહાન છો, તમારી સામે સ્પર્ધામાં કોઈ ટકી શકતું નથી. તમે સંસ્કારિત સોમ અને મનુષ્યના સ્વામી છો. ઔષધિઓ ઉત્પન્ન થતાં જ ઈન્દ્રની આરાધના કરે છે. હે ઈન્દ્ર ! તમે અંતરિક્ષને ઓળંગનારા છો, ત્યાં પણ તમારું ઓજ સ્તંભિત કરો છો. તમે વૃત્રહન્તા છો. તમે પ્રિયમંત્રો અને વજ્ર બન્ને ધારણ કરો છો. ઉત્પન્ન થયેલા બધા જ પદાર્થો તમારે આધિન છે. જે ઈન્દ્ર ધનેશ્વર છે – ધર્મથી ત્વરાવાન છે તે હર્ષપૂર્વક અહીં આવે અને અમારા શત્રુઓનો નાશ કરે. હે ઈન્દ્ર ! તમારા હાથમાં વજ્ર છે અને તમારા અશ્વ અને રથ તમારે આધિન છે. તમે અહીં આવો, અમે તમારી સાથે સોમપાન કરવાની ઈચ્છાથી આવ્યા છીએ. વજ્રધારી, શત્રુનાશક, સત્યથી સશક્ત, કામનાવર્ષક રાજા ઈન્દ્રને તેમના અશ્વો અમારા યજ્ઞમાં લાવે. હે ઈન્દ્ર ! આ સ્તોતાને આશીર્વાદ આપો. યજમાનને ધન આપો અને અહીં સોમગૃહમાં આસન પર વિરાજમાન થાવ.

**સૂક્ત-૯૫-૯૬ દેવતા : ઇન્દ્ર**

ઈન્દ્ર સોમભાગનો સોમ પીને તૃપ્ત થાય છે. ઈન્દ્રની આરાધના કરો. હે ઈન્દ્ર ! શત્રુઓની પ્રત્યંચાઓ તેમના ધનુષ્ય ઉપર ચઢવા દેશો નહિ. હે ઈન્દ્ર ! તમે મેઘપ્રહારક, વર્ષાથી નદીઓને ગતિ આપનારા, વરણીય પદાર્થોના

પોષકને અમે હૃદયથી લગાવીએ છીએ. અમારા શત્રુઓની બુદ્ધિ નષ્ટ થા તેમના ઉપર વજ્ર ચલાવો. અમને ધન આપો.

હે ઈન્દ્ર ! હવિ ગ્રહણ કરો અને યજમાનના રથિઓની રક્ષા કર અમારી સ્તુતિઓ સાંભળો, અહીં આવો અને સોમપાન કરો. સોમનિષ્પ કરનારાઓની સ્તુતિઓને ઈન્દ્ર સ્વીકારે છે અને સુંદર વાણીથી તેમને તુષ્ટ ક છે. જે સોમને શુદ્ધ કરતા નથી તે બ્રહ્મદ્વેષીનો ઈન્દ્ર નાશ કરે છે. અમે પ ધન આદિની કામનાવાળા આપને બોલાવીએ છીએ. હે રોગી ! અમે તા જીવન માટે હવિ આપી તને રોગમુક્ત કરીએ છીએ. તને નિઋતિની ગોદમાં પણ છોડાવીએ છીએ.

રાક્ષસોના નાશક અગ્નિદેવતા મંત્રબળથી અમારા રોગ દૂર કરો. નારી ! જે તારા ગર્ભને નષ્ટ કરવા ઈચ્છુક છે તેમને જ અમે નષ્ટ કરી છીએ. તારી યોનિ અને અન્ય અંગોમાં જે વ્યાપ્ત છે તેને અમે નષ્ટ કરી છીએ. તારા નેત્ર, હૃદય, નાસિકા, અસ્થિ, નાડીઓ આદિમાં સર્વત્ર વ્યાપ્ત ક્ષ રોગને દૂર કરીએ છીએ.

## • નવમો અધ્યાય •

**સૂક્ત-૯૭-૧૨૮ દેવતા : ઇન્દ્ર**

હે સ્તોતાઓ ! અમે સ્તોત્રોથી ઈન્દ્રને પુષ્ટ કર્યા છે. તમે પણ સ્તો અને સોમથી તેમને સંતુષ્ટ કરો. હે ઈન્દ્ર ! તમે યજ્ઞમાં આવીને સ્તુતિ સાંભળો. ઈન્દ્રે વૃત્રનો નાશ કર્યો, ઈન્દ્રના પરાક્રમ અદ્વિતીય છે.

હે ઈન્દ્ર ! અમે સ્તોતાઓ યજ્ઞમાં તમને બોલાવીએ છીએ. ત વજ્રધારક છો, સજ્જનોના રક્ષક અને જળના પ્રેરક છો. ઘેરાઈ જાય ત્ય બધા ઈન્દ્રને જ આહુતિ આપે છે.

હે ઈન્દ્ર ! તમે સોમપાયી છો. સોમપાન માટે ઋભુ અને રુદ્રદેવ તમા જ સ્તુતિ કરે છે. સોમ વડે આનંદિત થનારા ઈન્દ્રદેવ યજમાન માટે ધન વર્ષા અને બળની વૃદ્ધિ કરે છે.

જળની કામનાવાળા મનુષ્યને જળ આપો છો તેવી રીતે હે ઈન્દ્ર તમારી કામનાવાળા અમે તમને સોમથી મેળવીએ છીએ. પ્રત્યેક સ્તુતિથી ત આગળ વધો છો. આ મંત્ર તમને પ્રવૃદ્ધ કરે છે.

સર્વજ્ઞાતા અને હોતારૂપ અગ્નિ યજ્ઞકર્મને ઉત્કૃષ્ટ બનાવે છે. અ

તેમને ધારણ કરીએ છીએ. હવ્યવાહક, સર્વપ્રિય અગ્નિને પ્રજાપતિ પણ હવિ આપે છે. આથી અમે પણ હવિ આપીએ છીએ. હે અગ્નિ ! દેવોને યજ્ઞમાં લાવો.

અગ્નિ દર્શનીય સ્તુત્ય અને નમસ્કાર કરવા યોગ્ય છો. દેવોને વહન કરનારા અશ્વ સમાન અગ્નિ ફળની વર્ષા કરનારા અને પ્રદીપ્ત થાય છે.

હે મનુષ્ય ! અગ્નિ દીપ્તિમાન છે અને ધનદાન માટે પ્રખ્યાત છે. હે મનુષ્ય ! તમે એમની પૂજા કરો. અમે હોતા તમને આહુતિ આપીએ છીએ, તમે તમારી શક્તિઓ સહિત અહીં આવો. અંગિરા ગોત્રીય તમે જળના પુત્રરૂપ છો.

અસીમ ઐશ્વર્યવાન હે ઈન્દ્ર ! અમારી સ્તુતિઓ તમને પ્રવૃદ્ધ કરે. હે સ્તોતાઓ ! તમે ઈન્દ્રની સ્તુતિ કરો. સમુદ્ર જેમ જળ દ્વારા વૃદ્ધિ પામે છે તેવી રીતે અગ્નિ હવિઓ દ્વારા વૃદ્ધિ પામે છે. યજ્ઞોમાં અગ્નિબળ દર્શનીય હોય છે. હે ઈન્દ્ર ! તમે હવિ માટે યોગ્ય છો. તમે અમારા સૂક્તો-હવિઓને મંત્રોથી સુશોભિત કરો. હે જળપુત્ર અગ્નિ ! અમે ઈન્દ્ર સહિત તમારું વરણ કરીએ છીએ.

હે ઈન્દ્ર ! તમે કલ્યાણકર્તા, યુદ્ધમાં પ્રતિસ્પર્ધા કરનારા અને ઝડપથી જનારા છો. તમારી પાછળ દ્યાવાપૃથ્વી પર જાય છે. જ્યારે તમે વૃત્રહનનમાં રોકાયેલા હતા ત્યારે તેમની દ્વેષ-દૃષ્ટિઓ તમારા નાશની કામના કરતી હતી અને દ્યાવાપૃથ્વીની પ્રેરક શક્તિઓ તમને બળ પ્રદાન કરી રહી હતી – દ્રુતકર્મા બની રહી હતી. અમે વૃત્રહન્તા, જ્યેષ્ઠ, સેનાઓના ઉલ્લંઘક ઈન્દ્રની સ્તુતિ કરીએ છીએ. ઈન્દ્રની સત્તા અંતરિક્ષ અને સ્વર્ગમાં પણ છે.

હે ઈન્દ્ર ! તમારું બૃહદ બળ વરણીય છે. તે કર્મરૂપી વજ્રને તીક્ષ્ણ કરે છે. હે ઈન્દ્ર ! આકાશ તમારું વીર્ય છે, જળ-પર્વત તમારા પ્રેરક છે, પૃથ્વી તમારા દ્વારા વૃદ્ધિ પામે છે.

રાજા ઈન્દ્ર સમક્ષ બધી જ પ્રજાઓ ઝૂકી જાય છે. દ્યાવાપૃથ્વીને ચર્મ સમાન લપેટી લેવાનું કાર્ય ઈન્દ્રનું એક મહાન પરાક્રમ છે. ક્રોધિત વૃત્રના શિરને ઈન્દ્રે વજ્રથી કાપ્યુ હતું. ઈન્દ્રનું બળ બધા ભુવનોમાં શ્રેષ્ઠ છે અને તેઓ ધનવાન છે. ઉત્પન્ન થતાની સાથે જ તેઓ શત્રુવધ કરે છે. હે ઈન્દ્ર ! તમે વીરોમાં પ્રવિષ્ટ થઈ સંગ્રામ માટે તત્પર રહો છો. આ વીર જન્મ, સંસ્કાર અને યુદ્ધ દીક્ષાને કારણે ત્રિજન્મા છે.

રાજા ઈન્દ્રની સ્તુતિ કરતા તેઓ સ્વર્ગપ્રાપ્તિની કામના કરે છે. ઈન્દ્ર જળની વૃષ્ટિ દ્વારા સમગ્ર સંસારને જળપૂર્ણ બનાવી દે છે. આ ઈન્દ્ર જ દિવસને પ્રગટ કરે છે અને અંધકારમાં પાપોથી પાર જતા રહે છે. પોતાના મહિમાથી દ્યાવાપૃથ્વી અને અંતરિક્ષને પૂર્ણ કરે છે.

શતકર્મા ઈન્દ્ર અમને ધન, બળ અને શત્રુઓને હરાવવાની સત્તા આપો. હે ઈન્દ્ર ! અમે તમારી પાસે સુખ માંગીએ છીએ. હે ઈન્દ્ર ! તમે હવિની કામના કરો છો. અમે તમારી સ્તુતિ કરીએ છીએ. અમને વીરોથી યુક્ત ધન પ્રદાન કરો. સેવનીય આ યજ્ઞમાં અને સોમયુક્ત સ્તુતિઓ વડે ઈન્દ્રને પૂજીએ છીએ. અમે સોમને સંસ્કારીત કરીને ઈન્દ્રને અર્પણ કરીએ છીએ. ઈન્દ્રને અમારી વાણી પ્રવૃદ્ધ બનાવો.

હે સૂર્યાત્મક ઈન્દ્ર ! તમે વૃત્રનાશક છો. જ્યારે તમે ઊગો છો તે સમય તમારે આધિન હોય છે. તમે જેને ચાહો છો તે મૃત્યુને પ્રાપ્ત થતો નથી એટલે કે, તેનું મૃત્યુ થતું નથી. નજીક અથવા દૂર જ્યાં પણ સોમ તૈયાર થતો હોય ત્યાં ઈન્દ્ર પહોંચી જાય છે.

ઈન્દ્ર દ્યાવાપૃથ્વી બન્ને લોકમાં હિતકર કાર્ય કરનારા છે. તેઓ અમારા વચનને માન આપી સોમ પીવા અહીં આવો. ઈન્દ્ર અભીષ્ટવર્ષક, તેજસ્વી છે અને દ્યાવાપૃથ્વી તેના શરીર રૂપ છે.

જે સૂર્ય સમાન ઉત્પન્ન થયા છે અને પિતા બ્રહ્મની બુદ્ધિ મેળવી છે તેવા ઈન્દ્રની પ્રાચીન સ્તુતિઓની પૂજા કરી અમે બળની કામના કરીએ છીએ. હે ઈન્દ્ર ! જે ઋષિઓએ તમારી સ્તુતિ કરી છે અને જેઓએ કરી નથી તે બાબતે ઉદાસીન રહીને અમારી સ્તુતિ દ્વારા પ્રવૃદ્ધ બનો.

હે ઈન્દ્ર ! તમારું ઋણ ન ચૂકવી શકવાના કારણે અમને તમે દુષ્ટ શત્રુ સમાન માનશો નહિ. તમારી ત્યાજ્ય વસ્તુઓને અમે પણ દાવાનલ સમાન ત્યાજ્ય સમજીએ છીએ.

હે ઈન્દ્ર ! સોમ વાટવાનો પથ્થર સોમ તૈયાર કરનારના હાથમાં જ છે. તેનાથી જ સોમને સંસ્કારીત કર્યો છે. તમે આ સોમનું પાન કરો અને આનંદિત થાવ. હે હર્યશ્વવાન ઈન્દ્ર ! જે મદ વડે તમે મેઘનું હનન કરો છો તેનાથી તમે આનંદિત થાવ.

હે ઈન્દ્ર ! અમારી વિનંતી છે કે, તમારાં બધાં જ રક્ષા સાધનો વડે અમે યશ અને સૌભાગ્ય પ્રાપ્ત કરીએ અને તમારા ભક્ત બનીએ. હે ઈન્દ્ર !

તમે અન્ય લોકોને અશ્વ-ગાય-સુવર્ણ અને અપરિમિત ધન આપો. હું જે કામનાથી આવ્યો છું તે વસ્તુઓ અમને પ્રાપ્ત કરાવો.

હે ઋત્વિજો ! અમે પ્રાચીન સ્તોત્રોથી ઈન્દ્રની સ્તુતિ કરીએ છીએ. તમે પણ પ્રાચીન સ્તોત્રોથી સ્તુતિ કરો. સ્તોતાઓની બુદ્ધિ મંત્રોથી સંપન્ન થઈ ગઈ છે આથી યજમાનના ધનમાં વૃદ્ધિ થઈ રહી છે.

હે ઈન્દ્ર ! તમે બધી દિશાઓમાં સ્થિત મનુષ્યો દ્વારા આહૂત થઈ ગયા છો. તમે સમૂળ શત્રુનાશક છો. આ યજમાન માટે પણ તમે આવો.

પોતાના મહિમાથી જ્યારે સૂર્ય કિરણોને પોતાની અંદર સમેટી લે છે તો સંસારનાં બધાં કાર્યો પણ આપોઆપ સમેટાઈ જાય છે. ત્યારે પૃથ્વી પણ અંધકારરૂપી વસ્ત્રથી ઢંકાઈ જાય છે.

હંમેશા આગળ વધારનાર મિત્ર આપણી કયાં સાધનોથી રક્ષા કરશે ? હે ઈન્દ્ર ! હર્ષકારક હવિઓમાં સોમનો કયો અંશ શ્રેષ્ઠ છે જેનાથી પ્રસન્ન થઈને તમે મંત્રો ગાનારને ધન આપો છો. હે ઈન્દ્ર ! તમે અમારા સખા છો. આદિત્યવાન ઈન્દ્ર અમારા દેહ અને સંતાનને સશક્ત કરે.

હે ઈન્દ્ર ! તમે દ્રુતવેગવાળા છો, શત્રુને વ્યથિત કરનારા છો, જ્યાં સોમપાન કરવાનાં સાધનો નથી હોતાં ત્યાં તમે જતા નથી. આથી ઈન્દ્ર બધાથી ઉત્કૃષ્ટ છે.

અમે ઈન્દ્રાણીને સૌભાગ્યશાળી માનીએ છીએ કેમકે તેના પતિ ઈન્દ્ર અજર-અમર છે. હે ઈન્દ્રાણી ! અમે વૃષાકપિ સિવાય બીજે ક્યાંય જતા નથી. તે અમને સર્વાધિક પ્રિય છે. તેમનો હવિ જળયુક્ત હોય છે. હું ઈન્દ્ર દેવતાઓમાં શ્રેષ્ઠ છું. હે વૃષાકવિ રૂપ સૂર્યપત્ની તમે સુપુત્ર સંપન્ન અને ધનયુક્ત છો. તમારા જળયુક્ત હવિને સર્વોત્કૃષ્ટ ઈન્દ્ર સેવન કરે છે. હે ઈન્દ્ર ! તીક્ષ્ણ શીંગડાવાળા બળદની જેમ જેમના હૃદયમાં ઈન્દ્રનો મંત્ર ગુંજે છે તેઓ સુખી બને છે અને બધાને સુખ આપે છે.

હે સ્તોતા ! જેવી રીતે ફળ લાગેલા વૃક્ષ ઉપર બેસીને પક્ષી કલરવ કરે છે તેવી રીતે તમે પણ સ્તુતિઓનો ધ્વનિ કરો. યજ્ઞ કર્મ સમાપ્ત થયા પછી પણ તમારી જિહ્વા અટકે નહિ.

સોમાભિષવ કર્તા, યજ્ઞકર્તા, સૂર્યલોકને ભેદીને ઊર્ધ્વલોકમાં જાય છે. દેવતાઓએ આ વાતની પહેલેથી કલ્પના કરી લીધી હતી. જે સ્તોતા યજ્ઞ અને દાન કરનારા છે તે સૂર્યની જેમ જ સ્વર્ગમાં ગમન કરે છે. હે ઈન્દ્ર ! તમે

દાસરાજના પુત્રોને વિનષ્ટ કર્યા હતા. તમે બધા માટે રૂપ રહિત છો, તમે યજ્ઞ સાથે જોડાયેલા રહો છો. હે ઈન્દ્ર ! તમે સૂર્યરૂપે આંખ ઝુકાવો છો એ રોહિતને વિસ્તૃત મુખવાળા કરો છો. તમે જ વૃત્રનું શિરચ્છેદન કર્યું હતું. જેમણે પર્વતોને સ્થિર કર્યા અને જળ ગોતી કાઢ્યું. જે વૃત્રહન્તા છે તે ઈન્દ્રને મારા નમસ્કાર.

**સૂક્ત-૧૨૯-૧૩૨ દેવતા : પ્રજાપતિ**

સંસારના બધા પદાર્થો ઉત્પન્ન થઈને પરમેશ્વરની આજ્ઞામાં જ સ્થિર રહે છે. માતા-પિતા પરસ્પર પ્રીતિ રાખીને સંતાનને કુમાર્ગથી બચાવી સુમાર્ગી બનાવે છે. જે કુળમાં માતા-પિતા-આચાર્ય સુશિક્ષિત હોય તેમના સંતાન સદા સુખી રહે છે. વિદ્વાનના સંતાનોને ત્રિતાપ સતાવતા નથી. સ્ત્રી-પુરુષ મળીને ધર્મ-વ્યવહારમાં પરસ્પર સહાયક બની સંસારને ઉપકાર કરે છે. મનુષ્ય સાવધાન થઈને પાપથી બચવાનો ઉપાય કરે છે. તીવ્ર બુદ્ધિ ઉચિત કાર્યમાં જ લાગે છે. ઉત્તમ બુદ્ધિવાળા સ્વસ્થ અને ઉપકારી વચન બોલનારા હોય છે.

વિવેકી, ક્રિયાશીલ, કુશળ વિદ્વાનો પાસેથી લીધેલી શિક્ષા મનુષ્યને ઉપયોગી બને છે. શરીર અને આત્માથી બળવાન થઈને મનુષ્ય ભૂમિની રક્ષા અને વિદ્યાની વૃદ્ધિ કરે છે. સદ્વ્યવહાર કરીને મનુષ્ય ધન પેદા કરે છે. પોતાના મિત્રોને મનુષ્ય દુષ્ટોથી બચાવે. ગુણવાન સ્ત્રી સંતાનને ઉત્તમ શિક્ષણ આપી યોગ્ય મનુષ્ય બનાવે છે.

મનુષ્ય વિઘ્નો હટાવી ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે. બધા મનુષ્યો પરસ્પર પ્રીતિથી રહે છે અને ક્લેશોથી બચે છે. મનુષ્ય ઉચિત રીતિથી દાનાદિ કરીને દૃઢ ચિત્ત થઈ શત્રુનાશ કરે છે. મનુષ્ય વિદ્યા પ્રાપ્ત કરી પોતાની કીર્તિ ફેલાવે છે.

તે બ્રહ્મ નિરાધાર હોવા છતાં બધાના આધારરૂપ છે. વાયુ આદિ તેની આજ્ઞા મુજબ ચાલે છે. બધા તેમની જ ઉપાસના કરે છે. પરમાત્મા ત્રણે લોકના રચયિતા છે. મનુષ્યે પોતાનું મન ઉદાર રાખવું જોઈએ. વિદ્વાન અને વિદુષી સ્ત્રીઓ સામગાન કરીને આત્મા અને શરીરની બળવર્ધક ક્રિયાઓને પ્રકાશિત કરે. પરમાત્માના ગુણ, કર્મ, સ્વભાવ, નામ અસંખ્ય છે.

**સૂક્ત-૧૩૩ દેવતા : કુમારી**

સંસારમાં મનુષ્ય શરીર અને આત્માની સ્વસ્થતાથી જ વિચાર ને કર્મ દ્વારા ઉન્નતિ કરી શકે છે. આથી સમય ગુમાવ્યા વગર સતત પુરુષાર્થ કરવો

જોઈએ. માતા વગેરે પાસેથી સુશિક્ષા મેળવીને સંતાન પુરુષાર્થી બને છે. સ્ત્રીઓ કુરીતિ છોડી સુરીતિ અપનાવે છે. સ્ત્રીઓ મધુર-મનોહર વાણી બોલે, ગંદા પાણીમાં રૂપ પણ મલિન દેખાય છે અને શુદ્ધ જળમાં સુંદર. આથી બધા લોકોએ મલિનતા છોડવી જોઈએ અને સદ્વ્યવહાર કરવો જોઈએ.

**સૂક્ત-૧૩૪-૧૩૭ દેવતા : પ્રજાપતિ**

પરમાત્માને સર્વવ્યાપક જાણી અમે હિંસાથી બચીએ. મનુષ્યે બધાં સ્થળે ઉપયુક્ત ખાદ્ય પદાર્થો જ ગ્રહણ કરવા જોઈએ. બુદ્ધિનો ઉચિત ઉપયોગ કરી મનુષ્ય સદા પ્રસન્ન રહી શકે.

પરમેશ્વરના ઉપકારો જોઈને આપણે બધાએ પણ ઉપકારી બનવું જોઈએ. જેવી રીતે કોષાગારમાં રાખેલા ધનની રાત્રિના સમયમાં વિશેષ રક્ષા કરવામાં આવે છે તેવી રીતે આપણે મનુષ્યએ પણ શરીરરૂપી કોષાગારમાં રહેલા આચાર અને ઉત્તમ પ્રવૃત્તિની રક્ષા કરવી જોઈએ. નિરંતર કર્મશીલ રહેવાથી જ પૂર્વમાં પુરુષોએ ઉન્નતિ પ્રાપ્ત કરી છે એ વિચારીને આપણે પણ કર્મશીલ બનવું જોઈએ. પતિ-પત્નીએ ગુણવાન અને પરમેશ્વરના ભક્ત બની આનંદ ભોગવવો જોઈએ. શ્રેષ્ઠ કર્મોથી પ્રતિષ્ઠા મળે છે આથી શ્રેષ્ઠ કર્મ કરો. સૂર્ય જેવી રીતે પોતાના માર્ગમાં ચાલીને પોતાના અને સંસાર ઉપર ઉપકાર કરે છે. ચારેય વર્ણ પોતાના કર્તવ્યનું પાલન કરે. સુખ, વિદ્યા અને ધનની વૃદ્ધિ કરે. રાજા પ્રજાની વિદ્યા-ધન આદિથી ઉન્નતિ કરે. ગરીબોની સહાયતા કરે. આપ્ત પુરુષ પોતાનો જન્મ સફળ કરવા અધર્મ છોડી ધર્મનું આચરણ કરે.

રાજા જ્યારે ન્યાયપૂર્વક અપરાધો મિટાવી દે છે, ત્યારે પ્રજા પણ પાપથી એવી રીતે ડરે છે જેવી રીતે થોડા જળથી માછલી ડરે છે. રાજા જ્યારે દુષ્ટોનું દમન કરે છે ત્યારે સજ્જનો વધે છે, જેવી રીતે ગંદા પાણીમાં શ્વેત કમળ અન્યાયથી પ્રજાની હાનિ થાય છે. આથી રાજાએ અન્યાયી શત્રુનો નાશ કરવો જોઈએ. જેવી રીતે માતા સંતાનનું હિત કરે છે તેવી રીતે રાજા પ્રજાનું હિત કરે. જેવી રીતે ખાંડણિયામાં ખાંડીને ધાન્યને શુદ્ધ કરવામાં આવે છે તેવી રીતે તપથી મનુષ્ય જ્ઞાન પ્રાપ્ત કરે અને તપસ્યા દ્વારા દુઃખોથી મુક્ત બને. રાજા દગાખોરોને ઉચિત દંડ આપે. દુષ્ટાદિ પ્રજાને સતાવે નહિ. જેવી રીતે સાપે દંશ દીધેલા ભાગને કાપી નાંખવાથી જીવન બચી જાય છે તેવી રીતે અસફળ નીતિને છોડીને રાજા પ્રજાને જીવન આપે. જેવી રીતે સ્ત્રીઓ પ્રસન્ન

થઈને વસંત રાગ ગાય છે તેવી રીતે રાજા ક્લેશમાં પડેલી પ્રજાને ઉ

વ્યૂહરચનાથી રાજા શત્રુ-સેનાને પરાસ્ત કરે. પ્રજા ગુણવાન, પુરુષને પોતાની રક્ષા અર્થે રાજા બનાવે. જેવી રીતે શીઘ્રગામી : અસવારને લઈને માર્ગ કાપતો નિયત સ્થાને પહોંચીને સુખ પામે છે તેવ રીતે વિદ્વાન પરાક્રમી પોતાનું કર્તવ્ય પૂરું કરી યશ પામે છે. પરમા પુરુષાર્થીઓને જ ઐશ્વર્યવાન કરે છે આથી પુરુષાર્થ કરો. મનુષ્ય વિદ્ય તથા પદાર્થોના તત્ત્વને જાણીને ધનની વૃદ્ધિ કરે છે. ચઢાઈ કરનાર શત્રુ થાકીને હાર માની લે તો રાજા તેને મિત્ર બનાવી લે અને પોતાની સે હટાવી લે. અત્યાચારીઓને સેના મોકલી દાબમાં લેવા જોઈએ. શત્રુ વારં એકત્ર થઈને ઉપદ્રવ મચાવે તો રાજા તેમને હરાવે.

**સૂક્ત-૧૩૮ દેવતા : ઇન્દ્ર**

ઈન્દ્ર મહાન છે. તે વત્સ-સ્તોત્રથી પ્રવૃદ્ધ થાય છે. હે અશ્વિદ્વય ! સત્યનિષ્ઠ પ્રજાનું પાલન કરો. અગ્નિ એવી પ્રજાને પુષ્ટ કરે છે જે બ્રા અને અન્યની રક્ષા કરે છે.

**સૂક્ત-૧૩૯-૧૪૩ દેવતા : અશ્વિનીકુમાર**

હે અશ્વિનીકુમારો ! અંતરિક્ષ અને સ્વર્ગમાં જે ધન છે તે અમને અ આ સોમ હવિ-ધનથી યુક્ત છે. સ્તોમ-ધર્મથી સિંચિત છે – માધુર્યમય તેને ગ્રહણ કરો. હે અશ્વિદ્વય ! જળ, ઔષધિઓ, વનસ્પતિઓમાં જે નિહિત છે તેનાથી અમને સંપન્ન કરો.

હે અશ્વિદ્વય ! તમે દ્રુતગામી છો, ચિકિત્સા કર્મમાં કુશળ છો. સંપન્ન કરનારની નજીક જાવ છો. અશ્વિનીકુમારના સ્તોત્રને ઋષિ જાણ્યા. હે અશ્વિદ્વય ! તમે દ્રુતગામી રથ ઉપર આરૂઢ થાવ. તમારા કરવામાં આવતી સ્તુતિ વ્યોમ સમાન સ્થિર રહે. અમે ઉક્થો દ્વારા તમ આશ્રય લઈએ છીએ અને વાણી દ્વારા તમારી સેવા કરીએ છીએ.

હે અશ્વિદ્વય ! તમે અમારા રક્ષકના રૂપમાં, શરીરના પુત્ર-પૌત્રા રક્ષક રૂપે, સંસારના રક્ષકરૂપે આવીને મળો. હે અશ્વિદ્વય ! તમે ઈન્દ્રની ર બેસો છો, વાયુની સાથે રહો છો, ઋતુઓના સ્નેહી છો અને વિષ વિક્રમણયુક્ત છો. તમે યજમાનોને શીઘ્ર પ્રાપ્ત થાવ છો, અન્ન પ્રાપ્તિ અમે તમને આહૂત કરીએ છીએ. આ હવ્ય તમારા માટે હિતકારી છે. સોમ, તુર્વશુ, યદુ અને કણ્વના હવ્ય છે – અહીં અવશ્ય પધારો.

અમે અશ્વિની કુમારોની જ્ઞાન-બુદ્ધિની સાથે છીએ. હે મેધા ! તમે પ્રકાશિત થઈને ધન આપો. હે સ્તોતાઓ ! પ્રાતઃકાળ અને સાયં કાળમાં અશ્વિદ્વયને પ્રબોધિત કરો. હે સત્યરૂપા દેવી ! તમે એમને પ્રશંસનીય કરો. હે હોતા ! તમે એમના યશને ફેલાવો. હે અશ્વિદ્વય ! તમારો રથ ઉષાના તેજને મળે છે અને સૂર્યની સાથે ચમકે છે. ત્યારે ગો-દોહનનો સમય થાય છે અને ઋત્વિજોની વાણી તમારી સ્તુતિ કરતી હોય છે. અમે ઐશ્વર્ય, બળ અને કલ્યાણની પ્રાપ્તિ માટે તમારી સ્તુતિ કરીએ છીએ. તમે કલ્યાણકારી કારણો દ્વારા પ્રશંસનીય છો.

હે અશ્વિદ્વય ! તમારો વેગવાન રથ ઊંચા-નીચા સ્થાનોમાં જાય છે, સૂર્યનું વહન કરે છે, વાણીનું વહન કરે છે તથા ગાયો સાથે સુસંગત થાય છે. અમે તે રથીને આહૂત કરીએ છીએ. હે અશ્વિદ્વય ! તમે લક્ષ્મીના અધિષ્ઠાતા દેવતા છો. કયા હવિદાતા તમને રક્ષા માટે સંસ્કારીત સોમનું પાન કરવા આહૂત કરે છે, કોણ તમારી સેવા કરી રહ્યું છે ? હે અશ્વિદ્વય ! તમે તમારા સ્વર્ણિમ રથથી અહીં પૃથ્વી પર, યજ્ઞસ્થાનમાં આવો. સોમપાન કરીને આ સેવકોને રત્ન-ધન પ્રદાન કરો. સ્તોતા-યજમાનને પુત્ર-પૌત્રાદિ આપો. યજમાનને એવી સુબુદ્ધિ આપો કે તેઓ પરસ્પર સમાન મતિવાળા બને. તમારા ઉપર જ નિર્ભર બની જાય અને તમે એમની રક્ષા કરો.

અમારા માટે આકાશ મધુમય થાવ, અંતરિક્ષ મધુમય થાવ, ઔષધિઓ મધુમતિ થાવ, ક્ષેત્રપતિ મધુમય થાવ. અમે અમૃતત્વ પ્રાપ્ત કરીને તેમના અનુયાયી થઈને ફરીએ. તમારા સ્તોત્ર દ્યાવાપૃથ્વીમાં ફળવર્ષક છે. તમે સોમપાન કરીને ગૌ પૂજાવાળા સેંકડો સ્તોત્રોને પ્રાપ્ત થાવ છો.

●●